

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**

(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI BHAGAVATI SUTRA



PART : 14

# શ્રી ભગવતી સૂત્ર : ભાગ– ૧૪

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-
विरचितया प्रमेयचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्

# ॥ श्री-भगवतीसूत्रम् ॥

(चतुर्दशो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

राजकोटनिवासी-श्रेष्ठिश्री-शामजी भाई-वेलजीभाई वीराणी
तथा कडवीबाई-वीराणी स्मारकट्रस्टप्रदत्त-द्रव्यसाहाय्येन
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट

| प्रथमा-आवृत्तिः | वीर-संवत् | विक्रम-संवत् | ईसवीसन् |
|---|---|---|---|
| प्रति १२०० | २४९६ | २०२६ | १९७० |

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ,
રાજકોટ, ( સૌરાષ્ટ્ર ).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
( Saurashtra ), W. Ry, India.

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

卐

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ રૂ. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૨૦૦
વીર સંવત્ ૨૪૯૬
વિક્રમ સંવત ૨૦૨૬
ઇસવીસન ૧૯૭૦

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

# विषयानुक्रमणिका


| अनु. | विषय | पाना नं. |
|---|---|---|
| | **श. २० का छठा उद्देशा** | |
| १ | पृथिव्यादि जीवों के परिणाम का निरुपण | १ |
| २ | अप्कायिक जीवों के परिणाम का निरुपण | ७ |
| | **सातवां उद्देशा** | |
| ३ | बन्ध के स्वरुप का  निरुपण | १२ |
| | **आठवां उद्देशा** | |
| ४ | कर्मभूमिक आदि का निरुपण | १८ |
| ५ | कालिकश्रुत का विच्छेद आदि का निरुपण | २२ |
| | **नववां उद्देशा** | |
| ६ | लब्धिवाले अनगार की गति का निरुपण | २५ |
| ७ | जङ्घाचारण की गति का निरुपण | २८ |
| | **दशवां उद्देशा** | |
| ८ | सोपक्रम निरुपक्रम आयुष्य वाले जीवों का निरुपण | ३२ |
| ९ | नैरयिकों के उत्पाद आदि का कथन | ३८ |
| १० | नैरयिकों के षट्कादिसमर्जितत्व का निरुपण | ४२ |
| ११ | नैरयिकों के द्वादशादिसमर्जितत्व का निरुपण | ४९ |
| | **ईक्कीसवें शतक का पहला उद्देशा वर्ग १** | |
| १२ | ईक्कीस वें शतक के वर्ग संग्रहणी गाथा | ५८ |
| १३ | वर्गस्थ उद्देशे का संग्रह | ५८ |

१४ औषधि शाल्यादिवनस्पति के मूल में रहे हुए जीवों का निरूपण ५९

**दूसरा उद्देशा**

१५ शाल्यादिवनस्पति के कन्दादि में रहे हुए जीवों का निरूपण ६७

**तीसरा उद्देशा से सप्तम उद्देशक**

१६ स्कन्धादि के अश्रित जीवों का निरूपण ७०

**आठ-नव-दशवां उद्देशा**

१७ पुष्प, फल-बीज में रहे जीवों का निरूपण ७१

**दूसरा वर्ग उद्देशा पहला**

१८ कलाय आदि धान्यादि के मूलादि गत जीवों का निरूपण ७३

**तीसरा वर्ग**

१९ औषधि-वनस्पति अतसी आदि के मूलादिगत जीवों का निरूपण ७६

**वर्ग चौथा**

२० पर्ववाले वनस्पतिजीवों का निरूपण ७९

**पांचवां वर्ग**

२१ पर्ववाले वनस्पति में इक्षु आदि वनस्पति के उत्पादादि का निरूपण ८०

**छठ्ठा वर्ग**

२२ तृण वनस्पति जीवों के उत्पाद आदि का कथन ८१

## સાતવાં વર્ગ


| | | |
|---|---|---|
| ૨૩ | હરિત વનસ્પતિ જીવોં કે ઉત્પાદ આદિ કા કથન | ૮૨ |


## આઠવાં વર્ગ


| | | |
|---|---|---|
| ૨૪ | તુલસી આદિ વનસ્પતિગત જીવોં કે ઉત્પાદ આદિ કા કથન | ૮૩ |


## બાવીસવાં શતક


| | | |
|---|---|---|
| ૨૫ | બાવીસવેં શતક કે ઉદ્દેશે કી સંગ્રહક ગાથા કા કથન | ૮૪ |


## પહલા વર્ગ


| | | |
|---|---|---|
| ૨૬ | વલયવનસ્પતિ કે મૂલગત જીવોં કે ઉત્પતિ આદિ કા નિરૂપણ | ૮૫ |


## દૂસરા વર્ગ


| | | |
|---|---|---|
| ૨૭ | નીમ-આમ્ર વિગૈરહ વનસ્પતિ ગત જીવોં કે ઉત્પાત આદિ કા નિરૂપણ | ૮૯ |


## તીસરા વર્ગ


| | | |
|---|---|---|
| ૨૮ | બહુબીજ વાલે વનસ્પતિ કે મૂલ આદિ મેં રહે હુએ જીવોં કે ઉત્પાતાદિ કા નિરૂપણ | ૯૦ |


## ચૌથા વર્ગ


| | | |
|---|---|---|
| ૨૯ | ગુચ્છ જાતી કે વનસ્પતિ કે મૂલાદિગત જીવોં કે ઉત્પાતાદિ કા નિરૂપણ | ૯૩ |
| ૩૦ | ગુલ્મ જાતિ કે વનસ્પતિ કે મૂલાદિગત જીવોં કે ઉત્પાતાદિ કા નિરૂપણ | ૯૩ |
| ૩૧ | વલ્લી જાતી કે વનસ્પતિ કે મૂલાદિગત જીવોં કે ઉત્પાતાદિ કા નિરૂપણ | ૯૪ |
| ૩૨ | તેવીસવાં શતક કી અવતરણિકા | ૯૫ |

**વર્ગ ૧**


| | | |
|---|---|---|
| ૩૩ | આલુકાદિ વનસ્પતિકાય કે જીવોં કી ઉત્પત્તિ આદિ કા નિરૂપણ | ૯૫ |


**શતક ૨૩ વર્ગ દૂસરા**


| | | |
|---|---|---|
| ૩૪ | લોહી, નીહૂ આદિ વનસ્પતિ કે જીવોં કી ઉત્પતિ આદિ કા નિરૂપણ | ૯૭ |


**તીસરા વર્ગ**


| | | |
|---|---|---|
| ૩૫ | અવક આદિ વનસ્પતિકાય જીવોં કે ઉત્પત્તિ આદિ કા નિરૂપણ | ૯૮ |


**ચૌથા વર્ગ**


| | | |
|---|---|---|
| ૩૬ | પાઠાદિ વનસ્પતિકાય જીવોં કે ઉત્પત્તિ આદિ કા નિરૂપણ | ૯૯ |


**પાંચવા વર્ગ**


| | | |
|---|---|---|
| ૩૭ | માષપર્ણી આદિ વનસ્પતિ કે મૂલ આદિ જીવોં કે ઉત્પત્તિ આદિ કા નિરૂપણ | ૧૦૧ |


**ચોવસવાં શતક ઉદેશક પહલા**


| | | |
|---|---|---|
| ૩૮ | ઉદેશકોં કે દ્વારો કા સંગ્રહ | ૧૦૨ |
| ૩૯ | નૈરયિકોં કે ઉત્પાત આદિ દ્વારો કા નિરૂપણ | ૧૦૩ |
| ૪૦ | નૈરયિકોં કે પરિણામ આદિ દ્વારો કા નિરૂપણ | ૧૦૬ |
| ૪૧ | જઘન્ય સ્થિતિવાલે ઉન નારકોં મેં ઉત્પન્ન હોને વાલે પયાપ્ત અસંજ્ઞી પશ્ચેદ્રિય જીવ કા નિરૂપણ | ૧૧૦ |
| ૪૨ | સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યશ્ચોં કા નારકો મેં ઉત્પત્તિ કા નિરૂપણ | ૧૨૨ |
| ૪૩ | પર્યાપ્તકસંખ્યાતવર્ષાયુષ્ક સંજ્ઞિ પંચેન્દ્રિ તિર્યેચો કે શર્કરાપ્રભા મેં ઉત્પતિ કા નિરૂપણ | ૧૩૫ |
| ૪૪ | મનુષ્યોં સે નારકો મેં ઉત્પત્તિ આદિ કા નિરૂપણ | ૧૪૪ |

४५ शर्करा प्रमादि से छठी पृथ्वी पर्यन्त के नारकादि कों का
१५३
उत्पत्ति आदि का निरुपण

## दूसरा उद्देशा

४६ असुरकुमार देव का उत्पातादि का निरुपण १६१
४७ संख्यातवर्षायुष्क संज्ञी पञ्चेन्द्रितिर्यंचों का असुरकुमारों में उत्पत्ति का निरुपण १७२
४८ मनुष्यों से असुरकुमारों में उत्पत्ति का निरुपण १७५

## तीसरा उद्देशा

४९ नागकुमारादिको का उत्पाद आदि का कथन १७९

## चतुर्थ उद्देशे के ग्यारहवां उद्देशा

५० सुवर्णकुमारादि के उत्पाद आदि का कथन
१९३

॥ समाप्त ॥

## છઠ્ઠા ઉદ્દેશાનો પ્રારંભ—

હવે છઠ્ઠા ઉદ્દેશાનો પ્રારંભ કરવામાં આવે છે. આ ઉદ્દેશાનું સંક્ષેપથી આ પ્રમાણેનું વિવરણ છે. પાંચમાં ઉદ્દેશામાં પુદ્ગલોના પરિણામનું વિવેચન કરવામાં આવેલ છે. આ છઠ્ઠા ઉદ્દેશામાં પૃથિવ્યાદિ જીવોના પરિણામનું કથન કરવામાં આવશે આ સંબંધથી આવેલા આ છઠ્ઠા ઉદ્દેશાનું સર્વપ્રથમ સૂત્ર આ પ્રમાણે છે.–पुढविक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए' ઈત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–'पुढवीकाइए णं भंते !' હે ભગવન્ કોઈક પૃથ્વિકાયિક જીવ એવો છે કે–'इमीसे रयणप्पभाए, सक्करप्पभाए य अंतरा' જેણે આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીની વચમાં મરણ સમુદ્ઘાત કરેલ છે અને 'समोहणित्ता' મરણ સમુદ્ઘાત કરીને 'जे भविए सोहम्मे कप्पे पुढवीकाइयत्ताए उववज्जित्तए' સૌધર્મ દેવલોકમાં તે પૃથ્વિકાયિકપણાથી ઉત્પન્ન થવા યોગ્ય બનેલ છે. તો 'से णं भंते !' હે ભગવન્ એવો તે જીવ 'पुव्विं उववज्जित्ता पच्छा०' પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને પછી આહાર પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે? અથવા 'पुव्विं आहरि०' પહેલા આહાર પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? કહેવાનો હેતુ એ છે કે–જો કોઈ પૃથ્વિકાયિક એકેન્દ્રિય જીવ કે જે રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથિવીના મધ્ય ભાગમાં રહેલો છે. તે ત્યાંથી મારણાન્તિક સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વિકાયિક રૂપે ઉત્પન્ન થવા યોગ્ય થયા હોય તો તેવો જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર કરશે કે ઉત્પન્ન થયા પહેલાં આહાર કરીને પછી ત્યાં ઉત્પન્ન થશે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! पुव्विं वा उववज्जित्ता०' હે ગૌતમ ! આ વિષયમાં ૧૭ સત્તરમાં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં જે પ્રમાણેનું કથન કરવામાં આવ્યું છે, તે પ્રમાણે બન્ને પ્રકારે થાય છે. ત્યાં સત્તરમાં શતકમાં જે કહેવામાં આવેલ છે તેનો ભાવ આ પ્રમાણે છે.–'पूर्वं वा उत्पद्य पश्चात् आहरेत् पूर्वं वा आहारग्रहणं कृत्वा पश्चादुपपद्येत' તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર કરે છે. અથવા પહેલા આહાર ગ્રહણ કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે. આ બેઉ પ્રકારે ઉત્પન્ન થાય છે. પ્રભુનો આ પ્રમાણે ઉત્તર સાંભળીને ગૌતમસ્વામીએ ફરીથી પૂછયું કે હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે–પહેલાં તે ત્યાં ઉત્પન્ન થઈ જાય છે અને તે પછી આહાર ગ્રહણ કરે છે, તથા પહેલા આહાર ગ્રહણ કરીને પછી પણ ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ પૃથ્વિકાયિક જીવોના ત્રણ સમુદ્ઘાતો કહેવામાં આવ્યા છે, તેના નામો આ પ્રમાણે છે. વેદનાસમુદ્ઘાત ૧ કષાયસમુદ્ઘાત ૨ અને મારણાન્તિક સમુદ્ઘાત

તેમાં મારણાન્તિક સમુદ્ઘાતથી યુક્ત થયેલો જીવ એકદેશથી પણ સમવહત થાય છે. અને સર્વદેશથી પણ સમવહત થાય છે. જે જીવ એકદેશથી સમવહત (સમુદ્ઘાત કરાયેલો) થયેલો છે, તે પહેલા આહાર ગ્રહણ કરે છે, અને તે પછી તે ઉત્પન્ન થાય છે. તથા જે જીવ સર્વદેશથી સમવહત થયેલો છે, તે પહેલાં ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. અને તે પછી આહાર ગ્રહણ કરે છે, એ રીતે જે જીવ જે સમય અને દેશથી સમુદ્ઘાત કરે છે, તે જીવ તે સમયે સમુદ્ઘાતના આરંભ સમયે જ મરણ કરીને પૂર્વ શરીરને એકદેશથી છોડી દે છે, અને છોડીને ઇલિકા (ઇયળની) ગતિથી ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. એવો તે જીવ પહેલાં આહાર કરે છે અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે, અને જે જીવ જે સમયે સર્વદેશથી સમુદ્ઘાત કરે છે, તે એ સમયે સમુદ્ઘાતથી નિવૃત્ત થઈને મરે છે, તેથી તે મરીને કન્દુક-દડાની ગતિથી પોતાના તમામ આત્મપ્રદેશોથી ત્યાં જઈને પહેલાં ઉત્પન્ન થઈ જાય છે, અને તે પછી આહાર ગ્રહણ કરે છે. એજ વાત 'जाव से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ पुव्विं वा जाव उववज्जेज्जा' આ સૂત્રપાઠ દ્વારા સમજાવવામાં આવેલ છે. આમાં જે વિશેષપણું છે. તે 'णवरं०' એ પાઠથી કહેલ છે. તેમાં પ્રાપ્ત થવું તે તેવોમાં આહાર કહેવામાં આવેલ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે-૧૭ સત્તરમાં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં પહેલા ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે, અર્થાત્ આહાર પુદ્ગલોને ગ્રહણ કરે છે, અથવા પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછી ઉત્પન્ન થાય છે, એ પ્રમાણેનું કથન કરવામાં આવ્યું છે. અને અહિયાં તે એજ સંપ્રાપ્ત સ્થાને આહાર ગ્રહણ કરે છે. એ પ્રમાણેનું કથન કરવામાં આવ્યું છે. આ સિવાય બાકીનું બધું જ કથન જેમનું તેમ ત્યાંનાં કથન પ્રમાણે જ છે. 'पुव्विं वा उववज्जित्ता पच्छा आहारेज्जा पुव्विं वा आहारेत्ता पच्छा उववज्जेज्जा' આ સૂત્રપાઠનો ભાવ એ છે કે જે કંદુકની જેમ સમવહત સમુદ્ઘાતગામી હોય તે પહેલાં ત્યાં પહોંચી જાય છે, અને પછી ત્યાં પહોંચીને શરીર પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. એજ કારણે 'पुव्विं उववज्जित्ता पच्छा आहारेइ' એ પ્રમાણે કહેવામાં આવેલ છે. અને જે ઇલિકા (ઇયળ વિશેષ)ની જેમ સમુદ્ઘાતગામી હોય તે પહેલાં આહાર કરે છે.-અર્થાત્ ઉત્પત્તિ ક્ષેત્રમાં પ્રદેશ પ્રક્ષેપણથી આહાર ગ્રહણ કરે છે તે પછી તે પહેલાના શરીરના પ્રદેશોને ઉત્પત્તિક્ષેત્રમાં સંહરણ કરી લે છે. તેથી 'पुव्विं आहरित्ता पच्छा उववज्जेज्जा' એ પ્રમાણે કહેલ છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पुढविक्काइए णं भंते!' હે ભગવન્ જે પૃથ્વિકાયિક જીવ 'इमीसे रयणप्पभाए सक्करप्पभाए य०' આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીની મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત કરે છે. અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે ઈશાનકલ્પમાં પૃથ્વિકાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે. એવો તે જીવ ત્યાં પહેલા ઉત્પન્ન થઇને તે પછી આહાર ગ્રહણ કરે છે? અથવા પહેલાં આહાર કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ 'एवं चेव' આ પાઠ દ્વારા

એમ જ કહ્યું છે, અર્થાત્ તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. અને તે પછી આહાર કરે છે. અને પહેલાં આહાર કરે છે. અને પછી ઉત્પન્ન થાય છે. 'एवं जाव ईसीपब्भाराए उववाएयव्वो' એજ રીતે જીવોના ઉત્પન્ન થવાનું કથન ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી સમજી લેવું. અર્થાત્ પૂર્વોક્ત પૃથિવીયોની વચમાં મારણાન્તિક સમુદ્ઘાત કરીને પૃથિવીકાયિક જીવનો ઉત્પાત યાવત ઈષત્પ્રાગ્ભારા પૃથ્વિ સુધીમાં પણ સમજી લેવો હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पुढवीकाइए णं भंते ! सक्करप्पभाए वालुयप्पभाए य पुढवीए०' હે ભગવન્ તે પૃથ્વિકાયિક જીવ કે જેણે શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વિની મધ્યમાં-વચમાં-અન્ને પૃથ્વિયોના મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત કર્યો હોય અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે સૌધર્મકલ્પમાં પૃથ્વિકાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય યાવત્ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વિમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવો તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે? અથવા પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ અતિદેશથી એવું જ કહે છે કે-હે ગૌતમ આ સંબંધમાં પણ પહેલાં જે પ્રમાણે કથન કર્યું છે તે પ્રમાણેનું કથન સમજવું અર્થાત્ તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને પણ આહાર ગ્રહણ કરે છે. અને પહેલાં આહાર ગ્રહણ કરીને પણ ઉત્પન્ન થાય છે. 'एवं एएणं कमेणं जाव तमाए अहे सत्तमाए य पुढवीए' એજ રીતે એવું કથન સમજવું કે જે પૃથ્વિકાયિક જીવ યાવત્ સાતમી પૃથ્વીના મધ્યમાં-છઠ્ઠિ અને સાતમી પૃથ્વીની વચમાં-મારણાન્તિક સમુદ્ઘાત કરે છે, અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે સૌધર્મકલ્પમાં યાવત્ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં પૃથ્વિકાયિકપણાથી ઉત્પત્તિને યોગ્ય થયા છે, એવો તે જીવ પહેલાં આહાર ગ્રહણ કરે છે, અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે અને પહેલાં ઉત્પન્ન થઈને તે પછી ત્યાં તે આહાર ગ્રહણ કરે છે. આ વિષયમાં પ્રશ્નોત્તર વાકય સ્વયં બનાવી લેવા.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पुढवीकाइए णं भंते ! सोहम्मीसाणाणं०' હે ભગવન્ જે પૃથ્વિકાયિક જીવ સૌધર્મ અને ઈશાન એ બે દેવલોકોમાં મારણાન્તિક સમુદ્ઘાત કરે છે. અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વિકાયિકરૂપથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યા હોય છે. તો એવો તે પૃથ્વિકાયિક જીવ 'पुव्विं उववज्जित्ता पच्छा आहरिज्जा०' પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને પછી આહાર ગ્રહણ કરે છે? કે પહેલાં આહાર

ગ્રહણ કરીને પછી તે ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-હે ગૌતમ! 'सेसं तं चेव जाव से तेणट्ठेणं०' આ વિષયમાં બધું જ કથન પહેલાંની જેમ જ સમજવું જોઇએ અર્થાત્ પહેલાં જેમ એવું કહ્યું છે કે-તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈ જાય છે, અને તે પછી આહાર ગ્રહણ કરે છે, અથવા તો પહેલાં ત્યાં આહાર ગ્રહણ કરે છે અને તે પછી ઉત્પન્ન થાય છે. એજ રીતનું કથન અહિયાં પણ સમજવું. તથા આ સંબંધમાં ગૌતમ સ્વામીએ જે એવી શંકા કરી છે કે-હે ભગવન્ આપે કહેલા આ વિષયમાં હેતુ શું છે? આ પ્રશ્નના ઉત્તરમાં તેઓને પ્રભુએ કહ્યું છે કે-હે ગૌતમ આ જીવોના ત્રણ સમુદ્ઘાત થાય છે. તો જ્યારે તે જીવ મારણાન્તિક સમુદ્ઘાત દેશથી કરે છે ત્યારે તે પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછી ઉત્પન્ન થાય છે. અને જ્યારે તે સર્વદેશથી સમુદ્ઘાત કરે છે, ત્યારે તે પહેલાં ઉત્પન્ન થાય છે. અને તે પછી તે આહાર ગ્રહણ કરે છે. ઇત્યાદિ આ તમામ ઉપસંહાર સુધીનું કથન અહિયાં પણ સમજી લેવું.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पुढवीकाइए णं भंते! सोहम्मीसाणाणं०' હે ભગવન્ સૌધર્મ, ઈશાન, અને સનત્કુમાર માહેન્દ્ર આ બે યુગલોની વચમાં જે પૃથ્વિકાયિક જીવે મારણાન્તિક સમુદ્ઘાત કર્યો છે. અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે શર્કરાપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય એવો તે જીવ પહેલાં ઉત્પન્ન થઇને તે પછી ત્યાં આહાર ગ્રહણ કરે છે? અથવા પહેલાં આહાર કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? ઈત્યાદિ રૂપે અહિયાં પણ પહેલાંની જેમ જ પ્રશ્ન કરેલ છે. તેના ઉતરમાં પ્રભુ કહે છે કે-'एवामेव' હે ગૌતમ! અહિયાં પૂર્વોક્ત ક્રમથી જ ઉપસંહાર સુધીનો ઉત્તર સમજી લેવો. અર્થાત્ એવો તે પૃથ્વિકાયિક જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થાય છે. અને તે પછી આહાર ગ્રહણ કરે છે. અથવા પહેલાં આહાર ગ્રહણ કરે છે. અને તે પછી તે ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ 'एवं जाव अहेसत्तमाए उववाएयव्वो' એજ રીતે પૃથ્વિકાયિક જીવોના ઉપપાત યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં પણ સમજી લેવો. રત્નપ્રભા પૃથ્વિમાં જે રીતે પૃથ્વિકાયિક જીવનો ઉપપાત કહેલો છે. તેજ પ્રમાણે શર્કરાપ્રભા પૃથ્વીમાં પણ તેનો ઉપપાત વર્ણવેલ છે. તેમ સમજવું. 'एवं सणंकुमारमाहिंदाणं बंभलोगस्स य कप्पस्स' એજ રીતે જે જીવે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકની મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત કર્યો હોય અને મારણાન્તિક સમુદ્ઘાત કરીને તે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં

પૃથ્વિકાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય થયો હોય છે. તો એવો તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે. અથવા પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નનો ઉત્તર પણ પહેલાંની જેમ જ છે. અહિયાં યાવત્પદથી શર્કરાપ્રભા પૃથ્વીથી લઇને તમઃ-પ્રભા નામની જે છઠ્ઠી પૃથ્વી છે તેનું ગ્રહણ કરાયું છે. શર્કરાપ્રભા પૃથ્વીમાં સૌધર્મ ઇશાન સનત્કુમાર માહેન્દ્ર આ કલ્પોની મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાતવાળા જીવોનો ઉપપાત વર્ણવેલ છે. તેજ રીતે તમસ્તમા પર્યન્તની પૃથ્વીમાં પણ પૂર્વોક્ત જીવોનો ઉપપાત વર્ણવી લેવો.

'एवं बंभलोगस्स लंतगस्स य कप्पस्स अंतरा समोहए' એજ રીતે જે પૃથ્વિકાયિક જીવ બ્રહ્મલોક અને લાન્તક કલ્પની મધ્યમાં મરણસમુદ્ઘાત કરે છે, અને મરણસમુદ્ઘાત કરીને તે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં-શર્કરા-પ્રભા પૃથ્વીથી લઈને તમસ્તમા પર્યન્તની પૃથ્વીયોમાં ઉત્પન્ન થવાને યોગ્ય બનેલો હોય એવો તે પૃથ્વીકાયિક જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે, અને પહેલાં તે આહાર ગ્રહણ કરીને પછી પણ ત્યાં ઉત્પન્ન થાય છે. તેમ સમજવું. 'एवं लंतगस्स महासुक्कस्स कप्पस्स य अंतरा समोहए' એજ રીતે લાન્તક અને મહાશુક્ર કલ્પની મધ્યમાં મરણસમુદ્ઘાત કરવાવાળો પૃથ્વિકાયિકજીવ યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં પૃથ્વિકાયિકપણાથી ઉત્પત્તિને યોગ્ય બનીને પહેલો ત્યાં ઉત્પન્ન થઈ જાય છે, અને તે પછી આહાર ગ્રહણ કરે છે. તથા પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછીથી ત્યાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણેનું કથન સમજવું. જો તે દેશથી મારણાન્તિક સમુદ્ઘાત કરે છે, તો તે પહેલાં આહાર ગ્રહણ કરે છે, અને તે પછી તે ત્યાં

ભ૦ ૨

ઉત્પન્ન થાય છે. અને જો તે સર્વ રૂપથી મરણ સમુદ્ઘાત કરે છે તો પહેલાં તે ત્યાં ઉત્પન્ન થઈ જાય છે અને તે પછી આહાર ગ્રહણ કરે છે. 'एवं महासुक्कस्स सहस्सारस्स य कप्पस्स अंतरा-पुणरवि जाव अहे सत्तमाए' હે ભગવન્ જે પૃથ્વિકાયિક જીવ મહાશુક્ર અને સહસ્રાર આ બે કલ્પોના અંતરાલમાં મરણ સમુદ્ઘાત કરે છે, અને મરણ સમુદ્ઘાત કરીને યાવત્ તમસ્તમા નામની સાતમી પૃથ્વીમાં ઉત્પત્તિને યોગ્ય બન્યો હોય એવો તે પૃથ્વિકાયિક જીવ શું પહેલાં આહાર ગ્રહણ કરે છે? અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી તે આહાર ગ્રહણ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ગૌતમસ્વામીને કહ્યું કે હે ગૌતમ! જો તે એકદેશથી સમુદ્ઘાત કરે તો તે પહેલાં આહાર ગ્રહણ કરે છે, અને તે પછી જ ત્યાં ઉત્પન્ન થાય છે, અને જો તે સર્વદેશથી મારણા-

ન્તિક સમુદ્દ્ઘાત કરે છે તો તે પહેલાં ત્યાં ઉત્પન્ન થઇ જાય છે અને તે પછી આહાર ગ્રહણુ કરે છે. 'एवं सहस्सारस्स आणयपाणयकप्पाण य अंतरा पुणरवि जाव अहे सत्तमाए' આજ પ્રમાણે સહસ્રાર અને આનતપ્રાણુત કલ્પની મધ્યમાં પણુ પ્રશ્નોત્તર રૂપે સમજી લેવું. 'एवं आणयपाणयाणं आरणअच्चुयाण य कप्पाणं अंतरा पुणरवि जाव अहे सत्तमाए' આજ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-હે ભગવન્ જે પૃથ્વિકાયિક જીવ આનત-પ્રાણુત અને આરણુ અચ્યુત આ બે કલ્પોની મધ્યમાં મારણુાન્તિક સમુદ્દ્ઘાત કરે છે, અને સમુદ્દ્ઘાત કરીને તે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં પૃથ્વીકાયિક રૂપથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય છે, એવો તે જીવ પહેલાં આહાર ગ્રહણુ કરે છે? અને તે પછી ઉત્પન્ન થાય છે કે-પહેલાં ત્યાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણુ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેને કહે છે કે-હે ગૌતમ! આ વિષયમાં પણુ પહેલાંની જેમ જ સઘળું કથન સમજવું. 'एवं आरणअच्चुयाणं गेवेज्जविमाणाण य अंतरा जाव अहे सत्तमाए' એજ રીતે આ પ્રશ્નના સંબંધમાં પણુ કે 'જે પૃથ્વિકાયિક જીવ આરણુ, અચ્યુત, અને ગ્રૈવેયક વિમાનોની મધ્યમાં મરણુ સમુદ્દ્ઘાત કરીને યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્પત્તિને યોગ્ય બન્યો હોય છે. એવો તે જીવ પહેલાં આહાર ગ્રહણુ કરે છે? અને તે પછી ઉત્પન્ન થાય છે? કે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર ગ્રહણુ કરે છે? એ સંબંધમાં પણુ પહેલાં કહ્યા પ્રમાણુેનો જ ઉત્તર સમજવો. 'एवं गेवेज्जविमाणाणं अणुत्तरविमाणाण य अंतरा पुणरवि जाव अहे सत्तमाए' આજ પ્રમાણે આ પ્રશ્નો કે 'જે પૃથ્વિકાયિક જીવ ગ્રૈવેયક વિમાનો અને અનુત્તરવિમાનોની મધ્યમાં મરણુ સમુદ્દ્ઘાત કરે છે, અને મરણુ સમુદ્દ્ઘાત કરીને તે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં પૃથ્વિકાયિકપણુાથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય છે, તો એવો તે જીવ શું પહેલાં આહાર ગ્રહણુ કરે છે? અને પછી ત્યાં ઉત્પન્ન થાય છે? કે પહેલાં ત્યાં ઉત્પન્ન થઇને તે પછી તે આહાર ગ્રહણુ કરે છે? અર્થાત્ તે જીવ પહેલાં આહાર ગ્રહણુ કરીને પણુ ત્યાં ઉત્પન્ન થાય છે. અને પહેલાં ઉત્પન્ન થઈને તે પછી પણુ આહાર ગ્રહણુ કરે છે. આ રીતે દેશતઃ સમુદ્દ્ઘાતની અપેક્ષાથી અને સર્વરૂપ સમુદ્દ્ઘાતની અપેક્ષાથી એમ આ બન્ને પક્ષ માન્ય થયા છે. 'एवं अणुत्तरविमाणाणं इसीपब्भाराए पुणरवि जाव अहे सत्तमाए उववाएयव्वो' એજ પ્રમાણે અનુત્તર વિમાનો અને ઇષિત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં મરણુ સમુદ્દ્ઘાત કરીને યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં પૃથ્વિકાયિક-પણુાથી ઉત્પન્ન થવાને યોગ્ય થયેલ પૃથ્વિકાયિક જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થાય છે, અને તે પછી આહાર ગ્રહણુ કરે છે, તથા પહેલાં તે આહાર ગ્રહણુ કરી લે છે, અને તે પછી તે ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. આ રીતના બન્ને પક્ષો માન્ય થયેલા છે. ॥સૂ૦ ૧॥

આ રીતે પૃથ્વિકાયિક જીવોનો ઉપપાત બતાવીને હવે સૂત્રકાર અપ્કાયિક જીવોના ઉપપાતને બતાવવા માટે 'आउक्काइए णं भंते!' ઈત્યાદિ સૂત્ર કહે છે.

ટીકાર્થ—આમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–'आउक्काइए णं भंते! इमीसे रयणप्पभाए य पुढवीए०' હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીની મધ્યમાં જે અપ્કાયિક જીવે મારણાન્તિક સમુદ્દ્ઘાત કરેલ છે, અને સમુદ્દ્ઘાત કરીને 'सोहम्मे कप्पे आउक्काइयत्ताए उववज्जित्तए भविए' સૌધર્મ કલ્પમાં અપ્કાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય એવો તે જીવ પહેલાં આહાર ગ્રહણ કરે છે? કે પહેલાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે હે ગૌતમ! મારણાન્તિક સમુદ્દ્ઘાતથી સમવહત થયેલો જીવ કોઈવાર પહેલાં આહાર ગ્રહણ કરી લે છે, અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે. અને કોઇવાર પહેલાં ઉત્પન્ન થઈને તે પછી આહાર ગ્રહણ કરે છે. આ પ્રકારનો પ્રશ્નોત્તર પૃથ્વિકાયિક જીવની જેમ જ છે. હવે ગૌતમસ્વામી ફરીથી પ્રભુને એવું પૂછે છે કે–હે ભગવન્ આપ શા કારણે એવું કહો છો કે તે પહેલાં ઉત્પન્ન થઈ જાય છે, અને તે પછી આહાર ગ્રહણ કરે છે, અને પહેલાં આહાર ગ્રહણ કરીને તે પછી પણ ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! અપ્કાયિક જીવોના ત્રણ સમુદ્દ્ઘાત કહ્યા છે. વેદનાસમુદ્દ્ઘાત ૧ કષાયસમુદ્દ્ઘાત ૨ અને મારણાન્તિકસમુદ્દ્ઘાત ૩ આમાં મારણાન્તિકસમુદ્દ્ઘાત દેશથી પણ થાય છે અને સર્વરૂપથી પણ થાય છે. જે જીવ

ભ૦ ૪

દેશથી આ સમુદ્દ્ઘાત કરે છે, તે મરણસમુદ્દ્ઘાતના પ્રારંભ કાળમાં જ મરી જાય છે. તેથી તે પહેલાં ધારણ કરેલ શરીરને એકદેશથી છોડીને ઇલિકા (ઇયળ)ની ગતિથી ઉત્પત્તિના યોગ્ય સ્થાને પહોંચે છે. અને જ્યારે એવો તે જીવ સર્વરૂપથી મરણસમુદ્દ્ઘાત કરે છે. તે મરણસમુદ્દ્ઘાતથી નિવૃત્ત થઈને તે પછી મરે છે. જેથી તે કંદુકની ગતિથી બધા જ આત્મપ્રદેશોથી ત્યાં જઈને ઉત્પન્ન થઈ જાય છે, એવો તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઈ જાય છે, અને તે પછી તે આહાર ગ્રહણ કરે છે. એજ કારણથી હે ગૌતમ મેં એવું કહ્યું છે કે–તે પહેલાં પણ આહાર ગ્રહણ કરે છે, અને પછી ઉત્પન્ન થાય છે અને પહેલાં ઉત્પન્ન થઇને તે પછી પણ આહાર ગ્રહણ કરે છે. આ રીતનું સઘળું ઉત્તરરૂપ કથન પૃથ્વિકાયિક પ્રકરણના ઉત્તરરૂપ કથન પ્રમાણે જ સમજવું એજ વાત 'जाव से तेणट्ठेणं' આ સૂત્રપાઠથી કહેલ છે. 'एवं'

पढमदोच्चाणं अंतरा समोहए' આજ રીતે કોઇ અપ્કાયિક જીવ પહેલી અને બીજી પૃથ્વીની મધ્યમાં મરણસમુદ્ઘાત કરે છે, અને તે મરણસમુદ્ઘાત કરીને યાવત્ ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં-સૌધર્મ દેવલોકથી લઇને ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીના સ્થાનોમાં ઉત્પત્તિને યોગ્ય બન્યો હોય છે, એવો તે અપ્કાયિક જીવ શું પહેલાં આહાર ગ્રહણ કરે છે? અને તે પછી ઉત્પન્ન થાય છે? અથવા પહેલાં સૌધર્મકલ્પ વિગેરેમાં ઉત્પન્ન થઇને તે પછી આહાર ગ્રહણ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-જો તે પૃથ્વિ-કાયિક જીવ ત્યાં એકદેશથી મારણાન્તિકસમુદ્ઘાત કરે છે, તો એવો તે જીવ પહેલાં ત્યાં ઉત્પન્ન થઇ જાય છે. અને તે પછી આહાર ગ્રહણ કરે છે. અને જો તે સર્વરૂપથી ત્યાં મારણાન્તિકસમુદ્ઘાત કરે છે તો તે પહેલાં ઉત્પન્ન થાય છે અને તે પછી તે આહાર ગ્રહણ કરે છે. આ રીતે દેશ અને સર્વરૂપના મારણાન્તિકસમુદ્ઘાતની અપેક્ષાએ એ બેઉ વાત સંભવિત થાય છે. કેમકે મારણાન્તિકસમુદ્ઘાતના આ પ્રમાણે ભેદ છે. આ તમામ કથન સૂત્રકારે યાવત્ પદથી સૂચિત કરેલ છે. 'एवं एएणं कमेणं तमाए अहे-सत्तमाए य पुढवीए अंतरा समोहए' આ પહેલાં કહેલાં ક્રમથી જો કોઈ અપ્કા-યિક જીવ તમા અને અધઃસપ્તમી પૃથ્વીના મધ્યમાં મરણસમુદ્ઘાત કરે છે, અને મરણસમુદ્ઘાત કરીને તે અપ્કાયિક જીવ ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી પર્યન્તના સ્થાનોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તો તે બન્નેરૂપથી ત્યાં તે રૂપે ઉત્પન્ન થાય છે. જો તેણે ત્યાં દેશતઃ સમુદ્ઘાત કર્યો હોય તો તે ત્યાં પહેલાં આહાર ગ્રહણ કરે છે. અને તે પછી ઉત્પન્ન થાય છે અને જો તે સર્વરૂપથી ત્યાં મારણાન્તિકસમુદ્ઘાત કરે તો તે પહેલાં ઉત્પન્ન થાય છે, અને તે પછી તે આહાર ગ્રહણ કરે છે. 'आउकाइएणं भंते!' હવે ગૌતમ-સ્વામી પ્રભુને એવું પૂછે છે કે હે ભગવન્ જે અપ્કાયિક જીવ સૌધર્મ ઈશાન કલ્પોની મધ્યમાં અને સનત્કુમાર માહેન્દ્ર કલ્પોની મધ્યમાં મારણાન્તિક-સમુદ્ઘાત કરીને તે અપ્કાયિક જીવ 'इमीसे रयणप्पभाए पुढवीए०' આ રત્ન-પ્રભા પૃથ્વીના ઘનોદધિ અને ઘનોદધિના વલયોમાં અપ્કાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય બન્યા હોય છે, તો એવો તે અપ્કાયિક જીવ જો દેશથી માર-ણાન્તિકસમુદ્ઘાત કરે છે તો તે પહેલાં ઘનોદધિ વિગેરેમાં ઉત્પન્ન થઇ જાય છે, અને તે પછી આહાર ગ્રહણ કરે છે. અને જો તેણે સર્વરૂપથી ત્યાં માર-ણાન્તિકસમુદ્ઘાત કર્યો હોય તો તે પહેલાં ઉત્પન્ન થાય છે. અને તે પછી આહાર ગ્રહણ કરે છે. આ રીતે પહેલાં કહ્યા પ્રમાણે તમામ કથન સમજવું. જે અપ્કાયિકજીવ સૌધર્મ અને ઈશાન કલ્પ અને સનત્કુમાર અને માહેન્દ્ર

કલ્પની મધ્યમાં મારણાન્તિકસમુદ્ઘાત કરીને ઘનોદધિવલયમાં ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય એવો તે જીવ ત્યાં ઘનોદધિવલયમાં પહેલાં ઉત્પન્ન થઇને પછીથી આહાર ગ્રહણ કરે છે? કે પહેલાં આહાર ગ્રહણ કરે છે અને પછીથી ઉત્પન્ન થાય છે? ગૌતમસ્વામીનો આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને તેનો ઉત્તર આપતાં પ્રભુ કહે છે કે હે ગૌતમ જો એકદેશથી સમુદ્ઘાત કરે તો પહેલાં આહાર ગ્રહણ કરીને પછીથી ઉત્પન્ન થાય છે અને જો સર્વદેશથી સમુદ્ઘાત કરે તો પહેલાં ઉત્પન્ન થઇને પછીથી આહાર ગ્રહણ કરે છે. આ રીતના મારણાન્તિકસમુદ્ઘાત કરવાના ભેદથી બંને પ્રકારોના કથનમાં સંગતપણુ રહેલ છે. તેમ સમજવું. 'एवं एएहिं चेव अंतरा समोहओ जाव अहे सत्तमाए पुढवीए घणोदही घणोदहिवलएसु आउक्काइयत्ताए उववाएयव्वो' જે પ્રમાણે સૌધર્મ ઈશાન વિગેરેમાં સમવહત અપ્કાયિક જીવ રત્નપ્રભા પૃથ્વિના ઘનોદધિ, ઘનોદધિવલય વિગેરેમાં મારણાન્તિકસમુદ્ઘાતથી ઉત્પન્ન થાય છે, તો તેવી ઉત્પત્તિમાં ત્યાં પહેલાં આહાર ગ્રહણ થાય છે. અને તે પછી તેની ઉત્પત્તિ થાય છે? અથવા પહેલા ઉત્પત્તિ થાય છે, અને તે પછી આહાર ગ્રહણ થાય છે? આ પ્રકારના પ્રશ્ન ઉત્પન્ન કરીને એ રીતનું સમાધાન કરવું જોઇએ કે-સમુદ્ઘાતના ભેદથી પ્રશ્ન કરાયેલા આ બન્ને પ્રકારો પણ અહિયાં સંભવિત થાય છે. એજ પ્રમાણે સૌધર્મ ઈશાન આદિના અંતરાલમાં સમવહત થયેલ અપ્કાયિક જીવ યાવત્ અધઃસપ્તમી પૃથ્વીના ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણાથી ઉત્પન્ન થાય છે. આ ઉત્પત્તિમાં શું ત્યાં પહેલાં આહાર ગ્રહણ કરાય છે અને તે પછી તેની ઉત્પત્તી થાય છે? કે પહેલાં તે ત્યાં ઉત્પન્ન થાય છે અને તે પછી આહાર ગ્રહણ થાય છે? આ પ્રમાણેનો પ્રશ્ન કરીને એવું સમાધાન સમજવું કે-સમુદ્ઘાતના ભેદથી આ બન્ને પ્રકારો ત્યાં સંભવિત થાય છે, 'एवं जाव अणुत्तरविमाणाणं ईसीपब्भाराए पुढवीए अंतरा समोहए जाव अहे सत्तमाए घणोदहि घणोदहिवलएसु उववाएयव्वो' આજ રીતે યાવત્ અનુત્તર વિમાનોના અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં સમવહત થયેલા જીવનો યાવત્ અધઃસપ્તમી પૃથ્વીના ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં ઉત્પાતનું વર્ણન કરી લેવું અહિયાં પહેલા યાવત્પદથી આ રીતનું કથન ગ્રહણ કરાયેલ છે. સનત્કુમાર માહેન્દ્રના અને બ્રહ્મલોકની મધ્યમાં, બ્રહ્મલોક અને લાન્તકની મધ્યમાં લાન્તક અને મહાશુક્રની મધ્યમાં મહાશુક્ર અને સહસ્રારની મધ્યમાં સહસ્રાર અને આનત પ્રાણતની મધ્યમાં વિગેરેની મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત જે અપ્કાયિક જીવે કર્યો હોય અને તે યાવત્ અધઃસપ્તમી પૃથ્વીના ઘનોદધી અને ઘનોદધીવલયોમાં અપ્કાયિકરૂપે ઉત્પન્ન થવાને યોગ્ય બન્યો હોય છે, તો એવો તે જીવ શું પહેલા આહાર ગ્રહણ કરે છે? અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? કે પહેલાં ત્યાં ઉત્પન્ન થઇને તે પછી આહાર ગ્રહણ કરે છે? આ પ્રશ્નનું સમાધાન એ રીતે સમજવું કે-પહેલાં કહેલ સમુદ્ઘાતના ભેદની

અપેક્ષાથી પ્રશ્ન કરેલ બન્ને પ્રકારો પણ ત્યાં ઘટે છે. તથા બીજા યાવત્ પદથી રત્નપ્રભાથી લઇને તમસ્તમા સુધીની પૃથ્વીયો ગ્રહણ કરાયેલ છે. આ રીતે અપ્કાયિક જીવ અપ્કાયિકપણાથી રત્નપ્રભાથી લઇને તમસ્તમા પૃથ્વી સુધીના ઘનોદધી અને ઘનોદધીવલયોમાં ઉત્પાદનું વર્ણન સમજી લેવું.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'वाउकाइएणं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए' હે ભગવન્ જે વાયુકાયિક જીવ આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીની મધ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત કરે છે, અને મરણ સમુદ્ઘાત કરીને તે સૌધર્મ કલ્પમાં વાયુકાયિકપણાથી ઉત્પન્ન થવા યોગ્ય બન્યા હોય છે, એવો તે વાયુ-કાયિક જીવ પહેલાં આહાર કરે છે? અને તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? કે પહેલા ઉત્પન્ન થઈને તે પછી આહાર કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં

ભ૦ ૫

પ્રભુએ તેમને આ પ્રમાણે કહ્યું કે-'एवं जहा सत्तरसमसए वाउकाइ य उद्देसए तहा इह त्रि' હે ગૌતમ! સત્તરમાં શતકમાં વાયુકાયિક ઉદ્દેશામાં જે પ્રમાણેનું કથન કરવામાં આવ્યું છે, તેજ પ્રમાણેનું સઘળું કથન અહિયાં પણ સમજી લેવું અને તે કથન પૃથ્વિકાયિકની જેમજ કહ્યું છે તેમ સમજવું. જો તે કથનની અપેક્ષાએ વાયુકાયિકના કથનમાં જે કાંઇ વિશેષપણું હોય તો તે સમુદ્ઘાતના સંબંધમાં છે. પૃથ્વિકાયિક વિગેરેમાં ત્રણ સમુદ્ઘાત કહેલ છે. તથા વાયુકાયિકોમાં ૪ ચાર સમુદ્ઘાત કહ્યા છે. પૂર્વોક્ત ત્રણ સમુદ્ઘાત અને વૈક્રિયસમુદ્ઘાત ચોથો છે. તે ૧૭ સત્તરમાં શતકમાં રત્નપ્રભા પૃથ્વી-યોના અન્તરાલમાં મરણ સમુદ્ઘાત કહેલ નથી. મરણ સમુદ્ઘાત અહિયાં કહેલ છે, તેજ વાત અહિયાં 'णवरं अंतरेसु समोहणा नेयव्वा' આ સૂત્રપાઠથી કહેલ છે. બાકીનું તમામ કથન પૃથ્વિ વિગેરેમાં જેવું કથન કર્યું છે, તેજ પ્રમાણે છે. 'जाव अणुत्तरविमाणाणं इसीपब्भाराए य पुढवीए अंतरा समोहए' એજ રીતે એવું પણ કહેવું જોઈએ કે જે વાયુકાયિક જીવ યાવત્ અનુત્તર વિમાનોના અને ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં મરણ સમુદ્ઘાત કરે છે અને મરણ સમુદ્ઘાત કરીને તે ઘનવાતમાં તનુવાતમાં ઘનવાતવલયોમાં અને તનુ-વાત વલયોમાં વાયુકાયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય થયેલ છે. 'सेसं तं चेव' એવો તે વાયુકાયિક જીવ પહેલાં આહાર ગ્રહણ કરે છે? તે પછી ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા પહેલાં ત્યાં ઉત્પન્ન થઇને તે પછી આહાર ગ્રહણ કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ પૂર્વોક્ત રૂપથી જ કહ્યું છે. અર્થાત્ પૃથ્વિકાયિકના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ અહિયાં પ્રશ્નવાકય અને ઉત્તર વાકય કહેલ છે. તેમ સમજવું. 'जाव से तेणट्ठेणं जाव उववज्जेज्जा' આ રીતે અહિયાં 'यावदुत्पद्येत' આ કથન સુધીનું તમામ કથન અહિયાં સમજવું.

આ કથનનો સારાંશ આ પ્રમાણે છે કે-પૃથ્વિકાયિક જીવોમાં આ વિષય સંબંધી જે પ્રમાણેનું કથન કરેલ છે. તેજ પ્રમાણેનું તમામ કથન આ સંબંધમાં વાયુ-કાયિક જીવમાં પણ સમજવું. તે પહેલાં આહાર ગ્રહણ કરે છે. અને ઉત્પન્ન થયા પછી પણ તે આહાર ગ્રહણ કરે છે. તે પહેલાં ત્યાં ઉત્પન્ન થાય છે અને આહાર ગ્રહણ કર્યા પછી પણ ત્યાં ઉત્પન્ન થઈ જાય છે. આ પ્રમાણે કહેવાનું શું કારણ છે? આ રીતના પ્રશ્નનું સમાધાન એ છે કે-મારણાન્તિકસમુદ્‌-ઘાતના ભેદથી આ બન્ને પ્રકારનું કથન સંગત થાય છે તેમ સમજવું અર્થાત્ જે પૃથ્વિકાયિક જીવ ત્યાં દેશતઃ મારણાન્તિક સમુદ્‌ઘાત કરે છે, તે પહેલાં આહાર ગ્રહણ કરે છે, અને તે પછી ઉત્પન્ન થાય છે. તથા જે પૃથ્વિકાયિક જીવ સર્વરૂપથી ત્યાં સમુદ્‌ઘાત કરે છે, તે પહેલાં ઉત્પન્ન થાય છે, અને તે પછી ત્યાં આહાર ગ્રહણ કરે છે. ઇત્યાદિ સઘળું કથન પહેલાં જે રીતે કહેવામાં આવ્યું છે. તે પ્રમાણે અહિયાં પણ કહેવું જોઈએ. 'सेवं भंते! सेवं भंते त्ति' ગૌતમસ્વામી પ્રભુના કથનમાં સ્વતઃ પ્રમાણ-પણુ બતાવવાના અભિપ્રાયથી એવું કહે છે કે-હે ભગવન્ આપ દેવાનુપ્રિયે પૃથ્વિકાયિક જીવથી લઈને વાયુકાયિક જીવ સુધીના જીવોમાં જે મારણુન્તિક સમુદ્‌ઘાતને લઈને તેઓની ઉત્પત્તિ અને આહારના સંબંધમાં આ પૂર્વાપર રૂપથી જે વર્ણન કર્યું છે, તે તમામ કથન આપ દેવાનુપ્રિયે જે પ્રમાણે કહ્યું છે તેમજ છે. અર્થાત્ આપનું કથન દરેક રીતે સત્ય જ છે. આ પ્રમાણે કહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા ગૌતમસ્વામી પોતાના સ્થાને બિરાજમાન થઇ ગયા. ॥સૂ૦ ૨॥

**જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના વીસમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥૨૦-૬॥**

## સાતમા ઉદ્દેશાનો પ્રારંભ–

છઠ્ઠા ઉદ્દેશામાં પૃથ્વિકાયિક વિગેરે જીવોના આહારનું નિરૂપણ કરવામાં આવેલ છે. તે આહાર કર્મનો બંધ થવાથી જ થાય છે. એજ સંબંધથી પ્રારંભ કરવામાં આવતા આ સાતમા ઉદ્દેશામાં બંધનું નિરૂપણ કરવામાં આવે છે, આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે–

'कइविहे णं भंते ! बंधे पण्णत्ते' ઈત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રપાઠથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે- 'कइविहे णं भंते ! बंधे पण्णत्ते' હે ભગવન્ કર્મબંધ કેટલા પ્રકારનો કહેલ છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! तिविहे बंधे पण्णत्ते' હે ગૌતમ ! બન્ધ ત્રણ પ્રકારનો કહેવામાં આવેલ છે. 'तं जहा' તે આ પ્રમાણે છે. 'जीवप्पओगबंधे' જીવપ્રયોગબંધ 'अणंतरबंधे' અનન્તરબન્ધ અને 'परंपरबंधे' પરમ્પર બંધ આત્માના મન, વચન અને શરીરના વ્યાપારથી કર્મપુદ્ગલોનો જે ક્ષીર-નીરની જેમ તેની સાથે એક ક્ષેત્રાવગાહ રૂપ સંબંધ થાય છે, તેનું નામ જીવપ્રયોગબંધ છે. ૧ આ જીવપ્રયોગબંધ સ્પૃષ્ટ વિગેરે રૂપે હોય છે. કર્મપુદ્ગલોનો બંધ થયા પછીના અન્તર વગરના સમયમાં જે બંધ થાય છે, તે અનન્તરબંધ છે. ૨ તથા કર્મપુદ્ગલોના બંધ થયા પછી દ્વિતીયાદિ સમયોમાં જે બંધ થાય છે તે પરંપરાબંધ છે. ૩

ભ૦ ૬

કહેવાનું તાત્પર્ય એ છે કે એક બે વિગેરે સમયોના વ્યવધાનથી જે બંધ થાય છે. તેજ પરંપરાબંધ છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'नेरइया णं भंते ! कइविहे बंधे पन्नत्ते' હે ભગવન્ નૈરયિક જીવોને કેટલા પ્રકારનો બંધ થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'एवं चेव' નારકીય જીવોને પહેલા કહેલા ત્રણે પ્રકારના બંધો થાય છે. 'एवं जाव वेमाणियाणं' તથા આ પૂર્વોક્ત ત્રણે પ્રકારના બંધો વૈમાનિક સુધીના ૨૪ ચોવીસ દંડકોના જીવોને પણ થાય છે. તેમ સમજવું.

હવે જ્ઞાનાવરણીય આદિ જુદી જુદી કર્મ પ્રકૃતીયોના બંધ થવાના સંબંધમાં ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે–'णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स कइविहे बंधे पण्णत्ते' હે ભગવન્ જ્ઞાનાવરણીય કર્મનો જે બંધ થાય છે, તે કેટલા પ્રકારનો હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! तिविहे

बंधे पण्णत्ते' હે ગૌતમ જ્ઞાનાવરણીય કર્મનો જે બંધ થાય છે, તે ત્રણ પ્રકારનો કહેલ છે. 'तं जहा' તે આ પ્રમાણે છે, 'जीवप्पओगबंधे, अणंतरबंधे परंपरबंधे' જીવપ્રયોગબંધ, અનંતરબંધ, અને પરંપરાબંધ, 'नेरइयाणं भंते ! णाणावरणिज्जस्स कम्मस्स' હે ભગવન્ નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારનો કહેલ છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं चेव' હે ગૌતમ નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મબંધની જેમ ત્રણેનો બંધ થાય છે. 'एवं जाव वेमाणियाणं' એજ રીતે યાવત્ વૈમાનિક સુધીના જીવોને જે જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે, તે પણ ત્રણે પ્રકારથી થાય છે. તેમ સમજવું. 'एवं जाव अंतराइयस्स' એજ રીતે યાવત્ અંતરાય કર્મનો બંધ પણ ત્રણે પ્રકારથી થાય છે. તેમ સમજવું. અહિયાં યાવત્ પદથી દર્શનાવરણીય કર્મથી લઈને ગોત્ર કર્મ સુધીના કર્મો ગ્રહણ કરાયા છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'णाणावरणिज्जोदयस्स णं भंते ! कम्मस्स कइविहे बंधे पण्णत्ते' જે જ્ઞાનાવરણીય કર્મ ઉદય અવસ્થામાં પ્રાપ્ત હોય એવું તે પ્રાપ્ત ઉદયવાળા જ્ઞાનાવરણીય કર્મનો બંધ હે ભગવન્ કેટલા પ્રકારનો હોય છે? આ પ્રશ્ન ભૂતકાળ, ભવિષ્યકાળ, અને વર્તમાનકાળમાં ઉદયમાં પ્રાપ્ત થયેલ જ્ઞાનાવરણીય કર્મના બંધની અપેક્ષાથી કરવામાં આવેલ છે, અથવા જ્ઞાનાવરણીય રૂપે વર્તમાનમાં જે કર્મનો ઉદય છે. તે જ્ઞાનાવરણીયોદય કર્મ છે. જ્ઞાનાવરણીયાદિ કર્મ કંઈક તો જ્ઞાનાદિકોના આવરણ થવા રૂપ વિપાકના ઉદયથી અનુભવિત થાય છે. અને કંઈક પ્રદેશોદયથી અનુભવાય છે. એથી કર્મને 'ઉદય' શબ્દથી કહેવામાં આવેલ છે. અથવા જ્ઞાનાવરણીય કર્મના ઉદય થવાથી જે કર્મ બંધાય છે. અથવા જેનું વેદન થાય છે, તે જ્ઞાનાવરણીયોદય કર્મ છે. એવા તે જ્ઞાનાવરણીય ઉદય કર્મનો બંધ કેટલા પ્રકારનો હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ 'तिविहे बंधे पण्णत्ते' આ જ્ઞાનાવરણીય ઉદય કર્મનો બંધ ત્રણ પ્રકારનો થાય છે. 'एवं जाव वेमाणियाणं' આજ રીતે યાવત્ વૈમાનિક જીવોને પણ જ્ઞાનાવરણીય ઉદય કર્મનો બંધ ત્રણ પ્રકારનો થાય છે અહિયાં યાવત્પદથી દસ ભવનપતિ ૧૦, પાંચ સ્થાવર ૫, વિકલેન્દ્રિય તિર્યંચ, પંચેન્દ્રિય તિર્યન્ચ, મનુષ્ય, વાનવ્યન્તર, અને જ્યોતિષ્ક આ બધા જ જીવો ગ્રહણ કરાયા છે. 'एवं जाव अंतराइउदयस्स' એજ રીતે યાવત્ અન્તરાય ઉદય કર્મનો બંધ પણ ત્રણ પ્રકારનો થાય છે. તેમ સમજવું. અહિયાં યાવત્પદથી દર્શનાવરણીય ઉદય કર્મથી લઇને ગોત્રાન્તોદય કર્મનો સંગ્રહ થયો છે. હવે 'इत्थीवेयस्स णं

भंते कइविहे बंधे पण्णत्ते' ગૌતમસ્વામી આ સૂત્રથી પ્રભુને એવું પૂછે છે કે- હે ભગવન્ સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा तिविहे बंधे पण्णत्ते' હે ગૌતમ ! સ્ત્રીવેદનો બંધ ત્રણ પ્રકારનો કહેલ છે, તેના નામો આ પ્રમાણે છે-જીવપ્રયોગબંધ ૧, અનંતરબંધ ૨, અને પરંપરબંધ ૩ 'असुरकुमाराणं भंते! इत्थीवेयस्स कइविहे बंधे पण्णत्ते' હે ભગવન્ અસુરકુમારોને સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો હોય છે? ગૌતમસ્વામીના આ પ્રશ્નના સમાધાનમાં પ્રભુ તેઓને કહે છે કે- एवं चेव' હે ગૌતમ જે રીતે સામાન્ય રીતે સ્ત્રીવેદમાં ત્રણ પ્રકારનો બંધ કહ્યો છે. એજ રીતે અસુરકુમારોને સ્ત્રીવેદમાં પણ ત્રણ પ્રકારનો બંધ થાય છે. દેવોમાં પુંવેદ અને સ્ત્રીવેદ આ બે વેદન થાય છે. સ્ત્રીવેદને લઇને આ પ્રશ્નોત્તર કહ્યા છે. 'एवं जाव वेमाणियाणं' અસુરકુમાર દેવોને જે રીતે સ્ત્રીવેદ બંધ ત્રણ પ્રકારથી કહેલ છે, એજ રીતે યાવત્ વૈમાનિક દેવોને પણ સ્ત્રીવેદ બંધ ત્રણ પ્રકારનો હોય છે. તેમ સમજવું. 'नवरं जस्स इत्थीवेदो अत्थि' દેવોને સ્ત્રીવેદનો બંધ થતો નથી દેવીયોને સ્ત્રીવેદનો બંધ થાય છે. તેથી આ સ્ત્રીવેદ બંધ દેવીયોને જ કહેવો અન્ય દેવોને નહિં 'एवं पुरिसवेयस्स वि णपुंसगवेयस्स वि' એજ રીતે પુરુષવેદ બંધ અને નપુંસકવેદ બંધ પણ ત્રણ પ્રકારનો થાય છે, તેમ સમજી લેવું. આ સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદનો ત્રણે પ્રકારનો બંધ યાવત્ વૈમાનિક સુધીના જીવોને થાય છે. નપુંસકવેદનો બંધ દેવોને હોતો નથી તેથી 'नवरं जस्स जो अत्थि वेदो' એ પ્રમાણે કહેલ છે કે-જે જીવને જે વેદનો બંધ થાય છે, તે જીવને તે વેદનો બંધ ત્રણ પ્રકારથી થાય છે. મનુષ્યગતિમાં ત્રણે પ્રકારના વેદોનો સદ્ભાવ હોય છે. જેથી અહિયાં ત્રણે વેદનો બંધ ત્રણ પ્રકારથી થાય છે. દેવગતિમાં નપુંસક વેદને છોડીને બે વેદોનો સદ્ભાવ રહે છે, જેથી અહિયાં બે વેદોનો બંધ ત્રણ પ્રકારનો હોય છે. તિર્યંચગતિમાં પણ ત્રણે પ્રકારનો વેદ થાય છે જેથી અહિયાં પણ ત્રણે વેદોનો બંધ ત્રણ પ્રકારથી થાય છે. નરકગતિમાં એક નપુંસક વેદ જ હોય છે. જેથી અહિયાં નપુંસકવેદનો બંધ ત્રણ પ્રકારનો હોય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'दंसणमोहणिज्जस्स णं भंते!' ઇત્યાદિ હે ભગવન્ દર્શન મોહનીયકર્મનો બંધ કેટલા પ્રકારનો હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं चेव' હે ગૌતમ! જે પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મનો બંધ ત્રણ પ્રકારનો થાય છે, એજ રીતે ઉદય અવસ્થાને પ્રાપ્ત થયેલ દર્શન મોહનીયકર્મનો બંધ પણ ત્રણ પ્રકારનો હોય છે. આ ઉદય પ્રાપ્ત દર્શન મોહનીયકર્મનો ત્રણ પ્રકારનો બંધ કોઇ એક જીવને હોતો નથી. પરંતુ ૨૪ ચોવીસ દન્ડકમાં રહેલા સઘળા જીવોને થાય

છે. એજ વાત 'निरंतरं जाव वेमाणियाणं' આ સૂત્રપાઠથી સમજાવેલ છે. અર્થાત્ નૈરયિક જીવોથી લઇને વૈમાનિક સુધીના સઘળા જીવસમૂહને દર્શન મોહનીયકર્મનો ત્રણ પ્રકારનો બંધ થાય છે. 'एवं चारित्तमोहणिज्जस्स वि जाव वेमाणियाणं' દર્શનમોહનીય કર્મના ત્રણ પ્રકારના બંધની જેમ ચારિત્રમોહનીય કર્મનો બંધ પણ નારકથી વૈમાનિક સુધીના જીવોને ત્રણ પ્રકારે થાય છે. 'एवं एएणं कमेणं ओरालियसरीरस्स जाव कम्मगसरीरस्स' ઉપર કહેલ પ્રકારવાળા ક્રમથી ઔદારિક શરીરનો યાવત્ કાર્મણ શરીરનો પણ ત્રણ પ્રકારથી બંધ થાય છે. અહિયાં યાવત્ પદથી આહારક, વૈક્રિય, તૈજસ, આ ત્રણ શરીરો ગ્રહણ કરાયા છે. આ રીતે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ આ પાંચ શરીરોને ત્રણે પ્રકારનો

ભ૦ ૭

બંધ થાય છે. તેમ સમજવું 'आहारसन्नाए जाव परिग्गहसन्नाए' આહાર સંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞા સંબંધી જે બંધ થાય છે, તે પણ ત્રણ પ્રકારનો થાય છે. અહિયાં યાવત્ શબ્દથી ભયસંજ્ઞા, અને મૈથુનસંજ્ઞા આ બે સંજ્ઞાઓ ગ્રહણ કરાઇ છે, જેથી આ ચારે સંજ્ઞાઓનો બંધ જીવપ્રયોગબંધ રૂપ, અનન્તરબંધ રૂપ અને પરમ્પરાબંધ રૂપ આ ત્રણે પ્રકારના બંધ રૂપ હોય છે. 'कण्हलेस्साए जाव सुक्कलेस्साए' કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, અને શુકલલેશ્યા આ છએ લેશ્યાને પણ આજ ત્રણ પ્રકારનો બંધ થાય છે. જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનો આત્માની સાથે સંશ્લેશ વિશેષ રૂપ જે સંબંધ છે, તેનું જ નામ બંધ છે. આ પહેલાં કહેવામાં આવ્યું છે, તો જ્ઞાનાવરણીય વિગેરે કર્મપુદ્ગલોની જેમજ બીજા પુદ્ગલોનો આત્માની સાથે જે સંબંધ થાય છે, તે સંબંધ પણ બંધ છે તેમ સમજવું જોઇએ. એજ ન્યાયથી ઔદારિક વિગેરે શરીરને ઉત્પન્ન કરનાર અને આહાર વિગેરે સંજ્ઞા જનક કર્મોનો અને કૃષ્ણ વિગેરે લેશ્યાઓનો જે સંબંધ વિશેષ આત્માની સાથે થાય છે, તે પણ બંધ છે તેમ સમજવું. 'सम्मदिट्ठीए मिच्छादिट्ठीए सम्मामिच्छादिट्ठीए' તથા સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ તેનો પણ ત્રણ પ્રકારનો બંધ થાય છે, અહિયાં એવી શંકા કરવામાં આવે છે કે-પુદ્ગલોનો બંધ થાય છે તેમ પહેલાં કહેવામાં આવ્યું છે, તો સમ્યગ્દૃષ્ટિ વિગેરેનો બંધ થાય છે તેમ અહિયાં કેવી રીતે કહેવામાં આવ્યું છે? કેમકે દૃષ્ટિ અને જ્ઞાન એ અપૌદ્ગલિક છે. આ પ્રમાણેની શંકા કરવી તે બરોબર નથી કેમકે-અહિયાં બંધ શબ્દથી કર્મપુદ્ગલોનો જ બંધ ગ્રહણ કરાયો નથી પરંતુ બન્ધ શબ્દથી સંબંધ માત્ર ગ્રહણ કરાયેલ છે. જેથી તે સંબંધ જીવનો દૃષ્ટિ વિગેરે ધર્મોની સાથે છે જ જો ફરી પણ એમ

કહેવામાં આવે કે—આ રીતની માન્યતામાં દૃષ્ટિ વિગેરેમાં જીવપ્રયોગબંધ વિગેરે રૂપથી વ્યપદેશપણુ કેવી રીતે થઈ શકશે ? એમ કહેવું તે પણ બરાબર નથી, કેમકે આ દૃષ્ટિ વિગેરે જીવના સામર્થ્યથી થયેલ છે. જેથી તેમાં જીવપ્રયોગબંધ વિગેરે રૂપથી વ્યપદેશ્યપણુ બની જાય છે. એજ રીતે 'आभिणिबोहियनाणस्स जाव केवलनाणस्स' આભિનિબોધિકજ્ઞાનનો અને યાવત્ કેવળજ્ઞાનનો જીવની સાથે જે સંબંધ રૂપ બંધ છે, તે પણ જીવ-પ્રયોગબંધ, અનન્તર અને પરમ્પર બંધના ભેદથી ત્રણ પ્રકારનો થાય છે. અહિયાં યાવત્ શબ્દથી શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ગ્રહણ કરાયા છે. 'मइ अन्नाणस्स सुयअन्नाणस्स विभंगनाणस्स' એજ રીતે મતિ-અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન તેનો જે પોતપોતાના આધારરૂપ જીવની સાથે સંબંધરૂપબંધ છે. તે પણ જીવપ્રયોગબંધ વિગેરે ભેદથી ત્રણ પ્રકારનો છે. 'एवं आभिणिबोहियनाणविसयस्स भंते कइविहे बंधे पण्णत्ते' હે ભગવન્ આભિનિબોધિકજ્ઞાન વિષયનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? અહિયાં આભિનિબોધિકજ્ઞાન સંબંધી જીવની સાથે જે સંબંધ છે, તેજ બંધ રૂપે ગ્રહણ કરાયેલ છે. 'जाव केवलनाणविसयस्स मइअन्नाणविसयस्स सुय अन्नाणविसयस्स विभंगणाणविसयस्स' એજ રીતે યાવત્ કેવલજ્ઞાન વિષયનો મતિ-અજ્ઞાનના વિષયનો શ્રુતઅજ્ઞાનના વિષયનો અને વિભંગજ્ઞાનના વિષયનો પોત-પોતાના આધાર રૂપ જીવની સાથેનો સંબંધ રૂપ બંધ કેટલા પ્રકારનો કહેલ છે ? આ તમામ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'एएसिं सव्वेसिं पयाणं तिविहे बंधे पण्णत्ते' આ તમામજ્ઞાનોનો અને તેના વિષયનો જે પોતપોતાના-આધાર રૂપ જીવની સાથે બંધ છે તે જીવપ્રયોગાદિ બંધના ભેદથી ત્રણ પ્રકારનો કહેલ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે—શ્રુતજ્ઞાનથી લઈને કેવલજ્ઞાન સુધીના જ્ઞાનોના વિષયના સંબંધરૂપ બન્ધ અને મતિઅજ્ઞાનથી લઈને વિભંગજ્ઞાન સુધીના અજ્ઞાનોના વિષયના પોતપોતાના આધારભૂત જીવના સંબંધરૂપ બંધ ત્રણ પ્રકારનો કહ્યો છે. 'सव्वे वि एए चउव्वीसं दंडगा भाणियव्वा' જીવરાશી ૨૪ ચોવીસ દંડકોમાં વહેંચાયેલ છે. તેથી દર્શન મોહનીયથી લઈને વિભંગજ્ઞાન વિષય સુધીના દ્વારોમાંથી દરેક દ્વારમાં ૨૪—૨૪ દંડકો કહેવા જોઈએ. 'नवरं जाणियव्वं जस्स जं अत्थि' આ કથનમાં જે જીવને જે મતિજ્ઞાન વિગેરે છે, તે તેજ જીવને કહેવા જોઈએ. અને તેજ મતિજ્ઞાન વિગેરેમાં ત્રણ પ્રકારનો બંધ કહેવો જોઈએ. બીજે નહીં એજ રીતે આ કથન 'जाव वेमाणियाणं' યાવત્ વૈમાનિકો સુધીમાં સમજી લેવું એજ વાત 'जाव वेमाणियाणं भंते ! जाव विभंगनाणविसयस्स कइविहे बंधे पण्णत्ते' આ સૂત્રપાઠ દ્વારા પ્રશ્ન રૂપથી પ્રગટ કરેલ છે. હે ભગવન્ યાવત્ વૈમાનિકોના યાવત્ વિભંગજ્ઞાનના વિષયનો બંધ કેટલા પ્રકારનો કહેલ છે ? અહિયાં પહેલા યાવત્પદથી નારક

વિગેરે ૨૩ તેવીસ દંડકોનો સંગ્રહ થયેલ છે. અને બીજા યાવત્ શબ્દથી આભિનિબોધિક જ્ઞાનથી લઇને કેવળજ્ઞાન સુધીના વિષયોનો તથા મતિ અજ્ઞાનથી લઈને શ્રુત અજ્ઞાન સુધીના વિષયોનો સંગ્રહ થયો છે. તો પાંચ જ્ઞાનોનો તથા તેના વિષયોનો તથા ૩ ત્રણ અજ્ઞાનોનો અને તેના વિષયોનો કેટલા પ્રકારનો બંધ કહેવામાં આવેલ છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! तिविहे बंधे पण्णत्ते' હે ગૌતમ! તેનો અને તેના વિષયોનો આત્માની સાથેનો સંબંધ રૂપ બંધ જીવપ્રયોગબંધ, અનન્તરબંધ અને પરંપરાબંધના ભેદથી ત્રણ પ્રકારનો કહેલ છે આ સંબંધમાં કોઇ કોઇ સ્થળે આ બે સંગ્રહગાથા લખેલી મળે છે.-'जीवप्पओगबंधे' ઇત્યાદિ આ બે ગાથાઓનું તાત્પર્ય કેવળ એટલું જ છે કે-બંધ ત્રણ પ્રકારનો જે પહેલાં કહેવામાં આવેલ છે, તે જીવપ્રયોગબંધ, અનન્તરબંધ અને પરંપરા બંધના ભેદથી કહેલ છે, અને તે જ્ઞાનાવરણીય વિગેરે કર્મપ્રકૃતિયોમાં ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીય વિગેરે કર્મપ્રકૃતિયોમાં વેદોમાં, દર્શનમોહનીયમાં, ઔદારિક વિગેરે પાંચ શરીરોમાં, ચાર સંજ્ઞાઓમાં છ લેશ્યાઓમાં ત્રણ દૃષ્ટિયોમાં પાંચ જ્ઞાનોમાં તેના વિષયોમાં ત્રણ અજ્ઞાનોમાં, અને તેના વિષયોમાં પ્રગટ કરવામાં આવેલ છે. 'सेवं भंते! सेवं भंते! त्ति जाव विहरइ' હે ભગવન્ નારકાદિ સંબંધના જ્ઞાનાદિકેનું આપે જે આ ત્રણ પ્રકારના બંધનું પ્રતિપાદન કરેલ છે. તે સર્વથા સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમ-સ્વામીએ ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થઈ ગયા. ।સૂ. ૧।।

## આઠમા ઉદ્દેશાનો પ્રારંભ–

સાતમા ઉદ્દેશામાં બંધ સંબંધી કથન કરવામાં આવેલ છે. અને બંધના કેટલા વિભાગ છે તે પણ સ્પષ્ટ રીતે સમજાવેલ છે. બંધ અને બંધના વિભાગોનું કથન તીર્થંકર પ્રભુએ આ રીતે કહેલ છે. આ કથન તેઓએ કર્મભૂમિયોમાં જ કરેલ છે.–અકર્મભૂમિયોમાં કરેલ નથી. કેમકે ત્યાં તીર્થંકર હોતા નથી. તીર્થંકરોનો સદ્ભાવ–ઉત્પત્તિ કેવલ કર્મભૂમીમાં જ હોય છે. એજ કર્મભૂમીયોનું નિરૂપણ સૂત્રકારે આ આઠમાં ઉદ્દેશામાં કરેલ છે. જેથી આ સંબંધને લઈને આ આઠમાં ઉદ્દેશાનો પ્રારંભ થયેલ છે. આનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'कइविहा णं भंते ! कम्मभूमीओ पण्णत्ताओ' ઈત્યાદિ.

ટીકાર્થ—આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછેલ છે કે–'कइ णं भंते ! कम्मभूमीओ पण्णत्ताओ' હે ભગવન્ કર્મભૂમીયો કેટલા પ્રકારની કહેલ છે ? કૃષિ–ખેતી, વેપાર, તપ, સંયમ વિગેરે કાર્યો કરવાનું જ્યાં મુખ્યપણું હોય છે તેને કર્મભૂમિ કહેવામાં આવે છે. આવી કર્મભૂમિયો કેટલી કહી છે ? આ પ્રમાણેના ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે– 'गोयमा ! पन्नरसकम्मभूमीओ पन्नत्ताओ' હે ગૌતમ કર્મભૂમિયો પંદર કહેલ છે. 'तं जहा' જે આ પ્રમાણે છે. 'पंच भरहाइं' ઇત્યાદિ પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ જમ્બૂદ્વીપ સંબંધી ૧ એક ભરત ધાતકી ખંડ સંબંધી બે ભરત અને પુષ્કરાર્ધ સંબંધી બે ભરત આ રીતે અઢાઇ દ્વીપ-સંબંધી પાંચ ભરત છે. તેમાં ખેતી, વેપાર વિગેરે કર્મોનું મુખ્યપણું રહે છે. એજ રીતે જંબૂદ્વીપ સંબંધી એક ઐરવતક્ષેત્ર ધાતકી ખંડ સંબંધી બે ઐરવતક્ષેત્ર અને પુષ્કરાર્ધ સંબંધી બે ઐરવતક્ષેત્ર આ રીતે આ પાંચ ઐરવત-ક્ષેત્ર છે. એજ રીતે જંબૂદ્વીપ સંબંધી એક મહાવિદેહ, ધાતકી ખંડ સંબંધી બે મહાવિદેહ અને પુષ્કરાર્ધ સંબંધી બે મહાવિદેહ આ રીતે આ પાંચ મહાવિદેહ થાય છે. આ તમામ મળીને કર્મભૂમિયો પંદર કહેલ છે. તેનાથી બાકી બચેલી જેટલી ભૂમિયો–ક્ષેત્ર છે. તે તમામ અકર્મભૂમીયો છે. અને તેની સંખ્યા ૩૦ થાય છે. આ તમામ વિષય હવે આગળ સ્પષ્ટતાપૂર્વક કહેવામાં આવે છે.–આ સંબંધમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછ્યું છે કે– 'कइ णं भंते ! अकम्मभूमीओ पण्णत्ताओ' કર્મભૂમિથી વિરૂદ્ધ એવી અકર્મ-ભૂમિયો હે ભગવન્ કેટલા પ્રકારની કહેવામાં આવી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! तीसं अकम्मभूमीओ पण्णत्ताओ' હે ગૌતમ ! કર્મ-ભૂમિથી ઉલટી અકર્મભૂમિ ૩૦ ત્રીસ કહી છે. 'तं जहा' જે આ પ્રમાણે છે.– 'पंच हेमवयाइं, पंच हेरण्णवयाइं पंच हरिवासाइं पंच रम्मगवासाइं पंच देवकुराइं पंच उत्तरकुराइं' પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ

રમ્યકવર્ષ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ, જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરવત આ સાત ક્ષેત્રો છે. તેમાં ભરત, મહાવિદેહ, અને ઐરવત કર્મભૂમિનું ક્ષેત્ર છે. અને બાકીના ૪ ચાર ક્ષેત્રો તથા વિદેહક્ષેત્રની પાંસેનું ઉત્તરકુરૂ અને દેવકુરૂ એ કર્મભૂમિનું ક્ષેત્ર છે. જે રીતે જંબૂદ્વીપમાં આ ૭ સાત ક્ષેત્રો છે, એજ રીતે ધાતકી ખંડમાં અને પુષ્કરાર્ધમાં આ તમામ બમણા બમણા છે. આ રીતે આ બધા પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂઓની સાથે મળવાથી ૪૫ પિસ્તાળીસ થઈ જાય છે. આમાં ૧૫ પંદર કર્મભૂમિ સંબંધી ક્ષેત્ર છે. અને બાકીના ૩૦ ત્રીસ અકર્મભૂમિ સંબંધી ક્ષેત્ર છે. તેમ સમજવું.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'एयासु णं भंते ! तीसाए अकम्मभूमिसु' હે ભગવન્ આ ત્રીસ અકર્મભૂમિયોમાં ઉત્સર્પિણી અને અવ-સર્પિણી કાળનો વિભાગ થાય છે કે નથી થતો ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'णो इणट्ठे समट्ठे' હે ગૌતમ આ અર્થ બરોબર નથી. અર્થાત્ ત્રીસ અકર્મભૂમિયોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનો વિભાગ થતો નથી. આ વિભાગ તો ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં જ થાય છે. વિદેહક્ષેત્રમાં કાળ અવસ્થિત રહે છે. અર્થાત્ હંમેશાં ચોથો આરો રહે છે. આજ વિષયને સ્પષ્ટ કરવા માટે ગૌતમસ્વામી હવે પ્રભુને એવું પૂછે છે કે-'पंचसु भरहेसु पंचसु एरवएसु अत्थि उस्स०' ઇત્યાદિ હે ભગવન્ પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનો વિભાગ થાય છે કે નથી થતો ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'हंता अत्थि' હા ગૌતમ ! પાંચ ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનો વિભાગ થાય છે. 'एएसु णं पंचसु महाविदेहेसु अत्थि उस्स०' ઇત્યાદિ હે ભગવન્ પાંચ મહાવિદેહોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનો વિભાગ થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! णेवत्थि उस्सप्पिणी णेवत्थि ओसप्पिणी' હે ગૌતમ ! પાંચ મહાવિદેહોમાં ઉત્સર્પિણી અને અવ-સર્પિણી કાળનો વિભાગ થતો નથી કેમકે એ બન્ને કાળ ત્યાં થતા નથી. તેનું કારણ એવું છે કે-'अवट्ठिए णं तत्थ काले पण्णत्ते' ત્યાં કાળ અવસ્થિત કહેલ છે. અર્થાત મહાવિદેહોમાં જે કાળ છે, તે એક રૂપ જ છે. તેમાં ઉત્સર્પિણી અવસર્પિણી એવો વિભાગ થતો નથી. 'एएसु णं भंते ! पंचसु महाविदेहेसु अरहंता भगवंतो०' ઇત્યાદિ હે ભગવન્ આ પાંચ મહાવિદેહોમાં અરિહંત ભગવંતોના પાંચ મહાવ્રત સહિત અને પ્રતિક્રમણસહિત એવા ધર્મનો ઉપદેશ કરે છે ? અર્થાત્ પાંચ મહાવ્રતરૂપ ધર્મનું પ્રતિક્રમણ સહિત કથન કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'णो इणट्ठे समट्ठे' હે ગૌતમ ! આ અર્થ બરોબર નથી. અર્થાત્ અરિહંત ભગવંત પ્રતિક્રમણયુક્ત,

પાંચ મહાવ્રતરૂપ ધર્મને ઉપદેશ પાંચ મહાવિદેહોમાં કરતા નથી. પરંતુ 'एएसु णं पंचसु भरहेसु पंचसु एरवएसु' ઈત્યાદિ આ પાંચ ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં પ્રથમ અને ચરમ એ બે તીર્થંકર ભગવાન્ પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતરૂપ અને પાંચ અણુવ્રત ધર્મને ઉપદેશ કરે છે. તો શું પાંચ મહાવિદેહોમાં ધર્મોપદેશ થતો નથી? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एएसु णं पंचसु महाविदेहेसु अरहंता भगवंतो चाउज्जामं धम्मं पन्नवयंति' હે ગૌતમ! આ પાંચ મહાવિદેહોમાં અરહંત ભગવાન્ ચાતુર્યામ ધર્મને ઉપદેશ કરે છે. પાંચ મહાવ્રતરૂપ ધર્મને ઉપદેશ કરતા નથી. 'जंबुद्दिवेणं भंते! दीवे०' ઈત્યાદિ

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ આ વર્તમાન અવસર્પિણી કાળમાં આ જંબૂદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં કેટલા તીર્થંકરો હોવાનું કહેલ છે? ચતુર્વિધ સંઘરૂપ તીર્થ પ્રવર્તાવે તેનું નામ તીર્થંકર છે. હે ગૌતમ એવા તીર્થંકર આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં ૨૪ ચોવીસ થાય છે. તેઓના નામ આ પ્રમાણે છે-ઋષભ પહેલા તીર્થપ્રવર્તક આદિનાથ, ૧ બીજા અજીતનાથ ૨ ત્રીજા સંભવનાથ ૩ ચોથા અભિનંદન ૪ પાંચમાં સુમતિનાથ ૫ છઠ્ઠા સુપ્રભ પદ્મપ્રભ ૬ સાતમા સુપાર્શ્વનાથ ૭ આઠમા ચંદ્રપ્રભ ૮ નવમાં પુષ્પદંત સુવિધિનાથ ૯ દશમાં શીતલનાથ ૧૦ અગ્યારમાં શ્રેયાંસનાથ ૧૧ બારમાં વાસુપૂજ્ય ૧૨ તેરમાં વિમલનાથ ૧૩ ચૌદમાં અનંતનાથ ૧૪ પંદરમાં ધર્મનાથ ૧૫ સોળમાં શાંતીનાથ ૧૬ સત્તરમાં કુન્થુનાથ ૧૭ અઢારમાં અરનાથ ૧૮ ઓગણીસમાં મલ્લિનાથ ૧૯ વીસમાં મુનિસુવ્રત ૨૦ એકવીસમાં નમીનાથ ૨૧ બાવીસમાં નેમીનાથ ૨૨ તેવીસમાં પાર્શ્વનાથ ૨૩ અને ચોવીસમાં વર્ધમાન ૨૪ આ રીતે આ ઋષભથી લઈને મહાવીરસ્વામી સુધી ૨૪ ચોવીસ તીર્થંકર ભરતવર્ષમાં આ અવસર્પિણી કાળમાં થયા છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'एएसि णं भंते! चउवीसाए तित्थयराणं०' હે ભગવન્ આ ચોવીસ તીર્થંકરોના કેટલા જીનાન્તર-બે જીનોનો અંતરકાળને એટલે કે બે જીનોની વચ્ચેના આંતરાને અન્તર કહે છે. કહ્યા છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! तेवीसं जिणंतरा पण्णत्ता' હે ગૌતમ ૨૩ ત્રેવીસ જીનાન્તર કહ્યા છે. 'एएसि णं भंते! तेवीसाए जिणंतरेसु कस्स कहिं०' ઈત્યાદિ હે ભગવન્ આ ૨૩ તેવીસ જીનાન્તરોમાં કયા કયા જીન સંબંધી અંતરમાં-બે જીનોના કયા

અંતરમાં-કાલિકશ્રુતનું-એકાદશાંગરૂપ આચારાંગ વિગેરે શ્રુતનું-કે જેનું અધ્યયન રાતદિવસના પહેલા અથવા છેલ્લા પ્રહરમાં સંભવિત છે. એવા ૧૧ અગીયાર અંગ રૂપ આગમનો-વ્યવચ્છેદ કહ્યો છે. અર્થાત્ અધ્યયન વિગેરેની પરંપરાથી વિનાશ પ્રતિપાદન કહેલ છે. જેનું અધ્યયન વિગેરે હંમેશાં થઈ શકે છે, તે ઉત્કાલિકશ્રુત કહેવાય છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! एएसु णं तेवीसाए जिणंतरेसु पुरिमपच्छिमएसु०' ઇત્યાદિ આ ત્રેવીસ જીનાન્તરોમાં પહેલાં અને છેલ્લા જીનાન્તરમાં આઠ આઠ જીનાન્તરોમાં પહેલા અને છેલ્લા આઠ આઠ જીનાન્તરોમાં એકાદશાંગીરૂપ કાલિકશ્રુતનો અવ્યવચ્છેદ કહેલ છે. જો કે કાલિકશ્રુતનો વ્યવચ્છેદ થવા સંબંધમાં અહિયાં પ્રશ્ન કરેલ છે, કોઈના અવ્યવચ્છેદ થવાના સંબંધમાં પ્રશ્ન કરેલ નથી. જેથી અવ્યવચ્છેદ સંબંધી આ કથન અયોગ્ય જેવું જણાય છે, તો પણ અહિયાં જે એવું કહ્યું છે, તે વ્યવચ્છેદનું જ્ઞાન સરળતાથી થવા માટે જ કહ્યું છે. 'मज्झिमएसु सत्तसु जिणंतरेसु एत्थ णं कालियसुयस्स वोच्छेदे पण्णत्ते' મધ્યના સાત જીનાન્તરોમાં-સુપુષ્પદંતથી લઈને ૧૬ સોળમાં શાન્તિનાથ સુધીના જીનાન્તરોમાં કાલિકશ્રુતનો વ્યવચ્છેદ કહેલ છે. અર્થાત્ એ સાત જીનાંતરોમાં એકાદશાંગીરૂપ કાલિકશ્રુતનો વિનાશ થયો છે. તેમ કહેવાય છે. 'मज्झिमएसु०' ઈત્યાદિ પાઠ દ્વારા 'कस्स कहिं' આ પ્રશ્નનો ઉત્તર આપેલ છે. સુવિધિ અને શીતલ જીનના અન્તરમાં જે કાલિકશ્રુતનો વ્યવચ્છેદ રહેલો છે, તે વ્યવચ્છેદ પલ્યોપમના ચોથા ભાગ રૂપ થયેલ છે૧, તથા શીતલ અને શ્રેયાંસ જીનના અંતરમાં પણ જે વ્યવચ્છેદ થયેલ છે. તે વ્યવચ્છેદકાલ પણ પલ્યોપમના ચોથા ભાગરૂપ હતો.૨, શ્રેયાંસ અને વાસુપૂજય જીનના અંતરમાં કાલિકશ્રુતનો જે વ્યવચ્છેદ થયેલ છે, તે વ્યવચ્છેદ કાલ પણ પલ્યોપમના ચાર ભાગોમાંથી ત્રણ ભાગ રૂપ હતો૩, વાસુપૂજય અને વિમલજીનના અંતરમાં જે કાલિકશ્રુતનો વ્યવચ્છેદ થયો તે વ્યવચ્છેદકાલ પણ પલ્યોપમના પૂરા એક પલ્ય રૂપ હતો૪, વિમલ અને અનન્ત જીનના અંતરમાં કાલિકશ્રુતનો જે વ્યવચ્છેદ થયો તે-વ્યવચ્છેદકાલ પલ્યોપમના ચાર ભાગો પૈકી ત્રણ ભાગ રૂપ હતો૫, અનન્ત અને ધર્મ જીનના અંતરમાં જે કાલિકશ્રુતનો વ્યવચ્છેદ થયો, તે વ્યવચ્છેદકાલ પણ પલ્યોપમના ચોથા ભાગ રૂપ હતો૬, તથા ધર્મ અને શાંતિનાથ જીનના અંતરમાં કાલિકશ્રુતનો જે વ્યવચ્છેદ થયો તે વ્યવચ્છેદકાલ પણ પલ્યોપમના ચોથા ભાગ રૂપ હતો૭ કહ્યું પણ છે કે-'चउभागो चउभागो' ઈત્યાદિ આ રીતે આ સાત જીનાન્તરોમાં કાલિકશ્રુતનો વિનાશ થયો તથા જે 'सव्वत्थ वि णं वोच्छिन्ने दिट्ठिवाए' દૃષ્ટિવાદ નામનું ૧૨ બારમું અંગ છે, તેનો વ્યવચ્છેદ તો બધા જ જીનોના શાસનમાં કહેલ છે. કેવળ સાત જ જીનાન્તરોમાં નહીં ॥સૂ૦ ૧॥

વ્યવચ્છેદના અધિકારથી જ આ અગ્રિમપ્રકરણ પ્રારંભ કરવામાં આવે છે.–'जंबूद्दीवे णं भंते ! दीवे' ઈત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–'जंबूद्दीवे णं भंते दीवे भारहे वासे' ઈત્યાદિ હે ભગવન્ જંબુદ્વીપ નામના આ દ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાલમાં આપ દેવાનુપ્રિય સંબંધી પૂર્વજ્ઞાન ચાલશે ? અર્થાત્ રહેશે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! जंबूद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए ममं एगं०' હે ગૌતમ જંબૂદ્વીપ નામના દ્વીપમાં રહેલ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં મારૂં પૂર્વગત શ્રુત–શાસ્ત્ર–શાસન એક હજાર વર્ષ પર્યન્ત ચાલશે. અર્થાત્ તેટલા સમય સુધી મારા પૂર્વગતજ્ઞાનનો વિચ્છેદ થશે નહીં 'जहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं एगं वाससहस्सं०' ગૌતમસ્વામીએ આ સૂત્રપાઠથી પ્રભુને એવું પૂછયું છે કે-હે ભગવન્ આ અવસર્પિણી કાળમાં આ જંબૂદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં આપનું પૂર્વગતશ્રુત જેમ એક હજાર વર્ષ સુધી ચાલશે તેજ રીતે આ અવસર્પિણી કાળમાં જંબૂદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં બાકીના તીર્થંકરોનું પૂર્વગત શ્રુત–શાસન કેટલા સમય સુધી ચાલે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! अत्थेगइयाणं संखेज्जं कालं अत्थेगइयाणं असंखेज्जं कालं' હે ગૌતમ વીતેલા કેટલાક તીર્થંકરોનું પશ્ચાનુપૂર્વી પ્રમાણે પાર્શ્વનાથ વિગેરેનું શાસન સંખ્યાત કાળ સુધી ચાલ્યું છે. તથા ઋષભ વિગેરે કેટલાક તીર્થંકરોનું શાસન અસંખ્યાત કાળ સુધી પૂર્વગત શ્રુત ચાલ્યું છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'जंबूद्दीवे णं भंते ! दीवे भारहे वासे' હે ભગવન્ આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં 'इमीसे ओसप्पिणीए' આ અવસર્પિણીકાળમાં 'देवाणुप्पियाणं केवइयं कालं तित्थे अणुसज्जिस्सइ' આપ દેવાનુપ્રિય સંબંધી તીર્થ–શાસન કેટલા સમય સુધી પ્રચલિત રહેશે ? અર્થાત્ આપે પ્રવર્તાવેલ તીર્થ કેટલા સમય સુધી રહેશે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! जंबुद्दीवे दीवे भारहे वासे०' હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં મેં પ્રવર્તાવેલ તીર્થ ૨૧ એકવીસ હજાર વર્ષ સુધી ચાલશે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'जहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए०' હે ભગવન્ આ જંબૂદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં આપે પ્રવર્તાવેલ તીર્થ જેમ ૨૧ એકવીસ હજાર વર્ષ સુધી ચાલુ રહેશે તેજ રીતે ભવિષ્યમાં થવાવાળા મહાપદ્માદિ ૨૪ ચોવીસ જીનવરો પૈકી છેલ્લા તીર્થંકરોનું તીર્થ કેટલા સમય સુધી ચાલુ

રહેશે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! जावइएणं उसभस्स अरहओ कोसलियस्स जिणपरियाए०' હે ગૌતમ ! કોશલ દેશમાં ઉત્પન્ન થયેલા ઋષભ ભગવાનની કેવલીપર્યાય જેટલા કાળ સુધીની છે-અર્થાત્ કોશલ દેશમાં થયેલા ઋષભ ભગવાનની કેવલીપર્યાય એક હજાર વર્ષકમ એકલાખ પૂર્વ સુધી રહેશે ૮૪ ચોર્યાશી લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે. અને ૮૪ ચોર્યાશી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે. એવા એક લાખ પૂર્વ સુધી તેઓનું તીર્થ પ્રવર્તિત રહેશે. આ એક લાખ પૂર્વમાં એક હજાર વર્ષ જે કમ કહ્યા છે, તે છદ્મસ્થ અવસ્થા માટે કહેવામાં આવેલ છે. તીર્થના પ્રકરણથી હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'तित्थं भंते ! तित्थं तित्थयरे तित्थं' હે ભગવન્ તીર્થ-ચતુર્વિધ સંઘ રૂપ તીર્થ એ તીર્થ શબ્દ-વાચ્ય છે કે તીર્થંકર એ તીર્થ શબ્દ વાચ્ય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! अरहा ताव नियमं तित्थयरे तित्थं पुण चाउवण्णाइण्णे समणसंघे' અર્હન્ત તો નિયમથી તીર્થંકર જ હોય છે. તેઓ તીર્થરૂપ હોતા નથી. તીર્થ તો ચાર વર્ણોવાળા અને ક્ષમા વિગેરે ગુણોથી વ્યાપ્ત-ભરેલા શ્રમણસંઘ રૂપ જ હોય છે. આ રીતે તીર્થંકર તીર્થ હોતા નથી. તેઓ તો તીર્થના વ્યવસ્થાપક જ હોય છે. જેથી તીર્થ અને તીર્થંકરમાં વ્યવસ્થાપ્ય અને વ્યવસ્થાપકમાં ઐકયપણું હોતું નથી. શ્રમણસંઘરૂપ તીર્થનું સ્વરૂપ 'समणा समणीओ०' શ્રમણ, શ્રમણી, શ્રાવક, અને શ્રાવિકા આ રૂપે છે એજ રીતે સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનો જે સંઘ છે તેજ તીર્થ શબ્દનો મુખ્ય અર્થ છે. એવા તીર્થના પ્રવર્તક જ નિયમથી ઋષભ ભગવાન્ વિગેરે છે. તેથી તેઓ પોતે તીર્થરૂપ હોતા નથી.

હવે ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पवयणं भंते ! पवयणं पावयणी पवयणं' હે ભગવન્ પ્રવચનઆગમ પ્રવચન શબ્દના વાચ્ય છે, કે પ્રવચની-પ્રવચન આપનાર ઉપદેશક-તીર્થંકર વિગેરે જીન-પ્રવચન શબ્દના વાચ્ય છે ? 'प्रकर्षेण उच्यते कथ्यते वचनम् आभिधेयम् अनेन' આ વ્યુત્પત્તિ પ્રમાણે અહિયાં પ્રવચન શબ્દથી આગમ ગ્રહણ કરાયા છે, કેમકે નિર્દોષરૂપથી સંશય વિગેરેથી રહિતપણાથી જેના દ્વારા અભિધેય અર્થ કહેવામાં આવે છે, તેજ પ્રવચન કહેવાય છે, એવું તે પ્રવચન તીર્થંકરોએ ઉપદેશેલ આગમ જ છે. 'पावयणी' પદ પ્રાકૃત હોવાથી દીર્ઘ થયેલ છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! अरहा ताव नियमं पावयणी, पवयणं पुण दुवालसंगे गणिपिडगे' હે ગૌતમ અર્હન્ તીર્થંકર નિયમથી પ્રવચન કર્તા હોવાથી પ્રવચની હોય છે. તેથી તેઓ પ્રવચન શબ્દના વાચ્ય હોતા નથી પ્રવચન તો દ્વાદશાંગ ગણિપિટકજ છે.-આચારાંગ, સ્થાનાંગ, સૂત્રકૃતાંગ, વિગેરે જે દ્વાદ-

શાંગો છે. એવું દ્વાદશાંગ ગણિપિટકજ પ્રવચન શબ્દ વાચ્ય હોય છે, અને તેજ અધ્યયન યોગ્ય હોય છે. એવા પ્રવચનના કર્તા તીર્થંકર પ્રવચનરૂપ હોતા નથી.

ઉપર શ્રમણાદિ સંઘ એ પ્રમાણે જે કહેવામાં આવ્યું છે, તો તે શ્રમણો ઉગ્રાદિ કુલમાં ઉત્પન્ન થયેલા જ હોય છે. અને તે ઉગ્રાદિ પ્રાયઃ સિદ્ધિ માર્ગ પરજ ચાલે છે. એજ વાત હવે અહિં બતાવવામાં આવે છે– આમાં ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'जे इमे भंते! उग्गा भोगा०' હે ભગવન્ આ ઉગ્રકુલમાં ઉત્પન્ન થયેલા જે ક્ષત્રિયો છે, ભોગવંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે, 'राइन्ना' રાજકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે. 'इक्खागा' ઈક્ષ્વાકુકુલમાં થયેલા ક્ષત્રિયો છે, 'नाया' જ્ઞાતકુલમાં થયેલા ક્ષત્રિયો છે, 'कोरव्वा' કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે, 'एए णं अस्सि धम्मे ओगाहंति' તેઓ આ જીન પ્રજ્ઞપ્તિતધર્મમાં પ્રવેશ કરે છે, અર્થાત્ તેની આરાધના કરે છે અને શ્રદ્ધા વિશ્વાસ પૂર્વક તેની આરાધના કરીને 'अट्ठविहं कम्मरयमलं पवाहेंति' આઠ પ્રકારના કર્મમળને–ઘાતિ, અઘાતિ, વિગેરે ભેદ ભિન્ન આઠે પ્રકારના કર્મોનો નાશ કરે છે, તથા તે આઠે પ્રકારના કર્મોની ધૂળ ઉડાડીને તે પછી તેઓ એકાન્તિક–આત્યંતિક દુઃખનિવૃત્તિરૂપ અને નિરતિશય સુખની પ્રાપ્તિરૂપ મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. 'जाव अंतं करेंति' યાવત્ તેઓ બુદ્ધ થાય છે? મુક્ત થાય છે? પરિનિર્વાત થાય છે? અને સર્વદુઃખોનો અંત કરે છે? અર્થાત્ કર્મનો નાશ થવાથી તેઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે? અને સર્વ દુઃખોનો અન્ત કરે છે? આ પ્રકારના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'हंता गोयमा!' હા ગૌતમ! જે આ ઉગ્રકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિય છે, ભોગકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે. રાજન્યકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે, ઈક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે, જ્ઞાતકુળમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે, કુરૂકુલમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો છે,

ભ૦ ૧૧

તેઓ શ્રદ્ધા વિશ્વાસ યુક્ત થઇને આ ધર્મની આરાધના કરે છે, અને આરાધના કરીને કર્મરૂપી ધૂળરૂપ મળને આત્માથી ધોઈને અલગ કરે છે. આ રીતે કર્મરૂપી રજોમળનો નાશ થવાથી જ્ઞાનમાર્ગની આરાધના કરીને તેઓ સિદ્ધ થઈ જાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, બિલકુલ શીતિભૂત થઈ જાય છે, અને સઘળા દુઃખોના અંતકર્તા બને છે. તે બધા જ એવા હોતા નથી 'अत्थेगइया अन्नयरेसु देवलोएसु०' પરંતુ તેઓમાં કેટલાક એવા હોય છે કે, પોતાના કંઇક કર્મો બાકી રહેવાથી બીજા દેવલોકોમાં દેવરૂપે ઉત્પન્ન થઇ જાય છે.

દેવલોકના અધિકારથી હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે– 'कइविहा णं भंते! देवलोया पण्णत्ता' હે ભગવન્ દેવલોક કેટલા કહ્યા છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'गोयमा! चउव्विहा देवलोया पन्नत्ता'

હે ગૌતમ ! દેવલોક ચાર પ્રકારના કહેલ છે 'तं जहा' તે આ પ્રમાણે છે- 'भवणवासी वाणमंतरा जोइसिया वेमाणिया' ભવનવાસી, વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક

'सेवं भंते ! सेवं भंते ! त्ति' પ્રભુએ આ રીતે પ્રતિપાદન કરેલા વિષયને સાંભળીને ગૌતમસ્વામીએ પ્રભુને કહ્યું કે હે ભગવન્ આપે આ વિષયને જે રીતે પ્રતિપાદિત કરેલ છે, તે સર્વથા સત્ય જ છે. હે ભગવન્ આપ દેવાનુપ્રિયનું કથન સર્વથા સત્ય જ છે. આ પ્રમાણે કહીને તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા ગૌતમસ્વામી પોતાને સ્થાને બિરાજ થયા ાસૂ. ૨॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના વીસમા શતકનો આઠમો ઉદ્દેશક સમાપ્ત ॥૨૦-૮॥

## લબ્ધિવાલે અનગાર કી ગતિ કા નિરૂપણ

### નવમા ઉદ્દેશાનો પ્રારંભ—

આઠમા ઉદ્દેશાના અન્તભાગમાં દેવોના સંબંધમાં કથન કરવામાં આવ્યું છે. એ દેવો આકાશમાં ગમન કરનારા હોય છે, એ સંબંધને લઇ આ નવમા ઉદ્દેશાનો પ્રારંભ કરવામાં આવે છે.-

'कइविहा णं भंते ! चारणा पण्णत्ता' ઇત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-'कइविहा णं भंते ! चारणा पन्नत्ता' હે ભગવાન્ ચારણા કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે 'गोयमा ! दुविहा चारणा पण्णत्ता' હે ગૌતમ ! બે પ્રકારની ચારણા કહી છે. તેના નામ વિદ્યાચારણ અને જંઘાચારણ ૨ આકાશમાં લબ્ધિના પ્રભાવથી અતિશય ગમન કરવાની શક્તિવાળા જે મુની છે તેનું નામ ચારણ છે. તેના ઉપર જણાવેલ બે પ્રકારો જ 'विज्जाचारणा य जंघाचारणा य' આ સૂત્રપાઠથી કહેલ છે. પૂર્વગતશ્રુતનું નામ વિદ્યા છે, એવી આ વિદ્યા દ્વારા આકાશ ગમનની લબ્ધિવાળા જે મુનિજન હોય છે, તેઓ વિદ્યાચારણ છે, તથા જાંઘ ઉપર હાથ રાખીને આકાશમાં ગમન કરવાની લબ્ધિવાળા જે હોય છે. તે જંઘાચારણ છે. કહ્યું પણ છે કે 'अइसयचरणसमत्था' ઇત્યાદિ હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते ! एवं वुच्चइ विज्जाचारणा २' હે ભગવન્ વિદ્યાચારણ મુનિજન વિદ્યાચારણ એ શબ્દથી વાચ્ય શા કારણે થયા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! तस्स णं छट्ठं छट्ठेणं आणिक्खित्तेणं तवो

कम्मेणं विज्जाए उत्तरगुणलद्धिं खममाणस्स विज्जाचारणलद्धीनामं लद्धी समुप्पज्जइ' હે ગૌતમ જે મુનિજનો નિરન્તર છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરે છે. નિરંતર બે ઉપવાસ કરે છે. તેનાથી તથા પૂર્વંગત શ્રુતરૂપ વિદ્યાથી આ બે કારણોથી પિંડ વિશુદ્ધિ વિગેરે ગુણોની અંતર્ગત જે તપોલબ્ધિ છે તેને તેઓ પ્રાપ્ત કરી લે છે. તેનાથી તેઓને વિદ્યાચારણ નામની લબ્ધિ અતિશય ઉત્પન્ન થાય છે. 'से तेणट्ठेणं जाव विज्जाचारणा विज्जाचारणा' તે કારણે એવા મુનિજનો વિદ્યાચારણ એ નામની કહેવાય છે. 'विज्जाचारणस्स णं भंते ! कहं सीहे गइविसए पण्णत्ते' હે ભગવન્ વિદ્યાચારણની ગતી કેવી શીઘ્ર હોય છે? અને તે શીઘ્રગતિનો વિષય કેવો હોય છે? અહિયાં શીઘ્રગતિનું વિશેષણ જે શીઘ્રપદ રાખેલ છે, તો તે પદ તે શીઘ્ર ગતિનો વિષય હોય છે, તેથી શીઘ્ર ગતિના વિષયભૂત તે સ્થાનમાં શીઘ્રતાનો ઉપચાર કરવામાં આવેલ છે, તેજ કારણે તેને શીઘ્ર કહેલ છે.-આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे जाव किंचि विसेसाहिए परिक्खेवेणं' હે ગૌતમ આ જંબૂદ્વીપ નામનો જે દ્વીપ છે તે પરિક્ષેપથી યાવત્ કિંચિત્ વિશેષાધિક છે, અર્થાત્ ૩૧૬૨૨૭ ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ યોજન ૩ કોસ ૧૨૮ એકસો અઠયાવીસ ધનુષ અને ૧૩।। સાડાતેર અંગળની પરિધિવાળો છે. એવા કેવળકલ્પ સંપૂર્ણ જંબૂદ્વીપ રૂપ વિશાળ ક્ષેત્રને 'देवेणं महिड्ढिए जाव महासोक्खे' કોઈ એક દેવ કે જે મહાઋદ્ધિવાળો અને મહાસૌખ્યવાળો છે, હું તેની પ્રદક્ષિણા કરીને હમણાં જ આવું છું એવો વિચાર કરીને 'तिहिं अच्छरानिवाएहिं' ત્રણ ચપટી લગાડનામાં જેટલો સમય લાગે છે એટલા સમયમાં ત્રણવાર પ્રદક્ષિણા કરીને પોતાના સ્થાને પાછા આવી જાય છે. અર્થાત્ પૂર્વોક્ત પરિધિવાળા જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડતા સુધીના સમયમાં ત્રણવાર ફરીને પાછા પોતાને સ્થાને આવી જાય છે. 'विज्जाचारणस्स णं गोयमा ! तहा सीहा गई तहा सीहे गइविसए पण्णत्ते' તે દેવની જેવી શીઘ્ર ગતિ હોય છે, એવી જ શીઘ્રતાવાળી ગતિ વિદ્યાચારણની હોય છે તથા એટલું વિશાળક્ષેત્ર તેની તે ગતિનો વિષય હોય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'विज्जाचारणस्स णं भंते ! तिरियं केवइए गतिविसए पण्णत्ते' હે ભગવન્ વિદ્યાચારણની તિર્યગ્ગતિનો વિષય કેટલો વિશાળ કહ્યો છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं' હે ગૌતમ તે આ સ્થાનથી કે જ્યાં તે વિદ્યમાન છે.-ઉભો છે, ત્યાંથી એક જ ઉત્પાતમાં માનુષોત્તર પર્વત પર

પહોંચી જાય છે, અને ત્યાં પહોંચીને 'तहिं चेइयाइं' ભગવત્પ્રરૂપિત શ્રુત વિગેરે જ્ઞાનોની એ અભિપ્રાયથી કે માનુષોત્તર પર્વતના વિષયમાં જે ભાવો ભગવાને પ્રરૂપિત કર્યા છે, તે એજ પ્રકારે છે. વન્દના કરે છે. 'वंदित्ता बितीएणं उप्पाएणं०' તે ભગવાન જીનસંબંધી જ્ઞાનોની વંદના કરીને તે પછી તે ત્યાંથી બીજા ઉત્પાત દ્વારા નન્દીશ્વર દ્વીપમાં આવે છે, અને ત્યાં આવીને તે ત્યાંથી પાછો આવી જાય છે. અને તે જ્યાં ઉભો હતો ત્યાં આવી જાય છે, ત્યાં આવીને તે ભગવાનના શ્રુત વિગેરે જ્ઞાનોની વંદના કરે છે. વિદ્યા ચારણની તિર્યગ્ગતિના સંબંધમાં આ પ્રમાણેની ગાથા કહેવામાં આવે છે.– 'पढमेण माणुसोत्तर' ઇત્યાદિ અહિયાં જે ચૈત્ય પદ આવ્યું છે તે દેવબિમ્બનું પ્રતિબોધક નથી. કેમકે મંદીરની સ્થાપનાનો અને તેમાં પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિની પૂજાનો વિધિ સાવદ્ય હોવાથી તમામ શાસ્ત્રોએ વર્જીત કરેલ છે. તેથી આ ચૈત્ય પદ જ્ઞાનાર્થક છે, ભગવાને જે પ્રમાણે કહ્યું છે, તે એજ પ્રમાણે છે. આ પ્રમાણેની શ્રદ્ધાથી યુક્ત બનીને તેમના જ્ઞાનોની પ્રશંસા કરવી એજ જ્ઞાનની વંદના છે. આ રીતે 'विज्जाचारणस्स णं गोयमा ! तिरियं एवइए गइविसए पण्णत्ते' હે ગૌતમ ! વિદ્યાચારણની તિર્યગ્ગતિનો વિષય આ પ્રમાણે કહેલ છે. વિદ્યાચારણની ઉપરની ગતિનો વિષય કેવો કહ્યો છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं०' હે ગૌતમ તે વિદ્યાચારણ અહિંથી એક ઉત્પાતમાં નન્દનવનમાં પહોંચી જાય છે. અને ત્યાં પહોંચીને 'तहिं चेइयाइं वंदइ' ત્યાં જીનેન્દ્ર દેવના શ્રુત આદિ જ્ઞાનોની વંદના કરે છે. તેની વંદના કરીને તે પછી તે ત્યાંથી પાછા આવતી વખતે પાંડુક વનમાં બીજા ઉત્પાતથી પહોંચે છે. ત્યાં પહોંચીને ત્યાં ભગવાનના શ્રુતજ્ઞાન વિગેરે જ્ઞાનોની વંદના કરે છે. તેની વંદના કરીને પછી તે પોતાના પૂર્વના સ્થાન પર પાછો આવી જાય છે. અને ત્યાં આવીને તે જીનેન્દ્ર દેવ સંબંધી શ્રુત વિગેરે જ્ઞાનોની વંદના કરે છે. એ રીતે 'विज्जाचारणस्स णं गोयमा उड्ढं०' હે ગૌતમ વિદ્યાચારણની ઉર્ધ્વગતિનો વિષય કહ્યો છે. અર્થાત્ ઉપરમાં તેઓની ગતિનો વિષય એટલા ક્ષેત્રનો છે. કહ્યું પણ છે–'पढमेण नंदणवणं' ઇત્યાદિ

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से णं तस्स ठाणस्स०' હે ભગવન્ આ પ્રકારથી પોતાની પ્રવૃત્તિમાં લાગેલા તે વિદ્યાચારણ આરાધનાવાળા હોય છે કે વિરાધનાવાળા હોય છે? અર્થાત્ તે આ પ્રકારના જવા આવવાના વિષય રૂપ ક્ષેત્રની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર જો મરી જાય તો તેને આરાધના થાય છે? કે વિરાધના થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે—હે ગૌતમ 'नत्थि तस्स आराहणा' આ પ્રકારની પ્રવૃત્તિવાળા તે વિદ્યાચારણના ચારિત્ર સંબંધી આરાધના થતી નથી. કેમકે પોતાનાથી પ્રાપ્ત થયેલ લબ્ધિનો ઉપયોગ કરવો તેનું નામ પ્રમાદ છે. અને તે પ્રમાદ તેને કે જ્યારે તે પોતાની લબ્ધિને કામમાં લે છે તેથી જો તે પોતાના આ પ્રમાદની આલોચના પ્રતિક્રમણ કરતા નથી અને મરી જાય છે. તો એવી સ્થિતિમાં તેના ચારિત્રની આરાધના થઈ શકતી નથી અને જો તે-'तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ०' તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરે છે અને પછી મરી જાય તો તેને આરાધના થાય છે અર્થાત્ તેઓ આરાધક થાય છે કેમકે પાપના ધોવામાં ચારિત્રની આરાધના તેણે મેળવી લીધી હોય છે. 'से णं तस्स ठाणस्स' તેનો ભાવ એ છે કે-લબ્ધિને કામમાં લેવી તે પ્રમાદ, આ પ્રમાદ સેવન કરવાથી અને તેની આલોચના ન કરવાથી ચારિત્રની આરાધના થતી નથી પરંતુ વિરાધના જ થાય છે. ચારિત્રની વિરાધના કરવાવાળી વ્યક્તિ ચારિત્રની આરાધનાના ફળને પ્રાપ્ત કરતા નથી. તથા એવું જે કહ્યું છે કે-વિદ્યાચારણનું ગમન બે ઉત્પાતથી થાય છે અને આગમન એક ઉત્પાતથી થાય છે, જંઘાચારણનું ગમન એક ઉત્પાતથી અને આગમન બે ઉત્પાતથી થાય છે. આ બધું લબ્ધિના પ્રભાવથી જ થાય છે. કેમકે લબ્ધિનો સ્વભાવ જ એવો હોય છે. અથવા વિદ્યાચારણના આગમન કાળમાં વિદ્યા અભ્યસ્ત હોય છે જેથી એક ઉત્પાતથી આગમન થાય છે અને ગમન કાળમાં તે પ્રમાણે હોતી નથી. તેથી ગમન બે ઉત્પાતોથી થાય છે. જંઘા ચારણની લબ્ધિ અલ્પ સામર્થ્યવાળી હોય છે.-જેથી તેનું આગમન બે ઉત્પાતો દ્વારા થાય છે, અને ગમન એક ઉત્પાતથી થાય છે. ।।સૂ૦ ૧।।

## જઙ્ઘાચારણ કી ગતિ કા નિરૂપણ

આ રીતે વિદ્યાચારણની પ્રરૂપણા કરીને હવે જંઘાચારણના સ્વરૂપની પ્રરૂપણા કરવામાં આવે છે.-'से केणट्ठेणं भंते एवं वुच्चइ' ઈત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો? કે આ જંઘાચારણ છે, અર્થાત્ જંઘાચારણ મુનિ જંઘાચારણ' એ શબ્દથી કેમ કહેવાય છે? તેમ કહેવામાં કારણ શું છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'तस्स णं अट्ठमं अट्ठमेणं०' હે ગૌતમ જે મુનિજન નિરંતર અઠ્ઠમ અઠ્ઠમની તપસ્યાથી આત્માને

વાસિત કરે છે, તેઓને જંઘાચારણ નામની લબ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રગટ થાય છે, આ લબ્ધિ એક એક અતિશય વિશેષરૂપ હોય છે. આ લબ્ધિના પ્રભાવથી આ લબ્ધિવાળાનું ગમન આકાશમાં થાય છે. એજ કારણથી હે ગૌતમ! હું એમ કહું છું કે–આ જંઘાચારણ શબ્દથી કહેવાય છે. કેમકે તે જાંઘા ઉપર હાથ રાખવા માત્રથી જ આકાશમાં ગમન કરવામાં સમર્થ થઈ જાય છે.

હવે ગૌતમસ્વામી તેઓની ગતિ કેટલી શીઘ્ર હોય છે અને તે શીઘ્રગતિનો વિષય કેવો હોય છે? આ પ્રશ્ન 'जंघाचारणस्स णं भंते! कहं सीहा गई कहं सीहे गइविसए०' આ સૂત્રપાઠથી પૂછે છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-'गोयमा! अयण्णं जंबुद्दीवे दीवे एवं जहेव विज्जाचारणस्स' હે ગૌતમ! વિદ્યાચારણની શીઘ્ર ગતિ બતાવવા માટે પહેલાં જેમ કહેવામાં આવ્યું છે, કે કોઇ મહાઋદ્ધિવાળો દેવ, યાવત્–મહાયશવાળો મહાબળવાળો, મહાદ્યુતિવાળો અને મહાસુખવાળો દેવ પૂર્વોક્તપ્રમાણની પરિધિવાળા આ જંબૂદ્વીપની ત્રણ ચપટી વગાડવામાં જેટલો સમય લાગે તેટલા સમયમાં ત્રણવાર પ્રદક્ષિણા કરીને પાછો પોતાના સ્થાને આવી જાય છે, એવી શીઘ્રગતિ વિદ્યાચારણની હોય છે. ઈત્યાદિ તે સઘળું કથન જંઘાચારણની શીઘ્રગતિને પ્રગટ કરવા અહિં સમજી લેવું. અહિયાં 'अप्सरोनिपात'નું તાત્પર્ય ચપટીથી છે. અપ્સરાના અવતરણનો સમય અત્યંત સૂક્ષ્મ હોય છે. તેથી અહિયાં કાળની ઉપમા આપી છે અને તેને એક ચપટી રૂપ કહેલ છે. પૂર્વોક્ત આ કથનથી જંઘાચારણના સમય કથનમાં જે કાંઈ વિશેષપણું છે તે 'नवर' વિગેરે સૂત્રપાઠથી પ્રગટ કરેલ છે. અને તે આ પ્રમાણે કહેલ છે. કે વિદ્યાચારણ દ્વારા આ સંપૂર્ણ જંબૂદ્વીપની પ્રદક્ષિણા જેમ ત્રણ ચપટી વગાડવાના પ્રમાણવાળા સમયમાં કરવામાં આવે છે. એજ પ્રકારથી અહિયાં ત્રણ ચપટી વગાડવાના પ્રમાણવાળા સમયમાં તે સંપૂર્ણ જંબૂદ્વીપની પ્રદક્ષિણા ૨૧ એકવીસવાર કરવામાં આવે છે. આ કથનનો સારાંશ એવો છે કે–કોઈ મહર્દ્ધિક વિગેરે વિશેષણોવાળો દેવ આ સંપૂર્ણ જંબૂદ્વીપની કે જેની પરિધિ (ઘેરાવો) ૩૧૬૨૨૭ ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ યોજનની અને ૩ ત્રણ ગાઉ ૧૨૮ એકસો અઠયાવીસ ધનુષ અને ૧૩ાા સાડાતેર આંગળની છે. આટલા વિશાળ જંબૂદ્વીપની ત્રણ ચપટી વગાડતા સુધીમાં ૨૧ એકવીસ વાર પ્રદક્ષિણા કરીને પોતાને સ્થાને આવી જાય છે. જેવી આ શક્તિ દેવની છે એવી જ શીઘ્રગમનની શક્તિ જંઘાચારણ મુનીની હોય છે. અને એટલું વિશાળ ક્ષેત્ર તેની તે શીઘ્રતાવાળી ગતિનો વિષય હોય છે, હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'जंघाचारणस्स णं भंते! तिरियं०' હે ભગવન્ જંઘા-

ચારણની સામાન્ય રૂપથી જે શીઘ્રગતિ આપે પ્રગટ કરી છે, તે મેં જાણી છે. હવે આપની પાંસે એ જાણવા ઈચ્છા રાખું છું કે-જંઘાચારણમુનિની તિર્યગ્ગતિનો વિષય કેવો છે? અર્થાત્ તેઓનું તિર્યગ્ગમનક્ષેત્ર કેટલું છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं०' હે ગૌતમ! તે જંઘાચારણ મુનિ પોતાના સ્થાનથી એક ઉત્પાતથી ૧૩ તેરમાં રૂચકવર દ્વીપમાં જઈ શકે છે. 'करित्ता तहिं चेइयाइं वंदइ' ત્યાં જઈને તેઓ એ ભાવનાથી કે જીનેન્દ્ર ભગવાને જે કાંઈ કહ્યું છે, તે સત્ય છે. તે ભગવાનના શ્રુતજ્ઞાન વિગેરેની વંદના કરે છે, અને 'वंदित्ता तओ पडिनियत्तमाणे' વંદના કરીને પછી ત્યાંથી પાછા વળીને 'बितीएणं उप्पाएणं' બીજા ઉત્પાતથી 'नंदीसरवरदीवे समोसरणं करेइ' નન્દીશ્વર નામના આઠમા દ્વીપમાં પહોંચે છે. 'करित्ता तहिं चेइयाइं वंदइ' ત્યાં પહોંચીને તે જીનેન્દ્રના શ્રુત વિગેરે જ્ઞાનની વંદના કરે છે. 'वंदित्ता इहमागच्छइ' વંદના કરીને તે પછી તે પોતાના પહેલાના સ્થાન પર કે જયાંથી તેણે પહેલો ઉત્પાત કર્યો હતો ત્યાં આવી જાય છે. 'आगच्छित्ता०' ત્યાં આવીને તે ચૈત્યોની-જીનેન્દ્રના શ્રુત વિગેરે જ્ઞાનોની વંદના કરે છે, जंघाचारणस्स णं गोयमा !' હે ગૌતમ આ પ્રમાણેનું જંઘાચારણનું તિર્યંગ્ગતિની વિષયક્ષેત્ર કહેલ છે. મધ્યમલોકનું નામ તિર્યગ્લોક છે. રૂચકવર વિગેરે દ્વીપો એજ મધ્યલોકમાં છે, જંઘાચારણ મુનિની ગતિનો વિષય તિર્યગ્ લોકમાં ત્યાં સુધીનો કહેલ છે, એજ વાત 'एगुप्पाएण तओ' ઈત્યાદિ ગાથા દ્વારા કહેલ છે.

હવે ગૌતમસ્વામી જંઘાચારણ મુનિની ગતિ ઉર્ધ્વલોકમાં કેટલા વિષય ક્ષેત્રની છે, તે જાણવા પ્રભુને પૂછે છે કે-जंघाचारणस्स णं भंते ! उड्ढं केवइए गइविसए पण्णत्ते' આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે'गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं पंडकवणे समोसरणं करेइ' હે ગૌતમ! જંઘાચારણ પોતાના સ્થાનથી એક ઉત્પાતથી પાંડુકવનમાં પહોંચી જાય છે. 'करित्ता तहिं चेइयाइं वंदइ' ત્યાં પહોંચીને તે ચૈત્યોને-જીનેન્દ્ર દેવના શ્રુત વિગેરે જ્ઞાનોની વંદના કરે છે. 'वंदित्ता तओ पडिनियत्तमाणे बितीएणं उप्पाएणं नंदणवणे समोवसरणं करेइ' વંદના કરીને તે પછી ત્યાંથી પાછા ફરતી વખતે બીજા ઉત્પાતથી નંદનવનમાં પહોંચે છે. 'करित्ता०' ત્યાં પહોંચીને તે જીનેન્દ્રદેવોના શ્રુતજ્ઞાનરૂપ ચૈત્યોની વંદના કરે છે. वंदित्ता०' વંદના કરીને તે પછી પોતાના

સ્થાને આવી જાય છે. 'आगच्छित्ता०' પોતાને સ્થાને આવીને તે પછી ત્યાં ચૈત્યોની વંદના કરે છે. આ રીતે 'जंघाचारणस्स णं गोयमा! उड्ढं०' હે ગૌતમ! જંઘાચારણની ઉર્ધ્વગતિનો એ પ્રમાણે વિષયક્ષેત્ર કહેલ છે. અર્થાત્ ઉપરમાં તેના ગમનનું ક્ષેત્ર એટલું કહેલ છે. એજ વાત આ ગાથા દ્વારા પ્રગટ કરેલ છે. 'पढमेण पंडगवणं०' ઈત્યાદિ હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ એવા જંઘાચારણ મુનિને ચારિત્રની આરાધના થાય છે? કે વિરાધના થાય છે? અર્થાત્ એજ વાત 'से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा' આ સૂત્રપાઠથી કહેલ છે. અર્થાત્ જંઘાચરણ લબ્ધિના પ્રભાવથી તે તે સ્થાનોમાં ગમનાગમન કરવાવાળા તે જંઘાચારણ લબ્ધિવાળા વિગેરેનું જો તે તે સ્થાનોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર મરણ થાય તો તેને ચારિત્રની આરાધના થાય છે? કે તેની વિરાધના થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે-તેને ચારિત્રારાધના થતી નથી. કેમકે લબ્ધિનો ઉપયોગ કરવો તે પ્રમાદ છે, પ્રમાદવાળાને ચારિત્રારાધના થતી નથી. તેથી લબ્ધિથી ઉપજીવી જંઘાચારણ ચારિત્રના આરાધક હોતા નથી. 'से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा' જો તેઓ જવા આવવાના સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરી લે છે, અને તે પછી કાળધર્મ પામે છે તો એ જંઘાચરણ મુનિના ચારિત્રની આરાધના થાય છે. 'सेवं भंते सेवं भंते 'त्ति जाव विहरइ' હે ભગવન્ વિદ્યાચારણ અને જંઘાચારણના ગતિના સામર્થ્ય અને આરાધક અને અનારાધકના વિષયમાં આપ દેવાનુપ્રિયે જે નિરૂપણ કર્યું છે તે સઘળું કથન એજ પ્રમાણે છે, અર્થાત્ આપ દેવાનુપ્રિયનું કથન સર્વથા સત્ય જ છે. આપ દેવાનુપ્રિયે પ્રતિપાદન કરેલ આ વિષય યથાર્થ જ છે, આ પ્રમાણે કહીને તે ગૌતમસ્વામી ભગવાનને વંદના અને નમસ્કાર કરીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થઈ ગયા ॥ સૂ૦ ૨ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના વીસમા શતકનો નવમો ઉદ્દેશક સમાપ્ત ॥૨૦-૯॥

卐

## દસમા ઉદ્દેશાનો પ્રારંભ–

નવમા ઉદ્દેશામાં ચારણોના વિષયમાં કથન કરવામાં આવ્યું છે. આ ચારણ સોપક્રમ (નિમિત્તકારણથી જેનો નાશ અગર કમ થઇ શકે) આયુષ્યવાળા અને નિરૂપક્રમ (કમ ન કરી શકાય તેવું) આયુષ્યવાળા હોય છે. પરંતુ દેવ, નૈરયિક, અસંખ્યાત વર્ષની આયુવાળા ભોગભૂમિના જીવ અર્થાત્ નારકી, દેવતા તથા અસંખ્યાત વર્ષની આયુવાળા યુગલિક, ઉત્તમપુરુષ અને ચરમ-શરીરી એ બધા અનપવર્ષાયુષ્ક–નિરુપક્રમ આયુવાળા હોય છે. તો આ સોપક્રમ અને નિરૂપક્રમ આયુના સંબંધને લઇને આ ૧૦ દસમાં ઉદ્દેશામાં જીવોનું નિરૂપણ કરવામાં આવશે. એજ કારણથી આ દસમા ઉદ્દેશાનો પ્રારંભ કરવામાં આવે છે. 'जीवा णं भंते! किं सोवक्कमाउया०' ઇત્યાદિ

ટીકાર્થ—'जीवा णं भंते! सोवक्कमाउया निरुवक्कमाउया' આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ જીવ સોપક્રમ આયુ-વાળા હોય છે? કે નિરૂપક્રમ આયુવાળા હોય છે? અકાલ મરણનું નામ ઉપક્રમ છે, જે જીવોના આયુનો ઉપક્રમ ખડ્ગ, વિષ, અગ્નિ, જલ, વિગેરેથી નિર્જરાવાળા કરવામાં આવે છે. તે જીવ સોપક્રમ આયુવાળા કહેવાય છે. અને તેથી જુદા આયુવાળા જીવ નિરૂપક્રમ આયુવાળા કહેવાય છે. આ સંબંધમાં નીચે પ્રમાણે બે ગાથાઓ છે–'देवा नेरइया वि, य' ઇત્યાદિ આ ગાથાઓનું તાત્પર્ય એ છે કે દેવ, નારકી અસંખ્યાત વર્ષની આયુવાળા ભોગભૂમિઓ તિર્યંચ, મનુષ્યજીવ, ઉત્તમપુરુષ અને ચરમશરીરી આ બધા નિરૂપક્રમ આયુવાળા હોય છે. અર્થાત્ વિષ, શસ્ત્રાદિના પ્રયોગથી તેઓની ભુજ્યમાન (ભોગવાતી) આયુ વચમાં છેદાતી કે ભેદાતી નથી. તેઓનું જેટલું આયુષ્ય હોય છે, એટલું આયુષ્ય પુરૂં થઇને સમાપ્ત થાય છે. કોઇપણ નિમિત્તથી ઓછુ થઇને સમાપ્ત થતું નથી. આ સિવાયના બીજા જેટલા સંસારી જીવો હોય છે, તેઓ સોપક્રમ અને નિરૂપક્રમ એ બન્ને પ્રકારની આયુવાળા હોય છે.

આ પ્રમાણે ગૌતમસ્વામીએ જે આ પ્રશ્ન કર્યો છે કે જીવ સોપક્રમ આયુવાળા હોય છે? કે નિરૂપક્રમ આયુવાળા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा! जीवा सोवक्कमाउया वि०' ઇત્યાદિ હે ગૌતમ! જીવ સોપક્રમ આયુવાળા પણ હોય છે અને નિરૂપક્રમ આયુવાળા પણ હોય છે. આ રીતના બે આયુવાળા જીવ હોય છે.

આ રીતે સામાન્ય જીવમાં 'સોપક્રમ આયુષ્યપણું' અને નિરૂપક્રમ આયુષ્યપણાનું કથન કરીને હવે જીવ વિશેષની અપેક્ષાથી આ કથન કરવામાં આવે છે. આમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–'नेरइया णं पुच्छा' હે ભગવન્ નૈરયિક જીવ સોપક્રમ આયુવાળા હોય છે? કે નિરૂપક્રમ આયુ-વાળા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! નારકીય

જીવ સોપક્રમ આયુવાળા હોતા નથી. કેમકે ખડ્ગ વિગેરેથી તેઓની આયુનો વિનાશ થઈ શકતો નથી, તેથી તેઓ 'निरुवक्कमाउया' નિરૂપક્રમ આયુવાળા જ હોય છે, 'एवं जाव थणियकुमारा' આ પ્રમાણેનું કથન યાવત્ અસુરકુમારથી લઈને સ્તનિતકુમારદેવો સુધી સમજી લેવું. નારકોથી લઈને સ્તનિતકુમાર સુધીના દેવો સોપક્રમ આયુવાળા હોતા નથી. પરંતુ તેઓ બધા નિરૂપક્રમ આયુવાળા જ હોય છે. 'पुढवीकाइया जहा जीवा' જે રીતે સામાન્ય જીવ સોપક્રમ અને નિરૂપક્રમ આયુવાળા હોય છે, એજ રીતે પૃથ્વીકાયિક જીવ પણ સોપક્રમ અને નિરૂપક્રમ આયુવાળા હોય છે. 'एवं जाव मणुस्सा' એજ રીતે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, તિર્યંક્ પંચેન્દ્રિય અને સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્ય આ બધા સોપક્રમ આયુવાળા પણ હોય છે, અને નિરૂપક્રમ આયુવાળા પણ હોય છે. वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया' વાનવ્યન્તર, જ્યોતિષ્ક, અને વૈમાનિક એ બધા નારક જીવોની માફક અકાળ મરણવાળા હોતા નથી પરંતુ નિરૂપક્રમ આયુવાળા જ હોય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'नेरइयाणं भंते ! किं आओवक्कमेणं०' હે ભગવન્ નારક જીવો મરીને આત્મકૃત નિમિત્તથી ઉત્પન્ન થાય છે ? અર્થાત્ તેઓ પોતાના પૂર્વભવ સંબંધી આયુને સ્વયં ઓછું કરીને નારકપણાથી ઉત્પન્ન થાય છે ? અથવા પુરા આયુને ભોગવીને નારકપણાથી ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે- 'गोयमा ! आओवक्कमेण वि उववज्जंति' હે ગૌતમ જે જીવ નરકાવાસમાં ઉત્પન્ન થાય છે, તેઓ પોતાના આયુષ્યને પોતે કરેલ નિમિત્તથી કમ કરીને પણ મરે છે, અને નરકમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ શ્રેણિક રાજાની માફક કેટલાક જીવો પોતાના ગૃહીત આયુને પોતે સ્વયં પ્રાપ્ત કરેલ નિમિત્તોથી વચમાં જ છેદન કરીને નરકાવાસમાં નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે, તથા કેટલાક જીવો કૂણિક રાજાની માફક એવું નિમિત્ત મેળવે છે, કે જેથી તેઓ બીજાઓ દ્વારા મરાઈ જાય છે. અને મરીને નરકમાં જાય છે. જેમ કૂણિક રાજા બનાવટિ ૧૪ રત્નો લઈને છએ ખંડના રાજ્ય શાસન માટે પ્રવૃત્ત થયા, અને દેવે તેમને મારી નાખ્યા. તથા કેટલ ક જીવો કાલશૌકરિકની જેમ નિરૂપક્રમથી પણ નરકમાં ઉત્પન્ન થાય છે, અર્થાત્ ગૃહીત આયુને પૂરી ભોગવીને નરકમાં ઉત્પન્ન થાય છે. આત્મોપક્રમ, પરોપક્રમ અને નિરૂપક્રમ, આ ત્રણે પ્રકારે નારક જીવોની ઉત્પત્તિ થઈ શકે છે, એજ આ કથનનું તાત્પર્ય છે. 'एवं जाव वेमाणियाणं' એજ પ્રકારથી યાવત્ વૈમાનિક દેવો સુધીના જીવો પણ ઉત્પન્ન થાય છે, તેમ સમજવું. અર્થાત્ નારકની જ માફક ભવનપતિથી આરંભીને વૈમાનિક સુધીના ૨૩ તેવીસ દંડકમાં રહેલા બધા જીવો આત્મોપક્રમથી, પરોપક્રમથી અથવા નિરૂપક્રમથી ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી એજ આત્મોપક્રમ વિગેરેથી ઉદ્વર્તનાના સંબંધમાં આ પ્રમાણે પ્રભુને પૂછે છે-'नेरइया णं भंते!' હે ભગવન્ નારકીય જીવો આત્મોપક્રમથી નરકમાંથી નીકળે છે? અથવા પરોપક્રમથી નરકથી નીકળે છે? અથવા નિરૂપક્રમથી નરકમાંથી નીકળે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा!' હે ગૌતમ! 'नो आओवक्कमेणं उववट्टंति' નારકો આત્મોપક્રમથી પોતાની મેળેજ નરકથી નીકળતા નથી. 'नो परोवक्कमेणं उववट्टंति' તેમજ પરોપક્રમથી પણ નરકથી નીકળતા નથી. પરંતુ 'निरुवक्कमेणं उववट्टंति' નિરૂપક્રમથી-ઉપક્રમણ વિનાજ નરકથી નીકળે છે. કેમકે ઉપક્રમ વિનાજ નારકોની ઉદ્વર્તના થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-નારકોનું ઉદ્વર્તન સ્વયં પોતાની મેળે જ થઇ શકતું નથી. તેમ પરથી પણ થતું નથી. પરંતુ નિરૂપક્રમથી જ થાય છે. 'एवं जाव थणियकुमारा' એજ રીતે નારક જીવોની માફક જ સ્તનિતકુમાર, સુધીના જીવો આત્મોપક્રમથી ઉદ્વર્તના કરતા નથી. તેમજ પરોપક્રમથી પણ ઉદ્વર્તના કરતા નથી પરંતુ નિરૂપક્રમથી જ ઉદ્વર્તના કરે છે. અસુરકુમારથી લઇને સ્તનિતકુમાર સુધીના બધા ભવનવાસી દેવોની ઉદ્વર્તના નિરૂપક્રમથી જ થાય છે. એજ આ કથનનું તાત્પર્ય છે. 'पुढवीकाइया जाव मणुस्सा तिसु उववट्टंति' પૃથ્વીકાયિકથી લઈને મનુષ્ય સુધીના જીવો ત્રણે પ્રકારથી ઉદ્વર્તના કરે છે. અર્થાત્ એકેન્દ્રિય દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય આ બધા આત્મોપક્રમથી, પરોપક્રમથી, અને નિરૂપક્રમથી એ રીતે ત્રણે પ્રકારથી ઉદ્વર્તના કરે છે. તેઓની ઉદ્વર્તનાનો નિયમ હોતો નથી પરંતુ અનિયમ છે. કોઇ વાર કોઈ આત્મોપક્રમથી ઉદ્વર્તના કરે છે. કોઇવાર કોઈ પરોપક્રમથી અને કદાચિત્ કોઇ નિરૂપક્રમથી પણ ઉદ્વર્તના કરે છે. એજ આ કથનનો ભાવ છે. 'सेसा जहा नेरइया' એનાથી બીજા જે વાનવ્યન્તર, જ્યોતિષ્ક, અને વૈમાનિક જીવો છે, તેઓ આત્મોપક્રમથી ઉદ્વર્તના કરતા નથી તેમજ પરોપક્રમથી પણ ઉદ્વર્તના કરતા નથી પરંતુ નિરૂપક્રમથી જ ઉદ્વર્તના કરે છે. 'नवरं जोइसिय वेमाणिया चयंति' આ કથનનું તાત્પર્ય એ છે કે-વાનવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક આ બધા નિરૂપક્રમથી ઉદ્વર્તના કરે છે, એ પ્રમાણે જે કહેવામાં આવ્યું છે, તો તે ઉદ્વર્તનાને સ્થાને 'च्यवन' એ પદનો પ્રયોગ કરીને એવું કહેવું જોઈએ કે એકેન્દ્રિયથી લઇને મનુષ્ય સુધીના જીવો તો આત્મોપક્રમથી, પરોપક્રમથી, અને નિરૂપક્રમથી એ ત્રણે પ્રકારથી પણ ઉદ્વર્તના કરે છે. પરંતુ વાનવ્યન્તર જ્યોતિષ્ક અને વૈમાનિક જે જીવ છે, તેઓ નિરૂપક્રમથી જ ચ્યવન કરે છે, કહેવાનું તાત્પર્ય એજ છે કે-દેવોના દંડકોમાં વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક દેવોના સૂત્રમાં ઉદ્વર્તના શબ્દનો પ્રયોગ કરવો ન

જોઇએ. પરંતુ ચ્યવનનો જ પ્રયોગ કરવો જોઇએ. 'ઉત્પત્તિ' અને ઉદ્વર્તના જીવોની જે થાય છે, તે પોતે કરેલા કર્મના ઉદયથી જ થાય છે.-ઈશ્વરના પ્રભાવથી થતી નથી. આજ વાત બતાવવા માટે હવે સૂત્રકાર ઋદ્ધિ વિગેરે રૂપે આગળના પ્રકરણનો પ્રારંભ કરતાં પ્રશ્નોત્તર રૂપમાં પ્રગટ કરે છે.–'नेरइया णं भंते !' હે ભગવન્ નારકીય જીવો 'किं आइड्ढीए उववज्जंति' શું પોતાના સામર્થ્યરૂપ ઋદ્ધિથી નરકમાં ઉત્પન્ન થાય છે ? અથવા 'परिड्ढीए उववज्जंति' પરની–ઈશ્વર–કાળ–સ્વભાવ વિગેરે રૂપ બીજાના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! आइड्ढीए' ઈત્યાદિ હે ગૌતમ ! નારક નરકમાં પોતાના સામર્થ્ય રૂપ રૂદ્ધિથી જ ઉત્પન્ન થાય છે. બીજાની ઋદ્ધિથી ઉત્પન્ન થતા નથી. કહેવાનો ભાવ એ છે કે નારક જીવ નરકમાં ઉત્પન્ન થાય છે, તે ઉત્પત્તિમાં અન્ય–ઈશ્વર–કાળ વિગેરેનીશક્તિ તેમાં કારણરૂપ હોતી નથી. પરંતુ નારક જીવોએ પોતે કરેલ કર્મરૂપ પોતાનું જ સામર્થ્ય કારણ છે. તેથી જ નારક ત્યાં ઉત્પન્ન થાય છે. જો ઈશ્વરાદિના પ્રભાવથી નરક વિગેરેમાં નારકની ઉત્પત્તિ સ્વીકારવામાં આવે તો ઇશ્વરમાં વિષમપણા અને નિર્દયપણાની આપત્તિ ઉપસ્થિત થશે. જેથી પોતાની શક્તિથી જ નરકમાં નારકની ઉત્પત્તી થાય છે. બીજાની શક્તિથી નહીં એજ માનવું યોગ્ય જણાય છે. 'एवं जाव वेमाणिया' આજ રીતનું કથન ઉત્પત્તિના વિષયમાં વૈમાનિક સુધીના ૨૩ તેવીસ દંડકોમાં પણ સમજવું અર્થાત્ એકેન્દ્રિયથી લઇને વૈમાનિક સુધીના જીવો નારકોની માફક પોતાના સામર્થ્યથી જ ઉત્પન્ન થાય છે. બીજાના સામર્થ્યથી નહીં.

હવે સૂત્રકાર ઉદ્વર્તનામાં પોતાનું સામર્થ્ય જ ઉપયોગી છે એ વાત બતાવવા પ્રશ્નોત્તરરૂપે કથન કરે છે. 'नेरइया णं भंते ! किं आइड्ढीए उववट्टंति परिड्ढीए उववट्टंति' હે ભગવન્ નૈરયિક જીવ શું પોતાના સામર્થ્યથી ઉદ્વર્તના કરે છે? કે બીજાના સામર્થ્યથી ઉદ્વર્તના કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! आइड्ढीए उववट्टंति नो परिड्ढीए' હે ગૌતમ નારક જીવ પોતાના સામર્થ્યથી જ ઉદ્વર્તના કરે છે. બીજાના સામર્થ્યથી કરતા નથી. અર્થાત્ નારક જીવોનું જે આ મરણરૂપ પર્યાયવાળું ઉદ્વર્તન છે, તે તેઓની શક્તિથી જ થાય છે, બીજાના સામર્થ્યથી થતું નથી. 'एवं जाव वेमाणिया' આજ રીતે એકેન્દ્રિયથી લઇને વૈમાનિક સુધીના બધા દંડકોનો સંગ્રહ થઈ જાય છે. તથા જે રીતે નારક જીવોનું ઉદ્વર્તન પોતાના સામર્થ્યથી જ થાય છે બીજાના સામર્થ્યથી થતું નથી. એજ રીતે એકેન્દ્રિથી લઇને વૈમાનિક સુધીના જીવોનું ઉદ્વર્તન પણ પોતપોતાના સામર્થ્યથીજ

થાય છે. બીજાના સામર્થ્યથી થતું નથી. 'नवरं जोइसियवेमाणिया य चयंति ति अभिलावो' આ મરણરૂપ ઉદ્વર્તનામાં જો જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં કંઈ ફેરફાર હોય તો તે કેવળ ઉદ્વર્તના શબ્દ પુરતો જ છે. અર્થાત્ એકેન્દ્રિયોથી આરંભીને પંચેન્દ્રિયતિર્યંન્ચ અને મનુષ્યોના સંબંધમાં ઉદ્વર્તના શબ્દનો પ્રયોગ થાય છે, અને વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં ઉદ્વર્તના શબ્દના સ્થાને 'ચ્યવન' શબ્દનો પ્રયોગ થાય છે, 'ઉદ્વર્તના' શબ્દનો પ્રયોગ તેઓમાં થતો નથી. આ રીતે વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ બધા પોતાના સામર્થ્યથી જ ચ્યવન કરે છે. બીજાના સામર્થ્યથી નહીં એ પ્રમાણેનો અભિલાપ કહીને ઉચ્ચાર કરવો જોઈએ આજ બાબતમાં જ્યોતિષ્ક અને વૈમાનિક દંડકમાં નારક દંડક વિગેરેની અપેક્ષાએ જુદાઈ છે. જીવ આત્મઋદ્ધિથી ઉત્પન્ન થાય છે. અને મરે છે, તો અહિયાં ઋદ્ધિપદથી કોનું ગ્રહણ થયું છે? સૂત્રકાર હવે આ વાત પ્રગટ કરવા માટે પ્રશ્નોત્તરરૂપે આગળનું પ્રકરણ કહે છે-'नेरइया णं भंते !' ઇત્યાદિ હે ભગવન્ નૈરયિકો 'किं आयकम्मुणा उववज्जंति' परकम्मुणा उववज्जंति' પોતાના જ્ઞાનાવરણીયાદિ રૂપ કર્મોથી ઉત્પન્ન થાય છે? કે અન્યના કર્મથી ઉત્પન્ન થાય છે? કહેવાનું તાત્પર્ય એ છે કે-શિષ્યે પ્રભુને એવું પૂછયું છે કે-હે ભગવન્ આ જે નારક જીવો નરકાવાસોમાં ઉત્પન્ન થાય છે, તે ઉત્પત્તિનું પ્રયોજન પોતાનું જ કર્મ છે કે અન્યનું કર્મ છે? અર્થાત્ જીવની ઉત્પત્તિ નરકાવાસમાં નારકપણાથી જે થાય છે, તે પોતે સંપાદન કરેલા કર્મના બળથી થાય છે, કે બીજાએ સંપાદન કરેલા કર્મના બળથી થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'गोयमा ! હે ગૌતમ! 'आयकम्मुणा उववज्जंति नो परकम्मुणा उववज्जंति' નરકાવાસમાં જીવની ઉત્પત્તિ પોતે સંપાદન કરેલા કર્મના બળથી જ થાય છે. અન્ય દ્વારા સંપાદન કરેલા કર્મના બળથી થતી નથી. જો પરકૃતકર્મના બળથી નરકાવાસમાં જીવની ઉત્પત્તિ નારકની પર્યાયથી થવાનું માનવામાં આવે તો જગત્‌ની વિચિત્રતાની જે વ્યવસ્થા દેખાય છે, તેનો લોપ થઇ જશે. પરંતુ એવું દેખવામાં આવતું નથી. દેખવામાં તો એવું જ આવે છે કે-પોતે જ કરેલા કર્મના બળથી જ કાર્ય થાય છે-જેમકે જે ખાવાનું કાર્ય કરે છે, અર્થાત્ ખાય છે, તેજ તૃપ્ત થાય છે. તૃપ્તિરૂપ કાર્યથી જ તૃપ્તિ મળે છે, એવું તો થતું નથી કે ખાવાનું કાર્ય કોઇ બીજો કરે અને તૃપ્તિ કોઇ બીજાને જ મળે તેથી એમ જ માનવું પડશે કે નરકાવાસમાં નારકપર્યાયની ઉત્પત્તિમાં કારણ જીવનું પોતાનું કર્મ જ છે. પરકૃતકર્મ કારણ રૂપ હોતું નથી 'एवं जाव वेमाणिया' નારકની જેમજ એકેન્દ્રિય જીવોથી લઈ ને વૈમાનિક સુધીના ૨૩ ત્રેવીસ દંડકમાં રહેલા જીવો પોતપોતાના કર્મથી જ તે તે ગતિયોમાં ઉત્પન્ન થાય છે. અને પોતપોતાના કર્મથી જ તે તે ગતિયોથી મરે છે, ચ્યુત થાય છે, બીજાએ કરેલા કર્મથી તેઓ તે તે ગતિયોમાં ઉત્પન્ન થતા નથી. તેમજ તે તે ગતિયોથી મરતા પણ નથી. અર્થાત્ ચ્યુત

થતા નથી-ચવતા નથી. 'एवं उववट्टणा दंडओ वि' એજ રીતે-ઉત્પત્તી દંડકની જેમ જ નારકથી લઇને વૈમાનિક સુધીના જીવોની ઉદ્વર્તના પણ-ઉદ્વર્તના દંડક પણ પોતપોતાના કરેલા કર્મના બળથી જ થાય છે, બીજાએ કરેલ કર્મના બળથી તે કોઇ પણ જીવને થતી નથી. એ આ રીતે આત્મઋદ્ધિ પદથી પોતે કરેલ કર્મ ગ્રહણ કરાયેલ છે. તેમ સમજવું. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'नेरइया णं भंते !' હે ભગવન્ નારકીય જીવો 'किं आयप्पओगेणं उववज्जंति परप्पओगेणं उववज्जंति' શું આત્મપ્રયોગથી ઉત્પન્ન થાય છે? કે પરપ્રયોગથી ઉત્પન્ન થાય છે? અહિયાં પ્રયોગ શબ્દનો અર્થ વ્યાપાર-પ્રવૃત્તિ એ પ્રમાણે થાય છે. આ રીતે આત્મપ્રયોગ શબ્દનો અર્થ આત્મવ્યાપાર-પોતાની પ્રવૃત્તિ અને પરપ્રયોગ શબ્દનો અર્થ પરવ્યાપાર એ પ્રમાણે થાય છે. તથા નારકીય જીવ પોતપોતાના વ્યાપારથી ઉત્પન્ન થાય છે? અથવા અન્યના વ્યાપારથી ઉત્પન્ન થાય છે? આ રીતે પ્રશ્નનો સારાંશ છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ! 'आयप्पओगेणं उववज्जंति' નારકો આત્મપ્રયોગથી ઉત્પન્ન થાય છે. 'णो परप्पओगेणं उववज्जंति' પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી. નારક જીવ પોતાના વ્યાપારથી જ ઉત્પન્ન થાય છે, પરપ્રયોગથી તેઓ નરકાવાસમાં કોઇપણ પ્રકારે ઉત્પન્ન થતા નથી. કેમકે જે પ્રયત્ન વ્યધિકરણ હોય છે. અર્થાત્ જુદા જુદા અધિકરણવાળો હોય છે, તેમાં એકબીજાનું કર્મોત્પાદકપણું કોઇ પણ સમયે દેખવામાં આવતું નથી. નહીં તો પછી આ રીતે જગત્‌ની જે આ વિચિત્ર વ્યવસ્થા છે, તેનો જ લોપ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. 'एवं जाव वेमाणिया' જે રીતે નરકાવાસમાં નારક જીવ પોતાના વ્યાપારથી જ ઉત્પન્ન થાય છે. અન્યના વ્યાપારથી નહીં એજ રીતે પૃથ્વિકાયથી લઇને વૈમાનિક સુધીના જીવો પણ ચાહે તે કોઈ એક ગતિમાં પોતાના વ્યાપાર-પ્રવૃત્તિથી જ ઉત્પન્ન થાય છે. અન્યના વ્યાપાર-પ્રવૃત્તિથી ઉત્પન્ન થતા નથી 'एवं उवट्टणा दंडओ वि' ઉત્પત્તિ દંડકની જેમજ ઉદ્વર્તના દંડક પણ સમજી લેવો. અર્થાત્ નારક વિગેરે જીવોની ઉદ્વર્તના પણ આત્મપ્રયોગથી જ થાય છે. પરપ્રયોગથી તે કોઇ રીતે થતી નથી. ॥ સૂ૦ ૧ ॥

'नेरइया णं किं कइसंचिया अकइसंचिया' ઇત્યાદિ

ટીકાર્થ—'कइ संचिया' આ વાકયમાં કતિપદ સંખ્યા વાચક છે, આ વિષયમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે હે ભગવન નારકીય જીવો 'किं कइसंचिया' એક સમયમાં શું સંખ્યાતરૂપે ઉત્પન્ન થાય છે? કે 'अकइसंचिया' અસંખ્યાત અગર અનંત ઉત્પન્ન થાય છે? અહિયાં અકતિ શબ્દ સંખ્યાનો નિષેધ કરનાર છે. તેથી અસંખ્યાત અને અનંત ગ્રહણ કરાયા છે. 'अवत्तव्वगसंचिया' અથવા સંખ્યાત અસંખ્યાતરૂપથી અવક્તવ્ય હોવાને કારણે અવક્તવ્ય સંચિત હોય છે? અર્થાત્ એક સમયમાં એક જ ઉત્પન્ન થાય છે? કેમકે જે એક હોય છે, તે સંખ્યાત, અસંખ્યાત એ બન્નેથી વક્તવ્ય હોતા નથી. બે થી લઇને શીર્ષપ્રહેલિકા સુધીની સંખ્યામાં જ સંખ્યાત એવો વ્યવહાર થાય છે. અને શીર્ષપ્રહેલિકાની આગળ અસંખ્યાત એવો વ્યવહાર થાય છે જેથી એકજ 'अवक्तव्यकसंचित' પદથી કહેવાયેલ છે. આ એકથી 'एकत्वोत्पाद'થી જે સંચિત થયેલ હોય છે, તે અવક્તવ્ય સંચિત કહેવાય છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा !' હે ગૌતમ! 'नेरइया कइसंचिया वि अकइसंचिया वि अवत्तव्वगसंचिया वि' નારકીય કતિ સંચિત પણ હોય છે, અકતિ સંચિત પણ હોય છે, અને અવક્તવ્ય સંચિત પણ હોય છે, આ રીતે નારકીય જીવો ત્રણ પ્રકારના હોય છે. અર્થાત્ જે બીજી ગતિથી આવીને એક જ સમયમાં એક સાથે અનેક જીવો નારકીય રૂપથી ઉત્પન્ન થઇ જાય છે, એવા તે નારકીયો કતિ સંચિત કહેવાય છે. એવા કતિ સંચિત નારકીયો બે થી લઇને શીર્ષપ્રહેલિકા સંખ્યા સુધીના ત્યાં ઉત્પન્ન થયા કરે છે. એજ પ્રમાણે જે શીર્ષપ્રહેલિકા સંખ્યાથી પર (આગળ) નારકીયરૂપથી જીવો ઉત્પન્ન થતા રહે છે, તેઓ અકતિ સંચિત કહેવાય છે. આ અકતિ સંચિત સંખ્યાતથી પર હોવાને કારણે અસંખ્યાત રૂપથી સંચિત હોય છે. તથા ત્યાં કેટલાક નારકીયો એવા પણ હોય છે. કે જે એક સમયમાં એક એક કરીને ઉત્પન્ન થતા હોય છે. તેથી પ્રભુએ ગૌતમસ્વામીને એવું કહ્યું છે કે–હે ગૌતમ! નારકીયો કતિ સંચિત પણ હોય છે, અકતિ સંચિત પણ હોય છે, અને અવક્તવ્ય સંચિત પણ હોય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'से केणट्ठेणं जाव अवत्तव्वग संचिया वि' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે–નારકીયો કતિ સંચિત પણ હોય છે. અકતિ સંચિત પણ હોય છે, અને અવક્તવ્ય સંચિત પણ હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–

'ગોયમા !' હે ગૌતમ ! 'जे णं नेरइया संखेज्जएणं पवेसणएणं पविसंति ते णं नेरइया कइ संचिया' જે નારકીયો સંખ્યાત પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નારકીયો કતિ સંચિત કહેવાય છે. સ્વજાતીય અને વિજાતીરૂપ અન્યગતિથી આવીને વિવક્ષિત ગતિમાં જીવોનો જે ઉત્પાત છે, તેનું નામ પ્રવેશનક છે. તથા 'जे णं नेरइया असंखेज्जएणं पवेसणएणं पविसंति, ते णं नेरइया अकतिसंचिया' જે નારકીય અસંખ્યાત પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નારકીયો અકતિ સંચિત કહેવાય છે. તથા 'जे णं नेरइया एक्करणं पवेसणएणं पविसंति ते णं नेरइया अवत्तगसंचिया' જે નૈરયિકો એક પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નૈરયિકો અવક્તવ્યક સંચિત કહેવાય છે. 'से तेणट्ठेणं गोयमा ! जाव अवत्तगसंचिया वि' તે કારણથી હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે-નારકીયો કતિ સંચિત પણ હોય છે, અકતિસંચિત પણ હોય છે, અને અવક્તવ્ય સંચિત પણ હોય છે, જેથી આ કથનનું તાત્પર્ય એ નીકળે છે કે-જે જીવો અન્ય ગતિમાંથી આવીને એકસાથે જ નરકમાં સંખ્યાતરૂપે ઉત્પન્ન થાય છે, તે નારકો કતિ સંચિત કહેવાય છે. તથા જે અન્યગતિથી આવીને એક સાથે જ અસંખ્યાત પણે ઉત્પન્ન થાય છે, તે અકતિ સંચિત કહેવાય છે. તથા જે અન્યગતિથી આવીને એક એક કરીને નરકમાં સંચિત થાય છે-ઉત્પન્ન થાય છે, તેઓ અવક્તવ્ય સંચિત કહેવાય છે 'एवं जाव थणियकुमारा वि' એજ રીતે નારકથી લઇને સ્તનિતકુમારાન્ત સુધીના જીવો કતિ સંચિત, અકતિ સંચિત અને અવક્તવ્ય સંચિત પણ હોય છે. તેમ સમજવું.

'पुढवीकाइया णं पुच्छा' હે ભગવન્ પૃથ્વીકાયિક જીવો કતિસંચિત હોય છે ? કે અકતિ સંચિત હોય છે ? કે અવક્તવ્ય સંચિત હોય છે? ગૌતમસ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-'गोयमा ! पुढवीकाइया नो कइसंचिया' હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો કતિ સંચિત હોતા નથી અર્થાત્ અન્ય ગતિથી આવીને તેઓનું એક સાથે સંખ્યાત રૂપથી ઉત્પન્ન થવાનું થઇ શકતું નથી. તેઓ તો અકતિ સંચિત જ હોય છે, અર્થાત્ અન્ય ગતિથી આવીને અન્ય અસંખ્યાત જીવો એક સાથે જ પૃથ્વીકાયિકપણાથી ઉત્પન્ન થાય છે આ રીતે પૃથ્વીકાયિક કતિ સંચિત હોતા નથી તેમજ અવક્તવ્ય સંચિત પણ હોતા નથી. પરંતુ અકતિ સંચિત જ હોય છે.

હવે ગૌતમસ્વામી આ કથનનું કારણ જાણવાની ઇચ્છાથી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव नो अवत्तव्वगसंचिया' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે-પૃથ્વીકાયિક જીવો અકતિ સંચિત જ હોય છે. કતિ સંચિત અને અવક્તવ્ય સંચિત હોતા નથી? આ પ્રશ્નના

ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'पुढवीकाइया असंखेज्जएणं पवेसएणं पविसंति' હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો અન્ય ગતિયોમાંથી આવીને અસંખ્યાત પ્રવેશનકથી પ્રવેશ કરે છે. અર્થાત્ અસંખ્યાત જીવો એક સાથે જ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે. સંખ્યતપણે ઉત્પન્ન થતા નથી અને એક એક જીવ પણ ત્યાં ઉત્પન્ન થતા નથી. 'से तेणट्ठेणं जाव नो अवत्तव्वगसंचिया वि' એ કારણથી હે ગૌતમ મેં એવું કહ્યું છે કે-પૃથ્વીકાયિક કતિસંચિત હોતા નથી. તેમજ અવક્તવ્ય સંચિતપણુ હોતા નથી. પરંતુ અકતિ સંચિત જ હોય છે. 'एवं जाव वणस्सइकाइया' પૃથ્વીકાયિક પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, અને વનસ્પતિકાયિક જીવો પણ કતિસંચિત હોતા નથી. તેમ અવક્તવ્ય સંચિત પણ હોતા નથી. પરંતુ અકતિ સંચિત જ હોય છે. કેમકે અપ્કાયિકથી લઇને વનસ્પતિકાયિક સુધીના જીવોમાં અન્ય ગતિયોમાંથી એક સાથે આવીને અસંખ્યાત જીવો તે તે પર્યાયથી ઉત્પન્ન થાય છે. જો કે અનન્ત જીવો અન્ય ગતિથી આવીને વનસ્પતિકાયિકપણાથી ઉત્પન્ન થાય છે, પરંતુ અહિયાં જે પ્રવેશનક છે, તે અન્ય જાતિયોમાંથી આવેલાઓનો જે સમુત્પાત છે, એ રૂપથી વિવક્ષિત થયેલ છે. તો એવા જીવો એક સમયમાં એક સાથે અસંખ્યાત જ ત્યાથી આવે છે. અને વનસ્પતિપણાથી ઉત્પન્ન થઇ જાય છે. 'बेइंदिया जाव वेमाणिया जहा नेरइया' જે રીતે નારક જીવો કતિસંચિત, અકતિસંચિત, અને અવક્તવ્ય સચિત પણ કહેવાય છે. એજ રીતે બેઇન્દ્રિયોથી લઇને વૈમાનિક સુધીના જેટલા જીવો છે, તે તમામ જીવો કતિસંચિત, અકતિ સંચિત અને અવક્તવ્ય સંચિત પણ કહેવામાં આવ્યા છે. 'सिद्धाणं पुच्छा' હે ભગવન્ સિદ્ધ જીવો કતિ સંચિત હોય છે ? અથવા અકતિ સંચિત હોય છે ? કે અવક્તવ્ય સંચિત હોય છે ? ગૌતમસ્વામીના આ પ્રશ્નનો ઉત્તર આપતા પ્રભુ કહે છે કે-'गोयमा ! सिद्धा कतिसंचिया' હે ગૌતમ ! સિદ્ધો કતિસંચિત હોય છે, 'नो अकतिसंचिया' અકતિસંચિત હોતા નથી તથા 'अवत्तव्वगसंचिया वि' સિદ્ધો અવક્તવ્ય સંચિત પણ હોય છે. ફરીથી ગૌતમસ્વામી તેનું કારણ જાણવાની ઇચ્છાથી પ્રભુને પૂછે છે કે-'से केणट्ठेणं जाव अवत्तव्वगसंचिया वि' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે-સિદ્ધો અકતિ સંચિત હોતા નથી. પણ કતિ સંચિત પણ હોય છે અને અવક્તવ્ય સંચિત પણ હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'जे णं सिद्धा संखेज्जएणं पवेसणएणं पविसंति' જે

ભ૦ ૧૮

કારણુથી સિદ્ધ સંખ્યાત પ્રવેશનકથી પ્રવેશ કરે છે, 'ते णं सिद्धा कतिसंचिया' તે કારણથી તે સિદ્ધો કતિ સંચિત કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે–સિદ્ધો સંખ્યાત પ્રવેશનકથી સિદ્ધ ગતિમાં પ્રવેશ કરે છે. તે કારણથી તેઓ કતિ સંચિત કહેવાય છે. અને 'जे णं सिद्धा एक्कएणं पवेसणएणं पविसंति' જે કારણુથી તેઓ એક પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તેથી તેઓ અવક્તવ્ય સંચિત કહેવાય છે. 'से तेणट्ठेणं जाव अवत्तव्वगसंचिया वि' એ કારણુથી હે ગૌતમ! મેં એવું કહ્યું છે કે–સિદ્ધ જીવો કતિ સંચિત પણ હોય છે, અવક્તવ્ય સંચિત પણ હોય છે, પરંતુ અકતિ સંચિત હોતા નથી. કેમકે એક સમયમાં અનંત અથવા અસંખ્યાત સિદ્ધોનો ત્યાં પ્રવેશનકનો અભાવ હોય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'एएसिं णं भंते ! नेरइयाणं०' હે ભગવન્ જે આ નૈરયિકો કતિસંચિત, અકતિસંચિત, અને અવક્તવ્ય સંચિત પ્રગટ કર્યા છે, તેઓમાં કોની અપેક્ષાથી કોણ અલ્પ છે? કોણુ બહુ છે? કોણુ તુલ્ય છે? અને કોણુ વિશેષાધિક છે? આ પ્રશ્ન અલ્પ બહુત્વ વિષય સંબંધી છે, આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा! सव्वत्थोवा नेरइया अवत्तव्वगसंचिया' હે ગૌતમ! બધાથી કમ (ઓછા), નૈરયિક અવક્તવ્ય સંચિત છે, કેમકે તે અવક્તવ્ય સંચિત સ્થાન એક છે. 'कति संचिया संखेज्जगुणा' કતિ સંચિત નારક સંખ્યાતગણા છે. અવક્તવ્ય સંચિત નારકોની અપેક્ષાએ કતિ સંચિત નારકો સંખ્યાતગણા એ કારણે હોય છે કે–સંખ્યાતસ્થાનક હોય છે. 'अकतिसचिया असंखेज्जगुणा' કતિ સંચિત નારકોની અપેક્ષાએ અકતિ સંચિત નારકો અસંખ્યાતગણા અધિક છે, કેમકે જે અસંખ્યાતસ્થાનો છે, તે અસંખ્યાત છે. અથવા ત્યાં વસ્તુ સ્વભાવ જ કારણરૂપ હોય છે, સ્થાનની અલ્પતા વિગેરે કારણ હોતું નથી. કેમકે કતિ સંચિત સિદ્ધ સ્થાનના બહુપણામાં પણ અલ્પ જ છે. અવક્તવ્ય સ્થાનની એકતામાં પણ સિદ્ધ સંખ્યાતગણા કહ્યા છે. કેમકે બે વિગેરે રૂપે અલ્પ જ કેવલીયોનું આયુષ્ય સમાપ્ત થાય છે. એ પ્રમાણે જે આ સ્થિતિ પ્રગટ કરેલ છે, તે લોકસ્વભાવથી જ પ્રગટ કરેલ છે. 'एवं एगिंदियवज्जाणं जाव वेमाणियाणं अप्पाबहुगं' નારકોની જેમ જ એકેન્દ્રિયને છોડીને યાવત્ વૈમાનિકાન્ત કતિસંચિત વિગેરે જીવોનું અલ્પપણુ અને બહુપણું સમજી લેવું અહિયાં યાવત્ પદથી બે ઇન્દ્રિયથી લઈને જ્યોતિષ્ક સુધીના ૨૨ બાવીસ દંડકમાં રહેલા જીવોનો સંગ્રહ થાય છે સૌથી ઓછા અવક્તવ્ય સંચિત બે ઇન્દ્રિય જીવો છે. તેની અપેક્ષાએ સંખ્યાતગણા વધારે કતિ સંચિત દ્વિન્દ્રિય જીવો

છે, તેનાથી પણ અસંખ્યાતગણા અધિક અકતિસંચિત દ્વીન્દ્રીય જીવો છે, એ રીતે સૌથી કમ અવક્તવ્ય સંચિત વૈમાનિકો છે, તેઓની અપેક્ષાએ કતિ સંચિત વૈમાનિકો સંખ્યાતગણા અધિક છે. કતિસંચિત વૈમાનિકોની અપેક્ષાએ પણ અસંખ્યાતગણા અધિક અકતિ સંચિત વૈમાનિકો છે. એજ પ્રમાણે દંડકાન્તરમાં (બીજા દંડકોમાં) પણ અલ્પ બહુત્વનું કથન સ્વયં સમજી લેવું. 'एगिंदियाणं नत्थि अप्पाबहुगं' એકેન્દ્રિય જીવોમાં અલ્પ, બહુત્વ હોતુ નથી. તેથી અહિયાં 'एगिंदियवज्जाणं' એવો પાઠ કહેલ છે. 'एएसि णं सिद्धाणं' હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ કતિ સંચિત સિદ્ધો અને અવક્તવ્ય સંચિત સિદ્ધોમાં કોની અપેક્ષાએ કોણ અલ્પ છે? કોણ બહુ છે? કોણ તુલ્ય છે? અને કોણ વિશેષાધિક છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'ગોયમા!' હે ગૌતમ! 'सव्वोत्थोवा सिद्धा कतिसंचिया' સૌથી કમ કતિ સંચિત સિદ્ધો છે, 'अवत्तव्वगसंचिया संखेज्जगुणा' તથા કતિસંચિત સિદ્ધોની અપેક્ષાએ અવક્તવ્ય સંચિત સિદ્ધ સંખ્યાતગણા અધિક છે. ાસૂ. ૨ા

## નૈરયિકોં કે ષટ્કાદિસમર્જિતત્વ કા નિરૂપણ

'नेरइया णं भंते! किं छक्कसमज्जिया' ઈત્યાદિ

ટીકાર્થ—નારક વિગેરેના ઉત્પાતના વિશેષણ રૂપ સંખ્યાના અધિકારને લઇને ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ નૈરયિકો ષટ્ક સમર્જીત એક સાથે એક સમયમાં છ સંખ્યામાં ઉત્પન્ન થાય છે? અથવા નો ષટ્ક સમર્જીત એક સાથે એકથી લઇને પાંચ સુધી ઉત્પન્ન થાય છે? 'छक्केहिं य समज्जिया' અથવા અનેક ષટ્ની સંખ્યામાં ઉત્પન્ન થાય છે? 'छक्केहिं य नो छक्केण य समज्जिया' અથવા અનેક ષટ્કની સંખ્યામાં અને એક નો ષટ્ની સંખ્યામાં તેઓ ઉત્પન્ન થાય છે? આ પ્રમાણેના આ પાંચ પ્રશ્નો છે, જે ષટ્કના સમુદાયનું છ સંખ્યા રૂપ પરિમાણ હોય છે, તે ષટ્ક કહેવાય છે.

આ ષટ્કની જે રાશી-ઢગલો હોય છે તે ષટ્ક સમર્જીત કહેવાય છે, આ કથનનું તાત્પર્ય એ છે કે-એક સમયમાં જે ઉત્પન્ન થાય છે, તેનો જે ઢગલો છે, તે જો છ પ્રમાણવાળો હોય તો તે ઢગલો ષટ્ક સમર્જીત કહેવાય છે, નો ષટ્ક-છક્કાનો જે અભાવ છે, તે નો ષટ્ક કહેવાય છે. એવું તે નો ષટ્ક એકથી લઇને પાંચ સુધી હોય છે. એજ રીતે બીજે પણ સમજી લેવું. એવા આ પાંચ વિકલ્પ રૂપ પ્રશ્નોવાળા નૈરયિકો હોય છે ? આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'नेरइया छक्कसमज्जिया वि' નારકીયો ષટ્ક સમર્જીત પણ હોય છે, 'नो छक्कसमज्जिया वि' નો ષટ્ક સમર્જીત પણ હોય છે. 'छक्केण य नो छक्केण य समज्जिया वि' એક ષટ્કથી અને એક નો ષટ્કથી પણ સમર્જીત હોય છે. 'छक्केहि य समज्जिया वि' અનેક ષટ્કની સંખ્યાથી સમર્જીત-ઉત્પન્ન થાય છે તથા 'छक्केहिं य नो छक्केण य समज्जिया ५' અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી પણ ઉત્પન્ન થાય છે, આ રીતે આ પાંચ વિકલ્પોવાળા નૈરયિકો હોય છે, કેમકે એકથી લઈને અસંખ્યાત સુધીના નારક વિગેરેની એક સમયમાં ઉત્પત્તિ સંભવે છે. તથા અસંખ્યાત નારક વિગેરેમાં પણ જ્ઞાનીયોએ ષટ્કોની વ્યવસ્થા કરી છે. એજ આશયથી પૂર્વોક્ત પાંચે વિકલ્પોનો પ્રભુએ ઉત્તરના રૂપમાં સ્વીકાર કર્યો છે

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइया छक्कसमज्जिया वि' હે ભગવન્ આપ એવું શા કારણે કહો છો કે નારકીયો ષટ્ક સમર્જીત છ સમુદાયરૂપે ઉત્પન્ન થનાર પણ હોય છે, યાવત્ અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી પણ સમર્જીત હોય છે, અહિયાં યાવત્પદથી 'नो षट्कसमर्जिताः२' षट्केन च समर्जिता३' षट्कैश्च समर्जिताः' આ બીજા ત્રીજા અને ચોથા વિકલ્પો ગ્રહણ કરાયા છે. આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! जे णं नेरइया छक्कएणं पवेसणएणं पविसंति, ते णं नेरइया छक्कसमज्जिया१' જે નૈરયિકો ષટ્ક પ્રવેશનકથી પ્રવેશ કરે છે-અર્થાત્ છ સંખ્યાથી પ્રવેશ કરે છે, તે નૈરયિકો ષટ્ક સમર્જીત કહેવાય છે, 'जे णं नेरइया जहन्नेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं, पंचएणं पवेसणएणं पविसंति ते णं नेरइया नो छक्कसमज्जियार' જે નૈરયિકો જઘન્યથી એક અથવા બે અગર ત્રણ પ્રવેશનકથી અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નૈરયિકો નો ષટ્ક સમર્જીત કહેવાય છે. 'जे णं नेरइया एगेणं छक्कएणं, अन्नेण य जहन्नेणं, एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं पंचएणं पवेसणएणं पविसंति ते णं नेरइया छक्केण वा नो छक्केण य समज्जिया' જે નારકીયો એક ષટ્કથી તથા બીજા જઘન્ય એક અથવા બે અથવા ત્રણ પ્રવેશનકથી તથા ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નારકીયો એક ષટ્ક

અને એક નો ષટ્કથી સમર્જીત કહેવાય છે. 'जे णं नेरइया णेगेहिं छक्केहिं पवेसणएणं पविसंति ते णं नेरइया छक्केहिं समज्जिया' જે નૈરયિક અનેક ષટ્કની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નૈરયિકો અનેક ષટ્ક સમર્જીત કહેવાય છે. 'जे णं नेरइया एगेहिं छक्केहिं अन्नेण य जहन्ने णं एक्केण वा दोहिं वा, तीहिं वा, उक्कोसेणं, पंचएणं पवेसणएणं पविसंति, ते णं नेरइया छक्केहि य नो छक्केण य समज्जिया ५' જે નૈરયિકો અનેક ષટ્કોથી તથા જઘન્યથી એક અથવા બે અગર ત્રણ પ્રવેશનકથી અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નૈરયિકો અનેક ષટ્ક તથા એક નો ષટ્ક સમર્જીત કહેવાય છે. 'से केणट्ठेणं तं चेव जाव समज्जिया वि' તે કારણે હે ગૌતમ મેં એવું કહ્યું છે કે નૈરયિકો ષટ્ક સમર્જીત, નો ષટ્ક સમર્જીત, અનેક ષટ્કોથી સમર્જીત, તથા અનેક ષટ્કોથી અને અનેક નો ષટ્કોથી સમર્જીત પણ છે. 'एवं जाव थणियकुमारा' એજ રીતે તેઓનું કથન યાવત્ સ્તનિતકુમારો સુધીમાં સમજી લેવું. અર્થાત્ જે રીતે ષટ્ક અને નો ષટ્ક વિગેરે પાંચ વિકલ્પોથી નારકોને સમર્જીત (ઉત્પન્ન થનારા) કહ્યા છે, એજ રીતે અસુરકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીના જીવો ષટ્ક અને નો ષટ્ક વિગેરે પાંચવિકલ્પોથી સમર્જીત જ હોય છે. તેમ સમજી લેવું. એકેન્દ્રિય જીવો અસંખ્યાત અવસ્થામાં જ પ્રવેશ કરે છે, તેથી તેઓ અનેક ષટ્કોથી સમર્જીત તથા અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે. તેથી અહિયાં આ બે વિકલ્પોનો જ સંભવ છે. આજ ભાવ લઈને હવે સૂત્રકાર આ વિષયને પ્રશ્નોત્તરના રૂપથી સ્પષ્ટ કરે છે. ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે–'पुढवीकाइयाणं पुच्छा' હે ભગવન્ પૃથ્વીકાયિક જીવો શું ષટ્ક સમર્જીત હોય છે? ૧ અથવા નો ષટ્ક સમર્જીત હોય છે? ૨ અથવા એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે? ૩, અથવા અનેક ષટ્કોથી સમર્જીત હોય છે? ૪ અથવા અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે? ૫, આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ એ અભિપ્રાયથી કે પૃથ્વિકાયિકોને પાંચે વિકલ્પો થતા નથી પરંતુ ચોથો અને પાંચમો એમ બેજ વિકલ્પો હોય છે. એ પ્રમાણે કહે છે. 'गोयमा पुढवीकाइया नो छक्कसमज्जिया' હે ગૌતમ પૃથ્વીકાયિક જીવ ષટ્ક સમર્જીત હોતા નથી અને નો ષટ્ક સમર્જીત હોતા નથી એક ષટ્ક અને એક નો ષટ્કથી પણ સમર્જીત પણ હોતા નથી. પરંતુ તેઓ 'छक्केहिं समज्जिया' અનેક ષટ્કોથી સમર્જીત હોય છે. એ પ્રમાણેનો ચોથો વિકલ્પ અહિંયા બને છે. તથા 'छक्केहिय नो छक्केण य समज्जिया वि' અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી તેઓ સમર્જીત હોય છે, એવો આ પાંચમો વિકલ્પ પણ બને છે.

પૃથ્વીકાયિક જીવો ચોથા અને પાંચમા વિકલ્પોથી જ સમર્જીત હોય છે. પહેલા, બીજા અને ત્રીજા વિકલ્પોથી તેઓ સમર્જીત હોતા નથી આ પ્રકારના કથનનું કારણ જાણવાની ઇચ્છાથી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે— 'से केणट्ठेणं जाव समज्जिया वि' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે પૃથ્વીકાયિક જીવ અનેક ષટ્કોથી સમર્જીત હોય છે. ૪ અને અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત છે. ૫ પરંતુ તેઓ એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત હોતા નથી ? આ રીતના ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'गोयमा ! जे णं पुढवीकाइया णेगेहिं छक्कएहिं पवेसणगं पविसंति ते णं पुढवीकाइया छक्केहिं समज्जिया' જે પૃથ્વીકાયિકો અનેક ષટ્કોથી તથા બીજા જઘન્યથી એક પ્રવેશનકથી અથવા બે પ્રવેશનકથી અથવા ત્રણ પ્રવેશનકથી અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકથી પ્રવેશ કરે છે. 'ते णं पुढवीकाइया छक्केहि य नो छक्केण य समज्जिया' તે પૃથ્વીકાયિક અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે. એ પ્રમાણેના કહ્યા છે. 'से तेणट्ठेणं जाव समज्जिया वि' એજ કારણથી હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે તેઓ ચોથા અને પાંચમા વિકલ્પવાળા હોય છે. 'एवं जाव वणस्सइकाइया' જે રીતે પૃથ્વીકાયિક અનેક ષટ્કોથી સમર્જીત અને એક નો ષટ્કથી કહ્યા છે, એજ રીતે અપ્કાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીના એકેન્દ્રિય જીવો પણ અનેક ષટ્કોથી સમર્જીત અને અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત કહેવાય છે. એજ રીતે અહિયાં પણ ચોથો અને પાંચમો એ બેજ વિકલ્પો થાય છે, ષટ્ક સમર્જીત એવો પહેલો વિકલ્પ, નો ષટ્ક સમર્જીત એવો બીજો વિકલ્પ એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત એવો ત્રીજો વિકલ્પ આ ત્રણે વિકલ્પો અહિયાં સંભવતા નથી. 'बेइंदिया जाव वेमाणिया सिद्धा जहा नेरइया' જે રીતે નારકીય જીવો ષટ્ક અને નો ષટ્ક વિગેરે પાંચ વિકલ્પોથી સમર્જીત કહ્યા છે, એજ રીતે બેઇન્દ્રિયથી લઈને વૈમાનિક સુધીના જીવો અને સિદ્ધ જીવો એ બધા ષટ્ક નો ષટ્ક વિગેરે પાંચે વિકલ્પોથી સમર્જીત હોવાનું કહેલ છે.

હવે સૂત્રકાર તેમના અલ્પપણા અને બહુપણાનું કથન કરે છે. 'एएसि णं भंते ! नेरइयाणं' આ નારકીયોમાં જે ષટ્ક સમર્જીત છે, નો ષટ્ક સમર્જીત છે, એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત છે, અનેક ષટ્કોથી સમર્જીત છે, અને અનેક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત છે, તેઓ

કોણ કોનાથી અધિક છે? કોણ કોની બરાબર છે? કોણ કોનાથી વિશેષાધિક છે? એ રીતે આ અલ્પપણા અને બહુપણા વિશે પ્રશ્ન છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा! सव्वत्थोवा नेरइया छक्कसमज्जिया' હે ગૌતમ! નારકીય જીવો સૌથી કમ ષટ્ક સમર્જીત છે. તેમની અપેક્ષાએ એ 'नो छक्कसमज्जिया संखेज्जगुणा' નો ષટ્ક સમર્જીત જે નારકો છે, તેઓ સંખ્યાતગણા અધિક છે. અર્થાત્ પહેલાની અપેક્ષાએ બીજા સંખ્યાતગણા અધિક છે. 'छक्केहि य समज्जिया असंखेज्जगुणा' અનેક ષટ્કોથી સમર્જીત નારકીયો પહેલાની અપેક્ષાએ અસંખ્યાતગણા અધિક છે. 'छक्केहि य नो छक्केण य समज्जिया संखेज्जगुणा' અનેક ષટ્કોથી સમર્જીત અને એક નો ષટ્કથી સમર્જીત નૈરયિક પહેલાની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક હોય છે તથા સૌની અપેક્ષાથી અલ્પ ષટ્ક સમર્જીત છે. અને સૌની અપેક્ષાએ અધિક અનેક ષટ્ક સમર્જીત અને એક નો ષટ્ક સમર્જીત છે. તથા તેની મધ્યના જે છે તે પહેલા પહેલાની અપેક્ષાથી આગળ આગળના અધિક છે. અપેક્ષાએ અલ્પ છે, અને અપેક્ષાએ અધિક છે. આ રીતે કહેવામાં અપેક્ષા ભેદને લઈને અલ્પ, બહુત્વના આલાપકોનો સમાવેશ થાય છે. 'एवं जाव थणियकुमारा' જે રીતે નારકોમાં અપેક્ષા ભેદને લઈને આ અલ્પ બહુપણાનો વિચાર કરવામાં આવ્યો છે, એજ રીતે અસુરકુમારોથી લઈને સ્તનિતકુમાર સુધીના દશ ભવનપતિઓમાં પણ અલ્પપણા અને બહુપણાનો વિચાર સમજવો. એ રીતે બધાની અપેક્ષાએ અલ્પ ષટ્ક સમર્જીત સ્તનિતકુમાર છે, અને તેઓની અપેક્ષાએ નો ષટ્ક સમર્જીત સ્તનિતકુમાર સંખ્યાતગણા અધિક છે. તેઓની અપેક્ષાએ એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત સ્તનિતકુમાર સંખ્યાતગણા અધિક છે. તેઓની અપેક્ષાએ અસંખ્યાતગણા અધિક અનેક ષટ્કોથી સમર્જીત સ્તનિતકુમાર છે. તેમની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક અનેક ષટ્કોથી સમર્જીત અને એક નો ષટ્કથી સમર્જીત સ્તનિતકુમાર છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-ષટ્ક સ્થાનની એકતાથી નારકથી લઇને સ્તનિતકુમાર સુધીના પહેલાના જીવો અલ્પ છે, નો ષટ્ક સ્થાનોનું બહુપણું હોવાથી નારકથી લઇને સ્તનિતકુમાર સુધીના બીજા સ્થાનના જીવો સંખ્યાતગણા છે, ત્રીજા, ચોથા અને પાંચમાં સ્થાનોમાં પ્રત્યેક સ્થાનના બહુપણાથી સૂત્રોક્ત બહુપણું છે. તેમ સમજવું અથવા વસ્તુ સ્વભાવથી તેમ છે. તેમ સમજવું.

હવે ગૌતમસ્વામી પૃથ્વીકાયિક વિગેરેનું અલ્પ બહુપણું જાણવા માટે પ્રભુને પૂછે છે કે–'एएसि णं भंते! पुढवीकाइयाणं छक्केहिं समज्जियाणं' હે ભગવન્ અનેક ષટ્કોથી સમર્જીત પૃથ્વીકાયિકો અને 'छक्केहि य नो छक्केणय समज्जियाणं' અનેક

ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત—અર્થાત્ આ બે વિકલ્પોથી સમર્જીત પૃથ્વીકાયિકોમાં 'कयरे कयरेहिंतो' કોણુ કોનાથી વિશેષાધિક છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'गोयमा! सव्वत्थोवा पुढवीकाइया छक्केहिं समज्जिया' હે ગૌતમ! જે અનેક ષટ્ક સમર્જીત છે, તેવા પૃથ્વિ-કાયિકો સૌથી ઓછા છે. અને તેમની અપેક્ષાએ જે અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત છે, તેઓ સંખ્યાતગણા અધિક છે. આ રીતે બધાની અપેક્ષાએ અલ્પ ચોથા વિકલ્પવાળા પૃથ્વીકાયિક જીવો છે. અને તેમનાથી સંખ્યાતગણા અધિક પાંચમા વિકલ્પવાળા પૃથ્વીકાયિક જીવો છે 'एवं जाव वणस्सइकाइयाणं' એજ રીતે યાવત્ વનસ્પતિકાયિકનું અલ્પપણુ અને બહુપણુ સમજવું. અર્થાત્ જે પ્રમાણે પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવોનું અલ્પ બહુપણું કહ્યું છે, એજ રીતે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક એક ઇન્દ્રિયવાળા જીવોનું પણ અલ્પ બહુપણુ સમજી લેવું તેમાં અનેક ષટ્કોથી સમર્જીત—અનેક ષટ્કની સંખ્યામાં ઉત્પન્ન થયેલા વન-સ્પતિકાયિક જીવો સર્વથી કમ—અલ્પ છે. અને જે અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત—એકથી લઇને પાંચ સુધીની સંખ્યામાં ઉત્પન્ન થયેલ વનસ્પતિકાયિક જીવો છે, તેઓ પહેલાંની અપેક્ષાથી સંખ્યાતગણા અધિક હોય છે. આજ પ્રમાણેનું અલ્પ બહુપણુ અપ્કાયિક, તેજસ્કાયિક, અને વાયુકાયિક જીવોનું પણ સમજવું. 'बेइंदियाणं जाव वेमाणियाणं जहा नेरइयाणं' તથા બે ઇંદ્રિયોથી લઇને વૈમાનિક સુધીના ષટ્ક સમર્જીત જે જીવો છે. તેઓનું અલ્પ અને બહુપણુ નારક જીવોના અલ્પ બહુપણાની જેમ સમજવું. એ રીતે ષટ્ક સમર્જીત જે બે ઇન્દ્રિય જીવો છે. તેઓ સૌથી અલ્પ હોય છે. નોષટ્ક સમર્જીત જે બે ઇન્દ્રિય જીવો છે, તેઓ પહેલાની અપેક્ષાથી સંખ્યાત-ગણા અધિક છે. એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત જે બે ઇન્દ્રિય જીવો છે, તે પહેલાની અપેક્ષાથી સંખ્યાતગણા અધિક છે. અનેક ષટ્ક સમર્જીત દ્વીન્દ્રિય જીવો સંખ્યાતગણા છે. અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત જે બે ઇન્દ્રિય જીવો છે, તેઓ તેમની અપેક્ષાથી સંખ્યાતગણા અધિક છે. આ રીતે સૌની અપેક્ષાએ ષટ્ક સમર્જીત જે બે ઇન્દ્રિયવાળા જીવો છે, તેઓ સૌથી અલ્પ હોય છે, અને અનેક ષટ્કોથી સમર્જીત તથા એક નો ષટ્કથી સમર્જીત જે બેઇન્દ્રિય જીવો છે તેઓ સંખ્યાતગણા અધિક હોય છે. તથા મધ્યમાં રહેલા જે બે ઇન્દ્રિય જીવો છે, તેઓ પરસ્પરની અપેક્ષાથી જઘન્યથી અલ્પ પણ છે, અને

બહુ પણુ છે, એજ રીતે ત્રણુ ઇન્દ્રિયવાળા જીવોથી લઈને વૈમાનિક સુધીના ષટ્કાદિ સમર્જીત જે જીવો છે, તેઓનું અલ્પ બહુપણુ સમજી લેવું. તેના અભિલાપનો પ્રકાર બધે જ તમામ દંડકોમાં સ્વયં બનાવી સમજી લેવો.

હવે ગૌતમસ્વામી સિદ્ધોના સંબંધમાં અલ્પ બહુપણુ જાણુવા માટે પ્રભુને પૂછે છે કે–'एएसि णं भंते ! सिद्धाणं' ઈત્યાદિ હે ભગવન્ જે સિદ્ધ ષટ્ક સમર્જીત હોય છે, નો ષટ્ક સમર્જીત હોય છે, યાવત્ અનેક ષટ્કો અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે, અહિં યાવત્ પદથી 'षट्केन च नो षट्केन च समर्जितानाम् षट्कैश्च समर्जितानाम्' આ પદો ગ્રહણુ કરાયા છે. આ કથન પ્રમાણે જે સિદ્ધ એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે, અને જે સિદ્ધો અનેક ષટ્કોથી સમર્જિત હોય છે, એવા તે સિદ્ધોમાં કયા કયા સિદ્ધો કોની અપેક્ષાએ અલ્પ છે? કયા સિદ્ધો કોની અપેક્ષાએ અધિક છે? કયા સિદ્ધ કોની અપેક્ષાએ તુલ્ય છે? અને કયા સિદ્ધ કોની અપેક્ષાએ વિશેષાધિક છે? એ પ્રકારના સિદ્ધના અલ્પ બહુત્વ સંબંધી આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–'गोयमा ! सव्वत्थोवा सिद्धा छक्केहि य नो छक्केण य समज्जिया' હે ગૌતમ! સૌથી અલ્પ તે સિદ્ધો હોય છે, કે જેઓ અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે. 'छक्केहिय समज्जिया संखेज्जगुणा' તથા જે સિદ્ધો કેવળ અનેક ષટ્કોથી સમર્જીત હોય છે, એવા તે સિદ્ધો પાંચમા વિકલ્પવાળા સિદ્ધોની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક હોય છે. 'छक्केण य नो छक्केण य समज्जिया संखेज्जगुणा' જે સિદ્ધો એક ષટ્કથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે, તે સિદ્ધો ચોથા વિકલ્પવાળા સિદ્ધો કરતાં સંખ્યાતગણા અધિક હોય છે. 'छक्कसमज्जिया संखेज्जगुणा' જે સિદ્ધો છક્ક–ષટ્ક સમર્જીત હોય છે, તે સિદ્ધો સંખ્યાતગણા અધિક હોય છે. 'नो छक्कसमज्जिया संखेज्जगुणा' તથા જે સિદ્ધો નો ષટ્ક સમર્જીત હોય છે, તે સિદ્ધો સંખ્યાતગણા અધિક હોય છે. આ રીતે બધાની અપેક્ષાએ અલ્પ તે સિદ્ધો હોય છે કે જે અનેક ષટ્કોથી અને એક નો ષટ્કથી સમર્જીત હોય છે, એવં સૌની અપેક્ષાએ અધિક તે સિદ્ધો હોય છે કે જે સિદ્ધો નો ષટ્કથી સમર્જીત હોય છે. પાંચમા વિકલ્પવાળા સિદ્ધોની અપેક્ષાએ ચોથા વિકલ્પવાળા સિદ્ધો અધિક હોય છે. ચોથા વિકલ્પવાળા સિદ્ધોની અપેક્ષાએ ત્રીજા વિકલ્પવાળા સિદ્ધો અધિક હોય છે. અને ત્રીજા વિકલ્પવાળા સિદ્ધા કરતાં પહેલા વિકલ્પવાળા સિદ્ધો અધિક હોય છે. ॥ સૂ૦ ૩ ॥

આ રીતે ષટ્ક સૂત્રનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર દ્વાદશ સૂત્રનું નિરૂપણ કરે છે. 'नेरइया णं भंते ! किं बारससमज्जिया' ઇત્યાદિ

ટીકાર્થ—એક સમયમાં ૧૨ બારની સંખ્યાથી જેઓ ઉત્પન્ન થાય છે તેઓ દ્વાદશ સમર્જીત કહેવાય છે. આ વિષયમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ નારકીય જીવો શું દ્વાદશ સમર્જીત હોય છે? અર્થાત્ એકજ સમયમાં બાર ૧૨ નારકો એક સાથે ઉત્પન્ન થઈ શકે છે? 'नो बारससमज्जिया वा' અથવા નો બારસ સમર્જીત હોય છે? અર્થાત્ એકથી લઇને અગ્યાર સુધીની સંખ્યા પૈકી કોઈપણ એક સંખ્યાથી સમર્જીત હોય છે? અર્થાત્ ઉત્પન્ન થાય છે? અથવા 'बारसएण य नो-बारसएण य समज्जिया।३।। એક બારની સંખ્યામાં અને એક નો બારની સંખ્યામાં ઉત્પન્ન થાય છે?૩ નો દ્વાદશ સમર્જીત શબ્દનો અર્થ એકથી લઈને ૧૧ અગ્યારની સંખ્યા પૈકી કોઈપણ એક સંખ્યામાં ઉત્પન્ન થવું તેનું નામ નો દ્વાદશ સમર્જીત છે. અથવા 'बारसेहिं समज्जिया' એક સમયમાં તેઓ અનેક દ્વાદશોની સંખ્યામાં ઉત્પન્ન થાય છે? અથવા 'बारसेहिंय नो बारसएण य समज्जिया'૫ એક સમયમાં અનેક બારની સંખ્યામાં તથા એકથી લઇને ૧૧ અગીયાર સુધીની કોઈપણ એક સંખ્યામાં ઉત્પન્ન થાય છે? આ રીતે ગૌતમસ્વામીએ નારકોની ઉત્પત્તિના સંબંધના પાંચ પ્રશ્નો ભગવાનને પૂછયા છે, આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! नेर-इया बारससमज्जिया वि जाव बारसएहिं य नो बारसएण य समज्जिया वि' હે ગૌતમ! નારકો દ્વાદશ સમર્જીત હોય છે.૧, નો દ્વાદશ સમર્જીત પણ હોય છે.૨, એક દ્વાદશથી અને એક નો દ્વાદશથી પણ સમર્જીત હોય છે.૩, દ્વાદશકોથી પણ સમર્જીત હોય છે૪, અનેક દ્વાદશકોથી અને એક નો દ્વાદશથી પણ સમર્જીત હોય છે. ૫, અહિં યાવત્પદથી બીજા ત્રીજા અને ચોથા વિકલ્પનો સંગ્રહ થયો છે.

હવે ગૌતમસ્વામી દ્વાદશ વિગેરે અવસ્થામાં સમર્જીતપણાનું કારણ જાણવાની ઇચ્છાથી પ્રભુને એવું પૂછે છે કે–'से केणट्ठेणं जाव समज्जिया वि०' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે–નારક જીવો દ્વાદશ સમર્જીત૧ નો દ્વાદશ સમર્જીત૨, એક દ્વાદશથી અને એક નો દ્વાદશથી સમર્જીત૩ અનેક દ્વાદશોથી સમર્જીત૪, અને અનેક દ્વાદશોથી અને એક નો દ્વાદશથી પણ સમર્જીત હોય છે. ૫, અહિયાં યાવત્પદથી 'भदन्त' એ શબ્દથી લઇને 'द्वादशकैश्च नो द्वादशकेन च' આટલા સુધીના આ તમામ પદોનો સંગ્રહ થયો છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! जे णं नेरइया' જે નારકીયો 'बारसएणं पवेसणएणं पविसंति' દ્વાદશ પ્રવેશનકથી પ્રવેશ કરે છે, અર્થાત્ એક સમયમાં બારની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. 'ते णं नेरइया बारस-

समज्जिया' તે કારણથી તે નારકીયો દ્વાદશ સમર્જીત કહેવાય છે. 'जे णं नेरइया जहन्नेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति' જે નારકીયો જઘન્યથી એક પ્રવેશનકથી અથવા બે પ્રવેશનકથી અગર ત્રણ પ્રવેશનકથી અને ઉત્કૃષ્ટથી ૧૧ અગીયાર પ્રવેશનકથી પ્રવિષ્ટ થાય છે, તે નૈરયિકો નો દ્વાદશ સમર્જીત કહેવામાં આવ્યા છે. 'जे णं नेरइया बारसएणं अन्नेण य जहन्नेणं एक्केण वा दोहिं वा, तीहिं वा उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं नेरइया बारसएण य नो बारसएण य समज्जिया३' જે નૈરયિકો એક સમયમાં ૧૨ બાર અને જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી અગિયાર પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે નારકીયો દ્વાદશ અને નો દ્વાદશ સમર્જીત કહેવાય છે. 'जे णं नेरइया णेगेहिं बारसएहिं पवसणगं पविसंति' જે નૈરયિકો અનેક ૧૨ બારની સંખ્યામાં પ્રવેશ કરે છે, 'ते णं नेरइया बारसएहिं समज्जिया४' તે નારકીયો અનેક દ્વાદશ સમર્જીત છે. 'जे णं नेरइया णेगेहिं बारसएहिं अन्नेण य जहन्नेणं एगेण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं एगारसएणं पवेसणएणं पविसंति ते णं नेरइया बारसएहिं य नो बारसएण य समज्जिया५' જે નારકીયો એક સમયમાં અનેક ૧૨ બારની સંખ્યામાં, અને જઘન્યથી એક, બે અથવા ત્રણની સંખ્યામાં પ્રવેશ કરે છે, અને ઉત્કૃષ્ટથી ૧૧ અગીયારની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નારકીયો અનેક દ્વાદશ સમર્જીત અને એક નો બારસ સમર્જીત કહેવાય છે. 'से तेणट्ठेण जाव समज्जिया' તે કારણે હે ગૌતમ મેં એવું કહ્યું છે કે-નારકીયો બારની સંખ્યામાં સમર્જીત હોય છે ૧ નો દ્વાદશ સમર્જીત હોય છે. ૨ એક દ્વાદશની સંખ્યાથી અને એક નો દ્વાદશની સંખ્યાથી સમર્જીત હોય છે. ૩ અનેક બારની સંખ્યાથી સમર્જીત હોય છે ૪ અને અનેક બારની સંખ્યાથી અને એક નો દ્વાદશની સંખ્યાથી સમર્જીત હોય છે. ૫

'एवं जाव थणियकुमारा' જે રીતે આ નારકોમાં દ્વાદશ વિગેરેથી સમર્જીત કહેવામાં આવેલ છે. એજ રીતે અસુરકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીમાં પણ દ્વાદશ વિગેરે પાંચે પ્રકારથી સમર્જીત હોવાનું સમજવું. 'पुढवीकाइयाणं पुच्छा' હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ પૃથ્વીકાયિક જીવો શું દ્વાદશ સમર્જીત હોય છે ૧, અથવા નો દ્વાદશ સમર્જીત હોય છે ૨, અથવા એક દ્વાદશથી અને એક નો દ્વાદશથી સમર્જીત હોય છે? ૩, અથવા અનેક દ્વાદશોથી સમર્જીત હોય છે? ૪, અથવા અનેક દ્વાદશોથી અને એક નો દ્વાદશથી સમર્જીત હોય છે? ૫, આ રીતે એ ૫ પાંચ પ્રશ્નો છે-આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને એવું કહે છે કે-

હે ગૌતમ ! 'पुढवीकाइया नो बारससमज्जिया' પૃથ્વીકાયિકો દ્વાદશ સમર્જીત હોતા નથી ૧ 'नो नो बारससमज्जिया' નોદ્વાદશ સમર્જીત પણ હોતા નથી ૨ 'नो बारसएण य नो बारसएणय समज्जिया३' તેમજ એક દ્વાદશ અને એક નો દ્વાદશથી સમર્જીત હોતા નથી ૩ આ રીતે આ ત્રણે ભંગોનો તેઓમાં નિષેધ કરેલ છે, તથા તે પૃથ્વીકાયિક જીવો 'बारसेहिं समज्जिया४' અનેક દ્વાદશોથી સમર્જીત હોય છે. અર્થાત્ એક સમયમાં અનેક ૧૨ બારની સંખ્યામાં તેઓ એક સાથે ઉત્પન્ન થઈ જાય છે. તેથી તેઓને અનેક દ્વાદશોથી સમર્જીત કહ્યા છે. તથા 'बारसेहि य नो बारसएण य समज्जिया वि' એ પૃથ્વીકાયિક જીવો અનેક દ્વાદશોની સંખ્યાથી એક સમયમાં ઉત્પન્ન થઈ જાય છે. તથા નો દ્વાદશથી પણ ઉત્પન્ન થાય છે. તેથી તેઓ અનેક દ્વાદશની સંખ્યાઓથી અને એક નો દ્વાદશથી પણ સમર્જીત કહેવામાં આવ્યા છે. આ રીતે અહિયાં પહેલા, બીજા અને ત્રીજા વિકલ્પોનો નિષેધ અને ચોથા અને પાંચમાં વિકલ્પનું સમર્થન કરેલ છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते ! जाव समज्जिया वि' હે ભગવન્ આપ એવું શા કારણે કહો છો કે પૃથ્વીકાયિકો દ્વાદશ સમર્જીત હોતા નથી તથા નો દ્વાદશ સમર્જીત પણ હોતા નથી ૨ તેમજ એક દ્વાદશથી અને એક નો દ્વાદશથી સમર્જીત પણ હોતા નથી. ૩ પરંતુ અનેક દ્વાદશોથી અને અનેક દ્વાદશોથી તથા એક નો દ્વાદશથી સમર્જીત હોય છે ? ૫ આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! जे णं पुढवीकाइया णेगेहिं बारसेहिं पवेसणगं पविसंति' હે ગૌતમ ! પૃથ્વીકાયિકો અનેક ૧૨ બારની સંખ્યામાં પ્રવેશ કરે છે તેથી તે પૃથ્વીકાયિકોને અનેક દ્વાદશોથી સમર્જીત કહ્યા છે. ૪ 'जे णं पुढवीकाइया णेगेहिं बारसेहिं अन्नेण य जहण्णेणं एकेण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं पुढवीकाइया बारसएहिं य नो बारसएण य समज्जिया' તથા જે પૃથ્વીકાયિકો અનેક દ્વાદશોની સંખ્યાથી પ્રવેશ કરે છે, તેઓ જઘન્યથી એક, બે અગર ત્રણની સંખ્યામાં પ્રવેશ કરે છે અને ઉત્કૃષ્ટથી ૧૧ ની સંખ્યાથી પ્રવેશ કરે છે. તે કારણથી પૃથ્વીકાયિકોને અનેક દ્વાદશોથી સમર્જીત કહ્યા છે. અને અનેક દ્વાદશોથી તથા એક નો દ્વાદશથી સમર્જીત કહ્યા છે. ૪ અહિયાં યાવત્પદથી નિષેધ કરેલ પહેલાના ત્રણ ભંગો ગ્રહણ કરાયા છે. 'एवं जाव वणस्सइकाइयाणं वि' અહિયાં યાવત્ પદથી અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિકો ગ્રહણ કરાયા છે. તે કારણથી અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જે જીવો છે, તેઓ

પણ દ્વાદશ સમર્જીત હોતા નથી. નો દ્વાદશ સમર્જીત હોતા નથી અને એક દ્વાદશથી અને એક નો દ્વાદશથી પણ સમર્જીત હોતા નથી. પરંતુ તેઓ અનેક દ્વાદશોથી સમર્જીત હોય છે. 'बेइंदिया जाव सिद्धा जहा नेरइया' બેઇંદ્રિય યાવત્ સિદ્ધો નારકોની જેમજ છે. અર્થાત્ જે રીતે નારકોમાં દ્વાદશ વિગેરેથી સમર્જીત સંબંધી પાંચે વિકલ્પો થાય છે એજ રીતે દ્વીન્દ્રિયોથી લઇને સિદ્ધ પર્યન્તના જીવોમાં પણ દ્વાદશાદિ સમર્જીત વિષયના પાંચે ભંગો થાય છે. તેમ સમજવું.

હવે સૂત્રકાર આ જીવોના દ્વાદશાદિ સમર્જીત વિકલ્પોમાં અલ્પ બહુ-પણાનું કથન કરે છે. 'एएसि णं भंते नेरइयाणं बारससमज्जियाणं' દ્વાદશ સમર્જીત વિગેરે વિકલ્પોવાળા આ નારકીયોનું તથા 'सव्वेसिं' બધા જ અસુરકુમારોથી લઈને સ્તનિતકુમાર સુધીના ભવનપતિયોનું તથા પૃથ્વી-કાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીના જીવોનું તથા બે ઇન્દ્રિયથી લઈને સિદ્ધ સુધીના જીવોનું બે ઇન્દ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇન્દ્રિય તિર્યંચ પંચે-ન્દ્રિય મનુષ્ય અને સિદ્ધોનું અર્થાત્ આ બધાનું અલ્પપણું અને બહુપણું 'जहा छक्कसमज्जियाणं' જેવી રીતે ષટ્કાય સમર્જીત પ્રકરણમાં અલ્પપણું અને બહુપણું કહ્યું છે. એજ પ્રમાણે સમજી લેવું. આમાં જે વિશેષતા છે, તે ષટ્કની જગ્યાએ 'દ્વાદશ' એ પદનો પ્રયોગ કરવો એજ વિશેષપણું છે. અર્થાત્-ષટ્ક સમર્જીતના પ્રકરણમાં જેમ ષટ્કનો પ્રયોગ કરેલ છે, એજ રીતે અહિયાં ષટ્કની જગ્યાએ 'દ્વાદશ' પદનો પ્રયોગ કરીને અભિલાપ બનાવી લેવો તે સિવાયના બાકીના કથનમાં કાંઈ જ ફેરફાર નથી. બધુ જ કથન ષટ્ક સમર્જીત પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ છે.

હવે સૂત્રકાર ૮૪ ચોર્યાશી સમર્જીત સૂત્રનું કથન કરે છે. 'नेरइया णं भंते !' હે ભગવન્ નારકો એક સમયમાં 'किं चुलसीई समज्जिया' ચોર્યાશીની સંખ્યાથી સમર્જીત હોય છે? ઉત્પન્ન થાય છે? અથવા 'नो चुलसीई सम-ज्जिया'૨ એકથી લઇને ૮૩ ત્યાસીની સંખ્યા સુધીમાં ઉત્પન્ન થાય છે? ૨, ચોર્યાશીની સંખ્યામાં અને નો ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે? ૩ અથવા 'चुलसीहिं समज्जिया'૪, અનેક ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે? ૪ અથવા 'चुलसीइहिं य नो चुलसीइए य समज्जिया' અનેક ચોર્યાશીની સંખ્યામાં અને એક નો ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે? આ પ્રમાણેના એ પાંચ પ્રશ્નો છે, આ પૈકી કયો વિકલ્પ સંમત છે, એ વાત બતાવવાને પ્રભુ ઉત્તર

રૂપે ગૌતમસ્વામીને કહે છે કે-'ગોયમા ! નેરઇયા ચુલસીઇ સમજ્જિયા વિ જાવ ચુલસીઇહિય નો ચુલસીઈય સમજ્જિયા વિ' હે ગૌતમ ! નારકીયો એક સમયમાં ચોર્યાશી સમર્જીત પણ હોય છે, યાવત્ અનેક ચોર્યાશીની સંખ્યામાં અને એક નો ચોર્યાશીની સંખ્યામાં પણ તેઓ સમર્જીત હોય છે, અહિંયા યાવત્ પદથી 'નો ચતુરશીતિ સમર્જિતાઃ૨' ચતુરશીત્યા ચ નો ચતુરશીત્યા ચ સમર્જિતાઃ૩, ચતુરશીતિમિશ્ચ સમર્જિતાઃ૪' આ ત્રણ વિકલ્પો ગ્રહણ કરાયા છે. આ ઉત્તરવાકયના કથનનું તાત્પર્ય એ છે કે-નારકીયો પાંચે વિકલ્પોથી યુક્ત હોય છે. અર્થાત્ પાંચે વિકલ્પોવાળા હોય છે.

હવે ગૌતમસ્વામી આ વિષયમાં કારણ જાણવાની ઈચ્છાથી પ્રભુને પૂછે છે કે-'સે કેણટ્ઠેણં ભંતે એવં વુચ્ચઇ જાવ સમજ્જિયા વિ' હે ભગવન્ આપે એવું શા કારણથી કહ્યું છે કે-નારકીયો ૮૪ ચોર્યાશી વિગેરે પાંચે વિકલ્પોથી સમર્જીત હોય છે ? અર્થાત્ તેઓ ચોર્યાશી સમર્જીત પણ હોય છે ? નો ચતુરશીતિ સમર્જીત પણ હોય છે ? ૨ ચોર્યાશીથી અને નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે ૩ અનેક ચોર્યાશીયોથી પણ સમર્જીત હોય છે. ૪ તથા અનેક ચોર્યાશીયોથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે ? તો આપના આ રીતના કથનમાં શું કારણ છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-'ગોયમા ! જે ણં નેરઇયા ચુલસીઈએણં પવેસણએણં પવિસંતિ' હે ગૌતમ ! નારકીયો એક સમયમાં ચોર્યાશીની સંખ્યામાં સમર્જીત-ઉત્પન્ન થાય છે. તે કારણથી તે નારકીયો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. 'જે ણં નેરઇયા જહણ્ણેણં એગેણં વા દોહિં વા તીહિં વા, ઉક્કોસેણં તેસીઇપવેસણએણં પવિસંતિ' જે નારકીયો જઘન્યથી એક સંખ્યામાં અથવા બે સંખ્યામાં અથવા ત્રણ સંખ્યામાં એક સમયમાં પ્રવેશ કરે છે-અર્થાત્ જે નારકીયો ઓછામાં ઓછા એક સમયમાં એક ઉત્પન્ન થાય છે. અગર બે ઉત્પન્ન થાય છે, અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી ૮૩ ત્યાસીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, અર્થાત્ ત્યાશી ઉત્પન્ન થાય છે.-તે નારકીયો નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. ૨ 'જે ણં નેરઇયા ચુલસીઇએણં અન્નેણ ય જહણ્ણેણ એગેણ વા દોહિં વા તીહિં વા, ઉક્કોસેણં તેસીઇએણં પવેસણએણં પવિસંતિ' જે નૈરયિકો એક સમયમાં ૮૪ ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, તથા જઘન્યથી એક સમયમાં એક અથવા બે અથવા ત્રણ સંખ્યામાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી ૮૩ ત્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તે નારકીયો ૮૪ ચોર્યાશી અને નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. ૩ 'જે ણં નેરઇયા ણેગેહિં ચુલસીઇએહિં પવેસણગં પવિસંતિ, તે ણં નેરઇયા ચુલસીઇએહિં સમજ્જિયા' જે નૈરયિકો અનેક ચોર્યાશીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નારકીયો અનેક ચોર્યાશીથી સમર્જીત

કહેવાય છે. 'जे णं नेरइया एगेहिं चुलसीइएहिय अन्नेण य जहण्णेणं एगेणं वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं तेसीइएणं पवेसणएणं पविसंति-ते णं नेरइया चुलसीइहि य नो चुलसीईए य समज्जिया' જે નારકીયો અનેક ચોર્યાશીની સંખ્યામાં તથા જઘન્યથી એક બે અથવા ત્રણની સંખ્યામાં અને ઉત્કૃષ્ટથી વ્યાશીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નારકીયો અનેક ચોર્યાશી સમર્જીત અને એક નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. 'से तेणट्ठेण जाव समज्जिया' એ કારણે હે ગૌતમ! મેં એવું કહ્યું હતું કે-નારકીયો ચોર્યાશી સમર્જીત હોય છે. ૧ નો ચોર્યાશી સમર્જીત હોય છે ૨, એક ચોર્યાશીથી સમર્જીત અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે. ૩, અનેક ચોર્યાશી સમર્જીત હોય છે. ૪ અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે. 'एवं जाव थणियकुमारा' નારકોની જેમ જ અસુરકુમારોથી લઇને સ્તનિતકુમાર સુધીના ભવનપતિયોને ચોર્યાશી સમર્જીત વિગેરે પાંચે વિકલ્પોથી યુક્ત સમજવા. 'पुढवीकाइया तहेव पच्छिल्लएहिं दोहिं' પૃથ્વીકાયિક જીવોના બાર સમર્જીત સૂત્રની માફક પાછલા બે વિકલ્પો એટલે ચોથો અને પાંચમો એ બે વિકલ્પો એટલે કે-અનેક ચોરાસીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, ૪ તથા અનેક ચોર્યાશીની સંખ્યામાં અને એક નો ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. ૫ આ પ્રકારના આ બે વિકલ્પો થાય છે. તેમ સમજવું.

હવે બાર સમર્જીત સૂત્રની અપેક્ષાએ આ કથનમાં જે જુદાપણું છે, તે સૂત્રકાર 'नवरं' વિગેરે પદ દ્વારા બતાવે છે.-આ પદથી સૂત્રકારે એ બતાવ્યું છે કે-જે રીતે બાર સમર્જીત સૂત્રમાં 'द्वादशकेन समर्जिताः' એ પ્રમાણેનું પદ કહ્યું છે, એજ રીતે અહિયાં 'चतुरशीतिकैः' એ પ્રમાણેનું પદ બનાવીને અભિલાપ કહેવો 'एवं जाव वणस्सइकाइया' જે રીતે પૃથ્વીકાયિક જીવોને ચોથો અને પાંચમો વિકલ્પ કહ્યો છે, એજ રીતે અપ્કાયિકથી લઇને વનસ્પતિકાયિક સુધીના જીવોને પણ ચોથો અને પાંચમો વિકલ્પ કહ્યો છે. તે ચોથો અને પાંચમો વિકલ્પ આ પ્રમાણે છે.-'चतुरशीतिकैः समर्जिताः४, चतुरशीतिकैश्च नो चतुरशीत्या च समर्जिताः' અનેક ચોર્યાશીથી સમર્જીત હોય છે. ૪ અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે. ૫ 'बेइंदिया जाव वेमाणिया जहा नेरइया' જે પ્રમાણે ચોર્યાશી સમર્જીત પ્રકરણમાં નારકીયોને પાંચે વિકલ્પોવાળા કહ્યા છે, એજ રીતે બે ઇન્દ્રિય જીવોથી લઈને વૈમાનિક સુધીના જીવો પણ પાંચે વિકલ્પોવાળા સમજવા.

'सिद्धा णं पुच्छा' હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ સિદ્ધ જીવો શું ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા નો ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમર્જીત હોય છે? ૩ અથવા અનેક ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે? ૫, આ રીતના

આ પાંચ પ્રશ્નો છે. આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! सिद्धा चुलसीइ समज्जिया वि १' હે ગૌતમ ! સિદ્ધ જીવો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે, ૧ 'नो चुलसीइ समज्जिया वि २' નો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે. ૨ 'चुलसीईए नो चुलसीईए य समज्जिया वि ३' એક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. ૩ પરંતુ તેઓ 'नो चुलसीईहिं समज्जिया वि ४' અનેક ચોર્યાશીની સંખ્યાથી સમર્જીત-ઉત્પન્ન થતા નથી. ૪ તેમજ અનેક ચોર્યાશી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોતા નથી. ૫ આમાં જે 'अपि' શબ્દનો પ્રયોગ કર્યો છે. તે એ વાત બતાવવા કર્યો છે કે-અહિયાં ભગવાને પૂર્વોક્ત ત્રણ જ ભંગોનો સ્વીકાર કર્યો છે. ચોથા અને પાંચમાં ભંગનો સ્વીકાર કર્યો નથી. તેમજ તે કારણે અહિયાં 'નો' શબ્દનો પ્રયોગ કર્યો છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, जाव समज्जिया वि' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે-સિદ્ધ વિગેરે ચોર્યાશી સમર્જીત વિગેરે ૩ ત્રણ વિકલ્પોવાળા હોય છે. અને અન્તના ચોથો અને પાંચમો વિકલ્પ તેઓને સંભવતો નથી ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! जे णं सिद्धा चुलसीइएणं पवेसणएणं पविसंति तेणं सिद्धा चुलसीइ समज्जिया' હે ગૌતમ ! એક સમયમાં સિદ્ધો એક ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, તે સિદ્ધો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. 'जे णं सिद्धा जहण्णेणं एगेण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं तेसीइएणं पविसंति तेणं सिद्धा नो चुलसीई समज्जिया' જે સિદ્ધો જઘન્યથી એક અગર બે અગર ત્રણની સંખ્યામાં એક સમયમાં ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી ૮૩ ત્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે તે સિદ્ધો નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. ૨ 'जे णं सिद्धा चुलसीइएणं अन्नेण एगेण वा दोहिं वा तीहिं वा०' જે સિદ્ધો ચોર્યાશીની સંખ્યામાં તથા જઘન્યથી એક, બે, અથવા ત્રણની સંખ્યામાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી ૮૩ ત્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તે સિદ્ધો ત્રીજા ભંગવાળા કહેવાય છે. ૩ 'से तेणट्ठेणं जाव समज्जिया' એ કારણથી હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે-સિદ્ધો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે.૧ નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. ૨ તથા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. ૩ આ પ્રમાણે ભગવાને પહેલાના ત્રણ ભંગો જ સિદ્ધોમાં કહયા છે. કેમકે તે ત્રણ જ વિકલ્પો તેમાં સંભવે છે.

૮૩ વ્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે તે સિદ્ધો નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. ૨ 'जे णं सिद्धा चुलसीइएणं अन्नेण एगेण वा दोहिं वा तीहिं वा०' જે સિદ્ધો ચોર્યાશીની સંખ્યામાં તથા જઘન્યથી એક, બે, અથવા ત્રણુની સંખ્યામાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી ૮૩ વ્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તે સિદ્ધો ત્રીજા ભંગવાળા કહેવાય છે. ૩ 'से तेणट्ठेणं जाव समज्जिया' એ કારણુથી હે ગૌતમ! મેં એવું કહ્યું છે કે–સિદ્ધો ચોર્યાશીથી સમર્જીત પણુ હોય છે.૧ નો ચોર્યાશીથી પણુ સમર્જીત હોય છે. ૨ તથા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશીથી પણુ સમર્જીત હોય છે. ૩ આ પ્રમાણે ભગવાને પહેલાના ત્રણુ ભંગો જ સિદ્ધોમાં કહયા છે. કેમકે તે ત્રણુ જ વિકલ્પો તેમાં સંભવે છે.

હવે ગૌતમસ્વામી નારકાદિકોમાં ચોર્યાશી વિગેરે વિકલ્પોના અલ્પ–બહુપણાને જાણુવાની ઇચ્છાથી પ્રભુને એવું પૂછે છે કે–'एएसि णं भंते! नेरइयाणं चुलसीइसमज्जियाणं १, नो चुलसीइसमज्जियाणं २, चुलसीइए य, नो चुलसीइए य समज्जियाणं, चुलसीहिं य समज्जियाणं४ चुलसीइहि य नो चुलसीइए य समज्जियाणं०' હે ભગવન્ ચોર્યાશી સમર્જીત નારકોમાં, નો ચોર્યાશી સમ-ર્જીત નારકોમાં, એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમર્જીત નારકોમાં, અનેક ચોર્યાશી સમર્જીત નારકોમાં ૪ તથા અનેક ચોર્યાશી સમર્જીત અને એક નો ચોર્યાશી સમર્જીત નારકોમાં કયા નારકોથી કયા નારકો અલ્પ છે? કયા નારકો કયા નારકોથી અધિક છે? કયા નારકો કયા નારકોની તુલ્ય છે? અને કયા નારકો કયા નારકોથી વિશેષાધિક છે? આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે–'सव्वेसिं अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं जाव वेमाणियाणं, नवरं अभिलावो चुलसीईओ' હે ગૌતમ! આ બધા જ નારકીયોનું અલ્પ–બહુપણુ છ સમર્જીત નારકો પ્રમાણે સમજી લેવું. અર્થાત્–સૌથી કમ એ નારકો છે કે જે ચોર્યાશી સમર્જીત છે, ૧ તેની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક તે નારકો છે કે જે નો ચોર્યાશી સમર્જીત છે, તેની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક જેઓ એક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમ-ર્જીત છે તે નારકો છે. તેની અપેક્ષાએ જે અનેક ચોર્યાશીથી સમર્જીત નારકો છે તેઓ અસંખ્યાતગણા અધિક છે. તથા તેઓની અપેક્ષાએ જેઓ અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત છે. તેઓ સંખ્યાતગણા અધિક છે. આ પ્રમાણેનું આ કથન કયાં સુધીનું ગ્રહણુ કરવું એ માટે કહેવામાં આવ્યું છે કે–'जाव वेमाणियाणं' આ કથન નારકોની જેમજ ભવન-પતિથી લઈને વૈમાનિક સુધીના જેવું કરવું જોઈએ અર્થાત્ નારકોના અલ્પ–બહુપણાની જેમ જ ભવનપતિથી લઇને વૈમાનિક સુધીના જીવોનું

અલ્પ-અને બહુપણુ સમજી લેવું. તેમાં ફક્ત એટલો જ ફેર છે કે છ સમર્જીતમાં ષટ્ક પદ આવે છે તથા અહિયાં 'ચોર્યાશી' પદ કહેવું જોઇએ આ સિવાય અન્ય કોઇ પ્રકારે ભિન્નતા આવતી નથી.

હવે સૂત્રકાર પ્રભુને એવું પૂછે છે કે-'एएसि णं भंते ! सिद्धाणं, चुलसीइसमज्जियाणं, नो चुलसीइसमज्जियाणं, चुलसीईए य, नो चुलसीईए य, समज्जियाणं' હે ભગવન્ સિદ્ધોમાં જે આ ત્રણ વિકલ્પો કહ્યા છે, જેમકે-એક ચોર્યાશી સમર્જીત સિદ્ધ ૧ નો ચોર્યાશી સમર્જીત સિદ્ધ ૨ તથા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમર્જીત સિદ્ધ ૩ આ સિદ્ધોમાં કયા સિદ્ધોની અપેક્ષાએ કયા સિદ્ધો અલ્પ છે? કયા સિદ્ધો કયા સિદ્ધોથી અધિક છે? અને કયા સિદ્ધો કયા સિદ્ધોની બરાબર તુલ્ય છે? અને કયા સિદ્ધો કયા સિદ્ધોથી વિશેષાધિક છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! सव्वत्थोवा सिद्धा चुलसीईए य नो चुलसीईए य समज्जिया' હે ગૌતમ ! સૌથી કમ સિદ્ધ એક ચોર્યાશીથી અને એ નો ચોર્યાશીથી સમર્જીત છે અર્થાત્ ત્રીજા વિકલ્પવાળા સિદ્ધ સૌથી અલ્પ કમ છે. તેની અપેક્ષાએ 'चुलसीइसमज्जिया' ચોર્યાશી સમર્જીત સિદ્ધ અનન્તગણા છે. અર્થાત્ પહેલા વિકલ્પવાળા સિદ્ધો અનંતગણા છે. અને તેઓની અપેક્ષાએ જે સિદ્ધો 'नो चुलसीइसमज्जिया' જેઓ નો ચોર્યાશી સમર્જીત છે તેઓ અનંતગણા છે. આ બીજા વિકલ્પવાળા સિદ્ધો છે. આ રીતે સૌથી ઓછા ત્રીજા વિકલ્પવાળા સિદ્ધો છે. બીજા વિકલ્પવાળા સિદ્ધો સૌથી અધિક છે. તથા પહેલા વિકલ્પવાળા સિદ્ધો અપેક્ષાએ અલ્પ પણ છે. અને અપેક્ષાએ અધિક પણ છે. તેમ સમજવુ

'सेवं भंते ! सेवं भंते त्ति जाव विहरइ' હે ભગવન્ છ સમર્જીત વિગેરે વિષયમાં આપ દેવાનુપ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે સર્વથા સત્ય છે, આપ દેવાનુપ્રિયનું કથન સર્વ પ્રકારે સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા અને વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થઇ ગયા. ॥ સૂ૦ ૪॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના વીસમા શતકનો દસમો ઉદ્દેશક સમાપ્ત ॥૨૦-૧૦॥

આ પ્રમાણે આ ૨૦ વીસમું શતક સમાપ્ત થયું.

卐

## એકવીસમા શતકનો પ્રારંભ—
## પહેલો ઉદ્દેશો

વીસમું શતક કહેવાઇ ગયું હવે અવસરપ્રાપ્ત એકવીસમા શતકનો પ્રારંભ થાય છે. તેમાં જે ઉદ્દેશો અને વર્ગ છે. તેનો સંગ્રહ કરીને બતાવનારી આ ગાથા છે—

सालो १ कल २ अयसि ३ वंसे ४ इक्खू ५ दब्भे य ६ अब्भ ७ तुलसी य, अट्ठे ए दसवग्गा असीति पुण होंति उद्देसा ॥ १ ॥

શાલી વિગેરે ધાન્ય વિશેષ હોય છે. અને તે ઔષધી રૂપ કહેવાય છે. આ શાલિવિગેરે સંબંધી જે દસ ઉદ્દેશાઓ છે, તે આ દસ ઉદ્દેશાત્મક પહેલોવર્ગ છે. આ વર્ગ શાલી શબ્દ થી કહયો છે. આ શતકમાં આઠ વર્ગ છે.

## वर्गस्थ उद्देशे का संग्रह

—પ્રત્યેક વર્ગ માં ૧૦–૧૦ ઉદ્દેશાઓ છે. તે દશ ઉદ્દેશાઓ આ પ્રમાણે છે–'

'मूले १ कंदे २ खंधे ३ तया य ४ साले ५ पवाल ६ पत्ते य ७।
पुप्फे ८ फल ९ बीए १० वि य एक्केक्को होई उद्देसो ॥ १ ॥

મૂળ સંબંધી જે ઉદ્દેશો છે, તે મૂલોદ્દેશ છે. ૧ કંદ સંબંધી જે ઉદ્દેશો છે. તે કન્દોદ્દેશ છે. ૨ સ્કંધ સંબંધી જે ઉદ્દેશો છે, તે સ્કંધ ઉદ્દેશ છે ૩ ત્વચા–છાલ સંબંધી જે ઉદ્દેશો છે તે ત્વચોદ્દેશ અથવા ત્વગુદ્દેશ છે. ૪ શાખા સંબંધી જે ઉદ્દેશો છે તે શાખોદ્દેશક છે. ૫, પ્રવાલ–કૂંપળો સંબંધી જે ઉદ્દેશો છે, તે પ્રવાલોદ્દેશ છે ૬ પત્ર સંબંધી જે ઉદ્દેશો છે, તે પત્રોદ્દેશક છે. ૭ પુષ્પ સંબંધી જે ઉદ્દેશક છે, તે પુષ્પોદ્દેશક છે એજ રીતે ફલ અને બીજ સંબંધી ઉદ્દેશાઓ પણ સમજવા.

કલ નામ કલાયનુ છે, અને તે મટર અથવા વટાણા વાચક હોય છે આ એક પ્રકારનું ધાન્ય–અનાજ હોય છે. આને પણ ઔષધી રૂપ કહ્યું છે. આના સંબંધમાં

બીજો વર્ગ છે. અતસી. અળસીનું નામ છે. આ પણ એક પ્રકારનું ધાન્ય વિશેષ હોય છે. આને પણ ઔષધીરૂપ જ કહ્યું છે તેના સંબંધમાં ત્રીજો વર્ગ છે. વાંસ વિગેરે પર્વવાળી (ગાંઠોવાળી) જે વનસ્પતિ હોય છે, તેને અહિયાં 'वंस' શબ્દથી ગ્રહણ કરેલ છે. તેના સંબંધમાં ચોથો વર્ગ છે. ઈક્ષુ (શેરડી) વિગેરે પર્વવાળી વનસ્પતિ વિશેષના સંબંધમાં પાંચમો વર્ગ છે 'सेडिय मंडिय कोंतिय दब्भे' આ કથન પ્રમાણે દર્ભ પદ ઉપલક્ષણ છે. આ દર્ભ નામના તૃણ વિશેષના સંબંધમાં છટ્ઠો વર્ગ છે અભ્રગી અહિયાં અભ્રરૂહ ગ્રહણ કરેલ છે. જે અભ્ર-વાદળ આકાશમાં ઉગે છે.-ઉત્પન્ન થાય છે. તે અભ્રરૂહ છે. આ અભ્રરૂહને વનસ્પતિ વિશેષરૂપ કહેલ છે. આ અભ્રરૂહ વર્ષાદ વર્ષા રહ્યા પછી ભૂમીની અંદરથી છત્રના આકારથી ઉત્પન્ન થાય છે. આને ભાષામાં છત્રક કે છત્રી કહે છે. આ છત્રક વિગેરે પત્રશાકસંબંધી સાતમોવર્ગ છે. તુળસી વિગેરે લીલી વનસ્પતિ વિશેષના સંબંધમાં આઠમો વર્ગ છે. આ રીતે આ આઠ વર્ગો છે. અને પ્રત્યેક વર્ગમાં દસ દસ ઉદ્દેશ઼ઓ છે આ પ્રમાણે કુલ એંસી ઉદ્દેશાઓ થઈ જાય છે. આ આઠ વર્ગમાં જ ઔષધી વનસ્પતિ વિશેષ શાલી નામનો પહેલો વર્ગ છે, અને તેનો જે પહેલો ઉદ્દેશો છે, તે પહેલા ઉદ્દેશાની હવે વ્યાખ્યા કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'रायगिहे जाव एवं वयासी' ઇત્યાદિ

## ઔષધિ શાલ્યાદિવનસ્પતિ કે મૂલ મેં રહે હુએ જવોં કા નિરૂપણ

ટીકાર્થ-રાજગૃહ નગરના ગુણશિલક નામના ચૈત્ય-ઉદ્યાનમાં ભગવાનને ગૌતમસ્વામીએ યાવત્ આ પ્રમાણે પૂછ્યું.-અહિયાં યાવત્ પદથી આ પ્રમાણેનો પાઠ ગ્રહણ કરવો જોઇએ કે-રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણ થયું. પરિષદ ભગવાનને વંદનાકરવા નગરની બહાર નીકળી. ભગવાને ધર્મકથા કહી. ધર્મદેશના સાંભળીને પરિષદ્ ભગવાનને વંદના કરીને પોતપોતાને સ્થાને પાછી ગઈ તે પછી ગૌતમસ્વામીએ બન્ને હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પૂછ્યું-'अह भंते ! सालिविहीगोधूमजवजवजवाणं' હે ભગવન્ શાલી, વ્રીહી ઘઉં યવત્ જવજવજવક તેને મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, 'ते णं भंते ! कओहिंतो उववज्जंति' તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે. 'किं नेरइएहिंतो जाव उववज्जंति' શું નારકથી આવીને શાલિ વિગેરેમાં ઉત્પન્ન થાય છે? અથવા 'तिरिक्खजोणिएहिंतो वा मणुस्सेहिंतो वा देवेहिंतो वा' તિર્યંચ યોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા મનુષ્ય યોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા દેવગતિથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-जहा वक्कंतीए तहेव उववाओ' હે ગૌતમ! જે પ્રમાણે વ્યુત્ક્રાંતિપદમાં-પ્રજ્ઞાપનાના છટ્ઠા પદમાં જીવોનો ઉપપાત કહેલ છે; એજ રીતે અહિંયા પણ તેનું કથન કરી લેવું. પ્રજ્ઞાપનાના છટ્ઠા પદમાં

આ પ્રમાણે વર્ણન છે, શાલી વિગેરેના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો નરકથી આવીને ઉત્પન્ન થતા નથી, પરંતુ તિર્યંચગતિ અને મનુષ્યગતિથી આવીને ઉત્પન્ન થાય છે, તથા વ્યુત્ક્રાંતિ પદમાં દેવોની ઉત્પત્તી પણ વનસ્પતિયોમાં કહી છે.પરંતુ દેવોની ઉત્પત્તી અહિયાં કહેવાની નથી. કેમકે વનસ્પતિના મૂળમાં દેવોની ઉત્પત્તી હોતી નથી. તેઓની ઉત્પત્તી તો પુષ્પ વિગેરે શુભસ્થાનોમાં જ હોય છે, તેથી એવું કહેવામાં આવ્યું છે. 'नवरं देववज्जं'

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છેકે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવાન્ તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? અર્થાત્ ગત્યન્તરથી આવીને જે જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય છે, તેઓ એક સમયમાં ત્યાંકેટલો ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'जहन्नेणं एक्को वा दोवा तिन्नि वा' હે ગૌતમ જઘન્ય થી એક અથવા બે અથવા ત્રણ જીવો ત્યાં ઉત્પન્ન થાય છે, અને 'उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति' ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. જોકે સામન્યરૂપ થી વનસ્પતિયોમાં પ્રતિસમયે અનન્તાનન્ત જીવોની ઉત્પત્તિ થાય છે. તો પણ શાલી વિગેરેમાં-પ્રત્યેક શરીર હોવાને કારણે જ ધાન્યરૂપથી એક વિગેરે જીવોની જે ઉત્પત્તિ કહી છે, તેમાં કાંઈ જ વિરોધ આવતો નથી. 'अवहारो जहा उप्पलुद्देसे' અગીયારમાં શતકનો જે પહેલો ઉદ્દેશો છે, તે ઉત્પલોદ્દેશક છે, આ ઉત્પલોદ્દેશક માં જીવોનો અપહાર આ પ્રમાણે કહયો છે. 'ते णं भंते ! जीवा समए समए अवहीरमाणा २ केवइयकालेणं अवहीरंति गोयमा ! ते णं असंखेज्जा समए समए अवहीरमाणा २ असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति ते चेव णं अवहिया सिया' ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછ્યું છે કે હે ભગવન્ ઉત્પલ-કમળના જીવો જો ઉત્પલ-કમળમાંથી પ્રત્યેક સમયમાં બહાર કાઢવામાં આવે તો કેટલા-સમયમાં તેમાં થી પૂરે પૂરા બહાર કહાડીશકાય છે, આપ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ કમળના જીવો જો તે કમળથી અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી પ્રત્યેક સમયમાં અસંખ્યાત અસખ્યાતની સંખ્યામાં બહાર કાઢવામાં આવો તો પણ તેઓ તેમાંથી પૂરે પૂરા કહાડી શકાતા નથી. એ પ્રમાણેનું આ કથન અપહાર (બહાર કાઢવાના) ના વિષયમાં અગીયારમાં શતકના પહેલા ઉદ્દેશ નું છે. તો અહિયાં પણ તે પ્રમાણે સમજવું ફક્ત તે કથનથી આકથન માં વિશેષપણું એટલું જ છે, કે ત્યાં ઉત્પલ શબ્દ નો પ્રયોગ કરવામાં આવેલ છે, અને અહિયાં તે સ્થાને શાલી વિગેરે શબ્દનો પ્રયોગ કરવો જોઈ એ.

હવે ગૌતમસ્વામી પ્રભુ ને એવું પૂછે છે કે-'तेसिं णं भंते ! जीवाणं के महालिया सरीरोगाहणा पण्णत्ता' હે ભગવન્ જે જીવો શાલી વિગેરેના મૂળરૂપે ઉત્પન્નથાય છે, તે જીવોના શરીરની અવગાહના-(લંબાઈ પહોળાઈ) કેટલી મોટી કહી છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ! 'जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं धणुहपुहुत्तं' તે જીવોના શરીરની અવગાહના જઘન્યથી તો આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણવાળી કહી છે, અને ઉત્કૃષ્ટ થી ધનુષપૃથક્ત્વ-એ થી લઈને ૯ નવ ધનુષ સુધીની કહી છે. 'ते णं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा, अबंधगा' હે ભગવન્ શાલીવિગેરેમાં ઉત્પન્ન થયેલા તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધકરવાવાળા હોય છે.? અથવા અબન્ધક-બંધ કરવાવાળા હોતા નથી 'जहा उप्पलुद्देसे' હે ગૌતમ! તે જીવો જ્ઞાન વરણીય કર્મનો બંધ કરવાવાળા જ હોય છે, અબંધક હોતાનથી 'एवं जाव अंतराइयस्स' આજ પ્રમાણેનું કથન યાવત્ અંતરાય કર્મના વિષયમાં પણ સમજી લેવું કહેવાનું તાત્પર્ય એ છે કે-તે બધાજ જીવો જ્ઞાનાવરણીય, દર્શન વરણીય, વેદનીય મોહનીય આયુ, નામ, ગોત્ર, અને અન્તરાય આ આઠે કર્મોનો બંધ કરવાવાળા હોય છે. 'एवं वेदेंति' આજ પ્રમાણેનું કથન વેદના સંબંધમાં પણ સમજવું અર્થાત્ તે તમામ જીવો જ્ઞાનાવરણીય કર્મના અવેદક હોતા નથી-પરંતુ વેદકજ હોય છે. 'उदएत्ति' ઉદયના સંબંધમાં પણ આજ પ્રમાણેનું કથન સમજી લેવું. અર્થાત્ તે બધા જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા જ હોય છે ઉદય વિનાના હોતા નથી. 'उदीरणाएवि' આ જ પ્રમાણે ઉદીરણાના સંબંધમાં પણ સમજી લેવું અર્થાત્ તે બધા જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવિનાના (અનુદીરક) હોતા નથી. પરંતુ ઉદીરક-ઉદયવાળા જ હોય છે. આ પ્રમાણે બધે જ દર્શનાવરણીય કર્મથી લઈ ને અન્તરાય સુધીના સાતે કર્મોના સંબધમાં પણ પોતે આલાપકો બનાવી લેવા. આ સંબંધમાં વિશેષ કથન અગીયારમાં શતકના પહેલા ઉત્પલ ઉદ્દેશામાં જોઈ લેવું જોઈએ.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा किं कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा ?' હે ભગવન્ તે જીવો કે જે શાલી વિગેરેના મૂળ વિગેરેમાં ઉત્પન્ન થયેલા છે તે જીવો શું કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, અથવા કાપોતલેશ્યાવાળા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'छव्वीसं भंगा' હે ગૌતમ!, અહિયાં ૨૬ છવ્વીસ ભંગો થાય છે. જે આ પ્રમાણે છે.-કૃષ્ણ, નીલ અને કાપોત આ લેશ્યાઓમાં એકવચન અને બહુવચનમાં અસંયોગી ૩-૩ ભંગો થાય છે. એકવચનના ૩ અને બહુવચન ના ૩ ત્રણ એ પ્રમાણે અસંયોગી છ ૬ ભંગો થાય છે દ્વિક સંયોગમા દરેક ના ચાર-ચાર ભંગો થાય છે. એ રીતે દ્વિકસંયોગી ૧૨ બાર ભંગો થાય છે. ત્રિક સયો-

ગમાં એક વચન અને બહુવચનને લઈને ૮ આઠ ભંગો થાય છે. આ રીતે છવ્વીસ ૨૬ ભંગો થાય છે. તે પૈકી અસંયોગી છ ભંગો આ પ્રમાણે છે. કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો ૧ નીલ લેશ્યાવાળો ૨ અને કાપોતલેશ્યાવાળો હોય છે. આ છ ભંગો–એકવચનના ૩ અને બહુવચનના ૩ ત્રણ મળીને થાય છે. દ્વિક સંયોગી ૧૨ બાર ભંગો આ પ્રમાણે થાય છે.–'कृष्णलेश्यः, नीललेश्यः१' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો અને નીલલેશ્યાવાળો હોય છે ૧ 'कृष्णलेश्यः नीललेश्याः२' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે. અને અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે. ૨ 'कृष्णलेश्याः नीललेश्यः३' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે અને કોઇ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે ૩ 'कृष्णलेश्याः नीललेश्याः४' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અને અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે ૪ આ રીતે દ્વિકસંયોગમાં એકવચન અને બહુવચનને લઇને આ પ્રમાણેના આ ૪ ચાર ભંગો થયા છે. આજ રીતે કૃષ્ણલેશ્યા અને કાપોતલેશ્યાના યોગથી પણ ચાર ભંગો થાય છે. જેમ કે–कृष्णलेश्यः कापोतलेश्यः' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે અને કોઇ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૧ "कृष्णलेश्यः कापोतलेश्याः २' કોઇ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૨ 'कृष्णलेश्याः कापोतलेश्यः ३' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે અને કોઇ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ 'कृष्णलेश्याः कापोत-लेश्याः४' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ આજ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યાના સંયોગથી પણ ૪ ચાર ભંગો થઈ જાય છે. તે આ પ્રમાણે છે–'नीललेश्यः कापातलेश्यः १' કોઇ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૧ 'नीललेश्यः कापोतलेश्याः २' કોઇ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૨' 'नीललेश्याः कापोतलेश्यः३' અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે. અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ 'नीललेश्याः कापोतलेश्याः ४' અનેકજીવો નીલલેશ્યાવાળા અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ આ રીતે આ બાર ભંગો દ્વિકસંયોગમાં પ્રત્યેકના થાય છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, અને કાપોતલેશ્યા, આ ત્રણ લેશ્યાઓના સંયોગથી જે આઠ ભંગો થાય છે, તે આ પ્રમાણે છે. 'कृष्णलेश्यः नीललेश्यः कापोतलेश्यः १' કોઇ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો હોય છે. ૧' 'कृष्ण-लेश्यः नीललेश्यः कापोतलेश्याः २' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યવાળો હોય છે અને અનેક જીવો કાપોત લેશ્યાવાળા હોય છે. ૨ 'कृष्णलेश्यः नीललेश्याः कापोतलेश्यः ३' કોઇ એક જીવ કૃષ્ણ-લેશ્યાવાળો હોય છે. અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે અને કોઇ એક

જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ 'कृष्णलेश्यः नीललेश्याः कापोतलेश्याः ૪' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે. અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ 'कृष्णलेश्यः : नील-लेश्यः कापोतलेश्यः ५' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને કોઈ એક જીવ કાપોત લેશ્યાવાળો હોય છે ૫ 'कृष्णलेश्याः नीललेश्यः कापोतलेश्याः६' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે. અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૬ 'कृष्णलेश्याः नीललेश्याः कापोत्तलेश्यः७' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અનેક જીવો નીલલેશ્યાવાળા અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૭ कृष्णलेश्या : नीललेश्या : कापोत्तलेश्या : ८' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા, અનેક જીવો નીલ લેશ્યાવાળા, અને અનેક જીવો કાપોત લેશ્યાવાળા હોય છે. ૮ આ રીતે આ ત્રણ સંયોગી આઠ ભંગો થાય છે અસંયોગીક છ, દ્વિક-સંયોગીના બાર અને ત્રિકસંયોગી આઠ ભંગ મળી તે કુલ ૨૬ છવ્વીસ ભંગો થાય છે. આ ભંગો બતાવનાર કોષ્ટક ટીકામાં આપ્યું છે તે ત્યાંથી જોઈ લેવું.

'दिट्ठी जाव इंदिया जहा उप्पलुद्देसे' દૃષ્ટિ—યાવત્ ઇંદ્રિયોના સંબંધમાં અગીયારમાં શતકના ઉત્પલ ઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે, એજ રીતે અહિયાં પણ સમજવું. અહિયાં યાવત્ પદથી જ્ઞાન, યોગ, ઉપયોગ. વિગેરેનું ગ્રહણ કરાયું છે દૃષ્ટિની અપેક્ષાએ તે જીવો મિથ્યાદૃષ્ટિ હોય છે, તે અપેક્ષાથી તેઓ અજ્ઞાની હોય છે. યોગની અપેક્ષાએ મનોયોગ, અને વચનયોગના અભાવથી કેવળ કાયયોગી જ હોય છે. ઉપયોગની અપેક્ષાથી તેઓ સાકારો-પયોગી અને નિશકાનોપયોગી હોય છે. આજ પ્રમાણે બાકીનું કથન પણ સમજવું.

વર્ણ વિગેરેના સંબંધમાં, ઉચ્છવાસ વગેરેના સંબંધમાં, આહારક, અનાહારકના સંબંધમાં વિરત અવિરતના સંબંધમાં, સક્રિય અક્રિયના સંબં-ધમાં, સાત, આઠ કર્મના બંધના સંબંધમા સંજ્ઞાના સંબંધમાં કષાયના સંબંધમાં વેદબંધના સંબંધમાં સંજ્ઞી અને અસંજ્ઞીના સંબંધમાં આ તમામ કથન ઇન્દ્રિય સુધીનું તમામ કથન અગીયારમાં શતકના ઉત્પલ ઉદ્દેશાથી જ સમજી લેવું.

ઇંદ્રિય સંબંધમાં આ પ્રમાણેનું કથન કહેવું જોઇએ કે જીવો ઇંદ્રિય વગરના હોતા નથી, પણ ઇંદ્રિયવાળા જ હોય છે.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે—'साली, वीही, गोधूम जव जवजवगमूलगजीवेत्ति कालओ केवच्चिरं होंति' હે ભગવન્ શાલી, વ્રીહી, ઘઉં યાવત્, જવ જવક—યવક યવક આ બધાના મૂળના જીવો કેટલા કાળ સુધી રહે છે? અર્થાત્ શાલી, ઘઉં વિગેરે રૂપે તે જીવો કેટલા કાળ સુધી રહે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે—'गोयमा!

जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखेज्जं कालं' હે ગૌતમ તે જીવો, શાલી વ્રીહી વગેરેમાં જઘન્યથી એક અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે છે. હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે- 'से णं भंते ! साली-वीही-गोधूम-जवजवजवगमूलगजीवे पुढवीजीवे' હે ભગવન્ જો શાલી-વ્રીહી-ઘઉં-યવ યવક-ના મૂળના જીવો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થઈ જાય અને 'पुणरवि साली वीही गोधूम जवजवजवक-मूलग जीवेत्ति केवइयं कालं सेवेज्जा' ફરી તે શાલી વ્રીહી. ઘઉં જવ જવ જવકના મૂળના જીવો અને તો તે એ રીતે ત્યાં કેટલા સમય સુધી રહે-કેટલા કાળ સુધી ગમન-આગમન કરે ? આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે- શાલી વિગેરેના મૂળમાં રહેલા જીવ જો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થઈ જાય અને પછી પૃથ્વીકાયિકની પર્યાયને છોડીને ફરીથી મૂળરૂપે ઉત્પન્ન થઇ જાય તો તેઓ આ રીતે કેટલા સમય સુધી મૂળરૂપથી રહી શકે છે? અને તે પછી કેટલા કાળ સુધી ગમનાગમન-આવજા કર્યા કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं जहा उप्पलुद्देसे' હે ગૌતમ આ વિષયમાં ૧૧ અગીયારમા શતકના ઉત્પલ ઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે, એજ રીતનું કથન અહીયાં પણ સમજવું. ભવના ઉદ્દેશથી જઘન્યથી બે ભવ ગ્રહણ કરેલ છે. તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવ ગ્રહણ કરેલ છે. કાલના ઉદ્દેશથી જઘન્ય બે અન્તમૂહૂર્ત ગ્રહણ કરેલ છે. અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ છે. એટલાકાળ સુધી અને ભવ સુધી તેઓ ત્યાં ગમનાગમન-આવજા કરતા રહે છે. 'एएणं अभिलावेणं जाव मणुस्सजीवे' એજ રીતે આ પ્રમાણેનું કથન પણ સમજવું કે-તે શાલી વિગેરેના મૂળમાં રહેલા જીવો જો અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય,-બે-ત્રણ ચાર ઇન્દ્રિય અને પાંચ ઇન્દ્રિય તિર્યંચ, મનુષ્યના જીવરૂપે ઉત્પન્ન થઈ જાય છે, અને ફરી તેઓ શાલી વિગેરેના મૂળમાં જીવરૂપથી ઉત્પન્ન થાય છે, તો આ હાલતમાં ત્યાં તેઓની સ્થિતિ અને અવર જવર કેટલા સમય સુધી રહે છે ? આ તમામ કથન અગીયારમાં શતકના પહેલા ઉત્પલ ઉદ્દેશામાં કહેલ આલાપકના પ્રમાણે સમજવા તેનો પ્રકાર આ પ્રમાણે છે.-અપ્કાય તેજસ્કાય, અને વાયુકાય જીવસંબંધી જે સૂત્ર છે, તેમાં પૃથ્વીકાયની માફક તે અપ્કાય વિગેરે ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ ગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવ ગ્રહણ સુધી ત્યાં રહે છે. અને અવર-જવર કરતા રહે છે. કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અનન્તકાળ સુધી જે વનસ્પતિનો કાળ છે, ત્યાં રહે છે, અને ગમનાગમન-અવર જવર કરે છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય,

भ० २८

અને ચાર ઇન્દ્રિયવાળા જીવો ભવાદેશથી જઘન્ય બે ભવ ગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાતભવ ગ્રહણ સુધી કાળાદેશથી જઘન્ય બે અન્તમુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે. અને અવર-જવર કરતા રહે છે. પંચેન્દ્રિય તિર્યંચ જીવો ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ ગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિપૃથકત્વ સુધી ત્યાં રહે છે. અને અવર-જવર કરતા રહે છે. એજ રીતે શાલી વિગેરેના મૂળના જીવો મનુષ્ય થઈને જો તે ફરી શાલી વિગેરેના મૂળના જીવરૂપથી ઉત્પન્ન થાય છે, તો ત્યાં તે મનુષ્ય જીવ પણ ભવાદેશથી જઘન્યથી બે ભવ ગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ સુધી કાળના ઉદ્દેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત સુધી ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથક્ત્વ સુધી ત્યાં રહે છે. અને અવર જવર કરતા રહે છે. આ વિષયમાં જો વિશેષ જાણવાની ઇચ્છા હોય તો જીજ્ઞાસુઓએ ઉત્પલોદ્દેશક ઉપર મેં જે પ્રમેયચન્દ્રિકા નામની ટીકા લખી છે તેમાંથી સમજી લેવું. 'आहारो जहा उप्पलुद्देसे' ઉત્પલોદ્દેશકમાં આહારના વિષયમાં પણ સ્પષ્ટીકરણ કરેલ છે. જેથી આ શાલી વિગેરેના મૂળમાં રહેલા જીવોના આહારના વિષયમાં પણ ત્યાંથી જ સમજી લેવું. ત્યાં ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-'ते णं भंते ! जीवा किमाहारमाहरेंति' હે ભગવન્ તે જીવો કેવો આહાર કરે છે ? તેના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે-'गोयमा ! दव्वओ अणंतपएसाइं दव्वाइं' હે ગૌતમ ! તે જીવો દ્રવ્યની અપેક્ષાએ અનન્ત પ્રદેશી દ્રવ્યોનો આહાર કરે છે, ઇત્યાદિ સઘળુ કથન પ્રજ્ઞાપનાના ૨૮ અઠયાવીસમાં પદમાં પહેલા આહારઉદ્દેશામાં વનસ્પતિકાયિક જીવના આહારના સંબંધમાં કહ્યું છે, એજ રીતે અહિયાં પણ સમજી લેવુ 'ठिई जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं वासपुहुत्तं' શાલી વિગેરે મૂળમાં રહેલા જીવોની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે, અને ઉત્કૃષ્ટથી બેથી લઇને નવ વર્ષ સુધીની હોય છે. 'समुग्घाया समोहया उव्वट्टणा य जहा उप्पलुद्देसे' સમુદ્ઘાત, સમવહત સમુદ્ઘાતની પ્રાપ્તિ, અને ઉદ્વર્તના (બહાર કહાડવું) એ બધુ ઉત્પલ ઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણે અહિયાં પણ સમજી લેવું. શાલી-વિગેરેના મૂળમાં રહેલા જીવોને વેદના કષાય, મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાત હોય છે, તથા તેઓ મારણાન્તિક સમુદ્ઘાતથી સમવહત થઇને પણ મરે છે, અને અસમવહત (સમુદ્ઘાત કર્યા વિના) પણ મરે છે. તથા તેઓ ઉદ્વૃત્ત (નીકળીને) થઇને તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણેનું ઉદ્વર્તના પ્રકરણ પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાંતિ પદમાં વનસ્પતિકાયિકોનું છે. 'अह भंते ! सव्वपाणा जाव सव्वसत्ता' હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ સઘળા પ્રાણ,

સઘળા ભૂત, સઘળા જીવો અને સઘળા સત્વો એ બધા પહેલાં 'सालीवीहि जवजवजवगमूलगजीवत्ताए उववन्नपुव्वा' શાલી વિગેરેના મૂળના જીવરૂપથી ઉત્પન્ન થયા છે? અથવા ઉત્પન્ન નથી થયા? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'हंता गोयमा! असइं अदुवा अणंतखुत्तो' હા ગૌતમ એ બધા અનેકવાર અથવા અનંતવાર શાલી વિગેરેના મૂળના જીવ રૂપથી ઉત્પન્ન થયા છે. એવું નથી કે શાલી વિગેરેમાં પ્રાણુ, ભૂત, જીવ અને સત્વ પહેલાં ઉત્પન્ન થયા નથી. પરંતુ અનંત અપરિમિત કાળ સુધી પહેલાં પણ જીવો શાલી વિગેરેના મૂળના જીવપણાથી ઉત્પન્ન થઇ જ ચૂકયા હોય છે. આ પ્રમાણે અગ્યારમાં શતકમાં પહેલા ઉત્પલ નામના ઉદ્દેશામાં જે ૩૩ તેત્રીસ દ્વારો છે, તે બધા અહિયાં ગ્રહણ કરાયા છે. આ બધા દ્વારો અહિયાં પ્રત્યેક ઉદ્દેશામાં સંગ્રહ કરાયા છે. અર્થાત્ એકવીસમાં ૨૨ બાવીસમાં અને ૨૩ ત્રેવીસમાં શતકમાં ૮–૮ આઠ આઠ વર્ગ છે. દરેક વર્ગમાં મૂલ, કન્દ, સ્કંધ ત્વક્ છાલ શાખા–ડાળ પ્રવાલ–કૂંપળ પાન, ફૂલ, ફળ અને બીજ રૂપ દસ દસ ઉદ્દેશાઓ છે. અને દરેક ઉદ્દેશાઓમાં આ ૩૩ તેત્રીસ તેત્રીસ દ્વારોને લઇને કથન કરવામાં આવેલ છે. તે તેત્રીસ દ્વારો આ પ્રમાણે છે.–શાલી વિગેરેના જીવો મૂળ વિગેરે રૂપથી વ્યુત્ક્રાંત થઇને કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ૧ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે. ૨ તેમને અપહાર ૩ શરીરની અવગાહના ૪ જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનું બંધકપણું, ૫ વેદક ૬ ઉદયયુક્તપણુ ૭ ઉદીરક ૮ લેશ્યાયુક્તપણુ ૯ દૃષ્ટિ ૧૦ જ્ઞાન ૧૧ યોગ ૧૨ ઉપયોગ ૧૩ વર્ણગંધ વિગેરે ૧૪ ઉચ્છ્વાસ વિગેરે ૧૫ આહારપણુ અને અનાહારપણું ૧૬ વીરતાવિરતત્વ૧૭ સક્રિયાક્રિયપણુ ૧૮ સાત પ્રકારનું અને આઠ પ્રકારનું બંધપણું ૧૯ સંજ્ઞા૨૦ કષાય ૨૧ વેદ ૨૨ વેદબંધકપણું ૨૩ સંજ્ઞી અસંજ્ઞીપણુ ૨૪ ઇન્દ્રિય સહિતપણુ અને અનીન્દ્રિયપણુ ૨૫ સ્થિતિ ૨૬ મૂળ વિગેરે રૂપને છોડીને ફરીથી મૂળ વિગેરે રૂપે ઉત્પન્ન થવું. અને ઉત્પન્ન થઇને કેટલા કાળ સુધી તેઓનું ત્યાં રહેવું. અને અવરજવર કરવી ૨૭ આહાર ૨૮ સ્થિતિ ૨૯ સમુદ્ઘાત ૩૦ સમવહતપણુ ૩૧ ઉદ્વર્તના ૩૨ અને સર્વ પ્રાણભૂત જીવોનું મૂળ વિગેરેમાં અનેકવાર અને અનંતવાર પહેલા ઉત્પન્ન થવું ૩૩ આ રીતે આ ૩૩ તેત્રીસ દ્વારોની યોજના આગળ બધેજ કરવી જોઇએ.

'सेवं भंते! सेवं भंते! त्ति' હે ભગવન્ શાલી વિગેરે મૂળમાં રહેલા જીવોનો પ્રકાર આપ દેવાનુપ્રિયે જે કહ્યો છે, તે સર્વથા સત્ય છે, કેમકે આપના વાકયો હંમેશાં સત્ય જ હોય છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામી ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા તેઓ પોતાને સ્થાને બિરાજમાન થઇ ગયા. ॥ સૂ૦ ૧ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકના પહેલા વર્ગનો
પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥૨૧–૧–૧॥

## પહેલા વર્ગના બીજા ઉદ્દેશાનો પ્રારંભ–

પહેલા વર્ગના પહેલા ઉદ્દેશામાં શાલી વિગેરેના મૂળમાં રહેલ જીવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે કન્દ વગેરેમાં રહેલા જીવોનું નિરૂપણ કરવા માટે બીજા વિગેરે ઉદ્દેશઓનું કથન કરવામાં આવશે. એજ સંબંધથી આવેલા આ બીજા ઉદ્દેશાનો પ્રારંભ કરવામાં આવે છે. તેનું આ પહેલું સૂત્ર છે.–'अह भंते ! साली वीही गोधूमजवजवजवाणं' ઇત્યાદિ

ટીકાર્થ—ગૌતમ સ્વામીએ પ્રભુને આ સૂત્ર દ્વારા એવું પૂછયું છે કે–હે ભગવન્ આ શાલી, વ્રીહી વિગેરેના કન્દના આકારથી જે જીવો ઉત્પન્ન થાય છે, 'ते णं भंते ! जीवा' હે ભગવાન્ તે જીવો ત્યાં કયાંથી આવીને તે ઉત્પન્ન થાય છે ? શું નરકમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચ ગતિથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્ય ગતિથી આવીને ઉત્પન્ન થાય છે ? કે દેવગતિથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે–'एवं कंदाहिगारेणं सच्चेव मूलुद्देसो अपरिसेसो भाणियव्वो' હે ગૌતમ ! આ કન્દના સંબંધમાં તેજ સઘળો મૂળસંબંધી ઉદ્દેશો યાવત્ અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયા છે.' અહિ સુધીનું કથન કહેવું જોઈએ. આજ કથનમાં ઉત્પત્તિ, અપહાર, અવગાહના, વિગેરે તમામ વિષય આવી જાય છે. તો આ તમામ વિષય પણ અહિયાં પહેલાં કહ્યા પ્રમાણે જ કહી લેવો. આ વિષયનું સ્પષ્ટીકરણ આ રીતે છે–શાલી, વ્રીહિ વિગેરેના કન્દમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ કાં તો તિર્યંચ ગતિથી આવેલા જીવો ત્યાં ઉત્પન્ન થાય છે, અથવા મનુષ્ય ગતિથી આવેલા જીવો ત્યાં ઉત્પન્ન થાય છે, નારકીય ગતિથી આવેલા જીવો અથવા દેવગતિથી આવેલા જીવો ત્યાં કન્દના આકારથી ઉત્પન્ન થતા નથી. કેમ કે–દેવગતિથી આવેલા જીવોનો ઉત્પાત-ઉત્પત્તિ પુષ્પ વિગેરે શુભ સ્થાનમાંજ થાય છે.

ગૌતમ સ્વામી ફરીથી પ્રભુને પૂછે છે કે–હે ભગવન્ કન્દમાં ઉત્પન્ન થવાવાળા જીવો એક સમયમાં ત્યાં કન્દમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા

અસંખ્યાત જીવો ત્યાં કન્દના આકારથી ઉત્પન્ન થાય છે. એજ રીતે કન્દમાં જે જીવો રહેલા છે, તે જીવોનો અપહાર (નીકળવું.) અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણી સુધી પણ જો પ્રત્યેક સમયે કરવામાં આવે તો પણ તેમાંથી પૂરે પૂરા બહાર કાઢી શકતા નથી.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે–હે ભગવન્ કન્દમાં રહેલા જીવોના શરીરની અવગાહના કેવડી મોટી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! કન્દમાં રહેલા જીવોની જઘન્ય અવગાહના તો આંગળના અસંખ્યમાં ભાગ પ્રમાણ વાળી હોય છે. અને ઉત્કૃષ્ટ અવગાહના એક ધનુષથી લઈને નવ ધનુષ સુધીની હોય છે. હવે ગૌતમ સ્વામીના આ પ્રશ્નોના કે 'કન્દમાં રહેલા જીવો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરનાર હોય છે કે અબંધક હોય છે?' ઉત્તર આપતાં પ્રભુ કહે છે કે– હે ગૌતમ ! કન્દના જીવો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરનાર જ હોય છે. અબન્ધક હોતા નથી. એજ રીતે તેઓ જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરવાવાળા હોય છે, ઉદયવાળા હોય છે, અને ઉદીરણા કરનારા હોય છે, અવેદક વાળા, અને અનુદીરક હોતા નથી. આજ પ્રમાણેનું કથન અંતરાય કર્મ સુધી સમજવું.

હવે ગૌતમ સ્વામીએ પ્રભુને જે એવું પૂછયું છે કે–કન્દજીવો શું કૃષ્ણ લેશ્યાવાળા હોય છે ? અથવા નીલલેશ્યાવાળા હોય છે ? અથવા કાપોતિક લેશ્યાવાળા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ગૌતમ સ્વામીને એવું કહ્યું છે કે કૃષ્ણ વિગેરે લેશ્યાના સંબંધમાં હે ગૌતમ ! ૨૬ છવ્વીસ ભંગો થાય છે. જે આ પ્રમાણે છે–અસંયોગી ૬ છ ભંગ દ્વિકસંયોગી ૧૨ બાર ભંગ તથા ત્રિકસંયોગી ૮ આઠ ભંગ થાય છે. આ ભંગ સંબંધી કથન મૂલઉદ્દે. શામાં કહ્યું છે. જેથી આ લેશ્યાસંબંધી ૨૬ છવ્વીસ ભંગો ત્યાંથી જ સમજી લેવા યોગમાં તેઓ ફક્ત કાયયોગી જ હોય છે. ઉપયોગમાં તેઓ સાકાર અને નિરાકાર એમ બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. વર્ણથી લઇને ઇંદ્રિય સુધીના બીજા દ્વારો સંબંધી કથન ઉત્પલઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણેનું સમજવું.

હવે ગૌતમ સ્વામી પ્રભુને પૂછે છે કે–હે ભગવાન્ 'કન્દજીવ કન્દ બીજરૂપથી કેટલા કાળ સુધી રહે છે ? ગૌતમ સ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે–જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ સુધી કન્દમાં જીવરૂપથી રહે છે. શાલી વિગેરે જીવોની કન્દમાં સ્થિતિ, પછી ત્યાંથી મરીને પૃથ્વીકાયિકપણામાં સ્થિતિ અને ફરી ત્યાંથી મરીને શાલી વિગેરેમાં સ્થિતિ આ પ્રમાણે તે જીવો કેટલા કાળ સુધી કન્દનું સેવન કરે છે ? અને કેટલા કાળ સુધી આ રીતે તેઓ અવર જવર કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ ગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવ ગ્રહણ સુધી તેઓનું ગમનાગમન–અવર જવર થતો રહે છે. આ અભિલાપ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, આ જીવોના હોવાના સંબંધમાં પણ પૃથ્વીકાયિક સૂત્રની માફક વ્યાખ્યા સમજી લેવી જોઇએ. વનસ્પતિ સૂત્રમાં ભવ સંબંધી ઉત્કૃષ્ટથી

અનન્તભવ ગ્રહણ કરેલ છે, અને કાળને લઇને વનસ્પતિકાયનું અનન્તકાળરૂપ અનન્ત કાળ છે. આ રીતે બે ઈન્દ્રિય, ત્રણ ઇંદ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યના હોવાના સંબંધમાં પણ સમજી લેવું અર્થાત્ કંદમાં રહેલ જીવો ત્યાંથી મરીને જો બે ઇન્દ્રિય વિગેરે રૂપથી ઉત્પન્ન થઈ જાય છે, તો એ રીતે તેઓ જીવરૂપથી કન્દમાં કયાં સુધી રહે છે ? અને કયાં સુધી આ રીતે અવર-જવર કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! ઉત્પલ ઉદ્દેશામાં ગ્રહણ કરેલ શાલી વિગેરે મૂળના જીવોના કથન પ્રમાણે આ પ્રશ્નનો ઉત્તર સમજવો. કન્દમાં રહેલા જીવોનો આહાર દ્રવ્યની અપેક્ષાએ અનન્ત પ્રદેશોવાળા દ્રવ્યોનો હોય છે, આ વિષયનું કથન પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ અઠયાવીસમાં પદમાં કહેલ આહાર ઉદ્દેશાની જેમ જ સમજવું. તેમની સ્થિતિ જઘન્યથી એક અન્તર્મુહૂર્ત સુધીની હોય છે. અને ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વની અર્થાત્ બે વર્ષથી લઇને ૯ નવ વર્ષ સુધીની હોય છે. કન્દના જીવોને વેદના કષાય, અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાત હોય છે. તેઓ સમવહત થઇને પણ મરે છે, અને અસમવહત થઈ ને પણ મરે છે. ઉદ્વૃત્ત થયેલા તે કન્દના જીવો તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. સઘળા પ્રાણ, સઘળાભૂત, સઘળા જીવો, સઘળા સત્વો હે ભગવન્ પહેલા કન્દમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે–હે ગૌતમ ! હા, પહેલા અનેકવાર અથવા અનન્તવાર તેઓ બધા જીવો વિગેરે પહેલાં કન્દમાં ઉત્પન્ન થયા છે, 'સેવં-ભંતે ! સેવં ભંતે ! ત્તિ' હે ભગવન્ કન્દમાં રહેલા જીવોની ઉત્પત્તિ, શરીરની અવગાહના વિગેરે વિષયમાં આપદેવાનુ પ્રિય જે કથન કર્યું છે, તે સર્વથા સત્ય જ છે, આપનુ કથન સર્વથા સત્ય છે. આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા તે પછી તેઓ તપ અને સંયમથી આત્માને ભાવિત કરતાથકા પોતાને સ્થાને બિરાજમાન થયા ॥ સૂ. ૧ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકાન પહેલા વર્ગનો બીજો ઉદ્દેશો સમાપ્ત ॥ ૨૧–૧–૨॥

શાલી વિગેરેના કંદના આશ્રયથી રહેલા જીવોની ઉત્પત્તિ વિગેરેનું નિરૂપણુ કરીને હવે આ ત્રીજા ઉદ્દેશામાં સ્કંધ વિગેરેના આશ્રયથી રહેલા જીવોના સમુત્પાત વિગેરેનું નિરૂપણુ કરવામાં આવશે-તે કારણથી આ સંબંધથી આવેલા આ ત્રીજા ઉદ્દેશાનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે.

'एवं खंधे वि' ઇત્યાદિ—

ટીકાર્થ—કંદની માફક સ્કંધમાં પણુ 'उद्देसओ नेयव्वो' ઉદ્દેશો સમજવો. અર્થાત્ કંદ ઉદ્દેશકના વર્ણુન પ્રમાણે જ આ સ્કંધ સંબંધી ત્રીજા ઉદ્દેશાનું વર્ણુન પણુ સમજવું. આ વિષયમાં પણુ ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-શાલિ, વ્રીહી ઘઉં, યવ અને યવયવ સંબંધી જે જીવો છે, તે જ્યારે આ શાલી વિગેરેના સંબંધથી ઉત્પન્ન થાય છે, તો તે જીવો કયાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? શું નરકથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા બીજી કોઇ ગતિથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! શાલી વિગેરેના સ્કંધમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો તિર્યંચગતિથી અથવા મનુષ્યગતિથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે, તે સ્કંધમાં એક સમયમાં કેટલા જીવો ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી એક, અથવા બે, અથવા ત્રણુ, જીવો ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. તેઓના શરીરની અવગાહના કેટલી હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! તેઓના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણુ અને ઉત્કૃષ્ટથી નવ ધનુષ પ્રમાણુ હોય છે. એજ રીતે જ્ઞાનાવરણીય કર્મના બંધપણામાં અને અબંધપણામાં અને કૃષ્ણુ વિગેરે લેશ્યાના સંબંધમાં વિગેરે વિષયમાં પ્રશ્નોત્તર સમજવા એજ રીતે 'સ્કંધમાં તેઓની સ્થિતિ કેટલા કાળ સુધી રહે છે? આ કથનથી લઇને સઘળા પ્રાણુ, સઘળાભૂત, સમસ્ત જીવ, સઘળા સત્વ, આ બધા પહેલાં સ્કંધમાં ઉત્પન્ન થયા છે? આટલા સુધીના પ્રશ્ન અને ઉત્તર સમજી લેવા. 'सेवं भंते सेवं भंते!' ઈત્યાદિ હે ભગવન્ સ્કંધમાં રહેલા જીવોના સંબંધમાં આપ દેવાનુપ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે સર્વથા સત્ય જ છે. આપ દેવાનુપ્રિયનું કથન સત્ય જ છે આ પ્રમાણે કહીને ગૌતમસ્વામી પ્રભુને વંદના કરી તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થઈ ગયા.

આજ પ્રમાણેના અભિલાપોથી ત્વચામાં ૪, શાખામાં ૫, પ્રવાલમાં ૬, પત્રમાં ૭ જે ઉદ્દેશાઓ છે, તે ઉદ્દેશાઓ પણુ મૂળથી લઇને પત્ર સુધીમાં ૭

સાત થઇ જાય છે. આ તમામ ઉદ્દેશાઓનું વર્ણન મૂળના ઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણેનું વર્ણન કરી લેવું. જોઇએ. અન્ય રીતે નહીં. ॥સૂ૦ ૧॥

આ રીતે અહિ સુધીમાં ૭ સાત ઉદ્દેશાઓ સમાપ્ત થાય છે. ॥૨૧-૧-૭॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકના પહેલા વર્ગના ત્રીજા ઉદ્દેશાથી સાત ઉદ્દેશાઓ સમાપ્ત ॥૨૧-૧-૭॥

卐

## પુષ્પ, ફલ-બીજ મેં રહે જીવોં કા નિરૂપણ

હવે પુષ્પ, ફળ અને બીજ સંબંધી આઠમા નવમા અને દશમા ઉદ્દેશાઓનું કથન કરવામાં આવે છે.-

'एवं पुप्फे वि उद्देसओ-नवरं' ઇત્યાદિ-

ટીકાર્થ—મૂળના ઉદ્દેશા પ્રમાણે પુષ્પમાં પણ પુષ્પ ઘટિત પુષ્પ નામનો ઉદ્દેશો સમજવો. મૂલ વિગેરે ઉદ્દેશાઓની અપેક્ષાએ પુષ્પ ઉદ્દેશકમાં જે ભેદ છે, સૂત્રકાર હવે તે ભેદને પ્રગટ કરે છે-તેઓ કહે છે,-'नवरं देवा उववज्जंति' પુષ્પમાં દેવો પણ ઉત્પન્ન થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-જે રીતે ઉત્પલ ઉદ્દેશામાં મૂલ વિગેરેમાં દેવોની ઉત્પત્તિ થતી નથી. એ પ્રમાણે કહેવામાં આવ્યું છે-કેમકે મૂલ વિગેરે રૂપ અશુભ સ્થાનોમાં દેવોની ઉત્પત્તિ સ્વીકારેલ નથી પણ આ પુષ્પ ઉદ્દેશામાં તો પુષ્પમાં દેવ ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે કહ્યું છે, તથા 'चत्तारि लेस्साओ' પુષ્પ ઉદ્દેશામાં પુષ્પના જીવોને ૪ ચાર લેશ્યાઓ કહી છે. મૂળ વિગેરે ઉદ્દેશાઓની અપેક્ષાએ પુષ્પના જીવોનું આ અંશમાં પણ ભિન્નપણુ-જુદાઇ છે, તેઓને આ લેશ્યાઓના ૮૦ એંશી ભંગો કહ્યા છે તે આ પ્રમાણે છે. ચાર લેશ્યાઓના એકપણામાં ૪ ચાર ભંગો થાય છે. અને અનેકપણામાં પણ ૪ ચાર ભંગો થાય છે. આ રીતે કુલ ૮ આઠ ભંગો અસંયોગીમાં થઇ જાય છે. ચાર લેશ્યાઓના દ્વિકસંયોગી ૬ છ ભંગો હોય છે. અને છ ભંગોમાં દરેક ભંગના એકપણા અને અનેક

પણાથી ૪-૪ ચાર ચાર ભંગો બીજા થાય છે. આ પ્રમાણે દ્વિકસંયોગી કુલ ભંગો ચોવીસ થાય છે. ત્રિક સંયોગમાં ૪ ચાર વિકલ્પો થાય છે. અને એક એક વિકલ્પોના આઠ આઠ ભંગો થાય છે. એ રીતે અહિયાં કુલ ૩૨ બત્રીસ ભંગો થઈ જાય છે. ચાર સંયોગમાં ૧૬ સોળ ભંગો થાય છે. આ રીતે બધા ભંગો મળીને કુલ ૮૦ એંસી ભંગો થઈ જાય છે. 'ओगाहणा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं' પુષ્પના જીવોના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણવાળી હોય છે, અને 'उक्कोसेणं अंगुल-पुहुत्तं' ઉત્કૃષ્ટથી બે આંગળથી લઇને ૯ નવ આંગળ સુધી હોય છે કહ્યું પણ છે-'मूले कंदे खंधे' ઇત્યાદિ મૂળમાં રહેલા જીવની, કંદમાં રહેલા જીવની, સ્કંધમાં રહેલા જીવની, ત્વચા-છાલમાં રહેલા જીવની શાખા-ડાળમાં રહેલા જીવની પ્રવાલ-કુંપળમાં રહેલા જીવની અને પત્ર-પાંદડામાં રહેલા જીવની આ સાતેની ઉત્કૃષ્ટ અવગાહના બે ધનુષથી લઈને ૯ નવ ધનુષ સુધીની હોય છે. તથા પુષ્પ, ફળ, અને બીમાં રહેલાં જીવોની ઉત્કૃષ્ટથી અવગાહના બે આંગળથી લઇને ૯ નવ આંગળ સુધી હોય છે. 'सेसं तं चेव' આ રીતે જ્યાં જ્યાં પહેલાના કથનની અપેક્ષાએ જુદાપણું છે, તે તમામ બતાવીને હવે સૂત્રકાર કહે છે કે-બાકીનું તમામ કથન પહેલાં મૂળના ઉદ્દેશામાં કહેવામાં આવેલ છે, એજ પ્રમાણેનું કથન અહિયાં પણ સમજવું. 'सेवं भंते ! सेवं भंते त्ति' હે ભગવન્ પુષ્પમાં રહેલા જીવોના સંબંધમાં આપ દેવાનુપ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે તમામ કથન સર્વથા સત્ય છે. આપ દેવાનુપ્રિયનું કથન સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ ભગવાનને વન્દના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થયા.

આઠમો પુષ્પ ઉદ્દેશો સમાપ્ત ॥ ૨૧—૧-૮

'जहा पुप्फे एवं फलेवि उद्देसओ अपरिसेसो भाणियव्वो' પુષ્પના સંબધમાં જે પ્રમાણે કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે સઘળું કથન ફળ અને બીના સંબંધમાં પણ સમજવું જોઈએ. અર્થાત્ પુષ્પના સજાતીવાળા હોવાથી ફળ સંબધી ઉદ્દેશો (ફળોદ્દેશક) પણ પુષ્પ ઉદ્દેશા પ્રમાણેજ વર્ણવી લેવો જોઈએ. અર્થાત્ પુષ્પ ઉદ્દેશા પ્રમાણે જ ફળ સંબંધી ઉદ્દેશાનું વર્ણન પણ સમજવું ફળ સંબંધી ઉદ્દેશાનું વર્ણન કરતી વખતે પુષ્પના સ્થાને ફળ પદનો પ્રયોગ કરીને આલાપક કહેવો જોઇએ.

'एवं बीए वि उद्देसओ' બીના સંબંધમાં પુષ્પ ઉદ્દેશાની જેમ જ બધી રીતે સરખો હોવાને કારણે બીજ સંબંધી ઉદ્દેશક કહી લેવો. ૨૧ એકવીસમા શતકના પહેલા વર્ગમાં શાલી વિગેરેનું વર્ણન મૂલ-કન્દ-સ્કંધ-ત્વચા-છાલ શાખા-ડાળ પ્રવાળ કુંપળ પાન પુષ્પ-ફળ અને બી આ દશ પ્રકારથી કહેલ છે. તેઓમાં મૂળ વિગેરે દસ વિષયવાળા હોવાથી એક

એક વિષયવાળો તેઓનો એક એક ઉદ્દેશો છે. આ રીતે મૂળ વગેરે ૧૦ દસ વિષયવાળા ૧૦ દસ ઉદ્દેશાઓ થઇ જાય છે, મૂલોદ્દેશકમાં મૂળમાં રહેલા જીવો સંબધી તમામ પ્રકારનું વર્ણન કર્યું છે તે પછી કંદથી લઇને બી સુધીનું નિરૂપણ ગ્રન્થ વિસ્તાર ભયથી અતિદેશ-બહાનાથી કરવામાં આવ્યું છે. પરંતુ જયાં જે વિશેષ પ્રકાર છે તે વાત તે તે પ્રકરણમાં બતાવેલ છે.

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકના પહેલા વર્ગના આઠમા ઉદ્દેશાથી દસ ઉદ્દેશાઓ સમાપ્ત ॥૨૧-૧-૧૦॥

॥ પહેલો વર્ગ સમાપ્ત ॥

## કલાય આદિ ધાન્યા કે મૂલાદિ ગત જીવોં કા નિરૂપણ

બીજા વર્ગનો પ્રારંભ—

શાલી ધાન્ય સંબંધી પહેલા વર્ગનું કે જેમાં ૧૦ દસ ઉદ્દેશાઓ છે. તે નિરૂપણ કરીને હવે સૂત્રકાર ઔષધીરૂપ વનસ્પતિની જાતના કલાય ધાન્ય વિશેષ (ચણા અને વટાણા) મસૂર વિગેરે ધાન્ય વિશેષનું નિરૂપણ કરવા માટે દશ ઉદ્દેશાઓવાળા આ બીજા વર્ગનો પ્રારંભ કરે છે. આ બીજા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે.—'कालायमसूरतिलमुग्गमास' ઈત્યાદિ

ટીકાર્થ—ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું કે-હે ભગવન્ ધાન્ય વિશેષ રૂપ જે કલાય-(ચણા કે વટાણા) મસૂર, તલ, મગ, અડદ નિષ્પાવ (વાલ) કળથી આલિસન્દક, સતીણ અને હરિમંથક (કાળા ચણા) છે તેના મૂળરૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ-'कओहिंतो उववज्जंति' કયાંથી આવીને તે તે રૂપે ઉત્પન્ન થાય છે ? કલાયામ મટર (વટાણા)નું છે, મસૂર પ્રસિદ્ધ જ સ્નેહ-તેલ પ્રધાન ધાન્ય વિશેષનું નામ તલ છે. તેમાંથી તેલ કહાડવામાં આવે છે. મુદ્ગ નામ મગનું છે. આ બે દળવાળા હોય છે. માષ અડદનું નામ છે. નિષ્ફાવ વાલને કહે છે. કળથીને કુલત્થ કહે છે, આ પણ બે દળવાળું હોય છે. અને આલિસંદક પણ ધાન્ય વિશેષ છે. અને તે પણ બે દળ વાળા હોય છે. સતીણ પણ એ જ પ્રમાણે હોય છે. હરિમન્થક ચણાને કહે છે, કહેવાનું તાત્પર્ય એજ છેકે-

કલાય વિગેરેના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ શું નારકીયોથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'एवं मूलादिया दस उद्देसगा भाणियव्वा' હે ગૌતમ પહેલાં કહ્યા પ્રમાણે અહિયાં મૂળ વિગેરે સંબંધી દસ ૧૦ ઉદ્દેશાઓ સમજવા અને 'जहेव सालीणं निरवसेसं तहेव' શાલીના સંબંધમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણેનું સઘળું કથન અહિયાં પણ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે—મૂલ, કન્દ, સ્કંધ, છાલ, ડાળ, પ્રવાલ, કૂંપળ, પાન, પુષ્પ, ફળ અને બીજ આ પ્રમાણેના દસ ઉદ્દેશાઓ થાય છે, પહેલા મૂલોદ્દેશક મૂળ સંબંધી ઉદ્દેશાને લઈને ગૌતમ સ્વામીએ અહિયાં એવો પ્રશ્ન કરેલ છે કે—હે ભગવાન કલાય, વિગેરેના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તેઓ નરકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્યોથી આવીને તેઓ ઉત્પન્ન થાય છે ? અથવા દેવોમાંથી આવીને તેઓ ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે હે ગૌતમ ! તે જીવો નરકમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. પરંતુ તિર્યંચ ગતિથી અથવા મનુષ્ય ગતિથી આવીને તેઓ ઉત્પન્ન થાય છે. તેઓ દેવગતિમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. કારણ કે દેવોનો ઉત્પાત-ઉત્પત્તિ મૂળ વગેરે રૂપ અશુભ સ્થાનમાં થતો નથી.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવાન એક સમયમાં તે જીવો કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! જઘન્યથી એક, બે અથવા ત્રણ જીવો ઉત્પન્ન થાય છે. તથા ઉત્કૃષ્ટથી સંખ્યાત અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં પણ તેઓને ત્યાંથી પુરા બહાર કહાડી શકાતા નથી. તેટલા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ જીવોના શરીરની અવગાહના કેટલી વિશાળ હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે-હે ગૌતમ ! જઘન્યથી એક આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી બે ધનુષથી લઈને નવ ધનુષ પ્રમાણની અવગાહના (લંબાઈ પહોળાઇ) હોય છે. તે જીવો જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનો બંધ કરનારા હોય છે ? કે અબંધક—બંધ નહીં કરનારા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તેઓ બંધક-બંધ કરનારાજ હોય છે. અબંધક હોતા નથી. એજ રીતે તેઓ વેદક જ હોય છે. અવેદક હોતા નથી. ઉદયી-ઉદયવાળા જ હોય છે. અનુદયી-ઉદય વિનાના હોતા નથી. ઉદીરક જ હોય છે, અનુદીરક હોતા નથી. આ પ્રકારનું આ બધું કથન શાલી વિગેરેના મૂળના પ્રકરણમાં જે રીતે કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણેનું બધું કથન અહિયાં પણ સમજવું.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ તે જીવો શું કૃષ્ણ લેશ્યાવાળા હોય છે ? અથવા નીલ લેશ્યાવાળા હોય છે કે-કાપોતલેશ્યાવાળા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તેઓ કૃષ્ણ, નીલ, અને કાપોતિક એ ત્રણે લેશ્યાઓવાળા હોય છે. લેશ્યા સંબંધી

જે ૨૬ છવ્વીસ ભંગો થાય છે, તે ભંગો શાલી વિગેરેના મૂલના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યા છે, તેજ પ્રમાણે અહિયાં પણ સમજવા દષ્ટિથી લઈને ઇન્દ્રિય સુધીનું બધું કથન અગિયારમાં શતકના પહેલા ઉત્પલ ઉદ્દેશાના કથન પ્રમાણે જ સમજી લેવું. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે- હે ભગવન્ કલાય વિગેરેના મૂળમાં રહેલા જીવો કાળની અપેક્ષાએ ત્યાં કેટલા કાળ સુધી રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! જઘન્યથી તે અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે. હે ભગવન્ તે કલાય વિગેરેના મૂળમાં રહેલા જીવો ત્યાંથી મરીને જો પૃથ્વી વિગેરે અન્ય ગતિમાં ઉત્પન્ન થઈ જાય છે, અને પછી ત્યાંથી મરીને ફરીને કલાય વિગેરેના મૂળમાં ઉત્પન્ન થઈ જાય છે, તો પછી તેઓ ત્યાં કેટલા સમય સુધી રહે છે ? અને ગમનાગમન-અવર જવર કરે છે ! એજ રીતે પૃથ્વી કાયથી લઈને મનુષ્ય સુધીની પર્યાયમાં તેઓનું આવવું અને પાછા ત્યાંથી મરીને ફરીને કલાય વિગેરેના મૂળના જીવરૂપે ઉત્પન્ન થવું અને ત્યાં ઉત્પન્ન થઈને કલાય વિગેરેના મૂળના જીવરૂપે રહેવું અને એ રીતે ગમનાગમન-અવર જવર કરવી વિગેરે પ્રશ્ન રૂપે કહીને જે પ્રમાણે શાલી વિગેરે પ્રકરણમાં આ વિષયમાં કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણેનો ઉત્તર અહિયાં આના સંબંધમાં પણ સમજી લેવો. તેઓનો જે આહાર હોય છે, તે દ્રવ્યની અપેક્ષાએ અનન્ત પ્રદેશવાળા દ્રવ્યાત્મક-દ્રવ્ય-રૂપ હોય છે, આ વિષયનું કથન પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ અઠયાવીસમાં આહાર પદના પહેલા ઉદ્દેશામાં કહેલ વનસ્પતિના આહાર પ્રકરણની જેમજ સમજી લેવું. તેમની સ્થિતિ જઘન્યથી એક અન્તર્મુહૂર્ત સુધીની હોય છે, અને ઉત્કૃષ્ટથી બે વર્ષથી લઈને ૯ નવ વર્ષ સુધીની હોય છે, કષાય વેદના અને મારણાન્તિક આ ત્રણ સમુદ્ઘાતો હોય છે. આ જીવો મારણાન્તિક સમુદ્ઘાતથી સમવહત-સમુદ્ઘાતવાળા થઈને પણ મરે છે, અને અસમવહત-સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે, કલાય વિગેરેના મૂળથી નીકળેલા તે જીવો તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ સમસ્ત પ્રાણ, સઘળા ભૂત, સઘળા જીવો સઘળા સત્વો શું પહેલા ત્યાં ઉત્પન્ન થયા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! સઘળા પ્રાણ, સઘળા ભૂત, સઘળા જીવો અને સઘળા સત્વો અનન્તવાર ત્યાં ઉત્પન્ન થઈ ચૂકયા હોય છે, આ પ્રમાણે શાલિ પ્રકરણના મૂળ સંબંધી ઉદ્દેશા પ્રમાણે કલાય સંબંધી મૂલોદ્દેશક પણ સમજી લેવો. એજ રીતે કન્દ, સ્કંધ, છાલ, શાખા-ડાળ પ્રવાલ-કૂંપળ અને પત્ર-પાન અહિ સુધીના ઉદ્દેશાઓ પણ સમજી લેવા. અને એજ રીતે આઠમો જે પુષ્પ નામનો ઉદ્દેશો છે, તે પણ તેજ પ્રમાણે સમજવો. મૂલોદ્દેશકની અપેક્ષાએ પુષ્પોદ્દેશકમાં ચાર લેશ્યાઓ કહેવામાં આવેલ છે. અહિયાં તેના ૮૦ એંસી ભંગો થાય છે. તથા મૂલોદ્દેશકમાં ૨૬ છવ્વીસ ભંગો કહ્યા છે. જઘન્ય અવગાહના એક આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને

ઉત્કૃષ્ટથી બે આંગળથી લઈને નવ આંગળ સુધીની કહી છે. આ શિવાયનું બાકીનું બધુ કથન મૂલોદ્દેશક પ્રમાણે પુષ્પોદ્દેશકમાં પણ સમજવું એજ રીતે પુષ્પોદ્દેશક પ્રમાણે જ ફલોદ્દેશક અને બીજોદ્દેશક પણ સમજી લેવા ાાસૂ૧ાા

૨૧ માં શતકમાં બીજો વર્ગ સમાપ્ત ાા ૨૧-૨ ાા

## ઔષધિ-વનસ્પતિ અતસી આદિ કે મૂલાદિગત જીવોં કા નિરૂપણ

ત્રીજો વર્ગનો પ્રારંભ

ઉદ્દેશાઓ સાથે બીજા વર્ગનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ઔષધિરૂપ વનસ્પતિ જાતિના અતસી (અળસી) વિગેરે ધાન્ય વિશેષોનું નિરૂપણ કરવા માટે ત્રીજા વર્ગનું કથન છે. આ ત્રીજા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'अह भंते ! अयसी' ઈત્યાદિ

ટીકાર્થ—ગૌતમ સ્વામીએ આ સૂત્રથી પ્રભુને એવું પૂછયું છે કે-હે ભગવન્ અલસી, કસુમ્ભ, કોદ્રવ-કોદરા, કાંગ, રાલ, તુવર કોદુસા, સણ અને સરસવ અને મૂળાના બી આ વનસ્પતિયોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं' एत्थ वि मूलादिया दस उद्देसगा जहेव सालीणं निरवसेसं तहेव भाणियव्वं' હે ગૌતમ ! આ વિષયમાં પણ શાલિ ઉદ્દેશામાં કહ્યા અનુસાર મૂલ વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ પૂરે પૂરા કહેવા જોઈએ. કહેવાનું તાત્પર્ય એ છે કે-વનસ્પતિ વિશેષોના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ત્યાં કયાંથી એટલે કે કઈ યોનીમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નારકીયોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચોથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા દેવોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! શાલી વિગેરેના મૂળમાંથી ઉત્પન્ન થનારા જીવોના આવવા વિગેરે શાલી પ્રકરણમાં દશ ઉદ્દેશાઓ દ્વારા જે પ્રમાણેનું વર્ણન કર્યું છે, તેજ પ્રમાણેનું તે તમામ ઉત્પાત વિગેરે અહિયાં પણ મૂલ, કન્દ, સ્કંધ, શાખા-ડાળ ત્વક્ છાલ, પવાલ-કૂંપળ પત્ર-પાન, પુષ્પ, ફળ અને બી સંબંધી દશઉદ્દેશાઓ દ્વારા વર્ણન કરી લેવું આ રીતે અતસી-અળસી વિગેરે વનસ્પતિ વિશેષોના મૂળ રૂપથી ઉત્પન્ન થનારા જીવો કયાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જ તિર્યંચોમાંથી અથવા મનુષ્યોમાંથી આવીને તે જીવો

અળસી વિગેરે વનસ્પતિ વિશેષોના મૂળ રૂપથી ઉત્પન્ન થાય છે' આ પ્રમાણે કહ્યું છે. દેવોમાંથી આવીને તે જીવો તે રૂપે ઉત્પન્ન થતા નથી. અળસી વિગેરે વનસ્પતિ વિશેષોના મૂળ રૂપથી જે જીવ તિર્યંચ અથવા મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. તેઓ ત્યાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! આ પ્રશ્નનો ઉત્તર જઘન્ય અને ઉત્કૃષ્ટને લઇને આ પ્રમાણે કહેલ છે. જઘન્યથી એક બે અથવા ત્રણ જીવો તે તે ગતિયોમાંથી આવીને ત્યાં તે તે રૂપે ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત જીવો તે તે ગતિયોથી આવીને એક સમયમાં ત્યાં ઉત્પન્ન થાય છે. અળસી વિગેરે વનસ્પતિ વિશેષોના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓના શરીરની અવગાહના (લંબાઇ પહોળાઇ) કેટલી હોય છે ? હે ગૌતમ તે જીવોના શરીરની અવગાહના જઘન્યથી તો એક આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણવાળી હોય છે. અને ઉત્કૃષ્ટથી બે ધનુષથી લઇને નવ ધનુષ પ્રમાણ સુધી હોય છે. હે ભગવાન્ તે જીવો જ્ઞાનાવરણીય આદિ કર્મોનો બંધ કરવાવાળા હોય છે ? કે અબંધક બંધ કરનાર નથી હોતા ? હે ગૌતમ ! આ જીવો જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનો બંધ કરનારા જ હોય છે. અબન્ધક હોતા નથી. એજ રીતે તે જીવો જ્ઞાનાવરણીય વિગેરે કર્મોના વેદક પણ હોય છે ઉદયવાળા પણ હોય છે, અને ઉદીરક પણ હોય છે. એજ રીતે તેઓ પણ કૃષ્ણ, નીલ અને કાપોતિકલેશ્યાઓ વાળા હોય છે. અને આ રીતે અહીયાં લેશ્યા સંબંધી ૨૬ છવ્વીસ ભંગો થાય છે. તેનીં રચનાનો પ્રકાર શાલિ વગેરેના મૂળના પ્રકરણમાં જેવી રીતે કહેવામાં આવેલ છે; તેજ પ્રમાણે સમજવું. દૃષ્ટિ, જ્ઞાન અને યોગ ઉપયોગ વગેરે દ્વારા કે જે અગીયારમાં શતકના ઉત્પલ ઉદ્દેશામાં કહેલ છે, તે તમામ કથન શાલી વિગેરેના મૂળના પ્રકરણમાં જે પ્રમાણે કહેલ છે, તેજ પ્રમાણે તમામ કથન સમજવું. અતસી વિગેરેનું મૂળ કેટલા કાળ સુધી રહે છે ? તે જઘન્યથી તો એક અન્ત મુહૂર્ત સુધી રહે છે. અળસી વિગેરે વનસ્પતિયોના મૂળના જીવો અળસી વિગેરેના મૂળને છોડીને જો તેઓ પૃથ્વીકાયિકના જીવરૂપથી ઉત્પન્ન થઇ જાય છે, અને પછી ત્યાંથી પણ મરીને તે ફરીથી અળસી વિગેરેના મૂળના જીવ રૂપે ઉત્પન્ન થાય છે. અર્થાત્ આ રીતે તેઓ કેટલા કાળ સુધી ગમનાગમન અવરજવર કરે છે? એજ રીતે તે અળસી વિગેરેના મૂળના જીવો એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, અને મનુષ્યની પર્યાય પ્રાપ્ત કરીને અને ફરીથી ત્યાંથી મરીને તેના મૂળના જીવરૂપે બની જાય છે. તો આ રીતે તે કયાં સુધી તેના મૂળમાં રહે છે ? અર્થાત્ આ રીતે કયાં સુધી અવર જવર કર્યા કરે છે ? જઘન્યથી તે ત્યાં બે ભવ સુધી અને વધારેમાં વધારે અસંખ્યાત ભવ સુધી ત્યાં રહે છે. આ રીતે તેઓ ત્યાં આટલા કાળ સુધી અવર જવર કર્યા કરે છે. આ સેવન કાળ અને અવર જવર કાળ પૃથ્વીથી લઇને વાયુકાય સુધી સમજવો. બીજા જીવોનો સેવનકાળ અને

અવર જવરનો કાળ અલગ અલગ હોય છે. બધાનો કાળ સરખો હોતો નથી. આ તમામ પ્રકરણ શાલી ઉદ્દેશામાં કહેવામાં આવેલ છે. તેથી ત્યાંથી સમજી લેવું. આહારના વિષયમાં તેઓનો આહાર દ્રવ્યની અપેક્ષાએ અનન્ત પ્રદેશવાળા દ્રવ્ય રૂપ હોય છે, તેઓની સ્થિતિ જઘન્યથી એક અન્તર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી બે વર્ષથી લઈને ૯ નવ વર્ષ સુધીની છે. આ અળસી વગેરેના મૂળના જીવોને વેદના, કષાય, અને મારણાન્તિક એમ ત્રણ સમુદ્ઘાતો હોય છે તેઓ મારણાન્તિક સમુદ્ઘાતથી સમવહત-સમુદ્ઘાતવાળા થઈને પણ મરે છે, અને સમવહત થયા વિના પણ મરે છે. ઉદ્વૃત્ત ઉર્ધ્વ ગમનવાળા થઇને તેઓ તિર્યંચોમાં અને મનુષ્યોમાં ગમન કરે છે. હે ભગવન્ જેટલા પ્રાણો છે, જેટલા ભૂતો છે, જેટલા જીવો જેટલા સત્વો છે, તે બધા શું પહેલાં અળસી વગેરેના મૂળના જીવરૂપથી ઉત્પન્ન થયા છે ? હા ગૌતમ ! સઘળા પ્રાણ, સઘળા ભૂત, સઘળા જીવો, અને સઘળા સત્વો, તે બધા પહેલાં અળસી વિગેરેના મૂળના જીવરૂપે અને અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઇ ચૂકેલા હોય છે, આ રીતે આ છેલ્લા કથન સુધી શાલી વિગેરેના મૂળના પ્રકરણની માફક આ બધું કથન સમજવું. એજ રીતે મૂળની જેમ અળસી વિગેરેના કન્દ, સ્કંધ, છાલ, ડાળી, કૂંપળ અને પાન સંબંધી સાતે ઉદ્દેશાઓમાં પણ સમજવું. મૂળના ઉદ્દેશા પ્રમાણે પુષ્પ ઉદ્દેશો પણ સમજવો. તેમાં વિશેષપણું ફક્ત એટલું જ છે કે-અળસી વિગેરેના જે પુષ્પો હોય છે, તેમાં દેવો પણ ઉત્પન્ન થાય છે, કેમકે દેવોની ઉત્પત્તિ શુભસ્થાનોમાંજ હોય છે, અશુભસ્થાનોમાં થતી નથી. પુષ્પોદ્દેશકમાં ચાર લેશ્યાઓ હોય છે, અને તેના ૮૦ એંસી ભંગો થાય છે. શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ વાળી હોય છે, ઉત્કૃષ્ટથી અવગાહના બે આંગળથી લઈને નવ આંગળ સુધીની હોય છે. આ પ્રમાણેનું આ તમામ કથન મૂલોદ્દેશક પ્રમાણે પુષ્પોદ્દેશકમાં પણ સમજવું. જે રીતે અળસી વિગેરે વનસ્પતિ જીવોનો પુષ્પોદ્દેશક કહેલ છે, એજ રીતે તેના ફળોદ્દેશક અને બીજોદ્દેશકના પ્રકરણો પણ સમજવા. ॥ સૂ ૧ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકનો ત્રીજો વર્ગ સમાપ્ત ॥૨૧-૩॥

卐

ચોથા વર્ગનો પ્રારંભ

અતસી (અલસી) વિગેરે ઔષધીરૂપ વનસ્પતિ સંબંધી ત્રીજો વર્ગ સમાપ્ત કરીને હવે સૂત્રકાર પર્વ (ગાંઠ) વાળી વનસ્પતિની જાતના જે વાંસ વગેરે વનસ્પતિ છે, તેના સંબંધમાં આ ચોથો વર્ગ પ્રારંભ કરે છે. આ ચોથા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે-अह भंते ! वंस वेणु' ઇત્યાદિ

ટીકાર્થ—ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'अह भंते ! वंसवेणुकणक कक्कावंस चारुवंस' હે ભગવન્ વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારૂવંશ, દંડા કુડા વિમાં, ચંડા, વેણુકા અને કલ્યાણી આ જાતની જે વનસ્પતિયો છે, એ તમામ વનસ્પતિયોના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, એવા તે જીવો કયાંથી આવીને તે રૂપે ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-'एवं एत्थ वि मूलादाया दस उद्देसगा जहेव सालीणं-नवरं देवा सव्वत्थ वि उववज्जइ' હે ગૌતમ ! પહેલા કહેલ શાલીવર્ગ પ્રમાણે અહિયાં પણ મૂળ વિગેરેના દસ ઉદ્દેશાઓ સમજી લેવા. વિશેષ એ છે કે-અહિયાં કોઈ પણ સ્થળે દેવો ઉત્પન્ન થતા નથી. અહિયાં ત્રણ લેશ્યાઓ હોય છે. અને તેના ૨૬ છવ્વીસ ભંગો થાય છે. બાકીનું બીજું તમામ કથન પહેલા કહ્યા પ્રમાણે જ છે. કહેવાનું તાત્પર્ય-એવું છે કે-વાંસથી લઇને કલ્યાણી સુધીની જે આ પર્વ-ગાંઠ વાળી વનસ્પતિયો છે, આ વનસ્પતિયોના મૂળ રૂપેજ જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકપણાથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ સ્વામીના આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! પહેલા વર્ગનો પહેલો શાલી ઉદ્દેશો જે પ્રમાણે કહ્યો છે, અને તેમાં જીવોની ઉત્પત્તિ વિગેરેનું જે પ્રમાણે વર્ણન કર્યું છે, એજ પ્રકારનું સઘળુ કથન અહીયાં પણ સમજવું. ત્યાંના કથનની અપેક્ષાએ અહિંના કથનમાં જે વિશેષપણું છે, તે એજ છે કે-અહિયાં વાંસ વિગેરેમાં કોઈ પણ સ્થળે દેવોની ઉત્પત્તિ થતી નથી. ત્યાં તો દેવોની ઉત્પત્તિ વગેરે શુભ સ્થાનોમાં હોવાનું કહેલ છે. પણ અહિંતો તે પુષ્પ, ફળ, બીજ વગેરે કોઇમાં પણ દેવોની ઉત્પત્તિ ન હોવાનું કહ્યું છે. એજ વાત 'नवरं देवो सव्वत्थ वि न उववज्जइ' આ સૂત્રપાઠથી પ્રગટ કરેલ છે. અહિયાં પણ કૃષ્ણ; નીલ, કાપોતિક એ ત્રણ લેશ્યાઓ હોય છે, અને તેના ૨૬ છવ્વીસ ભંગો થાય છે તેમ સમજવું ॥ સૂ.૧ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકનો ચોથો વર્ગ સમાપ્ત ॥૨૧-૪॥

## પાંચમા વર્ગનો પ્રારંભ

ચોથા વર્ગમાં વાંસ વગેરે વનસ્પતિયોમાં જીવોના ઉત્પાત વિગેરેનું નિરૂપણ કરીને હવે પર્વની વનસ્પતિ જાતીના જે ઇક્ષુ-સેલડી વગેરે વનસ્પતિઓ છે, તેના જીવોના ઉત્પાત વિગેરે બતાવવા માટે પાંચમા વર્ગનું કથન કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે.-'अह भंते! इक्खु' ઈત્યાદિ

ટીકાર્થ-'ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-अह भंते! इक्खु इक्खुवाडिया' હે ભગવાન્ સેલડીથી લઇને નલ સુધીના જે પર્વ-ગોઠવાળી વનસ્પતિયો છે, તે વનસ્પતિયોના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, 'ते णं जीवा! कओहिंतो! उववज्जंति' તે જીવો ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? શું તેઓ નારકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે તિર્યંચોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અગર મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા દેવોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-'एवं जहेव वंसवग्गो तहेव एत्थ वि मूलादिया दस उद्देसगा' હે ગૌતમ! દસ ઉદ્દેશાવાળા વંશવર્ગમાં જે પ્રમાણેનું વર્ણન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણેનું તમામ વર્ણન મૂળથી લઈને બીજ સુધીના દશ ઉદ્દેશાઓથી અહિંયાં પણ કરી લેવું. અર્થાત્ વંશવર્ગમાં જે પ્રમાણે મૂલ, કન્દ, સ્કંધ, છાલ, ડાળ, કુંપળો, પત્ર, પુષ્પ ફળ અને બીજ આ નામોવાળા દસ ઉદ્દેશાઓ કહ્યા છે, એજ રીતે આ પાંચમાં વર્ગમાં પણ આજ પ્રમાણેના દસ ઉદ્દેશાઓ કહ્યા છે. તો તે તમામ ઉદ્દેશાઓ અહીયાં સમજી લેવા. વંશવર્ગ કરતાં આ વર્ગમાં જે વિશેષપણું છે, તે 'नवरं खंधुद्देसे देवा उववज्जंति' સ્કંધોદ્દેશકમાં દેવોની ઉત્પત્તિ એ વિશેષ પ્રકાર કહ્યો છે. અર્થાત્ સ્કંધોદ્દેશકમાં એટલે કે ઇક્ષુ (સેલડી), સંબંધી સ્કંધોદ્દેશામાં દેવોની ઉત્પત્તિ કહી છે, વંશ વર્ગના દશ ઉદ્દેશાઓમાં તો કોઇ પણ સ્થળે દેવોની ઉત્પત્તિ થતી નથી. 'चत्तारि लेस्साओ' ઇક્ષુ-સેલડી વગેરેના સ્કંધમાં દેવોની પણ ઉત્પત્તિ થાય છે. તો દેવોમાં ચાર લેશ્યાના સદ્ભાવને લઇને તે જીવો ચાર લેશ્યાવાળા હોય છે. તેમ સમજી લેવું. લેશ્યા સંબંધી ભંગો પહેલા કહ્યા પ્રમાણે ૮૦ એંસી થાય છે. આ કથન શિવાયનું તમામ કથન વંશવર્ગ પ્રમાણે જ છે ।।સૂ.૧।।

પાંચમો વર્ગ સમાપ્ત ।।૨૧. ૫।।

છઠ્ઠા વર્ગનો પ્રારંભ—

પાંચમાં વર્ગમાં પર્વ–ગાંઠ વાળી વનસ્પતિની જાતના ઇક્ષુ–સેલડી વગેરે વનસ્પતિયોના સ્વરૂપનું નિરૂપણુ કરીને હવે સૂત્રકાર તૃણ–ઘાસની વનસ્પતિની જાતવાળા સેંડિય ભંડિય વિગેરે વનસ્પતિયોના સ્વરૂપનું નિરૂપણુ કરવા માટે છઠ્ઠા વર્ગનો પ્રારંભ કરે છે, આ વર્ગનું પહેલું સૂત્ર છે.

'सेंडिय मंडिय' ઇત્યાદિ

ટીકાર્થ—સેંડિયથી લઈને સંકુલિ તૃણુ સુધીની બધી તૃણુ જાતની વનસ્પતિ વિશેષ છે આ વિષયમાં ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછ્યું છે કે–હે ભગવન્ સેંડિયથી લઈને સંકુલિ તૃણુ સુધી જે તૃણુ જાત વિશેષ છે, તેના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, 'ते णं जीवा कओहिंतो उववज्जंति' તે જીવો ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? શું તે જીવો નારક વગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે–'एवं एत्थ वि दस उद्देसगा निरवसेसं जहेव वंसवग्गो' હે ગૌતમ! વંશ–વાંસ વર્ગની જેમ અહિંયા મૂળ વિગેરે દસ ઉદ્દેશાઓ સમજી લેવા. તે દસ ઉદ્દેશાઓ આ પ્રમાણે છે. મૂળોદ્દેશક ૧, કંદોદ્દેશક ૨, સ્કંધોદ્દેશક ૩, ત્વગુદ્દેશકક૪, શાખોદ્દેશક૫, પ્રવાલોદ્દેશક૬, પત્રોદ્દેશક૭, પુષ્પોદ્દેશક૮, ફલોદ્દેશક૯ અને બીજોદ્દેશક૧૦, આ ઉદ્દેશાઓ પૈકી મૂળોદ્દેશામાં 'सेंडिय' થી લઈને 'संकलितृण' સુધીના મૂળના રૂપમાં ઉત્પન્ન થનારા જીવો કયાંથી આવીને ત્યાં તે રૂપે ઉત્પન્ન થાય છે? ગૌતમ સ્વામીના આ પ્રશ્નનો ઉત્તર પ્રભુએ એજ પ્રમાણે આપ્યો છે, કે તેઓ ત્યાં એ રૂપે તિર્યંચોમાંથી અથવા મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, દેવો તે રૂપે ત્યાં કોઈ પણ સમયે ઉત્પન્ન થતા નથી વંશ–વાંસના વર્ગમાં દેવોની ઉત્પત્તિ કોઈ પણ ઉદ્દેશામાં કહી નથી. તે કારણથી આ વર્ગમાં પણ મૂળથી લઈને બી સુધીના કોઈ પણ ઉદ્દેશામાં દેવની ઉત્પત્તિ કહેવાની નથી આ રીતે શાલી વર્ગમાં કહેલ મૂલોદ્દેશકની જેમ અહિયાં પણ તમામ કથન કરી લેવું. અને આ સઘળા પ્રાણુ, સઘળાભૂત, સઘળા જીવો સઘળા સત્વો' વારંવાર અથવા અનન્તવાર પહેલા ત્યાં ઉત્પન્ન થઈ ચૂકેલા છે. આટલા સુધી તે પ્રકરણુ કહી લેવું. એજ રીતે તેના 'કન્દરૂપથી ઉત્પન્ન થવાવાળા જીવો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે' આ કથનથી લઈને અનેકવાર અથવા અનંતવાર સઘળા

પ્રાણુ, વિગેરે પહેલા કન્દરૂપથી ઉત્પન્ન થઇ ચૂકયા છે,' આ કથન સુધીના પ્રશ્નોત્તર વાકય વાળું કન્દ પ્રકરણુ પણુ અહિયાં કહી લેવું. એજ પ્રકારે અહિયાં સ્કન્દોદ્દેશક, ત્વચોદ્દેશક, શાખોદ્દેશક, ફલોદ્દેશક અને બીજોદ્દેશક પણુ કહી લેવા. આ રીતે વંશ વર્ગ પ્રમાણે મૂળથી લઈને બીજ જીવ સુધીના દસ ઉદ્દેશાઓ અહિયાં કહેવામાં આવ્યા છે. વંશવર્ગની અપેક્ષાએ આના કન્દ પ્રકરણુમાં કોઇ પણુ જાતની વિલક્ષણુતા નથી. ।।સૂ. ૧।।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત ''ભગવતીસૂત્ર''ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકનો છઠ્ઠો વર્ગ સમાપ્ત ।।૨૧-૬ ।।

## હરિત વનસ્પતિ જીવોં કે ઉત્પાદ આદિ કા કથન

સાતમા વર્ગનો પ્રારંભ–

છઠ્ઠાં વર્ગમાં 'સેંડિય' વિગેરે રૂપ તૃણુ વનસ્પતિયોના સ્વરૂપનું કથન કરીને અને મૂળ વિગેરેમાં ઉત્પન્ન થનારા જીવોની ઉત્પત્તિ વગેરે પ્રગટ કરીને હવે સૂત્રકાર હરિત (લીલી) વનસ્પતિની જાતની જે અભ્રરૂહ વિગેરે રૂપ વનસ્પતિ છે, તે વનસ્પતિના મૂળરૂપે ઉત્પન્ન થનારા જીવોના ઉત્પાદ વિગેરે બતાવવા માટે સાતમો વર્ગ પ્રારંભ કરે છે–સાતમા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે.–'अह भंते ! अब्भरुह' ઈત્યાદિ

ટીકાર્થ—'अह भंते !' હે ભન્દત 'अब्भरुह–वायण हरितग तंदुलेज्जग०' અભ્રરૂહ, વાયણુ, હરિતક, તંદુલીયક, તૃણુ, વત્થુલ, પોરક, માર્જારિકા, બિલ્લી, પાલક્ક, દગપિપ્પલી, દર્વી. સ્વસ્તિક, શાકમંડુકી, મૂલક, સરસવ, અંબિલ શાક અને જીયંતગ, આ વનસ્પતિયોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? જે વનસ્પતિ પૃથ્વીને ફાડીને ઉગે છે તેવી વનસ્પતિ અભ્રરૂહ કહેવાય છે, તેને ભાષામાં છત્રક કહે છે. જંગલના પ્રદેશોમાં ચોમાસામાં છત્રીના આકાર જેવી થાય છે. 'वायण ! આ શાક વિશેષનું નામ છે, હરિતક એ પણુ એક જાતના શાક વિશેષનું નામ છે. જેને ભાષામાં તાંદલિયાની ભાજી કહેવામાં આવે છે તેને અહિયાં

તંદુલીયક શબ્દથી કહેલ છે. તૃણના આકારની પત્ર પાનડાની વનસ્પતિ થાય છે, તે તૃણ-તૃણ શબ્દથી અહિયાં બતાવી છે. વથુઆ નામની જે ભાજી હોય છે તેને 'વત્થુલ' શબ્દથી કહેલ છે. વત્થુલ શિયાળાના સમયમાં ઘઉં વિગેરેના ખેતરોમાં થાય છે. પોરાં એ નામની વેલ રૂપ ભાજી વિશેષ હોય છે, તેને અહિયાં પોરક શબ્દથી કહેલ છે. સાર્જારિક' આ પણ એક પ્રકારનું શાક છે. 'બિલ્લી' આ પણ એક પ્રકારનું શાક છે 'પાલક' એ એક પ્રકારની ભાજી છે. જેને ભાષામાં 'પાલકની ભાજી' એ પ્રમાણે કહે છે. સરસવ શબ્દથી સરસવના પાનની ભાજી ગ્રહણ કરે છે. 'જીવન્તક' શબ્દથી માળવામાં પ્રસિદ્ધ જીવરૂપ શાક ગ્રહણ કરેલ છે. ગૌતમ સ્વામીએ કહેલ પ્રશ્ન સ્પષ્ટ છે. આ રીતે અભ્રરુહ વિગેરે શાક વનસ્પતિના સંબંધમાં પણ મૂળ વિગેરે સંબંધી દશ ઉદ્દેશાઓ સમજવા. જેથી જેવી રીતે 'વંશ' વાંસનો વર્ગ કહેલ છે એજ રીતે આ સાતમો અભ્રરુહ વર્ગ પણ પણ કહી લેવો. ॥સૂ. ૧॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકનો સાતમો વર્ગ સમાપ્ત ॥૨૧-૭॥

卐

## તુલસી આદિ વનસ્પતિગત જીવોં કે ઉત્પાદ આદિ કા કથન

આઠમા વર્ગનો પ્રારંભ—

સાતમો વર્ગ સંપૂર્ણ કરીને હવે હરિત (લીલી) વનસ્પતિયોની જાતોમાં જે તુલસી વિગેરે વનસ્પતિયો છે, તેના સંબંધમાં સૂત્રકાર આ આઠમા વર્ગનું નિરૂપણ કરે છે,—'अह भंते ! तुलसी कण्हदरालफणिज्ज' ઇત્યાદિ

ટીકાર્થ—'अह भंते' ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ 'तुलसी-कण्ण-दराल०' તુળસી, કાળી તુળસી, દરાલ, ફણિજ્જ, અર્જક, ચોરક, જીરક, દમનક, મરુવા, ઇન્દીવર અને શતપુષ્પ આ વનસ્પતિયોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ક્યાંથી આવીને આ રૂપે ઉત્પન્ન થાય છે ? શું નૈરયિક પણાથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચપણાથી આવીને ઉત્પન્ન થાય છે ? કે મનુષ્ય પણામાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા દેવ ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! વંશવર્ગ પ્રમાણે અહિયાં પણ મૂળ વગેરે

સંબંધી દસ ઉદ્દેશાઓ કહેવા જોઈએ. આ આઠ વર્ગોમાં એક એક વર્ગમાં ૧૦ ૧૦ દસ દસ ઉદ્દેશાઓ હોવાથી કુલ એંસી ઉદ્દેશાઓ થાય છે. ।।સૂ૦૧।।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના એકવીસમા શતકનો આઠમો વર્ગ સમાપ્ત ।।૨૧-૮ ।।

।। એક વીસમું શતક સંપૂર્ણ ।।

## બાવીસવેં શતક કે ઉદ્દેશે કી સંગ્રહક ગાથા કા કથન

બાવીસમા શતકનો પ્રારંભ—

એકવીસમા શતકનું નિરૂપણ કરીને હવે અવસરપ્રાપ્ત તાડ વિગેરે વૃક્ષો સાથે સંબંધ રાખવાવાળા આ ૨૨ બાવીસમા શતકનો પ્રારંભ કરવામાં આવે છે. બાવીસમા શતકના વિષયને બતાવવાવાળી ગાથા સૂત્રકારે કહી છે તે આ પ્રમાણે છે–'तालेगट्ठियबहुबीयगा य ' ઈત્યાદિ–

ટીકાર્થ–તાડ નામનું વૃક્ષ થાય છે. તે સંબંધી દશ ઉદ્દેશાઓના સમુદાયરૂપ પહેલો વર્ગ છે. તેનું નામ તાલ વર્ગ છે. ૧ જેના ફળોની અંદર એક ગોઠલી હોય છે, એવા–આંબો–જાંબૂડા, લીમડો, વિગેરે વૃક્ષો એક અસ્થિવાળા કહેવાય છે. તેના સંબંધમાં દસ ઉદ્દેશાઓ રૂપ જે સમુદાયરૂપ વર્ગ છે તે એકાસ્થિક, નામનો બીજો વર્ગ છે. ૨ જેના ફળોમાં ઘણા બીજ હોય છે તે બહુબીજ વાળા વૃક્ષો કહેવાય છે. જેમ કે–(તિંદુક) કોઠું વિગેરે આના સંબંધમાં દશ ઉદ્દેશાઓના સમુદાય રૂપ જે વર્ગ છે, તે બહુબીજક' નામનો ત્રીજો વર્ગ છે. ગુચ્છારૂપ જે રિંગણુ વિગેરે વનસ્પતિ છે, તે ગુચ્છારૂપ વનસ્પતિ કહેવાય છે. તે સંબંધી ચોથો વર્ગ છે. સિરિયક, નવમાલિકા, કોરણ્ટક, વિગેરે સંબંધી પાંચમો વર્ગ છે. પૂસફળી, કાલિંગડી, તુમ્બડી, વગેરેના સંબંધમાં છઠ્ઠો વર્ગ છે. આ રીતે આ શતકમાં દસ વર્ગ છે.

'छद्दसवग्गा' ઈત્યાદિ–એક એક વર્ગના ૧૦ ૧૦ દસ દસ ઉદ્દેશાઓ છે. એ રીતે છ વર્ગના કુલ ૬૦ સાઈઠ ઉદ્દેશા થાય છે. આ એક એક ઉદ્દેશાઓના નામો આ પ્રમાણે છે. મૂલોદ્દેશક૧ કંદોદ્દેશક૨, સ્કંધોદ્દેશક૩, ત્વગુદ્દેશક૪, શાખોદ્દેશક૫ પ્રવાલોદ્દેશક ૬ પત્રોદ્દેશક૭ પુષ્પોદ્દેશક૮ ફલોદ્દેશક૯ બીજોદ્દેશક૧૦ આ પ્રમાણે આ ગાથાનો અર્થ છે"

હવે સૂત્રકાર વનસ્પતિની જાતના જે તાડ, તમાલ વગેરે વનસ્પતિયો છે, તેના સ્વરૂપનું કથન કરે છે. 'रायगिहे जाव एवं वयासी' ઈત્યાદિ–

ટીકાર્થ—રાજગૃહનગરમાં ભગવાનને ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછયું અહિં યાવત્ શબ્દથી આ પ્રમાણેનો પાઠ ગ્રહણ કરાયો છે. 'રાજગૃનગરમાં ભગવાનનું સમવસરણ થયું'. પરિષત્ ભગવાનને વંદના કરવા નગરની બહાર નીકળી, ભગવાને તેઓને ધર્મદેશના આપી. ધર્મદેશના સાંભળીને પરિષદ્ ભગવાનને વંદના નમસ્કાર કરીને પોતપોતાને સ્થાને પાછી ગઈ. તે પછી ભગવાનને વંદના નમસ્કાર કરીને ઉર્ધ્વજાનુ વાળા ગૌતમ સ્વામીએ બન્ને હાથ જોડીને ઘણા જ વિનય સાથે પ્રભુને આ પ્રમાણે પૂછયું –अह भंते ! ताल–तमाल तक्कलि, तेतलि, साल सरल सारगल्लाणं जाव' હે ભગવન્ જે આ તાડ, તમાલ, તક્કલી, તેતલિ, સાલ, સરલ–સારગલ્લ, યાવત્ કેતકી, કેવડા, કદલી, (કેળ) ચર્મવૃક્ષ, ગુંદવૃક્ષ (ગુંદાનાઝાડ) હિંગનાઝાડ લવંગના ઝાડ સોપારીના ઝાડો ખજુરીના ઝાડો અને નારીયેલના ઝાડો છે, આ બધા ઝાડોના મૂળ સંબંધી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે– 'एवं एत्थ वि मूलादीया दस उद्देसगा कायव्वा जहेव सालीणं' હે ગૌતમ ! શાલી વર્ગના કથન પ્રમાણે અહિયાં પણ મૂળ વિગેરે દસ ઉદ્દેશાઓ સમજવા તે દસ ઉદ્દેશાઓ આ પ્રમાણે છે–મૂલોદ્દેશક૧ કંદોદ્દેશક૨ સ્કંધોદ્દેશક૩ ત્વગુદ્દેશક૪ શાખોદ્દેશક૫ પ્રવાલોદ્દેશક૬ પત્રોદ્દેશક૭ પુષ્પોદ્દેશક૮ ફલોદ્દેશક૯ અને બીજોદ્દેશક૧૦ આ દશ ઉદ્દેશાઓ પૈકી પહેલા મૂલોદ્દેશાના સંબંધમાં ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછયું કે–હે ભગવન્ તેઓ કયાંથી આવીને આમાં મૂળ રૂપે ઉત્પન્ન થાય છે ? શું નરકથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચ ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્ય ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા દેવગતિથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રમાણે પ્રશ્ન કર્યો છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે–તિર્યંચ અથવા મનુષ્ય ગતિથી આવીને જ તે જીવો આ પહેલા કહેલ વૃક્ષોના મૂળ રૂપે ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમ સ્વામી પૂછે છે કે હે ભગવન્ તાલ વગેરેના મૂળરૂપે ઉત્પન્ન થનારા જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? ઉત્તર હે ગૌતમ ! જઘન્યથી તેઓ એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી તેઓ સંખ્યાત અને અસંખ્યાત રૂપથી ઉત્પન્ન થાય

છે. અપહારદ્વાર સંબંધમાં ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ તેના મૂળમાંથી જો જીવો પ્રતિસમયમાં સંખ્યાત અને અસંખ્યાત ઉત્સર્પિણી કાળ સુધી અસંખ્યાતપણાથી કહાડવામાં આવે તો તે કેટલા કાળમાં તેમાંથી પૂરે પુરા બહાર કહાડી શકાય તેમ છે ? ઉત્તર-હે ગૌતમ ! પ્રત્યેક સમયે જો અસંખ્યાત રૂપથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્સર્પિણી કાળ સુધી તેમાંથી જીવો બહાર કહાડવામાં આવે, તો પણ તે જીવો તેમાંથી પૂરે પૂરા બહાર કહાડી શકાતા નથી. ગૌતમ સ્વામીનો પ્રશ્ન-તે મૂળમા રહેલા જીવોના શરીરની અવગાહના (લંબાઈ પહોળાઇ) કેટલી કહી છે ? ભગવાનનો ઉત્તર હે ગૌતમ ! તે મૂળમાં રહેલા જીવોના શરીરની અવગાહના જઘન્યથી એક આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી બે ધનુષથી લઇને નવ ધનુષ સુધીની કહી છે. ગૌતમ સ્વામીનો પ્રશ્ન-હે ભગવન્ તે મૂળમાં રહેલા જીવો જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનો બંધ કરનાર હોય છે ? કે અબંધક હોય છે ? ભગવાનનો ઉત્તર- હે ગૌતમ ! તે મૂળમાં રહેલા જીવો જ્ઞાનાવરણીય વિગેરે કર્મોના બંધક-બંધ કરનારા જ હોય છે. અબંધક હોતા નથી આ પ્રમાણેનું કથન કર્મોના વેદનના સંબંધમાં, ઉદયના સંબંધમાં અને ઉદીરણાના સંબંધમાં પણ સમજવું. હે ભગવન્ તે મૂળમાં રહેલા જીવો કેટલી લેશ્યાઓ વાળા હોય છે ? ગૌતમ સ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે- હે ગૌતમ ! તેના મૂળમાં રહેલા જીવો કૃષ્ણ, નીલ, અને કાપોત આ ત્રણ લેશ્યાઓવાળા હોય છે. આ લેશ્યા સંબંધી પહેલા કહેલ પદ્ધતિથી ૨૬ છવ્વીસ ભંગો થાય છે. તે તમામ ભંગો અહિયાં કહેવા જોઈએ.

દૃષ્ટિદ્વારમાં-આ બધા જીવો મિથ્યાદૃષ્ટિ જ હોય છે, જ્ઞાનદ્વારમાં-આ બધા જીવો અજ્ઞાની જ હોય છે. યોગદ્વારમાં આ જીવો કેવળ કાયયોગ વાળા જ હોય છે. ઉપયોગદ્વારમાં-આ જીવો સાકાર-અને અનાકાર રૂપ બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. આ તમામ કથન અહિયાં કહેવું. એજ રીતે વર્ણાદિથી લઇને ઇન્દ્રિયદ્વાર સુધીના બારે દ્વારો સંબંધનું વિવેચન યોગ્ય રીતે સમજી લેવું. પ્રશ્ન-હે ભગવન્ આ મૂળના જીવો મૂળ વગેરેમાં કયાં સુધી રહે છે ? ભગવાનનો ઉત્તર-હે ગૌતમ ! આ મૂળના જીવો મૂળ વગેરેમાં જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધી રહે છે, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે છે. ગૌતમ સ્વામીનો પ્રશ્ન-હે ભગવન્ આ મૂળ વિગેરેમાં રહેલા જીવો જો ત્યાંથી મરીને પૃથ્વીકાય વિગેરેમાં જો ઉત્પન્ન થઈ જાય અને પાછા ત્યાંથી પણ મરીને ફરીથી મૂળ વિગેરેમાં ઉત્પન્ન થઇ જાય. તો આ રીતે મરીને ફરીથી ત્યાંજ ઉત્પન્ન થઇને તેઓ ત્યાં કેટલા કાળ સુધી રહે છે ? અને આ રીતે તેઓ અવર જવર કયાં સુધી કરતા રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તેઓ આ રીતે ઓછામાં ઓછા બે ભવગ્રહણ સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવગ્રહણ

સુધી ત્યાં રહે છે, અને ગમનાગમન-અવર જવર કરતા રહે છે. આજ રીતે વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, તિર્યન્ચ, પંચેન્દ્રિય, અને મનુષ્ય આ બધામાં ઉત્પન્ન થઇને ફરીથી ત્યાંજ ઉત્પન્ન થઈને રહેવાનો કાળ સમજવો. આ તમામ વર્ણન ઉત્પલ ઉદ્દેશામાં પહેલા કહેલ છે. ત્યાંથી સમજી લેવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-હે ભગવન્ સમસ્ત પ્રાણો, સઘળા ભૂતો સઘળા જીવો અને સઘળા સત્વો મૂળ વિગેરેના જીવ રૂપે શું પહેલાં ઉત્પન્ન થઈ ચૂકયા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હા ગૌતમ ! આ સમસ્ત પ્રાણો, વિગેરે મૂળ વિગેરે મૂળ વિગેરેમાં જીવ રૂપથી અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચૂકયા છે. આ રીતે આ શાલી વર્ગમાં કહેલ મૂલોદ્દેશક પ્રમાણે કંદોદ્દેશક પણ સમજવો. અને એજ રીતે સ્કંધોદ્દેશક, ત્વગુદ્દેશક, શાખોદ્દેશક, પ્રવાલોદ્દેશક, અને પત્ર, પુષ્પ, ફળ અને બીજ સંબંધી ઉદ્દેશાઓ પણ સમજવા.

શાલીવર્ગ પ્રમાણે જ આ તમામ મૂળ-કંદ સ્કંધ-વિગેરે ૧૦ ઉદ્દેશાઓ સ્વયં બનાવી લેવા. પરંતુ આ વર્ગમાં શાલી વર્ગની અપેક્ષાએ-મૂળ, કંદ, સ્કંધ ત્વક્ અને શાખા આ પાંચ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિનો અભાવ કહેલ છે. જેથી આ કથનથી પ્રવાલ, પત્ર, પુષ્પ ફળ અને બીજ આ ઉદ્દેશાશાઓમાં દેવોની ઉત્પત્તિ થાય છે. એ વાત સિદ્ધ છે. દેવોની ઉત્પત્તિ અશુભ સ્થાનોમાં થતી નથી. પરંતુ શુભ સ્થાનોમાંજ થાય છે. જો કે શાલી વિગેરે વર્ગમાં મૂળ વિગેરેમાં દેવોની ઉત્પત્તિ થવાનો નિષેધ કરેલ છે, અને અહિંયાં પણ એજ વાત કહી છે. જેથી આમાં કાંઇ જુદાપણુ આવતુ નથી. આ કથનમાં સરખાપણું જ આવે છે. તો પછી પાછુ આ કથન કહેવાની શી જરૂર પડી ? આ શંકા નો પ્રત્યુત્તર એ છે કે-આટલા અંશમાં સરખાપણું ભલે હોય તો પણ વિલક્ષણપણુ તો છે જ જેમકે-શાલી વિગેરે વર્ગમાં પુષ્પો વગેરે સ્થાનોમાં દેવોની ઉત્પત્તિ કહી છે, અને અહિયાં પ્રવાલથી લઇને બીજ સુધીના પાંચ સ્થાનોમાં દેવોની ઉત્પત્તિ કહેવામાં આવશે. આ અપેક્ષાએ આ કથનમાં ભિન્નપણુ આવે જ છે. તથા આ રીતે પણ અહીં વિલક્ષણપણું આવે છે, 'तिन्नि लेस्साओ' મૂળથી લઇને શાખા સુધીના જીવોમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ કહી છે, તથા તેમાં દેવોની ઉત્પત્તિનો અભાવ પણ કહ્યો છે. સ્થિતિ જઘન્યથી અન્તમુંહૂર્ત સુધીની અને ઉત્કૃષ્ટથી હજાર વર્ષની કહી છે. અને બાકીના પ્રવાલ વિગેરે પાંચ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિ અને ચાર લેશ્યાઓનું કથન કરેલ છે. શાલી પ્રકરણમાં જઘન્ય સ્થિતિ અન્તર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૨ બે વર્ષથી લઈને ૯ નવ વર્ષ સુધીની કહી છે. એ રીતે આ બન્ને સ્થાનોમાં ભિન્નપણુ છે. 'ओगाहणा मूले कंदे धणुपुहुत्तं' મૂળ અને કંદમાં રહેલા જીવોની અવગાહના ૨ બે ધનુષથી ૯ નવ ધનુંષ સુધીની કહી છે. અને શાલી પ્રકરણમાં મૂળ વિગેરે બધાના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાયમાં

ભાગ પ્રમાણુ સુધી અને ઉત્કૃષ્ટથી ૨ બે ધનુષથી નવ ધનુષ પ્રમાણુ સુધીની કહી છે. પરંતુ અહિયાં તે દરેકની જુદા જુદા રૂપથી કહી છે. જેમ કે-શાખાની ૧ એક ગવ્યૂતિ (બેગાઉથી લઇ નવ ગાઉ) પૃથક્ત્વ, પ્રવાલ અને પત્રની ધનુષ પૃથક્ત્વ, પુષ્પની હાથ પૃથક્ત્વ અને બીજની આંગળ પૃથક્ત્વ, પત્રમાં જ્યાં સુધી અવયવો વિકાસ પામતા નથી ત્યાં સુધી તેને પ્રવાળ-કૂંપળ કહેવામાં આવે છે, અને જ્યારે તેમાં અવયવ પ્રગટ થઈ જાય છે, ત્યારે તેને પાન કહેવામાં આવે છે, આ તમામ કથન જઘન્ય અવગાહનાને લઇને કહેલ નથી પરંતુ ઉત્કૃષ્ટ અવગાનાના સંબંધમાં જ કહેલ છે. તેથી આ બધાની જઘન્ય અવગાહના **अंगुलस्स असंखेज्जइभाग'** આગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ સુધીની છે. તેમ સમજવું. **सेसं जहा सालीणं'** આ પાઠથી સૂત્રકારે એ પ્રગટ કરેલ છે કે-શાલી પ્રકરણુની અપેક્ષાએ આ પ્રકરણુમાં જે ફેરફાર છે, તે તો સૂત્રમાંજ બતાવેલ છે. પરંતુ જ્યાં ફેરફાર નથી. તે તમામ શાલી પ્રકરણની જેમ જ સમજવાનું છે તેથી તે ભાગ ગ્રંથ વિસ્તાર ભયથી અહિં કહેલ નથી. અહિયાં પ્રાચીન ગાથા આ પ્રમાણે છે-'पत्ते पवाले पुप्फे' ઇત્યાદિ આ ગાથાથી એ બતાવેલ છે કે-દેવોનો ઉત્પાદ પ્રશસ્ત રસ, વર્ણ. ગન્ધ વાળા વૃક્ષોના પાનમાં, કૂંપળોમાં, પુષ્પોમાં, ફળોમાં અને બીજોમાં, થાય છે, તેના મૂળમાં, કંદમાં, સ્કંધમાં, છાલમાં, અને શાખા-ડાળોમાં થતો નથી. **'एवं एए दस उद्देसगा'** આ રીતે આ તાલ નામના પહેલા વર્ગમાં મૂળ, કંદ, સ્કંધ, ત્વક, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ એ રીતે દસ ઉદ્દેશાઓ હોય છે. ॥સૂ૦॥

**જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બાવીસમા શતકનો તાલ નામનો પહેલો વર્ગ સમાપ્ત ॥ ૨૨-૧ ॥**

નિમ્બ નામના બીજા વર્ગનો પ્રારંભ-

પહેલા તાલ વર્ગનું કથન કરીને હવે સૂત્રકાર અવસરપ્રાપ્ત આ બીજા વર્ગનો પ્રારંભ કરે છે.-'अह भंते ! निंबंब' ઇત્યાદિ-

ટીકાર્થ—હે ભગવાન્ નીમ. લીમડો, આમ-આંબો જાંબૂ કોશંબ, તાડ, અંકોલ્લ, પીલુ, સેલુક, સલ્લકી, મોચકી, માલુક, પલાશ, કરંજ, પુત્રંજીવક, અરિષ્ટ અરીઠા, બહેડા, હરડે, ભિલામા, ઉંબેભરિકા ક્ષીરિણી, ધાબિણી-ધાતકી, પ્રિયાલ, ચિરોંજી. પૂતિનિંબકરંજ, સહ્હક, પાસિક, શિંશપા, અશન પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણ અને અશોક આ વૃક્ષોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ ત્યાં ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-હે ગૌતમ ! અહિયાં આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે મૂલ વિગેરે સઘળા ઉદ્દેશાઓ તાલ વર્ગ પ્રમાણે સમજવા. કંકોલવૃક્ષનું નામ જ અંકોલ છે. સલ્લકીએ કાંટાવાળા વૃક્ષ વિશેષનું નામ છે, જેને ભાષામાં પિત્તોન્જિઝયા કહેવામાં આવે છે, તેનેજ અહિયાં પિત્તંજીવ શબ્દથી કહેલ છે. અરિઠાનું નામ રિષ્ઠ છે. ક્ષિરિણી વૃક્ષને ભાષામાં ખિરની-રાયણ કહે છે. તેના ફળોમાં દૂધ નીકળે છે, વિહેલગ, બહેડાનું નામ છે, 'હરિતગ' હરડેનું નામ છે. ધાતકીએ એક જાતના વૃક્ષ વિશેષનું નામ છે, પ્રિયાલ ચિરોંજીને કહે છે, તેના વૃક્ષને આચારનું વૃક્ષ એ પ્રમાણે કહેવામાં આવે છે, 'असण' એ અલસીનું નામ છે, અહિયાં આ જેટલા વૃક્ષો કહ્યા છે, તેના ફળોમાં એકજ ગોઠલી હોય છે. તેથી તેઓને એકાસ્થિક પ્રકરણમાં રાખેલા છે.

તાલ વર્ગમાં મૂળ વિગેરે ૧૦ દસ ઉદ્દેશાઓ કહેલ છે એજ પદ્ધતિથી તે બધા જ ઉદ્દેશાઓ અહિયાં પણ સમજવા તાલવર્ગ શાલીવર્ગ પ્રમાણે કહેલ છે, તથા શાલીવર્ગની અપેક્ષાએ તાડ વર્ગમાં જે ફેરફાર છે, તે તમામ તાડ વર્ગમાં પ્રગટ કરેલ છે. આ રીતે અહિયાં આ બીજા વર્ગમાં પણ મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, છાલ, શાખા, પ્રવાલ, પત્ર પુષ્પ ફળ અને બીજ આ નામોના દસ ઉદેશાઓ થાય છે. ાસૂ ૧ા

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બાવીસમા શતકનો બીજો વર્ગ સમાપ્ત ા૨૨-૨ા

ત્રીજા વર્ગનો પ્રારંભ–

બીજા વર્ગમાં લીમડો, આંબો, જાંબૂ વિગેરે એક ગોઠલીવાળા વનસ્પતિ સંબંધી વૃક્ષના મૂળ વિગેરે રૂપથી ઉત્પન્ન થયેલા જીવોનું આવવું ત્યાં કયાંથી થાય છે ? આ બાબતનુ નિરૂપણુ કરીને હવે સૂત્રકાર ક્રમથી પ્રાપ્ત થયેલ બહુ બીજવાળા વનસ્પતિયોના સંબંધમાં અગસ્તિક, તિંદુક, વગેરે વૃક્ષોના મૂળ વિગેરે રૂપથી ઉત્પન્ન થયેલા જીવોના ઉત્પાદ–ઉત્પત્તિ વગેરેનો વિચાર કરવા માટે ત્રીજા વર્ગનો આરંભ કરવામાં આવે છે, આ ત્રીજા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે–'अह भंते ! अत्थियतिंदुयकविट्ठ ' ઈત્યાદિ–

ટીકાર્થ—ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'अह भंते !' હે ભગવાન્ 'अत्थिय तिंदुय कविट्ठ अंबाडग; माउलिंग, बिल्ल आमलग, फणस, दाडिम, आसत्थ, उंबर, वडग અગથિયો તિંદુક, કોઠુ, અંબાડગ, માતુલિંગ, બિલ્વ–બીલી, આમલક–આંમળા, ફણસ, દાડમ; પીપળો, ઉમરડો, વડ, નંદિ વૃક્ષ, પીપર, સતર, પ્લક્ષ, કાકોદુંબરી, કુસ્તુંભરી, દેવદાલિ, તિલક, લકુચ, છત્રૌઘ, કદમ્બ, આ બધા વૃક્ષોના મૂળ રૂપે ઉત્પન્ન થનારા જે જીવો છે, તે જીવો કયાંથી આવીને તેના મૂળ રૂપે ઉત્પન્ન થાય છે? 'किं नेरइएहिंतो तिरियमणुस्सेहिंतो वा' શું નરકમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા દેવોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'एवं एत्थ वि मूलादीया दस उद्देसगा तालवग्गसरिसा नेयव्वा जाव बीयं' હે ગૌતમ ! અહિયાં પણુ તાલ વર્ગ પ્રમાણે મૂળ વગેરેના દસ ઉદ્દેશાઓ સમજી લેવા. યાવત્પદથી અહિયાં કંદ, સ્કંધ, છાલ, ડાળ, કૂંપળ, પાન, પુષ્પ, અને ફળ આ ઉદ્દેશાઓ ગ્રહણુ કરાયા છે. તથા તાલ વર્ગમાં મૂળથી લઇને બીજ સુધીના દસ ઉદ્દેશાઓ શાલી વર્ગ પ્રમાણે કહ્યા છે–જો કે કોઈ અંશોમાં શાલીવર્ગ કરતાં તેમાં ફેરફાર હોવા છતાં પણુ તેઓને તે પ્રમાણે કહ્યા છે, એજ રીતે અહિયાં પણુ તાલ વર્ગ પ્રમાણે જ મૂલથી લઈને બીજ સુધીના ઉદ્દેશાઓ કહેવા જોઈએ અર્થાત્ તે પ્રમાણે સમજી લેવા. એ રીતે અહિયાં જે પ્રશ્ન કરેલ છે કે–આસ્તિક વિગેરે વૃક્ષોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે કયા સ્થાનોથી આવીને તેમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એજ છે કે–તિર્યંચોમાંથી અથવા મનુષ્યોમાંથીજ આવીને ત્યાં ઉત્પન્ન થાય છે, નરકમાંથી અગર દેવોમાંથી આવીને તેમાં ઉત્પન્ન થતા નથી. હે ભગવાન્ તે મૂળના જીવો એક સમયમાં મૂળમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–હે ગૌતમ ! તે જીવો મૂળમાં એક સમયમાં જઘન્યથી એક, અથવા બે, અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે,

એજ રીતે અહિયાં અપહાર સંબંધમાં આ પ્રમાણે કહેવું કે-અગથિયા વિગેરે વૃક્ષોના મૂળોમાં રહેલા જીવો જો અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી પ્રતિસમય અસંખ્યાત બહાર કહાડવામાં આવે તો પણ તેઓ તેમાંથી પુરા બહાર કહાડી શકાતા નથી. અવગાહના સંબંધમાં-તેઓની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વાળી અને ઉત્કૃષ્ટથી બે ધનુષથી લઇને નવ ધનુષ સુધીની હોય છે, બંધકના સંબંધમાં મૂળ ગત જીવો જ્ઞાનાવરણીય વિગેરે આઠ કર્મોનો બંધ કરવા વાળા જ હોય છે, અબંધક હોતા નથી. એજ રીતે વેદ, ઉદય, ઉદીરણા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, આ દ્વારોમાં તથા વર્ણથી લઈને ઇંદ્રિય સુધીના દ્વારોમાં ઉત્પલલોદ્દેશક (શ ૧૧ ઉ. ૧)ના કથન પ્રમાણે વર્ણન સમજી લેવું. તે મૂળ ગત જીવો કાળની અપેક્ષાએ કેટલા સમય સુધી રહે છે ? એ મૂળના જીવો કાળની અપેક્ષાએ જઘન્યથી એક અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે છે. તે મૂળગત જીવો જો મૂળમાંથી મરીને પૃથ્વિકાય વિગેરેમાં જન્મ ધારણ કરે અને પાછા ત્યાંથી મરીને ફરીથી મૂળમાં જન્મ ધારણ કરે, તો આ પ્રકારથી તેઓ ત્યાં કેટલા કાળ સુધી રહે છે ? અને કયાં સુધી એ રીતે અવર જવર કરતા રહે છે ? અહિયાં પૃથ્વીકાયથી લઈને મનુષ્ય સુધીમાં બધાને જુદા જુદા રૂપથી ભવ ગ્રહણ કહેલ છે, તો તે તમામ કથન ઉત્પલોદ્દેશમાંથી સમજી લેવું સઘળા પ્રાણો, સઘળા ભૂતો, સઘળા જીવો, સઘળા સત્વો, હે ભગવન્ પહેલાં મૂળના જીવરૂપે ઉત્પન્ન થયા છે ? હા ગૌતમ ! આ બધા પહેલાં અનેક વાર અને અનંત વાર મૂળના જીવરૂપે ઉત્પન્ન થઈ ચૂકયા છે. શાલીવર્ગની અપેક્ષાએ આ કથનમાં એ ફેરફાર છે કે-મૂળ, કંદ, સ્કંધ, છાલ, શાખા, આ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિ થતી નથી. અને પ્રવાલ-કૂંપળ, પાન, ફૂલ, ફળ, અને બીજ આ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિ થાય છે, આ પ્રમાણે ઉત્પત્તિના સંબંધમાં ફેરફાર છે. દેવોની ઉત્પત્તિ થવાને કારણે અહિયાં ૪ ચાર લેશ્યાઓ હોય છે. અહિયાં સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી ૧૦ દસ હજાર વર્ષ સુધીની છે. અવગાહના મૂળ અને કંદ એ બે દ્વારમાં ધનુષ્ક પૃથક્ત્વ નીજ છે. સ્કંધ, ત્વચા-છાલ અને શાખા-ડાળ આ દ્વારોમાં ગવ્યૂત (બે ગાઉ) પૃથક્ત્વની છે પ્રવાલ અને પત્રમાં ધનુષ્પૃથક્ત્વની છે. પુષ્પમાં હસ્ત પૃથક્ત્વની છે. પત્ર અને બીજ દ્વારમાં આંગળ પૃથક્ત્વની છે.-અવગાહનાનું કથન ઉત્કૃષ્ટની અપેક્ષાએ છે. અને જઘન્યની અપેક્ષાએ અવગાહના બધે જ આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણવાળી કહી છે આ રીતના ફેરફાર શિવાય બીજું-તમામ કથન દશે ઉદ્દેશાઓમાં શાલીવર્ગના કથન પ્રમાણે જ છે. આ રીતે અગસ્તીયા વિગેરે બહુ બીજવાળા ફળના વિષયવાળા આ ત્રીજા વર્ગમાં મૂળ વિગેરે સંબંધી દશ ઉદ્દેશાઓનું વર્ણન કરેલ છે. ।।સૂ૦૧।।

ત્રીજો વર્ગ સમાપ્ત ।।૨૨-૩।।

ચોથા વર્ગનો પ્રારંભ-

ત્રીજા વર્ગમાં અગથિયા વિગેરે બહુ બીજવાળા વૃક્ષોના મૂળમાં રહેલ જીવોના ઉત્પાદ વિગેરેનું વર્ણન કરીને હવે સૂત્રકાર 'बाइंगणि' વિગેરે ગુચ્છા વાળા જાતના વનસ્પતિયોના મૂળમાં રહેલા જીવોનું વિવેચન કરવા માટે આ ચોથા વર્ગનો પ્રારંભ કરે છે. આ વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'अह भंते ! बाइंगणि' ઈત્યાદિ

ટીકાર્થ-હે ભગવન્ 'बाइंगणि सल्लइ थुंडइ०' વંતાકી, સલ્લકી થુંકડી, વિગેરે વૃક્ષોના નામો પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પદમાં કહેલ ગાથા પ્રમાણે યાવત્ ગંજ, પાટલા, દાસી, અને અંકોલ સુધી, સમજવું. આ ગાથા 'बाइंगाणि-सल्लइ, थंडइ, य तह कंथुरी य जासुमणा ! रूवी आडइ णीली, तुलसी, तह माउलिंगीय०' આ ગાથાથી લઈને 'जावइ केयइ तह गंजपाडला दासिअंकोले' આ ગાથા સુધી પાંચ ગાથાઓ છે. આ ગાથાઓ પ્રમાણે અહિયાં વૃન્તાકી વર્ગમાં વૃક્ષોના નામોનું કથન ગંજ, પાટલ, દાસી, અને અંકોલ સુધી કરવું આ વંતાકી (રીંગણ)થી લઇને અંકોલ સુધીના ગુચ્છાની જાતના આ જેટલા વનસ્પતિયો છે, આ વનસ્પતિયોના મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ ક્યાંથી આવીને તેમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તિર્યંચોથી અથવા મનુષ્યોમાંથી આવીને તે જીવો તેના મૂળ વિગેરે રૂપે ઉત્પન્ન થાય છે. 'एवं एत्थ वि मूलादीया दस उद्देसगा निरवसेसं जहा सालीणं' અહિયાં પણ મૂળથી લઇને બીજ સુધીના દસ ઉદ્દેશાઓ શાલીવર્ગ પ્રમાણે કહેવા જોઇએ આમાં શાલીવર્ગ કરતાં જે વિશેષતા હોય તે શાલી વર્ગમાં જ જોઇને સમજી લેવી ।।સૂ ૧।।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બાવીસમા શતકનો ચોથો વર્ગ સમાપ્ત ।।૨૨-૪।।

પાંચમા વર્ગનો પ્રારંભ–

ચોથા વર્ગમાં વંતાકી (રીંગણી) વિગેરે ગુચ્છાવાળી વનસ્પતિયોના મૂળમાં રહેલા જીવોના ઉત્પાત વિગેરેનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ગુલ્મ જાતવાળા વનસ્પતિના મૂળ વિગેરેમાં રહેલા જીવોનું નિરૂપણ કરવા માટે પાંચમા વર્ગનું કથન કરે છે–આ વર્ગનું પહેલું સૂત્ર આપ્રમાણે છે. 'अह भंते ! सेरियए' ઇત્યાદિ છે.

ટીકાર્થ—ગૌતમ સ્વામી પ્રભુને આ સૂત્ર દ્વારા એવું પૂછે છે કે–હે ભગવાન્ સેરિયક–શ્વેતપુષ્પ, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મનોજ્ઞ વગેરે સઘળા નામો પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ પહેલા પદની ગાથા પ્રમાણે યાવત્ નલિની કુંદ તથા મહાજાતિ સુધી સમજવા. આ બધા નામો ત્યાં પ્રજ્ઞાપનાના પહેલા પદમાં કહેલ 'णवमालिय कोरंटय बंधुजीवग मणोजे' ઇત્યાદિ ગાથાથી લઇને 'णवणीइया कुंद महाजाईणं' આ ગાથા સુધી કહેલ છે. તો હે ભગવાન્ આ ઉપર કહેલ ગુલ્મ જાતના વનસ્પતિયોના મૂળમાં રહેલા જે જીવો છે, તેઓ ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–एवं एत्थ वि मूलादीया दस उद्देसगा निरवसेसं जहा सालीणं' હે ગૌતમ ! અહિં પણ મૂળ વગેરે દસ ઉદ્દેશા શાલી વર્ગ પ્રમાણે કહેવા અર્થાત્ જે રીતે ૨૧ એકવીસમાં શતકમાં શાલીવર્ગમાં દસ ઉદ્દેશાઓ કહ્યા છે, એજ રીતે બધા ઉદ્દેશાઓ આ પાંચમા વર્ગમાં પણ કહેવા આ રીતે હે ભગવાન્ નવ માલિકાથી લઇને મહા જાત પર્યન્ત ગુલ્મ જાતની જે વનસ્પતિ છે, તે વન· સ્પતિયોના મૂળમાં જે જીવો છે, તેઓ કયાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? ગૌતમ સ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ એમ જ કહે છે કે–હે ગૌતમ તેઓ ત્યાં તિર્યંચોમાંથી અથવા મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. આ રીતે મૂળથી લઇને પત્ર સુધીના સાત ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિ થતી નથી. જ્યાં દેવોની ઉત્પત્તિ નથી થતી ત્યાં ત્રણ લેશ્યાઓ હોય છે. પુષ્પ, ફળ, અને બીજ આ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તિ પણ થાય છે, અને તેથી ત્યાં ચાર લેશ્યાઓ હોવાનું કહ્યું છે. ॥સૂ૦૧॥

॥પાંચમો વર્ગ સમાપ્ત ॥૨૨-૫॥

છઠા વર્ગનો પ્રારંભ—

પાંચમા વર્ગનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અવસરપ્રાપ્ત છઠા વલ્લી-વેલની જાતના વનસ્પતિ વર્ગનું નિરૂપણ કરે છે—તેનું સર્વ પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે—'अह भंते ! पूसफली' ઈત્યાદિ

ટીકાર્થ—હે ભગવાન્ પૂસફલી—પૂસફલિકા, કાલિંગી—તડબુચના બી, બીલુ, તુંબડીની વેલ, ત્રપુષી—કાકડીની વેલ એલવાલુંકી—સેમની વેલ, તથા પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ ગાથા પ્રમાણે તાડવર્ગમાં કહેલ યાવત્ દધિકોલ્લા કાકિણી, મોક્કલી અને અર્કબોંદી—આ તમામ વેલોના મૂળરૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ત્યાં ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'एवं मूलादीया दस उद्देसगा कायव्वा जहा तालवग्गे' હે ગૌતમ ! આ વિષયમાં પણ મૂળ વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ કહેવા, જેમ કે—તાડ વર્ગમાં કહેવામાં આવ્યા છે, આ પ્રકરણમાં વિશેષપણું એ છે કે—ફલોદ્દેશકમાં ફળની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના ધનુષ પૃથક્ત્વની છે. સ્થિતિ બધેજ એટલે કે—મૂલ વિગેરે બધા ઉદ્દેશાઓમાં જઘન્યથી અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ઠથી વર્ષ પૃથક્ત્વની છે. આ ફેરફારથી બીજુ બાકીનું તમામ કથન તાલ વર્ગ પ્રમાણે જ સમજવું. આ રીતે આ છ વર્ગોમાં એક એક વર્ગના ૧૦-૧૦ દસ દસ ઉદ્દેશાઓ હોવાથી કુલ ૬૦ સાઈઠ ઉદ્દેશાઓ થાય છે.

'सेवं भंते सेवं भंते त्ति' હે ભગવન્ આપ દેવાનુપ્રિયે જે કહ્યું છે તે સર્વ પ્રકારે સત્ય છે. આપનું કથન સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ પ્રભુને વંદના કરી અને નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થઈ ગયા ॥સૂ૦૧॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બાવીસમા શતકનો છઠ્ઠો વર્ગ સમાપ્ત ॥૨૨-૬॥

બાવીસમું શતક સમાપ્ત.

## તેવીસવાં શતક કી અવતરણિકા

તેવીસમા શતકનો પ્રારભ–

બાવીસમાં શતકનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અવસર પ્રાપ્ત ૨૩ ત્રેવીસમા શતકનું નિરૂપણ કરવાનો પ્રારંભ કરે છે–આમાં સૌથી પહેલા તેઓ આ અધ્યયનના અર્થને બતાવનારી આ ગાથાનું કથન કરે છે.

'आलुय लोहीय अवए' ઈત્યાદિ

ટીકાર્થ–આલુક–બટાકા, મૂલક,–મૂળા વિગેરે સાધારણ શરીર અને બાદર વનસ્પતિકાયના વિષયમાં દસ ઉદ્દેશાવાળા આલુક નામનો પહેલો વર્ગ છે. લોહિત વગેરે અનંતકાય વનસ્પતિના સંબંધમાં દસ ઉદ્દેશાવાળો 'લોહિત' નામનો બીજો વર્ગ છે. અવક, કવક વિગેરે અનંતકાય વનસ્પતિના સંબંધના ૧૦ દસ ઉદ્દેશાવાળા 'અવક' નામનો ત્રીજો વર્ગ છે. પાઠા, મૃગવાલુંકી, મધુર રસા, વિગેરે વનસ્પતિના સંબંધમાં દસ ઉદ્દેશાવાળા પાઠા નામનો ચોથો વર્ગ છે. માષપર્ણી, મુદ્દગપર્ણી વિગેરે વેલરૂપ વનસ્પતિયોના સંબંધમાં દશ ઉદ્દેશાઓ વાળો 'માષપર્ણી' નામનો પાંચમો વર્ગ છે. આ પ્રમાણે આ ગાથાનો અર્થ થાય છે.

## આલુકાદિ વનસ્પતિકાય કે જીવોં કી ઉત્પતિ આદિ કા નિરૂપણ

પહેલા વર્ગનો પ્રારંભ–

'रायगिहे जाव एवं वयासी' ઇત્યાદિ

ટીકાર્થ—રાજગૃહનગરમાં ભગવાનનું સમવસરણ થયું પરિષદા ભગવાનને વંદના કરવા નગરની બહાર નીકળી ભગવાને ધર્મકથા કહી. ધર્મદેશના સાંભળીને પરિષદ્ પાછી ચાલી ગઇ. તે પછી ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને બન્ને હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પૂછ્યું 'अह भंते !' હે ભગવન્ 'आलुय मूलग, सिंगवेर, हालिद्द, रुरु, कंडरीय०' આલુક–બટાકા, મૂળા, આદુ, હલદર રૂરૂ, કંડરીક, જીરૂ, ક્ષીરવિરાલી–ક્ષીરવિદારી નામનું કન્દ કિટ્ટિ, કુંદુ, કૃષ્ણ, કડસુ, મધુ, પયલઈ, મધુસિંગી–મધુશૃંગી–નીરૂહા, સર્પસુગંધા, છિન્નરૂહા, અને બીજરૂહા આ

બધી સાધારણુ શરીરવાળી અને બાદર શરીરવાળા વનસ્પતિયો છે, આ વનસ્પતિયોના મૂળ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? તેઓ નરકમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? અથવા દેવોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं मूलादीया दस उद्देसगा कायव्वा वंसवग्गसरिसा' હે ગૌતમ ! વંશવર્ગ પ્રમાણે અહિયાં પણુ મૂળ વગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ કહી લેવા. અર્થાત્ વંશવર્ગમાં મૂલ વિગેરેના જે પ્રમાણે દસ ઉદ્દેશાઓ કહ્યા છે, એજ રીતે આ 'આર્દ્રકાદિ મૂળ વર્ગમાં પણુ મૂળ વિગેરે સંબંધી દસ ઉદ્દેશાએ સમજી લેવા. આ આલુક મૂળા વર્ગમાં વંશવર્ગ કરતાં જે ફેરફાર છે, તે 'नवरं परिमाणं जहन्नेणं.' આ પાઠ દ્વારા સૂત્રકાર પ્રગટ કરે છે.-આનું પરિણામ જઘન્યથી એક સમયમાં એક, બે, અથવા ત્રણુ સુધી છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત સુધી છે. અર્થાત્ એક સમયમાં ઓછામાં ઓછું ૧ થી લઈને ત્રણુ સુધીના જીવો ત્યાં ઉત્પન્ન થાય છે, અને વધારેમાં વધારે સંખ્યાત અને અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે, 'अवहारो गोयमा०' હે ગૌતમ ! આના અપહાર-બહાર નિકળવાનું પ્રમાણુ આ પ્રમાણે છે, જો તે અનંત જીવો પ્રત્યેક-એક એક સમયમાં ત્યાંથી બહાર કહાડવામાં આવે અને આમ કરતાં કરતાં અનંત ઉત્સર્પિણી કાલ અને અનંત અવસર્પિણી કાલ વીતી જાય તો પણુ તેઓ ત્યાંથી પૂરેપૂરા બહાર કહાડી શકાતા નથી. 'ठिई जहन्नेणं वि०' તેઓની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્તની હોય છે, 'सेसं तं चेव' બાકીનું બીજુ તમામ કથન વંશવર્ગ પ્રમાણે જ સમજવું. જે પ્રમાણે આ વર્ણુન મૂળોદ્દેશક પ્રમાણે કહ્યું છે, એજ પ્રમાણે કંદ, સ્કંધ, ત્વચા-છાલ, શાખા-ડાળ, પ્રવાલ-કૂંપળ, પત્ર-પાન, પુષ્પ, ફળ, અને બીજ આ તમામ બાકીના ઉદ્દેશાઓ પણુ વંશ વર્ગમાં કહેલ તે તે ઉદ્દેશાએ પ્રમાણે સમજવા વંશવર્ગ શાલીવર્ગ પ્રમાણે કહેલ છે. ાાસૂ૦૧ાા

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ત્રેવીસમા શતકનો પહેલો વર્ગ સમાપ્ત ાા૨૩-૧ાા

## બીજા વર્ગનો પ્રારંભ

આલુક વર્ગમાં જીવોના ઉત્પાત-ઉત્પત્તિ વિગેરેનો વિચાર કરીને હવે સૂત્રકાર અવસર પ્રાપ્ત બીજા વર્ગનું કથન કરે છે આ બીજા વર્ગનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે.-'अह भंते ! लोही णीहू थीहू' ઈત્યાદિ

ટીકાર્થ—હે ભગવન્ આ સાધારણ શરીરવાળી અને બાદર શરીરવાળી લોહી, નીહૂ, થિભગા, અશ્વકર્ણિ, સિંહકર્ણિ, સીઉંઢી, મુસંઢી વિગેરે વનસ્પતિયોના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તેઓ નરકથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચ વગેરેમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે- एवं एत्थ वि दस उद्देसगा जहेव आलुयवग्गो' હે ગૌતમ આલુક વર્ગમાં મૂલ વિગેરેના જે પ્રમાણે ૧૦ દસ ઉદ્દેશાઓ કહ્યા છે, તેજ પ્રમાણે દસ ઉદ્દેશાઓ અહિયાં પણ સમજવા. વિશેષ જીજ્ઞાસુઓએ આલુ વર્ગ અને અન્તમાં સંપૂર્ણ શાલીવર્ગ સમજવો. આલુક વર્ગની અપેક્ષાએ આ કથનમાં ફેરફાર છે, તેને સૂત્રકારે 'नवरं ओगाहणा तालवग्गसरिसा' આ પાઠ દ્વારા બતાવેલ છે. આમાં એ વાત કહી છે કે-અહિયાં અવગાહના તાડ વર્ગ પ્રમાણેની સમજવી. અર્થાત્ મૂળ અને કંદમાં અવગાહના ધનુઃ-પૃથક્ત્વની કહી છે. બે ધનુષથી લઈને ૯ ધનુષની કહી છે,-સ્કંધમાં, છાલમાં અને શાખામાં ગવ્યૂત પૃથક્ત્વ-બે ગાઉથી લઈને ૯ ગાઉ સુધીની કહી છે. પ્રવાલમાં અને પાનમાં ધનુઃપૃથક્ત્વની કહી છે. પુષ્પમાં હસ્ત પૃથક્ત્વની કહી છે. ફળ અને બીજમાં આંગળ પૃથક્ત્વની કહી છે. આ બધી અવગાહના ઉત્કૃષ્ટની અપેક્ષાએ કહેલ છે તેમ સમજવું. પરંતુ જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ બધામાં કહી છે. તેમ સમજવું 'सेसं तं चेव' બાકીનું તમામ કથન ઉત્પાત-ઉત્પત્તિ સ્થિતિ, લેશ્યા, વિગેરે સંબંધી તમામ કથન આલુક વર્ગ પ્રમાણે જ સમજવું. 'सेवं भंते ! सेवं भंतेत्ति' હે ભગવન્ લોહી વગેરે સાધારણ શરીરવાળી અને બાદર શરીરવાળી વનસ્પતિયોના ઉત્પાત ઉત્પત્તિ વિગેરેના સંબંધમાં આપ દેવાનુપ્રિયે જે નિરૂપણ કર્યું છે, તે સર્વથા સત્ય છે. કેમકે અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં આપનો ઉપદેશ જ પ્રમાણ છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થયા. સૂ૦૧॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ત્રેવીસમા શતકનો બીજો વર્ગ સમાપ્ત ॥૨૩-૨॥

ત્રીજા વર્ગનો પ્રારંભ-

લોહી વિગેરે સાધારણ શરીરવાળી અને બાદર શરીરવાળી વનસ્પતિયોના સમ્બન્ધવાળા બીજા વર્ગનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ક્રમથી આવેલ અવક -કવક વિગેરે સાધારણ શરીરવાળા અને બાદર શરીરવાળા વનસ્પતિકાયિકના સમ્બન્ધવાળા ત્રીજાવર્ગનું નિરૂપણ કરે છે, આ વર્ગનું સૌથી પહેલુ સૂત્ર આ પ્રમાણે છે.-अह भंते! अवक कवक कुहुण कुंदरुक्ख' ઈત્યાદિ

ટીકાર્થ—હે ભગવન્ અવક, કવક, કુહુણ, કુન્દરૂષ્ક, ઉંવેહલિક સજ્જા, છત્રા, વંશાનિકા, અને કુમાર જે આ સાધારણ શરીરવાળી અને બાદર શરીરવાળી વનસ્પતિયો છે, આ વનસ્પતિયેના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ક્યાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? શું નરકમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા તિર્યંચોમાંથી આવીને તેઓ ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે, અથવા દેવોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે-'एवं एत्थ वि मूलादिया दस उद्देसगा निरवसेसं जहा आलुकवग्गो०' હે ગૌતમ! જે રીતે આલુક વર્ગમાં મૂળ, કંદ, સ્કંધ, વિગેરેથી લઈને છેલ્લા બીજ સુધીના દસ ઉદ્દેશાઓ કહ્યા છે. અને ત્યાં ત્યાં જીવોના ઉત્પાતનો, સ્થિતિનો, અને લેશ્યા વગેરેનો જેવો જેવો વિચાર કરવામાં આવેલ છે, એજ રીતે અહિયાં પણ મૂળ કંદ વિગેરે બીજ સુધીના દશ ઉદ્દેશાઓ કહી લેવા. અને ત્યાં ત્યાં જીવોના ઉત્પાદ-ઉત્પત્તિ સ્થિતિ વગેરેનો વિચાર પણ કરવો જોઈએ આલુક વર્ગની અપેક્ષાએ આ વર્ગમાં જે ફેરફાર છે, તે સૂત્રકાર સ્વયં 'णवरं' વિગેરે પદથી પ્રગટ કરે છે, અને કહે છે કે-ओगाहणा तालवग्गसरिसा' અહિયાં અવગાહનાનો વિચાર તાલ વર્ગ પ્રમાણે કહ્યો છે. અર્થાત્ અવગાહના, મૂળ અને કંદદ્વારમાં ધનુઃ પૃથક્ત્વ છે. સ્કંધ અને ત્વચા-છાલમાં તથા શાખા-ડાળમાં ગવ્યૂત-બે ગાઉ પૃથક્ત્વની છે. એટલે કે બે ગાઉથી લઈને નવ ગાઉ સુધીની છે. પ્રવાલ અને પત્રમાં ધનુઃપૃથક્ત્વની છે. એટલે કે-બે ધનુષથી લઈને નવ ધનુષ સુધીની છે. પુષ્પમાં અવગાહના હસ્તપૃથક્ત્વ એટલે કે બે હાથથી લઈને ૯ નવ હાથ સુધીની છે. ફળ અને બી માં આંગળ પૃથક્ત્વની છે. એટલે કે બે આંગળથી લઈને નવ આંગળ સુધીની છે. આ કહેલી અવગાહના ઉત્કૃષ્ટથી

સમજવી. આમતો તમામ જીવોની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણની કહી છે. 'सेसं तं चेव' અવગાહના શિવાયનું બાકીનું ઉત્પાદ વિગેરે તમામ કથન 'આલુક' વર્ગ પ્રમાણે છે, તેમ સમજવું. सेवं भंते ! सेवं भंते !' હે ભગવન્ અવક-કવક વિગેરે સાધારણ શરીર અને બાદર શરીરવાળા વનસ્પતિકાયિક જીવોના ઉત્પાદ-ઉત્પત્તિ વિગેરે વિષયમાં આપ દેવાનુંપ્રિયે જે કહ્યું છે, તે તમામ કથન સર્વથા સત્ય જ છે. કેમકે તિર્થંકરોના વાકયો સત્ય જ હોય છે. આ પ્રમાણે કહીને ભગવાન્ ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી અને નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થઇ ગયા ! ાસૂ. ૧ા

ા ત્રીજો વર્ગ સમાપ્ત '૨૩-૩'

## પાઠાદિ વનસ્પતિકાય જીવોં કે ઉત્પતિ આદિ કા નિરૂપણ

ચોથા વર્ગનો પ્રારંભ-

અવક, કવક નામના ત્રીજા વર્ગમાં જીવોના સ્વરૂપ અને ઉત્પાત વગેરેનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ક્રમાગત પાઠામૃગવાલુંકી નામના ચોથા વર્ગનું નિરૂપણ કરે છે. આ ચોથા વર્ગનું પહેલુ સૂત્ર આ પ્રમાણે છે. 'अह भंते पाढामियवालुंकी' ઈત્યાદિ

ટીકાર્થ—ગૌતમસ્વામીએ આ સૂત્ર દ્વારા પ્રભુને એવું પૂછયું છે કે-'अह भंते ! 'હે ભગવાન્ 'पाढामियवालुंकी-मधुररसा-रायवल्ली-मेढरी-दंती चंडीगं' પાઠા-કુમાર પાઠા-મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી મોઢરી, દંતી, અને ચંડી જે આ સાધારણ અને બાદર વનસ્પતિકાયિકો છે, તેઓના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે; તેઓ ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે-'एवं एत्थ वि मूलादीया दस उद्देसगा आलुकवग्गसरिता' હે ગૌતમ ! આલુક વર્ગમાં કહ્યા પ્રમાણે અહિંયા પણ મૂળ વિગેરે દસ ઉદ્દેશાઓ સમજવા. અર્થાત્ આલુક વર્ગમાં જે પ્રમાણે મૂળ, કંદ, સ્કંધ, ત્વચા-છાલ, વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ કહ્યા છે, એજ રીતે મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ આ વર્ગમાં પણ સમજવા. આ રીતે શાલીવર્ગના બહાનાથી કહેલા આલુક વર્ગમાં વંશવર્ગનો અતિદેશ (બહાનું) કહેલ છે. તથા શાલીવર્ગમાં પુષ્પ વિગેરેમાં દેવોની ઉત્પત્તિ કહી છે, પરંતુ વંશવર્ગમાં

ચંડીગં' પાઠા–કુમાર પાઠા–મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી મોઢરી, દંતી, અને ચંડી જે આ સાધારણુ અને બાદર વનસ્પતિકાયિકો છે, તેઓના મૂળ રૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે; તેઓ ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે–'एवं एत्थ वि मूलादीया दस उद्देसगा आलुकवग्गसरिता' હે ગૌતમ ! આલુક વર્ગમાં કહ્યા પ્રમાણે અહિંયા પણુ મૂળ વિગેરે દસ ઉદ્દેશાઓ સમજવા. અર્થાત્ આલુક વર્ગમાં જે પ્રમાણે મૂળ, કંદ, સ્કંધ, ત્વચા–છાલ, વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ કહ્યા છે, એજ રીતે મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, વિગેરે સંબંધી દસ ઉદ્દેશાઓ આ વર્ગમાં પણુ સમજવા. આ રીતે શાલીવર્ગના બહાનાથી કહેલા આલુક વર્ગમાં વંશવર્ગનો અતિદેશ (બહાનું) કહેલ છે. તથા શાલીવર્ગમાં પુષ્પ વિગેરેમાં દેવોની ઉત્પત્તિ કહી છે, પરંતુ વંશવર્ગમાં તો કોઈ પણુ સ્થળે દેવોની ઉત્પત્તિ કહી નથી તેથી પાઠા વર્ગમાં પણુ એજ પ્રમાણે કહેવું જોઈએ કે-દેવોની ઉત્પત્તિ કયાંય થતી નથી. એજ રીતે લેશ્યા વિગેરે સઘળા દ્વારો પણુ શાલીવર્ગ પ્રમાણે કહેવા જોઇએ. પાઠા, મૃગવાલુંકી વિગેરે વનસ્પતિકાયિક જીવોને કે જેઓ તેઓના મૂળ વિગેરે રૂપથી ઉત્પન્ન થયા હોય છે. તેઓને કૃષ્ણાદિ ત્રણ જ લેશ્યાઓ હોય છે. કેમકે તેમાં દેવોની ઉત્પત્તિ થતી નથી આલુક વર્ગની અપેક્ષાએ જે ફેરફાર છે, તે સ્વયં સૂત્રકારે 'नवरं' વિગેરે પાઠ દ્વારા આ રીતે બતાવેલ છે, કે– 'અવગાહના દ્વારનું કથન અહીયાં 'વલ્લી'ના કથન પ્રમાણે કરવું જોઈએ– ફળોદ્દેશામાં અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણુની કહી છે. અને ઉત્કૃષ્ટથી ધનુ:પૃથક્ત્વની કહી છે, 'सेसं तं चेव' આ ઉપર કહેલ ફેરફાર શિવાય બાકીનું તમામ કથન અહિંયાં આલુક વર્ગ પ્રમાણે જ કહેવાનું છે. આલુક વર્ગમાં સ્થિતિના સંબંધમાં એવું કહ્યું છે કે–સ્થિતિ અહિયાં જઘન્યથી અન્તર્મુહૂર્તની છે, અને ઉત્કૃષ્ટથી પણુ એક અંતર્મુહૂર્તની છે, એજ રીતે તે પ્રમાણુની સ્થિતિ અહિયા પણુ સમજવી.

'सेवं भंते ! सेवं भंते' હે ભગવન્ પાઠા મૃગવાલુંકી વિગેરે વનસ્પતિયોના મૂળ વિગેરે રૂપથી ઉત્પન્ન થનાર જીવોના ઉત્પાદ–ઉત્પત્તિ વિગેરે વિષયમાં આપ દેવાનુપ્રિયે જે કહ્યું છે, તે સર્વથા સત્ય છે, આપનુ કથન યથાર્થજ છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થયા. ।।સૂ૦૧।।

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ત્રેવીસમા શતકનો ચોથો વર્ગ સમાપ્ત ।।૨૩–૪।।

પાંચમા વર્ગનો પ્રારંભ–

ચોથા વર્ગનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ક્રમપ્રાપ્ત પાંચમા વર્ગનું નિરૂપણ કરે છે–તેનું પહેલુ સૂત્ર આ પ્રમાણે છે–'अह भंते ! मासपन्नी' ઈત્યાદિ

ટીકાર્થ—ગૌતમસ્વામીએ આ સૂત્ર દ્વારા પ્રભુને એવું પૂછ્યું છે કે-હે ભગવન્ 'मासपन्नी मुग्गपन्नी जीवगसरिसव करेणु य, काओलि, खीरकाकोलि, भंगिणहि क्रिमिरासि भद्दमुत्था णंगलइ पओयकिण्हा पओलपाढा हरेणुया लोहीणं' માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવક, સરિસવ–સરસવ–કરેણુક, કાકોલી, ક્ષીરકાકોલી, ભંગીનખી, કૃમીરાશી, ભદ્રમુસ્તા, લંગલી, પયોદકષ્ણા, પડલક, પાઠ, હરેણુકા, અને લોહી આ સાધારણ શરીરવાળી વનસ્પતિ અને બાદર શરીરવાળી વનસ્પતિયો છે, આ વનસ્પતિયોના મૂળરૂપથી જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ત્યાં કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'एवं एत्थ वि दस उद्देसगा निरवसेसं आलुयवग्गसरिसा હે ગૌતમ! આલુ વર્ગમાં કહ્યા પ્રમાણે અહિયાં પણ મૂળ વિગેરે ૧૦ દશ ઉદ્દેશાઓ સમજવા. આ રીતે આ માષપર્ણી વર્ગમાં આલુકવર્ગમાં કહ્યા પ્રમાણે પ્રશ્નોત્તર વિગેરે સમજવા. મૂળોદ્દેશકમાં કહ્યા પ્રમાણે કંદ, સ્કંધ, ત્વક્, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ આ બધા ઉદ્દેશાઓ કહી લેવા. પરંતુ આ માષપર્ણી વર્ગમાં કોઈ પણ ઉદ્દેશામાં દેવોની ઉત્પત્તિ કહી નથી. જેથી આ વર્ગ વંશવર્ગ પ્રમાણે જ સમજવો. 'एवं एत्थ पंचसु वि वग्गेसु पन्नासं उद्देसगा भाणियव्वा' અહિયાં દરેક વર્ગમાં મૂળથી લઇને બીજ સુધીના દસ દસ ઉદ્દેશાઓ થાય છે, એ રીતે પાંચ વર્ગોના કુલ પચાસ ઉદ્દેશાઓ થઈ જાય છે, અહિયાં કોઇ પણ વર્ગમાં મૂળ વિગેરે દસ ઉદ્દેશાઓમાં દેવોની ઉત્પત્તી કહી નથી. જેથી વંશ વર્ગ પ્રમાણે જ અહિયાં ત્રણ લેશ્યાઓ કહી છે. બાકીનું તમામ કથન આલુક વર્ગના અંતર્ગત વંશવર્ગ અને વંશક વર્ગના અંતર્ગત શાલિક વર્ગ પ્રમાણે જ સમજવું. 'सेवं भंते ! सेवं भंते ! त्ति !' માષપર્ણી વર્ગમાં રહેલ જીવોના ઉત્પાદ–ઉત્પત્તી વગેરે વિષયમાં આપ દેવાનુંપ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે તમામ કથન સર્વથા સત્ય છે આપ દેવાનુપ્રિયનું કથન સર્વથા સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થઈ ગયા. ાસૂ૦૧ા

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ત્રેવીસમા શતકનો પાંચમો વર્ગ સમાપ્ત ાર૩–પાા

ાા ત્રેવીસમુ શતક સંપૂર્ણ ાા

ચોવીસમા શતકનો પ્રારંભ—

ત્રેવીસમાં શતકની વ્યાખ્યા પૂરી કરીને હવે અવસર પ્રાપ્ત ચોવીસમા શતકની વ્યાખ્યા કરવામાં આવે છે. તેમાં સૌથી પહેલાં સૂત્રકાર આ શતકના અર્થને બતાવનારી બે સંગ્રહ ગાથાઓ કહે છે.–'उववाय परीमाणं' ઇત્યાદિ

ટીકાર્થ—આ ચોવીસમા શતકમાં ઉપપાત૧ પરિમાણ ૨ સંહનન ૩ ઉંચાઇ ૪ સંસ્થાન ૫ લેશ્યા ૬ દૃષ્ટિ ૭ જ્ઞાન ૮ અજ્ઞાન ૯ યોગ ઉપયોગ ૧૦ સંજ્ઞા ૧૧ કષાય ૧૨ ઇન્દ્રિય ૧૩ સમુદ્ઘાત ૧૪ વેદના ૧૫ વેદ ૧૬ આયુષ ૧૭ અધ્યવસાન ૧૮ અનુબંધ ૧૯ અને કાયસંવેધ ૨૦ આ વીસ દ્વારો એક એક દંડકમાં કહેવામાં આવશે આ રીતે આ ચોવીસમાં શતકમાં ચોવીસ દંડકોને લઇને ચોવીસ ઉદ્દેશાઓ કહેવામાં આવશે. ઉપપાત દ્વારમાં નારકોની ઉત્પત્તિ કયાંથી થાય છે, તે કહેવામાં આવશે. પરિણામ દ્વારમાં એ બતાવવામાં આવશે કે–જે જીવો નરક વિગેરેમાં ઉત્પન્ન થવાના હોય તે જીવોનો ઉત્પાત સ્વકાયમાં કેટલો હોય છે. સંહનનદ્વારમાં–નરક વિગેરેમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવોને કયુ સંહનન હોય છે? તે બતાવવામાં આવશે. ઉર્ધ્વદ્વારમાં–નારક ગતિમાં જવાવાળા જીવોની ઉંચાઈ કેટલી હોય છે.? તે બતાવવામાં આવશે. સંસ્થાન દ્વારમાં એ બતાવવામાં આવશે કે–જે જીવો નરક વિગેરેમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય છે, એ જીવોને કયું સંસ્થાન હોય છે? એજ રીતે નરક વિગેરેમાં ઉત્પન્ન થવા વાળાઓની લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઇન્દ્રિય, સમુદ્ઘાત વેદના, વેદ, આયુષ્ક અને અધ્યવસાન આ દ્વારોના સંબંધમાં પણ કથન સમજવું. વિવક્ષિત પર્યાયનું નિરંતર બન્યા રહેવું તે અનુબંધ છે. વિવક્ષિત કાયાન્તરમાં–બીજા શરીરમાં અથવા તેના સમાન કાય–શરીરમાં જઈ ને ફરીથી તેજ શરીરમાં આવવું તેને કાય સંવેધ કહેવામાં આવે છે, 'जीवपदे जीवपदे' આ પ્રમાણેની જે આ ગાથા કહેવામાં આવી છે, તે આ શતકના ઉદ્દેશાઓના પરિમાણને બતાવવા માટે કહી છે. આ રીતે આ ઉપપાત વિગેરે દ્વારો ચોવીસ દંડકોનો આશ્રય લઇને દરેક પદમાં કહેવામાં આવશે. અર્થાત્ એક એક જીવદંડકમાં ઉપપાત વિગેરે આ વીસ દ્વારો કહેવાશે. આ ક્રમથી આ ૨૪ ચોવીસમાં શતકમાં ચોવીસ દંડકોને લઇને ૨૪ ચોવીસ ઉદ્દેશાઓનું કથન કરવામાં આવશે.

હવે ચોવીસ દંડકમાં રહેવાવાળા જીવોના ઉત્પત્તિ વિગેરે વીસ દ્વારોને કહેતા થકા સૂત્રકાર સૌથી પહેલાં તેને નૈરયિકોમાં કહે છે.

'रायगिहे जाव एवं वयासी' ઈત્યાદિ

ટીકાર્થ—રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણ થયું પરિષદ પોત પોતાના સ્થાનથી ભગવાનને વંદના કરવા નગરની બહાર નીકળી ભગવાને તેઓને ધર્મકથા કહી. ધર્મકથા સાંભળીને પરિષદ પોત પોતાને સ્થાને પાછી ગઈ તે પછી ભગવાનની પર્યુપાસના કરતા ગૌતમસ્વામીએ બન્ને હાથ જોડીને પ્રભુને પૂછ્યું–'णेरइया णं भंते ! कओहिंतो उववज्जंति' હે ભગવન્ નારકીયો–નરકમા રહેવાવાળા જીવો કયા સ્થાનથી–ગતિથીઆવીને ઉત્પન્ન થાય છે ? 'किं नेरइएहिंतो उववज्जंति तिरिक्खजोणिएहिंतो उववज्जंति मणुस्सेहिंतो उववज्जंति, देवेहिंतो उववज्जंति' તેઓ શું નરકમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા તિર્યંચોથી આવીને ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે–'गोयमा ! णो णेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो उववज्जंति' मणुस्सेहिंतो वि उववज्जंति, णो देवेहिंतो उववज्जंति' હે ગૌતમ ! નૈરયિકો નરકમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. તેઓ તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, નૈરયિકો દેવોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. એવો નિયમ છે કે નૈરયિકપણામાંથી મરીને જીવ તેજ સમયે નૈરયિકની પર્યાયથી ઉત્પન્ન થતા નથી. એજ રીતે દેવ ગતિથી મરીને જીવ નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ તિર્યંચ અને મનુષ્ય ગતિથી મરવાવાળાજ જીવો નારક થાય છે. એજ વાત અહિયાં બતાવવામાં આવી છે.

પ્રશ્ન–'जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरि० उववज्जंति, बेइंदियतिरि० तेइंदियतिरिक्ख० चउरिंदियतिरि० पंचिंदियतिरिक्खजोणिए०' હે ભગવન્ જો નારકો તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ એક ઈંદ્રિયવાળા તિર્યંચોમાંથી મરીને ઉત્પન્ન થાય છે ? અથવા બે ઇંદ્રિયવાળા તિર્યંચોથી મરીને ઉત્પન્ન થાય છે ? કે ત્રણ ઇંદ્રિયવાળા જીવોમાંથી મરીને ઉત્પન્ન થાય છે ? અથવા ચાર ઈંદ્રિયવાળા જીવોમાંથી મરીને ઉત્પન્ન થાય છે ? અગર પાંચ ઇંદ્રિયવાળા જીવોમાંથી મરીને ઉત્પન્ન થાય છે ?

ઉત્તર-'गोयमा ! णो एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, णो बेइंदिय० णो तेइंदिय० णो चउरिंदिय० पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' હે ગૌતમ ! એક ઈંદ્રિયવાળા બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈંદ્રિયવાળા, અને ચાર ઈન્દ્રિયવાળા જીવો તિર્યંચોમાંથી મરીને સીધા નારકની પર્યાયથી ઉત્પન્ન થતા નથી. પરંતુ પાંચ ઇંદ્રિયવાળા જીવો તિર્યંચોમાંથી મરીને નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન-'जइ पंचिंदियतिरिक्खजोएहिंतो उववज्जंति किं संनिपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, असन्नि पंचिंदियतिरि० उव० हे ભગવન્ જો નૈરયિકો પંચેન્દ્રિય તિર્યંચપણામાંથી મરીને સીધા ઉત્પન્ન થાય છે, તો શું તેઓ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી મરીને ઉત્પન્ન થાય છે અથવા અસંજ્ઞીતિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અર્થાત્ નારકની પર્યાયથી જે જીવોની ઉત્પત્તિ થાય છે, તે જીવો શું સંજ્ઞી તિર્યંચ પંચેદ્રિયોથી આવેલા હોય છે? અથવા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવેલ હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! હે ગૌતમ ! 'सन्नि पंचिंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति' નારકની પર્યાયથી જે જીવો ઉત્પન્ન થાય છે, તેઓ સીધા સંજ્ઞી પંચેદ્રિય તિર્યંચોમાંથી મરીને આવેલ હોય છે. અને 'असन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि० उववज्जंति' અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચયોનિકોમાંથી પણ મરીને આવેલા હોય છે.

હવે ફરીથી ગૌતમસ્વામી આ વિષયમાં પ્રભુને એવું પૂછે છે કે-જો 'सन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી મરીને જીવ નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે, તો તેઓ 'जलचरेहिंतो उववज्जंति थलचरेहिंतो उववज्जंति, खहचरेहिंतो उववज्जंति શું તેઓ જલચર-પાણીમાં રહેવાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાંથી મરીને સીધા નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે ? અથવા સ્થલચર-જમીન પર રહેવાવાળા, પંચેન્દ્રિય તિર્યંચોમાંથી મરીને સીધા નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે? અથવા ખેચર-આકાશમાં રહેવાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાંથી મરીને સીધા નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा ! जलचरेहिंतो उववज्जंति, थलचरेहिंतो वि उववज्जंति, खहचरेहिंतो वि उववज्जंति' જલચર જીવોથી મરીને પણ સીધા નારકની પર્યાયથી જીવ ઉત્પન્ન થાય છે. સ્થલચર જીવોથી પણ મરીને સીધા નારકની પર્યાયથી જીવ ઉત્પન્ન થાય છે, અને ખેચર-(આકાશમાં રહેવાવાળા) જીવોથી મરીને પણ જીવ સીધા નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે.

ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'जइ जलचरथलचर खहचरेहिंतो उववज्जंति-किं पज्जत्तएहिंतो उववज्जंति, अपज्जत्तए० उव०' હે ભગવન્ જો જલચર સ્થલચર અને ખેચર જીવોમાંથી આવેલ જીવ નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે, તો શું તેઓ પર્યાપ્ત જલચરોથી, કે સ્થળચરોથી અથવા ખેચરોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? કે અપર્યાપ્તક જલચરોમાંથી, અથવા સ્થળચરોમાંથી અથવા ખેચરોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે-'गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति णो अपज्जत्तएहिंतो उववज्जंति' હે ગૌતમ ! પર્યાપ્તક જલચરોમાંથી, સ્થળચરોમાંથી, અને ખેચરોમાંથી આવીને જીવ નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે ! અપર્યાપ્તક જલચરોમાંથી કે સ્થળચરોમાંથી આવીને જીવનારકની પર્યાયથી ઉત્પન્ન થતા નથી. આ કથનનું તાત્પર્ય એવું છે કે-સંજ્ઞી અસંજ્ઞી, પર્યાપ્તક, પંચેન્દ્રિય તિર્યંચોજ નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पज्जत्ताअसंनिपंचिंदियतिरिक्खजोणीए णं भंते ! कइसु पुढवीसु उववज्जेज्जा' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવો જો નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલી નારકપૃથિવીયોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! एगाए रयणप्पभाए पुढवीए उववज्जेज्जा' હે ગૌતમ તે પહેલી રત્નપ્રભા નારક પૃથ્વીમાં જ ઉત્પન્ન થાય છે. બાકીની બીજી પૃથિવીયોમાં ઉત્પન્ન થતા નથી.

પ્રશ્ન-'पज्जत्ता असन्नि पंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए रयणप्पभाए पुढवीए नेरइएसु उववज्जित्तए से णं भंते ! केवइकालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનીકજીવો જો રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તો, તેઓ કેટલા કાળની આયુષ્ય વાળા નારકીયોમાં ઉત્પન્ન થાય છે ?

ઉત્તર—'गोयमा ! जहन्नेणं दसवाससहस्सठिइएसु उक्कोसेणं पलिओवमस्स असंखेज्जभागट्ठिइएसु उववज्जंति' હે ગૌતમ ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નારકિયોમાં અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાત ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણેનુ આ પહેલું ઉપપાતદ્વાર છે. ॥સૂ ૧॥

પરિમાણુ વિગેરે દ્વારોનું કથન–

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'તે णं भंते ! एग समएणं केवइया उववज्जंति' હે ભગવન્ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવાવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! जहण्णेणं एको वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति' હે ગૌતમ ! તેઓ એક સમયમાં જઘન્યથી એક બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અને અસંખ્યાત ઉત્પન્ન થાય છે.૨ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसि णं भंते ! जीवाणं सरीरगा किं संघयणी पन्नत्ता १। હે ભગવન્ નરકમાં ઉત્પન્ન થયેલા તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના શરીર કયા સંહનનવાળા હોય છે ? મહાવીર પ્રભુનો ઉત્તર 'गोयमा ! छेवट्टसंघयणी पन्नत्ता' હે ગૌતમ ! તેઓના શરીરો સેવાર્ત સંહનન વાળા હોય છે. ૩ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसि णं भंते ! जीवाणं के महालिया सरीरोगाहणा पन्नत्ता' હે ભગવન તે જીવોની એટલે કે નરકમાં ઉત્પન્ન થયેલા તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના શરીરની અવગાહના કેટલી વિશાળ હોય છે ? મહાવીર પ્રભુનો ઉત્તર 'गोयमा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं जोयणसहस्सं' હે ગૌતમ ! તેઓના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણુ અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજનની હોય છે ૪ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसि णं भंते ! जीवाणं सरीराणि किं संठिया पण्णत्ता' હે ભગવન્ તે જીવોના શરીર કયા સંસ્થાનવાળા કહ્યા છે ? ભગવાનનો ઉત્તર 'गोयमा ! हुंड संठाणसंठिया पण्णत्ता' હે ગૌતમ ! તે જીવોના શરીરો હુંડક સંસ્થાન વાળાં કહ્યાં છે ૫ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसिं णं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ' હે ભગવન્ તે અપર્યાપ્તક પંચેન્દ્રિય તિર્યંચોને કેટલી લેશ્યાઓ કહી છે ? ભગવાનનો ઉત્તર–'तिन्नि लेस्साओ पण्णत्ताओ, तं जहा–'कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा' હે ગૌતમ ! તેઓને ત્રણ લેશ્યાઓ કહી છે. જેમકે–કૃષ્ણુ લેશ્યા, નીલ લેશ્યા, અને કાપોત લેશ્યા૬ ગૌતમસ્વામીનો પ્રશ્ન–'ते णं भंते ! जीवा ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी, હે ભગવન્ તે જીવો સમ્યગ્દૃષ્ટિવાળા હોય છે ? અથવા મિથ્યા દૃષ્ટિવાળા હોય છે ? અથવા સમ્યગ્મિથ્યાદૃષ્ટિ વાળા હોય છે ? ભગવાનનો ઉત્તર–હે ગૌતમ ! પર્યાપ્તક અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એવા તે જીવો સમ્યગ્ દૃષ્ટિ હોતા નથી. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણુ હોતા નથી. પરંતુ મિથ્યા દૃષ્ટિવાળા જ હોય છે.૭ ફરીથી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે–ते णं भंते !

जीवा किं नाणी अन्नाणी' હે ભગવન્ તે જીવો શું જ્ઞાની છે ? કે અજ્ઞાની છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! હે ગૌતમ ! णो णाणी अन्नाणी नियमा दुअन्नाणी तं जहा मइअन्नाणी य; सुयअन्नाणी य, તેઓ જ્ઞાની હોતા નથી. પરંતુ અજ્ઞાની જ હોય છે. તેઓને મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન હોય છે ૮ ગૌતમસ્વામીનો પ્રશ્ન-'ते णं भंते ! जीवा किं मणजोगी, वयजोगी, कायजोगी, હેભગવન્ તે જીવો શું મનો યોગવાળા હોય છે ? અથવા વચન યોગ વાળા હોય છે ? કે કાયયોગવાળા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! णो मणजोगी, वयजोगी वि, काय· जोगी वि, હે ગૌતમ તેઓ મનોયોગવાળા હોતા નથી. પરંતુ વચન યોગ અને કાયયોગ વાળાજ હોય છે ૯ ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે છે કે-'ते णं भंते ! जीवा किं सागारोवउत्ता' હે ભગવન્ તે જીવો શું સાગારોપયુક્ત હોય છે ? કે અનાકોરોપયુક્ત હોય છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सागारोवउत्ता वि अणागारोवउत्ता वि. હે ગૌતમ ! તેઓ સાકાર ઉપયોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપયોગવાળા પણ હોય છે૧૦ ફરીથી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે तेसिं णं भंते ! जीवाणं कइ सन्नाओ पन्नत्ताओ' હે ભગવન્ તે જીવોને કેટલી સંજ્ઞા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! चत्तारि सन्ना पन्नत्ता' હે ગૌતમ ! તેઓને ચાર સંજ્ઞાઓ કહી છે. 'तं जहा' તે આ પ્રમાણે છે. 'आहारसंन्ना, भयसन्ना, मेहुणसन्ना, परिग्गहसन्ना' આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, અને પરિગ્રહ· સંજ્ઞા ૧૧ ગૌતમસ્વામીનો પ્રશ્ન-'तेसिं णं भंते ! जीवाणं कइ कसाया पन्नत्ता' હે ભગવન્ તે જીવોને કેટલા કષાયો કહેવામાં આવ્યા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'गोयमा ! चत्तारि कसाया पण्णत्ता' હે ગૌતમ ! ચાર કષાયો કહેવામાં આવ્યા છે. 'तं जहा' તે આ પ્રમાણે છે-कोहकसाए, माणकसाए, माया- कसाए, लोभकसाए.' ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, અને લોભકષાય, ૧૨ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसिं णं भंते ! जीवाणं कइ इंदिया पन्नत्ता' હે ભગવન્ તે જીવોને કેટલી ઈંદ્રિયો હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે- 'गोयमा ! पंच इंदिया पन्नत्ता तं जहा-सोइंदिए, चक्खिंदिए, जाव फासिंदिए' હે ગૌતમ ! તેઓને પાંચ ઈંદ્રિયો કહેવામાં આવી છે. જેમ કે-શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈંદ્રિય, યાવત્ સ્પર્શનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને રસનેન્દ્રિય ૧૩ ગૌતમ સ્વામિનો પ્રશ્ન-'तेसिं णं भंते ! जीवाणं कइ समुग्घाया पन्नत्ता' હે ભગવન્ તે

જીવોને કેટલા સમુદ્ઘાત કહ્યા છે? મહાવીર પ્રભુનો ઉત્તર-ગોયમા! તઓ-સમુગ્ઘાયા पन्नत्ता' હે ગૌતમ! તે જીવોને ત્રણ સમુદ્ઘાત કહેવામાં આવ્યા છે. 'तं जहा' તેઓ આ પ્રમાણે છે. वेयणासमुग्घाए १, कसायसमुग्घाए ५, मारणंतियसमुग्घाए' વેદના સમુદ્ઘાત ૧ કષાય સમુદ્ઘાત ૨, અને મારણાન્તિક સમુદ્ઘાત ૩, ૧૪ ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेणं भंते! जीवा किं सायावेयगा, आसाया वेयगा' હે ભગવન્ તે જીવો શું શાતાનું વેદન કરવાવાળા હોય છે? કે અસાતાનું વેદન કરવાવાળા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં મહાવીર પ્રભુ કહે છે કે-'ગોયમા! હે ગૌતમ! 'साया वेयगा वि असाया वेयगा वि' તેઓ સાતા-સુખનું પણ વેદન કરવાવાળા હોય છે, અને અસાતાનામ દુઃખનું પણ વેદન કરવાવાળા હોય છે, સાતા-એ સુખ વાચક શબ્દ છે અને અશાતા દુઃખને કહે છે. આ બન્નેનું તેઓ વેદન કરવાવાળા હોય છે. ૧૫ ગૌતમસ્વામીનો પ્રશ્ન ते णं भंते! जीवा किं इत्थिवेयगा, पुरिसवेयगा; नपुंसगवेयगा' હે ભગવન્ તે જીવો શું સ્ત્રી વેદવાળા હોય છે? કે પુરૂષ વેદવાળા હોય છે? અથવા નપુંસક વેદવાળા હોય છે? પ્રભુનો ઉત્તર-'गोयमा! णो इत्थिवेयगा, णो पुरिसवेयगा, णपुंसगवेयगा' હે ગૌતમ! તેઓ સ્ત્રી વેદવાળા હોતા નથી. તેમજ પુરૂષ વેદવાળા પણ હોતા નથી. પરંતુ નપુંસક વેદવાળા જ હોય છે. ૧૬

ગૌતમસ્વામીનો પ્રશ્ન-तेसि णं भंते! जीवाणं केवइयं कालं ठिई पण्णत्ता' હે ભગવન્ તે જીવોની સ્થિતિ કેટલા કાળની કહી છે? મહાવીર પ્રભુનો ઉત્તર 'गोयमा जहण्णेणं अंतो मुहुत्तं उक्कोसेणं पुव्वकोडी' હે ગૌતમ! તેઓની સ્થિતિ જઘન્યથી એક અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીની કહી છે. ૧૭ ગૌતમસ્વામીનો પ્રશ્ન-'तेसिं णं भंते! जीवाणं केवइया अज्झवसाणा पण्णत्ता' હે ભગવન્ તે જીવોને કેટલા અધ્યવસાય-વ્યવસાયસ્થાનો કહેલા છે? આત્મ પરિણામોનું નામ અધ્યવસાય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર-'गोयमा! असंखेज्जा अज्झवसाणा पन्नत्ता' હે ગૌતમ! તે જીવોના અધ્યવસાયસ્થાનો અસંખ્યાત કહ્યા છે. ફરીથી ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે-'ते णं भंते! किं पसत्था अप्पसत्था? હે ભગવન્ તે અધ્યવસાય સ્થાનો શું પ્રશસ્ત હોય છે? અથવા અપ્રશસ્ત હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'ગોયમા! હે ગૌતમ! 'पसत्था वि अप्पसत्था वि' તે અધ્યવસાય સ્થાનો પ્રશસ્તપણ છે, અને અપ્રશસ્તપણ છે. ૧૮ ગૌતમ સ્વામીનો પ્રશ્ન 'से णं भंते! पज्जत्ता असन्निपंचिंदियतिरिक्खजोणियत्ति कालओ केवच्चिरं होइ' હે ભગવન્ પર્યાપ્તક અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિ-

કોના રૂપથી તે જીવો કેટલા કાળ સુધી રહે છે ? ઉત્તરમાં પ્રભુ કહે છે કે –'ગોયમા !' હે ગૌતમ !' 'जहन्नेणं अंतोमुहुत्तं' જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી અને 'उक्कोसेणं पुव्वकोडी' ઉત્કૃષ્ટથી એક પૂર્વ કોટી સુધી રહે છે. ૧૯

ગૌતમસ્વામીનો પ્રશ્ન-से णं भंते ! पज्जत्तअसन्नि पंचिंदियतिरिक्ख जोणिए रयणप्पभाए पुढवीए णेरइए' હે ભગવન્ તે નારક જીવ પહેલા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળા થાય, અને તે પછી મરીને તે રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિક પણે ઉત્પન્ન થાય 'पुणरवि पज्जत्त असंन्नि पंचिंदियतिरिक्ख जोणिएत्ति' અને મરીને ફરિવાર પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયો-નીમાં ઉત્પન્ન થાય, તો આ ક્રમથી તેઓ 'केवइयं कालं सेवेज्जा' કેટલા કાળ સુધી તે ગતિનું સેવન કરે છે ? એટલે કે તે એ ગતિમાં કેટલો કાળ રહે છે ? અને આ રીતે કેટલા કાળ સુધી ગમનાગમન–અવર જવર કરતા રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा' હે ગૌતમ ! भवादेसेणं दो भवग्गहणाइं' ભવની અપેક્ષાએ બે ભવ ગ્રહણ સુધી અને 'कालादेसेणं जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडिमब्भहियं एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गइरागइं करेज्जा' કાળની અપેક્ષાએ જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી તથા ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી તે ગતિનું સેવન કરે છે. અને એટલા જ સમય સુધી તે ગમનાગમન –અવર જવર કરે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે–પહેલા ભવમાં તે જીવ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે. અને બીજા ભવમાં તે ત્યાંથી મરીને નારક થાય છે, અને પાછો ત્યાંથી મરીને તે ફરીથી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો થતો નથી પણ સંજ્ઞી પંચેન્દ્રિયપણાને જ તે પ્રાપ્ત કરે છે. તેથી ભવની અપેક્ષાએ બે ભવનો કાયસંવેગ સમજવો તથા કાળની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત આયુષ્ક સાથે નારક જઘન્ય કાય સંવેગ અસંજ્ઞી ભવ સંબંધી જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિરૂપ અને ઉત્કૃષ્ટકાય સંવેગ પૂર્વકોટિ વર્ષ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુ સહિત રત્ન પ્રભા પૃથ્વીમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ગ્રહણ કરાયો છે.– તે નારકની પૂર્વ ભવસંબંધી જે અસંજ્ઞી અવસ્થા છે, તે અવસ્થાથી જે નારક થયેલા છે, તેની ઉત્કૃષ્ટ આયુરૂપ ગ્રહણ કરેલ છે, અને જે પૂર્વકોટિ અધિક કહ્યું છે તે અસંજ્ઞી અવસ્થાની ઉત્કૃષ્ટ આયુષ્ય રૂપથી ગ્રહણ કરેલ છે. તેથી જ એવું કહ્યું છે કે–ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક પલ્યોપમના અસં-ખ્યાતમા ભાગ પ્રમાણવાળી છે. ૨૦ ।।સૂ.૨।।

## જઘન્ય સ્થિતિવાલે ઉન નારકોં મેં ઉત્પન્ન હોનેવાલે પર્યાપ્ત અસંજ્ઞી પઞ્ચેન્દ્રિય જીવ કા નિરૂપણ

આ રીતે સામાન્ય જે રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંગ્યોનિકો છે, તેઓનું નિરૂપણ કરીને હવે જઘન્ય સ્થિતિવાળા તે નારકોમાં ઉત્પન્ન થવાવાળા જે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો છે, તેઓનું સૂત્રકાર નિરૂપણ કરે છે.-

'पज्जत्ता असन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते !' ઇત્યાદિ.

ટીકાર્થ—હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ 'पज्जत्त-असन्निपंचिंदिय तिरिक्खजोणिए णं भंते ! 'जे भविए जहन्नकालठिइएसु रयणप्पभा-पुढविनेरइएसु उववज्जित्तए' પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યન્ચ જઘન્ય કાલની સ્થિતિવાળા જે જીવો રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ ! તેઓ કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? અર્થાત્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યન્ચ જે જીવ રત્નપ્રભા પૃથ્વીના જઘન્ય કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવા તે જીવ કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'जहन्नेणं दसवाससहस्सठिइएसु' તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને 'उक्कोसेणं वि दस वाससहस्सठिइएसु उववज्जेज्जा' ઉત્કૃષ્ટથી પણ દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

ગૌતમસ્વામીનો પ્રશ્ન-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એવા તે જીવો એક સમયમાં તે નારકોમાં કેટલા ઉત્પન્ન થાય છે ? અર્થાત્ એક સમયમાં એક સાથે કેટલા ઉત્પન્ન થાય છે ? મહાવીર પ્રભુનો ઉત્તર-'एवं सच्चेव निरवसेसा वत्तव्वया भाणियव्वा' હે ગૌતમ અહિયાં પહેલાં કહેલ સમ્પૂર્ણ વક્તવ્ય યાવત્ અનુબંધ સુધીનું સમજી લેવું અર્થાત્ ઓગણીસ ૧૯ માં દ્વાર સુધી ! તે દ્વારથી લઇને પહેલાં કહેલ સંપૂર્ણ કથન અહિયાં સમજી લેવું આ કથન સૂત્રકારે આ નીચેના સૂત્ર પાઠથી પ્રશ્નોત્તરરૂપે સ્પષ્ટ કરેલ છે.-'पज्जत्तअसन्निपंचिंदियतिरिक्ख-

जोणिए णं भंते ! जे भविए रयणप्पभाए पुढवीए नेरइएसु उववज्जित्तए से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा ? गोयमा ! जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु उववज्जेज्जा' આ પ્રમાણે અહિંયાં પહેલાં આ ઉપપાત સૂત્ર કહેવામાં આવેલ છે. આ ઉત્પાદ સૂત્રથી લઈને 'से णं भंते ! पज्जत्तासन्निपंचिंदियतिरिक्खजोणिए रयणप्पभाए पुढवीए नेरइएसु पुणरवि पज्जत्ता असन्नि पंचिंदियतिरिक्खजोणिएत्ति केवइयं कालं सेवेज्जा ? केवइयं कालं गतिरागतिं करेज्जा ? गोयमा ! भवादेसेणं दो भवग्गहणाइं कालादेसेणं जहन्नेणं दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं, उक्कोसेणं पलिओमस्स असंखेज्जइभागं पुव्वकोडी मब्भहियं एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं करेज्जा' આ સૂત્ર સુધી અનુબંધ સૂત્ર છે. જેથી અહિં સુધીનું તમામ પ્રકરણ સમજવું. એક સમયમાં તે નારકોમાં કેટલા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એવો છે કે તે નારકોમાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય છે. આજ રીતે આ પ્રકરણમાં કહેલ સંહનન દ્વાર, અવગાહના દ્વાર, અને સંસ્થાન દ્વાર વિગેરે તમામ દ્વારો સમજવા. આ રીતનું આ કથન 'सच्चेव वत्तव्वया निरवसेसा भाणियव्वा' આ સૂત્રપાઠનું છે. આ પ્રમાણે ૧૯ ઓગણીસમાં અનુબંધ દ્વારનું કથન કરીને હવે સૂત્રકાર ૨૦ વીસમું જે કાયસંવેધ દ્વાર છે, તેનું કથન કરે છે. તેમાં ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે- से णं भंते ! पज्जत्त-असन्निपंचिंदियतिरिक्खजोणिए' હે ભગવન્ જે જીવ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈને પછીથી 'जहन्नकालट्ठिइए रयणप्पभा पुढविनेरइए' જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે અને 'पुणरवि पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' તે પછી ત્યાંથી પણ મરીને ફરીથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય છે. તો આ રીતે કેટલા કાળ સુધી ગતિ અને આગતિ-આવજા કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा !' भवादेसेणं' હે ગૌતમ ભવની અપેક્ષાએ તે 'दो भवग्गहणाइं' બે ભવ ગ્રહણ સુધી એક અસંજ્ઞીનો ભવ અને બીજો નારકનો ભવ આ રીતે બે ભવોનું ગ્રહણ કરતાં સુધી કેમકે તે પછી નિયમથી તે સંજ્ઞી થઈ જાય છે. અસંજ્ઞી નહીં. 'कालादेसेणं दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' કાળની અપેક્ષાએ તે જઘન્યથી અંતર્મુહૂર્ત અધિક દસ

હજાર વર્ષ સુધી અને 'उक्कोसेणं पुव्वकोडी दसहिं वाससहस्सेहिं अब्भहियाइं' ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટિ અધિક દસ હજાર વર્ષ સુધી તે ગતિનું સેવન કરે છે. અર્થાત્ ગમના ગમન-અવર જવર કરે છે. ૨૦

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો જે જીવ 'जे भविए उक्कोसकालट्ठिइएसु रयणप्पभापुढवीनेरइएसु उववज्जित्तए' ઉત્કૃષ્ટસ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વિના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં મહાવીર પ્રભુ કહે છે કે -'गोयमा !' હે ગૌતમ ! 'जहण्णेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु उववज्जेज्जा' તે જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. 'उक्कोसेण वि पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु उववज्जेज्जा' ઉત્કર્ષથી પણ તે પલ્યોમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, આ પ્રમાણે આ ઉપપાત દ્વાર કહેવામાં આવ્યું છે.

હવે પરિમાણ દ્વાર કહેવામાં આવે છે તે આ પ્રમાણે છે.-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' આમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચજીવ એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ગૌતમસ્વામીને એવું કહ્યું કે-'गोयमा ! अवसेसं तं चेव जाव अणुबंधो' હે ગૌતમ ! આ વિષયમાં સઘળુ કથન અનુબંધદ્વાર સુધી સમજવું. અર્થાત્ આ પરિમાણદ્વારથી લઈને અનુબંધદ્વાર સુધી પરિમાણ સંબંધી અને સંહનન વિગેરે સંબંધીનું તમામ કથન અહિયાં સમજી લેવું તેઓ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એવો છે કે-તેઓ જઘન્યથી તો એક અથવા બે અથવા ત્રણ સુધી ત્યાં ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત તેઓ ત્યાં ઉત્પન્ન થાય છે. એજ રીતે સંહનન, અવગાહના, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ,-સાકાર અને અનાકાર -સંજ્ઞા, કષાય, ઇન્દ્રિય, સમુદ્ઘાત, વેદના, વેદ, આયુ, અધ્યવસાનઅને અનુબંધ આ તમામદ્વારો પણ અહિયાં કહી લેવા.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से णं भंते !' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યન્ચ યોનીવાળો તે જીવ 'पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યગ્યોનિકજીવ મરીને 'उक्कोसकालट्ठिइयरयणप्पभापुढविनेरइए' ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક જો

થઈ જાય અને તે પછી 'पुणरवि पज्जत्तअसन्नि पंचिंदियतिरिक्खजोणिए' ત્યાંથી મરીને તે ફરીથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંન્ચ થઈ જાય તો આ ક્રમથી 'केवइयं कालं सेवेज्जा' તે કેટલા કાળ સુધી આ રીતે ગતિ આગતિનું સેવન કરે છે? અને केवइयं कालं गइरागइं करेज्जा' કેટલા કાળ સુધી આ રીતે ગમના ગમન-અવર જવર કરતો રહે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે- 'गोयमा !' હે ગૌતમ! भवादेसेणं दो भवग्गहणाइं' ભવની અપેક્ષાએ તે બે ભવ ગ્રહણ સુધી ગમના ગમન કરે છે. તેનો એક ભવ અસંજ્ઞી પણાનો હોય છે. અને બીજો ભવ નારક પણાનો હોય છે. તે પછી તે નરકથી નીકળીને ફરીથી અસંજ્ઞી થતો નથી. સીધો સંજ્ઞીજ થાય છે. 'कालादेसेणं' કાળની અપેક્ષાએ તે 'जहन्नेणं' જઘન્યથી 'पलिओवमस्स असंखेज्जइभागं अंतोमुहुत्तमब्भहियं' એક અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી અને 'उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडी अब्भहियं' ઉત્કૃષ્ટથી પૂર્વકોટી અધિક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ સુધી 'एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गइरागइं करेज्जा' તે ગતિનું સેવન કરે છે. અને ગતિ આગતિ-અવર જવર કરે છે. તિર્યંચ યોનીથી નીકળીને નરક ગતિમાં જાય છે અને પાછો ત્યાંથી નીકળીને તિર્યંગ્યોનિકોમાં આવે છે. આ રીતે તે જે ગમના ગમન-અવર જવર કરે છે. તેનું જ નામ ગતિ આગતિ છે. ાસૂ. ૩ા

'जहन्नकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' ઈત્યાદિ

ટીકાર્થ—હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ जहन्नकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ' પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો જે જીવ જઘન્ય સ્થિતિવાળો છે, અને તે 'रयणप्पभापुढविनेरइएसु उववज्जित्तए' રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તે 'केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? અર્થાત્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જે જીવ રત્નપ્રભા પૃથ્વિના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તેવો જીવ કેટલા કાળની સ્થિતિવાળો નારકિયોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा !' હે ગૌતમ 'जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु' તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી 'पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु उववज्जेज्जा' પલ્યોપમના અસંખ્યાત ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, અર્થાત્

પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જે જીવ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય બન્યા હોય છે. તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ સ્થિતિ-વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'તે ણં મંતે ! जीवा ! एगसमयेणं केवइया उववज्जंति' હે ભગવન્ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં જે જીવ ઉત્પન્ન થવાને યોગ્ય છે, એવા તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય એવા તે જીવો જઘન્યથી એક સમયમાં એક અથવા બે અથવા ત્રણુ સુધી ત્યાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. એજ વાત સૂત્રકારે 'सेसं तं चेव' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરેલ છે. આમાં તેઓએ એ કહ્યું છે કે-આ ઉત્પાત સૂત્રના કથનથી ભિન્ન બીજા જે પરિમાણુ, સંહનન, અવગાહના, સંસ્થાન, લેશ્યા, વિગેરે અનુબન્ધ સુધીનું કથન છે, તે સઘળું પહેલાં કહ્યા પ્રમાણે જ સમજવું. પરંતુ તે કથનની અપેક્ષાએ અહિંના કથનમાં જે ફેર ફાર છે, તે 'नवरं इमाइं तिन्नि णाणत्ताइं' આ ત્રણુ સ્થાનોમાં છે. 'आउं, अज्झवसाणा, अणुबंधो य' એક આયુસ્થાનમાં બીજું અધ્યવસાન સ્થાનમાં અને ત્રીજુ અનુબંધ સ્થાનમાં આયુ સ્થાનમાં જે ફેરફાર છે, તેને સૂત્રકારે 'जहण्णेणं ठिई अंतोमुहुत्तं उक्कोसेणं वि अंतोमुहुत्तं' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરેલ છે. અર્થાત્ આયુ જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધીની છે. અને ઉત્કૃષ્ટથી પણુ અન્તર્મુહૂર્તની છે.

હવે અધ્યવસાનસ્થામાં વિલક્ષણુપણું બતાવવા માટે પ્રશ્નોત્તરરૂપથી આગળનું કથન કરે છે. ગૌતમસ્વામીએ આ વિષયમાં પ્રભુને એવું પૂછયું છે કે-'तेसि णं भंते ! जीवाणं केवइया अज्झवसाणा पन्नत्ता' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળા તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના અધ્યવસાન કેટલા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ! 'असंखेज्जा अज्झवसाणा पण्णत्ता' તે જીવોના અધ્યવસાન અસં-ખ્યાત હોય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते किं पसत्था अपसत्था' હે ભગવન્ જે અસંખ્યાત અધ્યવસાન સ્થાનો જઘન્ય કાળની સ્થિતિવાળા તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે, તે પ્રશસ્ત હોય છે? કે અપ્રશસ્ત હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! णो पसत्था अपसत्था ! તે પ્રશસ્ત હોતા નથી, અપ્રશસ્ત હોય છે. કેમકે અસંજ્ઞીનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે, તે કારણે તેના અધ્યવસાનસ્થાનો અપ્રશસ્ત હોય છે, આયુષ્યની દીર્ઘ સ્થિતિમાં જ અધ્યવસાન સ્થાનોમાં

પ્રશસ્તપણુ અને અપશસ્તપણું સંભવે છે. 'अणुबंधो अंतो मुहुत्तं' અહિયાં અનુબંધ અંતર્મુહૂર્તનો છે. 'सेसं तं चेव' આ ત્રણ ભિન્નતા વગર બાકીનું બીજુ તમામ કથન પરિણામ સંબંધી અથવા સંહનન સંબંધીનું તમામ કથન પૂર્વોક્ત પ્રમાણેજ છે. તેમ સમજવું.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે 'से णं भंते! जहन्नकालट्ठिइए पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए रयणप्पभा० जाव करेज्जा' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળો તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રય તિર્યંચ જો મરીને રત્નપ્રભા પૃથ્વીનો નૈરયિક થાય અને ફરી ત્યાંથી નીકળીને તે ફરીથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થાય તો આ સ્થિતિમાં તે એ ગતિનું સેવન કયાં સુધી કરતો રહે છે? અને કયાં સુધી તે ગમના ગમન અવર-જવર કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा!' હે ગૌતમ! भवादेसेणं दो भवग्गहणाइं' ભવની અપેક્ષાએ તે બે ભવ સુધી અને 'कालादेसेणं' કાળની અપેક્ષાએ તે 'जहन्नेणं' જઘન્યથી 'दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' અંતમુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી 'पलिओवमस्स असंखेज्जइभागं अंतोमुहुत्तमब्भयाहिइं' અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ગમનાગમન કરે છે. અર્થાત્ તે ગતિનું સેવન કરે છે-આ પ્રમાણે બે ભવ સંબંધી કથન કરવામાં આવ્યું છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું 'जहन्नकालट्ठिइय पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते!' હે ભદન્ત જઘન્ય કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ 'जे भविए जहन्नकालट्ठिइएसु रयणप्पभापुढविनेरइएसु उववज्जित्तए' જે જીવ જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. से णं भंते! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? અર્થાત્ જઘન્ય ાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચજીવ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે ત્યાં કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-गोयमा!' હે ગૌતમ! 'जहण्णेणं दसवाससहस्सट्ठिइएसु' જઘન્યથી જે નારકીયોની સ્થિતિ ત્યાં દસ હજાર વર્ષની હોય તેઓમાં તે ઉત્પન્ન થાય છે. અને 'उक्कोसेणं वि दसवाससहस्सठिइएसु उववज्जेज्जा' ઉત્કૃષ્ટથી પણ તે જેઓની સ્થિતિ દસ હજાર વર્ષની હોય તેઓમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને આ પ્રમાણે પૂછે છે. કે-'ते णं भंते जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યન્ચ જીવો એક સમયમાં તે નરકાવાસમાં કેટલા

ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે- 'તેઓ ત્યાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. 'सेसं तं चेव' ઉત્પાત અને પરિમાણ શિવાયનું બીજુ તમામ કથન, સંહનન દ્વારમાં અને અવગાહના વિગેરે દ્વારોમાં પહેલાં જે પ્રમાણે કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે સમજવું. અહિયાં તે પૂર્વોક્ત કથનમાં જો કાંઈ જુદાપણુ હોય તો તે કેવળ આયુ. અધ્યવસાન, અને અનુબન્ધ આ ત્રણ દ્વારોમાં છે. આ ત્રણ દ્વારોમાં જે ભિન્નપણું છે તે આની પહેલાના સૂત્રમાં પ્રગટ કરેલ છે. જેમકે-આયુ, જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અધ્યવસાન, અસંખ્ય હોય છે, તે પ્રશસ્ત હોતા નથી પણ અપ્રશસ્ત હોય છે. અનુબંધ અંતર્મુહૂર્ત માત્ર હોય છે. આ શિવાય ઉત્પાદ, પરિમાણ, સંહનન, વિગેરે બધાનું કથન પૂર્વ પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણે સમજવું. અને તે ગતિ અને આગતિ સુધી અહિયાં ગ્રહણ કરવું જોઈએ. અને એજ વાત આ આગળના સૂત્રપાઠદ્વારા સૂત્રકારે પ્રગટ કરેલ છે. 'से णं भंते ! जहन्नकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए, जहन्नकालट्ठिइयरयणप्पभा पुढवीए नेरइए' ગૌતમસ્વામીએ આ સૂત્રદ્વારા પ્રભુને એવું પૂછ્યું છે કે-હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળો તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મરીને જો જઘન્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને ફરીથી ત્યાંથી મરીને અર્થાત્ નીકળીને તે જઘન્ય કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય તો આ ક્રમથી તે કેટલા કાળ સુધી તિર્યંચ ગતિમાં અને નરક ગતિમાં ગમન અને આગમન કરતા રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં ગૌતમસ્વામીને પ્રભુ કહે કે- गोयमा ! હે ગૌતમ ! તે 'भवादेसेणं दोभवग्गहणाइं' ભવની અપેક્ષાએ તે બે ભવ ગ્રહણ સુધી ગમના-ગમન કરે છે. અને 'कालादेसेणं' કાળની અપેક્ષાએ 'जहन्नेणं दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' તે જઘન્યથી અંતર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી ગમનાગમન-અવરજવર કરે છે. અને ઉત્કૃષ્ટથી પણ 'दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' અંતર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી ગમના ગમન-અવર જવર-કરે છે અર્થાત્ તે નરક ગતિ અને તિર્યંચ ગતિનું સેવન કરે છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે- जहन्नकालट्ठियपज्जत्त असन्नि पंचिंदियतिरिक्खजोणिए णं भंते !' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળા

પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જે જીવ જે 'भविए उक्कोसकालट्ठिइएसु रयणप्पभा-पुढवीनेरइएसु उववज्जित्तए' ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય બન્યા હોય છે. 'से णं भंते!' હે ભગવન્ તે 'केवइय-कालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? અર્થાત્ જે અસંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ કે જેની આયુ જઘન્ય કાળની છે. જો તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પહેલી પૃથ્વીના નારકિયોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! जहन्नेणं पलिओव-मस्स असंखेज्जइ०' જઘન્યથી તે પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે અને 'उक्कोसेण वि०' ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે- ते णं भंते! जीवा' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંગ્યોનિક એવા તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે 'अवसेसं तं चेव' હે ગૌતમ! પૂર્વોક્ત કથન અનુસાર એવા તે જીવો એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે. 'ताइं चेव तिन्न णाणत्ताइं' અહિયાં આ ત્રણ દ્વારો વિષે પૂર્વોક્ત કથનથી ભિન્નપણું છે. તે ત્રણ દ્વારો આયુદ્વાર, અધ્યવસાન દ્વાર, અને અનુબંધદ્વાર છે, અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. કેમ કે અસંજ્ઞી જીવોની જઘન્ય સ્થિતિજ હોય છે, અધ્યવસાન સ્થાન અંતર્મુહૂર્ત માત્ર સ્થિતિવાળુ હોવાને કારણે અહિયાં અપ્રશસ્ત જ હોય છે દીર્ઘસ્થિતિમાંજ બન્ને પ્રકારના અધ્યવસાન સ્થાન હોય છે. કેમકે ત્યાં કાળનું અધિકપણું હોય છે. અને અનુબંધ પણ સ્થિતિ-પ્રમાણે જ હોય છે. પહેલાં કહ્યા પ્રમાણેનું આ તમામ કથન સેવન અને ગતિ આગતિ સૂત્ર સુધી ગ્રહણ કરવું જોઈએ. એજ વાત સૂત્રકારે 'से णं भंते! जहन्नकालट्ठिइयपज्जत्त-असन्नि पंचिंदियतिरिक्खजोणिए' ઈત્યાદિ પ્રશ્નોત્તર રૂપકથન દ્વારા પ્રગટ કર્યું છે.- આમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછ્યું છે કે-હે ભગવન્ જઘન્યકાળની સ્થિતિવાળો તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ મરીને જો 'उक्कोसकालट्ठिइयरयणप्पभा पुढवी०' ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વિના નૈરયિકોમાં ઉત્પન્ન થઈ જાય અને તે પછી ત્યાંથી નીકળીને તે ફરીથી જઘ-

न्यकाળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય તો તે આક્રમથી ક્યાં સુધી તે ગતિનું એટલે કે તિર્યંચ ગતિનું અને નારકગતિનું સેવન કરતો રહે છે ? અને ક્યાં સુધી ગતિ-અને આગતિ-આવવુ જવું કરતો રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'भवादेसेणं दो भवग्गहणाइं' ભવની અપેક્ષાએ તે બે ભવોને ગ્રહણ કરતાં સુધી ગમના ગમન-અવર જવર કરે છે. અને 'कालादेसेणं' કાળની અપેક્ષાએ તે 'जहन्नेणं पलिओवमस्स असंखेज्जइभागं अंतोमुहुत्तमब्भहियं' જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ગમનાગમન-અવર જવર કરે છે. અને 'उक्कोसेण वि पलिओवमस्स असंखेज्जइभागं अंतोमुहुत्तमब्भहियं' ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી 'एवइयं कालं जाव करेज्जा' આટલા કાલપર્યંત તિર્યંગ્ગતિ અને નારકગતિનું સેવન કરે છે, અને એટલા જ કાળ સુધી તિર્યંગ્ગતિ અને નારકગતિમાં ગમનાગમન કરે છે. उक्कोसकालट्ठिइयपज्जत्त असन्नि पंचिंदियतिरिक्खजोणिएणं भंते !'० હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જે જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો છે, અને 'जे भविए रयणप्पभा पुढवि नेरइएसु उववज्जित्तए' से णं भंते !' રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવો તે જીવ 'केवइयकाल० जाव उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा ! जहण्णेणं दसवाससहस्सट्ठिइएसु०' જઘન્યથી તે દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં અને 'उक्कोसेण वि पलिओवमस्स असंखेज्जइ० जाव उववज्जेज्जा' ઉત્કર્ષથી પણ દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. 'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'अवसेसं जहेव ओहियगमएणं तहेव अणुगंतव्वं' હે ગૌતમ ! આ વિષયમાં બીજૂ તમામ કથન સામાન્ય પાઠમાં કહ્યા પ્રમાણે સમજવું. 'नवरं०' પરંતુ 'इमाइं दो नाणत्ताइं' આ બે ભિન્નતા છે. સ્થિતિ ૧ અને અનુબંધ ૨ એ બેના વિષયમાં જે વિશેષપણુ છે. તે આ પ્રમાણે છે.- 'ठिई जहण्णेणं पुव्वकोडी उक्कोसेण वि पुव्वकोडी' સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ વર્ષની છે. તથા 'एवं अणुबंधो वि' અનુબંધ પણ એજ પ્રમાણે છે. અનુબંધથી લઈ આવીને ઉત્પન્ન થતા નથી. અહિ સુધીનું કથન

પણ એજ પ્રમાણે છે-'अवसेसं तं चेव' સ્થિતિદ્વાર અને અનુબંધ દ્વારોથી જુદા જે ઉત્પાદદ્વાર, પરિણામ દ્વાર, અને સંહનન વિગેરે દ્વારો છે, તે તમામ પૂર્વોક્ત-પહેલા કહ્યા પ્રમાણેજ છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से णं भंते ! उक्कोसकालट्ठिइय-पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળો તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો જીવ પોતે ગ્રહણ કરેલ તે પર્યાયથી મરીને 'रयणप्पभा पुढविनेरइए' રત્નપ્રભા પૃથ્વીનો નૈરયિક થઈ જાય અને 'पुणरवि उक्कोसकालट्ठिइए पंचिंदियतिरिक्खजोणिए' તે પછી ત્યાંથી નીકળીને તે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય છે. તો તે આવી રીતે કેટલા કાળ સુધી તિર્યંચ ગતિ અને નારક ગતિનું સેવન કરે છે ? અને આવી રીતે તે કયાં સુધી ગમનાગમન-અવર જવર કર્યા કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! भवादेसेणं दो भवग्गहणाइं कालादेसेणं जहन्नेणं पुव्वकोडी दसहिं वाससहस्सेहिं अब्भहिया' ભવની અપેક્ષાએ તે બે ભવ સુધી અને કાળની અપેક્ષાએ જઘન્યથી દસ હજાર વર્ષથી અધિક એક પૂર્વ કોટિ સુધી અને 'उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडीए अब्भहियं' ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ગમના ગમન-અવર જવર કરતો રહે છે. આ રીતે તે "एवइयं जाव करेज्जा' એટલા કાળ સુધી તિર્યંચ ગતિ અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી ગમના ગમન-અવર જવર કરે છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'उक्कोसकालट्ठिइयपज्जत्त असन्निपंचिंदियतिरिक्खजोणिए' હે ભગવન્ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત એવો જે તિર્યંચ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો છે, અને તે जहन्नकालट्ठिइएसु रयणप्पभापुढवीनेरइएसु उववज्जित्तए' જઘન્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, એવો તે તિર્યંચ જીવ 'केवइय० काल० जाव' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा !' जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु' હે ગૌતમ ! તે એ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે જેની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની છે. અને 'उक्कोसेणं वि दसवाससहस्सट्ठिइएसु' ઉત્કૃષ્ટથી પણ જેમની સ્થિતિ ૧૦૦૦૦ દસ હજાર વર્ષની છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते जीवा०' હે ભગવન્ એવા તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सेसं तं चेव जहा सत्तमगमए' હે ગૌતમ ! આ

સંબંધમાં બીજુ તમામ કથન પણ અનુબંધ સુધીનું તે ગમનમાં કહ્યા પ્રમાણેનું સમજવું અર્થાત્ આ કથનની પહેલાનું જે પ્રકરણ છે, તે પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણેનું સઘળું કથન અહિં પણ સમજવું. આ કથનનું તાત્પર્ય એવું છે કે-જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી એક સમયમાં સંખ્યાત અથવા અસંખ્યાત નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે. સામાન્ય પ્રકરણમાં જે પ્રમાણે સંહનન, અવગાહના, સંસ્થાન, વિગેરે દ્વારો કહ્યા છે. તે તમામ એજ રીતે અહિયાં પણ સમજવા. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-સે णं भंते ! उक्कोसकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' હે ભગવન્ પહેલાં તે જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થાય અને તે પછી મરીને 'जहन्नकालट्ठिइयरयणप्पभा पुढवी नेरइए' જઘન્ય સ્થિતિવાળો રત્નપ્રભા પૃથ્વીનો નૈરયિક થાય, 'पुणरवि उक्कोसकालट्ठिइए पज्जत्त असन्निपंचिंदियतिरिक्खजोणिए' અને પાછો નરકથી નીકળીને ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થાય તો આ રીતે તે 'केवइयं कालं सेवेज्जा जाव करेज्जा' કેટલા કાળ સુધી એ તિર્યંચ ગતિ અને નરકગતિનું સેવન કરે છે. અને કેટલા કાળ સુધી આ પ્રકારે તે ગમના ગમન-અવર જવર કરતો રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! भवादेसेणं दो भवग्गहणाइं' ભવની અપેક્ષાએ તે બે ભવોના ગ્રહણ કરતાં સુધી એટલે કે તેનો એક ભવ અસંજ્ઞી પંચેન્દ્રિયનો હોય છે. અને તેનો બીજો ભવ નારકનો હોય છે. તે પછી નિયમથી તે સંજ્ઞી થઈ જાય છે, અસંજ્ઞી રહેતો નથી. આ રીતે બે ભવોના ગ્રહણ સુધી તે ગતિનું સેવન કરે છે. અને 'कालादेसेणं' કાળની અપેક્ષાએ તે 'जहन्नेणं' જઘન્યથી 'पुव्वकोडि दसहिं वाससहस्सेहिं अब्भहिया' દશ હજાર વર્ષ અધિક એક પૂર્વ કોટિ સુધી અને 'उक्कोसेणं वि' ઉત્કૃષ્ટથી પણ દસ હજાર વર્ષ અધિક એક પૂર્વકોટિ સુધી તે ગમનાગમન કરે છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'उक्कोसकालट्ठिइय पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए उक्कोसकालट्ठिइएसु रयणप्पभापुढवि०' હે ભગવન્ ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનીવાળો જીવ કે જે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, 'से णं भंते !' એવો તે જીવ હે ભગવન્ 'केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિ-

કોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'ગોયમા !' હે ગૌતમ ! 'जहण्णेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु' એવો તે જીવ જઘન્યથી પલ્યોપમના અસંખ્યતમાં ભાગ પ્રમાણની સ્થિતિવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે, તથા 'उक्कोसेणं वि' ઉત્કૃષ્ટથી પણ 'पलिओवमस्स असंखेज्जइभागट्ठिइएसु' પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણની સ્થિતિવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एगसमएणं०' હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કે જે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તેઓ એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सेसं जहा सत्तमगमए' હે ગૌતમ ! આ વિષયમાં સઘળું કથન સાતમા ગમકમાં કહ્યા પ્રમાણે સમજવું. આ કથનનું તાત્પર્ય એવું છે કે-ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે એક સમયમાં કેટલા નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે ? આના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! જઘન્યથી એક સમયમાં ત્યાં એક અથવા બે અથવા ત્રણ નૈરયિકો ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે. એજ રીતે સંહનન, અવગાહના, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ વિગેરે દ્વારોમાં પણ પહેલા કહ્યા પ્રમાણે જ અહિયાં સઘળું કથન સમજવું. અને આ તમામ કથન યાવત્ સેવના અને ગતિ આગતિ સૂત્ર સુધી સમજવું. એજ વાત આ આગળ કહેવામાં આવતાં પ્રશ્નોત્તરવાળા કથનથી સૂત્રકાર સ્પષ્ટ કરે છે.-'से णं भंते ! उक्कोसकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' હે ભગવન્ જીવ જ્યારે પહેલાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે, અને તે પછી ત્યાંથી મરીને 'उक्कोसकाकालट्ठिइय०' ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીનો નૈરયિક થાય છે અને તે પછી ત્યાંથી નીકળીને 'उक्कोसकालट्ठिइयपज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए' ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય છે.-તો આ ક્રમથી તે 'केवइयं कालं सेवेज्जा केवइयं कालं गइरागइं करेज्जा' કેટલા કાળ સુધી પંચેન્દ્રિય તિર્યંચ યોનિનું અને નારક ગતિનું સેવન કરે છે. અને કેટલા કાળ સુધી આ પ્રકારથી તે ગમના ગમન -અવર જવર કરે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा ! भवादेसेणं दो भवग्गहणाइं, कालादेसेणं जहण्णेणं पलिओवमस्स

असंखेज्जइभागं पुव्वकोडिए अब्भहियं' હે ગૌતમ! ભવની અપેક્ષાએ તે બે ભવ ગ્રહણ કરતા સુધી અને કાળની અપેક્ષાએ જઘન્યથી પૂર્વકોટિ અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સુધી તે ગતિનું સેવન કરે છે અને ગમનાગમન કરે છે. 'एवं एए ओहियतिन्नि गमगा' આ રીતે સામાન્યરૂપ ત્રણ ગમક છે. અને जहन्नकालट्ठिइएसु तिन्नि गमगा' જઘન્યકાળની સ્થિતિવાળાના સંબંધમાં પણ ત્રણ ગમક છે. 'उक्कोसकालट्ठिइएसु तिन्नि गमगा' ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળાના સંબંધમાં પણ ત્રણ ગમક છે. એ રીતે 'सव्वे ते णव गमगा भवंति' બધા મળીને નવ ગમક થઈ જાય છે. ॥સૂ ૪॥

## સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યગ્રોં કા નારકો મેં ઉત્પતિ કા નિરૂપણ

આ રીતે ઉપર કહેલા ક્રમથી અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચોના નવ પ્રકારથી નારકોમાં ઉત્પાદ કહ્યો. હવે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનું નારકોમાં ૯ નવ પ્રકારથી ઉત્પાદનું કથન કરવા માટે સૂત્રકાર આગળના સૂત્રનું કથન કરે છે.

'जइ सन्निपंचिंदितिरिक्खजोणिएहिंतो' ઇત્યાદિ—

ટીકાર્થ—હવે ગૌતમસ્વામી આ સૂત્રથી પ્રભુને એવું પૂછે છે કે-'जइ सन्नि पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' હે ભગવન જો નૈરયિક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળામાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ સંખ્યાત વર્ષની આયુવાળા સંજ્ઞી પચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને નારકોમાં ઉત્પન્ન થાય છે? કે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा!' હે ગૌતમ! 'संखेज्जवासाउयसन्नि पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति नो असंखेज्ज०' સંખ્યાત વર્ષની આયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને તેઓ ત્યાં ઉત્પન્ન થાય છે. પરંતુ અસંખ્યાતવર્ષની આયુષ્યવાળાઓમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જો નારક જીવ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચોમાંથી આવીને નરકોમાં ઉત્પન્ન નથી થતા અને સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? તો તેઓ કયા પ્રકારના તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? 'किं जलचरेहिंतो उववज्जंति' શું તેઓ જલચર—પાણીમાં રહેવાવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા સ્થળચર તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા ખેચર—આકાશમાં રહેવાવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના

ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! હે ગૌતમ ! जलचरेहिंतो उववज्जंति' જલચરોમાંથી આવીને જીવ નારક પણાથી ઉત્પન્ન થાય છે. 'जहा असन्नी' અહિયાં તમામ કથન અસંજ્ઞીના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે તે પ્રમાણે યાવત્ પર્યાપ્તમાંથી આવીને ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. આ કથન સુધીનું તમામ કથન સમજવું. તેથી હે ગૌતમ ! તે નારકો જલચરોમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે. સ્થળચરોમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે. અને ખેચરોમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે. આ બાબતમાં ફરીથી ગૌતમ સ્વામી એવો પ્રશ્ન કરે છે કે–હે ભગવન્ તે નારકો જો જલચર, સ્થલચર, અને ખેચરોમાથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ પર્યાપ્તકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–હે ગૌતમ ! તે નારકો પર્યાપ્ત જલચર વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તક જલચર વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'पज्जत्तसंखेज्जवासाउयसंन्नि पंचिंदियतिरिक्खजोणिए णं भंते !' હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલી નરક પૃથિવીયોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! હે ગૌતમ ! 'सत्तसु पुढवीसु उववज्जेज्जा' તે સાતે પૃથ્વીયોમાં ઉત્પન્ન થઈ શકે છે. 'तं जहा' તે આ પ્રમાણે છે.–रयणप्पमाए जाव अहेसत्तमाए' તે રત્નપ્રભા પૃથ્વીમાં પણ ઉત્પન્ન થઈ શકે છે, શર્કરાપ્રભા પૃથ્વીમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. પંકપ્રભા, વાલુકાપ્રભા તમઃપ્રભા પૃથ્વીયોમા પણ ઉત્પન્ન થઈ શકે છે. એટલે કે–રત્નપ્રભા પૃથ્વીથી લઇને સાતમી તમસ્તમા પૃથ્વી સુધીમાં પોતાના દ્વારા પ્રાપ્ત કરેલા કર્મના બળથી તે જીવોનો નારક રૂપે ઉત્પાત થાય છે. 'पज्जत्तसंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते !०' ગૌતમસ્વામીએ આ સૂત્રપાઠથી પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યન્ચ કે જે રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણાથી ઉત્પન્ન થવાને યોગ્ય છે 'से णं भंते ! केवइय कालट्ठिइएसु उववज्जेज्जा' તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે–'गोयमा जहण्णेणं दसवाससहस्सट्ठिइएसु उक्कोसेणं सागरो-

वमट्ठिइएसु उववज्जेज्जा' હે ગૌતમ તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा' હે ભગવન્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા તે જીવો એક સમયમાં 'केवइया उववज्जंति' રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-जहेव असन्नी' હે ગૌતમ ! અસંજ્ઞી જીવોની ઉત્પત્તિ જે પ્રમાણે બતાવવામાં આવી છે, એજ રીતે સંજ્ઞી જીવોની ઉત્પત્તિ પણ તે તે સંખ્યાથી સમજવી. જેમકે-રત્નપ્રભા પૃથ્વીમાં એક સમયમાં તે જીવ જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. प्र० तेसिं णं भंते ! जीवाणं सरीरगा किं संघयणी पन्नत्ता' હે ભગવન પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા તે જીવોના શરીરો કેટલા સંહનનવાળા કહેવામાં આવ્યા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! હે ગૌતમ ! 'छव्विह संघयणी पण्णत्ता' તેઓના શરીરો છએ પ્રકારના સંહનનવાળા કહેલ છે. તે છએ સંહનનોના નામ આ પ્રમાણે છે.—'वइरोसभनारायसंघयणी' વજ્ર ઋષભનારાચ સંહનન વાળા 'उसभनारायसंघयणी' ઋષભનારાચ સંહનનવાળા 'जाव छेवट्ठसंघयणी' યાવત્ સેવાર્ત સંહનનવાળા અહિંયા યાવત્પદથી નારાચ, અર્ધનારાચ, કીલિકા આ સંહનનો ગ્રહણ કરાયા છે, આ છએ સંહનનોવાળા તેઓના શરીરો હોય છે, આ વિષયમાં આ પ્રમાણે ગાથા છે. 'वज्जरिसहनाराय' ઈત્યાદિ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવોના શરીર છએ સંહનનવાળા હોય છે. જેમકે-વજ્ર ઋષભનારાચ સંહનનવાળા ૧ ઋષભનારાચ સંહનનવાળા ૨, નારાચ સંહનનવાળા ૩ અર્ધનારાચ સંહનન વાળા ૪ કીલિકાસંહનનવાળા ૫ અને સેવાર્ત સંહનનવાળા ૬ તેઓના શરીરો હોય છે. 'सरीसेगाहणा जहेव असन्नीणं' તેઓના શરીરની અવગાહના અસંજ્ઞી જીવોની અવગાહના પ્રમાણે સમજવી અર્થાત્ સૂત્રમાં કહ્યા પ્રમાણે તેઓની આ અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણે હોય છે, અને ઉત્કૃષ્ટથી 'जोयणसहस्सं' એક હજાર યોજનની હોય છે. ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसि णं भंते ! जीवाणं सरीरगा किं संठिया હે ભગવન્ તે જીવોના શરીરો કયા કયા સંસ્થાનવાળા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! छव्विहसंठिया पण्णत्ता' હે ગૌતમ ! તેઓના શરીરો છએ પ્રકારના સંસ્થાનવાળા હોય છે. 'तं जहा' તે છએ સંસ્થાનોના નામો આ પ્રમાણે છે. 'समचउरंस० निग्गोह०

જાવ हुंड० સમચતુરસ્ર સંસ્થાન ૧, ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન૨, યાવત્ હુંડક સંસ્થાન અહિં યાવત્પદથી સાદિક સંસ્થાન ૩ વામન સંસ્થાન અને કુબ્જ સંસ્થાન ૫, આ ત્રણ સંસ્થાનો ગ્રહણ કરાયા છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો જે જીવ નરકમાં ઉત્પન્ન થાય છે, તેનું શરીર સમચતુરસ્ર વિગેરે છ પ્રકારનો સંસ્થાનોવાળું હોય છે. ગૌતમસ્વામીનો પ્રશ્ન 'तेसिं णं भंते ! जीवाणं कइ लेस्साओ पन्नत्ताओ' હે ભગવન્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને કેટલી લેશ્યાઓ કહેવામાં આવી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં ગૌતમસ્વામીને પ્રભુ કહે છે કે– 'गोयमा ! छल्लेस्साओ पण्णत्ताओ' હે ગૌતમ ! તેઓને છ લેશ્યાઓ હોય છે. 'कण्हलेस्सा जाव सुक्कलेस्सा' કૃષ્ણ લેશ્યા યાવત્ શુક્લલેશ્યા, અહિં યાવત્પદથી નીલ, કાપોતિક, તેજસ અને પદ્મ આ લેશ્યાઓ ગ્રહણ કરવામાં આવી છે. તેથી તે જીવ કૃષ્ણ, નીલ, કાપોતિક, તૈજસ અને પદ્મ એ લેશ્યાઓ વાળો હોય છે. 'दिट्ठी तिविहा वि०' તેઓને સમ્યક્, મિથ્યા, અને મિશ્ર એ ત્રણ દૃષ્ટિયો હોય છે. 'तिन्नि नाणा' મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન, અને અવધિ જ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે, અને 'भयणाए' ભજનાથી 'तिन्नि अन्नाणा' મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અને વિભંગ જ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે. 'जोगो तिविहो वि०' મનો-યોગ, વચન યોગ, અને કાય યોગ એ ત્રણ યોગ હોય છે. 'सेसं जहा असंनीणं जाव अणुबंधो' આ કથન શિવાય બાકીનું જે ઉપયોગ સંજ્ઞા વિગેરે સંબંધી કથન છે, તે બધુંજ જે પ્રકારે અસંજ્ઞી જીવોના પ્રકરણમાં કહેલ છે તે પ્રમાણે અહિંયા અનુબંધ દ્વાર સુધી સમજી લેવું.

હવે સૂત્રકાર અસંજ્ઞી પ્રકરણ કરતાં જે વિલક્ષણ પણું છે તે 'नवरं' ઇત્યાદિ પાઠ દ્વારા પ્રગટ કરે છે.–'नवरं पंच समुग्घाया आदिल्ला' અસંજ્ઞી પ્રકરણમાં વેદના, કષાય અને મારણાન્તિક એ ત્રણ જ સમુદ્ઘાત કહ્યા છે. અને અહીયાં આ સંજ્ઞી પ્રકરણમાં રત્નપ્રભા પૃથ્વીમાં રહેનારા જીવોને એટલે કે સંજ્ઞી જીવોને વેદના. કષાય, મારણાન્તિક, વૈક્રિય, અને તૈજસ એ પાંચ સમુદ્ઘાત હોવાનું કહેલ છે, છેલ્લા આહારક અને કેવલી એ બે સમુદ્ઘાતો મનુષ્યોમાં જ હોય છે, 'वेदो तिविहो वि' વેદ સ્ત્રી પુરૂષ નપુંસક એ ત્રણે હોય છે. 'अवसेसं तं चेव' આ શિવાયનું બીજુ તમામ કથન અસંજ્ઞી પ્રકરણમાં કહ્યા પ્રમાણેજ સમજવું. યાવત્ 'से णं भंते ! पज्जत्तसंखेज्जवासाउय सन्निपंचिंदियतिरिक्खजोणिए' અહિંયાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ તે પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ મરીને જ્યારે 'रयणप्पभा पुढवी नेरइए' રત્નપ્રભા પૃથ્વીનો નારક થઇ જાય છે, અને 'पुणरवि' ફરીથી રત્નપ્રભા પૃથ્વી-

માંથી નીકળીને 'पज्जत्तसंखेज्जवासाउयसन्निपचिंदियतिरिक्खजोणिए' પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય છે. તો આ ક્રમથી તેનું પહેલા તિર્યંચ યોનિક થવું અને પાછું નારક થવું. અને ફરીથી પાછું તિર્યંચ યોનિમાં આવવું. આ પ્રમાણે કેટલા કાળ સુધી થતું રહે છે ? અર્થાત્ આક્રમથી તે કેટલા કાળ સુધી પંચેન્દ્રિય તિર્યંચ ગતિનું અને નારક ગતિનું સેવન કરે છે ? અને કેટલા કાળ સુધી તે આ પ્રમાણે ગમના ગમન-અવર જવર કરતો રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! भवादेसेणं जहन्नेण दो भवग्गहणाइं' હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી તે બે ભવોનુ ગ્રહણ કરતા સુધી અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી તે 'अट्ठ भवग्गहणाइं' આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી એ ગતિનું સેવન કરે છે. અને એટલાજ ભવો સુધી તે ગમના ગમન-અવર જવર કરે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે-સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મરીને જ્યારે નરકમાં જાય છે. ત્યારે તે તેનો બીજો ભવ થાય છે. અને જે ભવથી તે ત્યાં ગયો છે. તે તેનો પહેલો ભવ કહેલ છે. તે પછી તે નરકમાંથી નીકળીને મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. એ રીતે આ ધારણ કરેલા શરીરમાં તેનો સંબંધ જન્મથી બે ભવ રૂપ હોય છે. તથા ઉત્કૃષ્ટથી જે આઠ ભવ ગ્રહણ કહેલ છે. તેનુ તાત્પર્ય એવું છે કે-તેનો પહેલો જીવ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો છે અને તે પછી તેનું જે નરક ગમન છે તે બીજો ભવ છે. ત્યાંથી નીકળીને ફરીથી પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચ થાય છે. આ તેનો ત્રીજો ભવ છે. તેમાંથી ફરીથી જે નરકમાં જન્મ લે છે, તે તેનો ચોથો ભવ છે. ફરીથી ત્યાંથી નીકળીને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થાય છે. આ તેનો પાંચમો ભવ છે. ત્યાંથી પાછો જે નરકમાં જાય છે તે તેનો છઠ્ઠો ભવ છે. ત્યાંથી નીકળીને ફરીથી પાછો જે સંજ્ઞી તિર્યંચ થાય છે. તે તેનો ૭ સાતમો ભવ છે. અને પાછો નારક થાય છે તે તેનો આઠમો ભવ છે. આ રીતે ૮ આઠ વાર તિર્યંચ અને નારક થવું એજ અષ્ટભવ ગ્રહણ છે, તે પછી તે ૯ નવમાં ભવમાં મનુષ્ય થઈ જાય છે. તથા 'कालादेसेणं' કાળની અપેક્ષાએ 'जहन्नेण दसवासहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं' જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિક ૧૦ દસ હજાર વર્ષ સુધી અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી 'चत्तारि सागरोवमाइं' ચાર પૂર્વ કોટી અધિક ચાર સાગરોપમ કાળ સુધી તે ગતિનું તેઓ સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તેનું ગમના ગમન થાય છે. આ રીતે ઔઘિક સામાન્ય નારકોમાં ઔઘિક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો જે આ ઉપપાત કહેલ છે તેજ આ પહેલો ગમ છે. ૧

હવે ગૌતમસ્વામી પ્રભુનેમએવું પૂછે છે કે 'पज्जत्तसंखेज्जवासा उयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए जहन्नकालट्ठिइयरयणप्पभा-

पुढवीनेरइएसु उववज्जित्तए' હે ભગવન સંખ્યાત વર્ષની આયુવાળા જે પંચેન્દ્રિય તિર્યંચ જઘન્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-गोयमा ! जहण्णेणं दसवास-सहस्सट्ठिइएसु उववज्जेज्जा, उक्कोसेणं वि दसवाससहस्सट्ठिइएसु उववज्जेज्जा હે ગૌતમ! તે જઘન્યથી જેની સ્થિતિ ૧૦ દસ હજાર વર્ષની છે. તેઓમાં ઉત્પન્ન થાય છે. તેમજ ઉત્કૃષ્ટથી પણ જેમની સ્થિતિ ૧૦ હજાર વર્ષની હોય તેઓમાં ઉત્પન્ન થાય છે. 'ते णं भंते जीवा एगसमएणं केवइया उववज्जंति' ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે-હે ભગવન્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે एवं सो चेव' ઇત્યાદિ હે ગૌતમ! આ વિષયમાં અહિયાં તે પહેલો ગમ સંપૂર્ણ રીતે સમજવો

જેમકે—એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નનો ઉત્તર એવો છે કે-એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. તથા તેઓના શરીર છએ સંહનનવાળા હોય છે. તેઓના શરીરની અવગાહના જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજન પ્રમાણ વાળી હોય છે. તેઓના શરીરનું સંસ્થાન સમચતુરસ્ત્ર વિગેરે ૬ છએ પ્રકારવાળું હોય છે તેઓને છએ લેશ્યાઓ હોય છે. સમ્યગ્, મિથ્યા અને મિશ્ર એ પ્રમાણે ત્રણે પ્રકારની તેઓને દષ્ટિ હોય છે. ત્રણ જ્ઞાન અને ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે. મનોયોગ, વચનયોગ અને કાયયોગ આ ત્રણે યોગ તેઓને હોય છે. અર્થાત્ તેઓ ત્રણે યોગવાળા હોય છે. આ કથન શિવાયનું ઉપયોગ વિગેરે સંબંધીનું જે કથન છે. તે તમામ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે. તેજ પ્રમાણે અહિયાં પણ સમજવું. આજ અભિપ્રાયથી સૂત્રકારે 'एवं सो चेव पढमो गमओ निरवसेसो भाणियव्वो' આ પ્રમાણે સૂત્રપાઠ કહ્યો છે. 'યાવત્ 'कालादेसेणं' અને તે યાવત્ કાલા દેશ સુધી એટલે કે જ્યાં સુધી કાળ વિગેરેને લઈને સેવના અને ગતિ આગતિનું કથન આવતું નથી. ત્યાં સુધીનો પહેલો ગમ અહિયાં પૂરે પૂરો સમજવો. કાલની અપેક્ષાએ તે જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિક ૧૦ દસ હજાર વર્ષ સુધી તે ગતિનું સેવન કરે છે. અને ઉત્કૃષ્ટથી ૪૦ ચાળીસ હજાર વર્ષ અધિક ચાર કોટિ પૂર્વ સુધી

તે એ ગતિનું સેવન કરે છે. તથા જઘન્ય અને ઉત્કૃષ્ટથી પહેલા કહ્યા પ્રમાણે જ તે એટલા કાળ સુધી ગમના ગમન કરતો રહે છે.

આ પ્રમાણે આ બીજો ગમ છે. ૨

ત્રીજો ગમ આ પ્રમાણે છે—'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' તે પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુવાળો પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયેલો જીવ જો ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થઈ જાય તો 'जहन्नेणं सागरोवमट्ठिइएसु' તે જઘન્યથી જેની સ્થિતિ એક સાગરોપમની હોય છે. તે નારકોમાં ઉત્પન્ન થાય છે. અને उक्कोसेणं वि.' ઉત્કૃષ્ટથી પણ 'सागरोवमट्ठिइएसु उववज्जेज्जा' જેમની સ્થિતિ એક સાગરોપમની હોય છે તેઓમાં ઉત્પન્ન થાય છે. 'अवसेसा परिमाणादीओ भवादेसपज्जवसाणा सो चेव पढमो गमो णेयव्वो' આ કથન શિવાયનું પરિમાણ આદિ દ્વાર સંબંધીનું ભવાદેશ સુધીનું જે કથન છે, તે પણ પહેલા ગમક પ્રમાણેજ છે. જેમકે-તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રકારના પરિમાણ દ્વારથી લઈને ભવ દેશ દ્વાર સુધી પહેલા ગમકમાં કહ્યા પ્રમાણે જ કથન કરવું. જેમકે તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જ્યારે પોતાની પર્યાયથી મરીને નારક થઈ જાય છે. અને પાછો ત્યાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચ યોનિ થાય છે. તો આ ક્રમથી તે જીવ કેટલા કાળ સુધી તિર્યંચ ગતિ અને નરક ગતિનું સેવન કરે છે ? અને કેટલા કાળ સુધી આ રીતે ગમનાગમન-અવર જવર કરતો રહે છે. આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્ય રૂપથી તે બે ભવને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી તે ગતિનું સેવન કરતા રહે છે. અને ગમનાગમન-અવર જવર કરતા રહે છે. અને 'कालादेसेणं' કાળની અપેક્ષાથી 'जहन्नेणं सागरोवमं अंतोमुहुत्तमब्भहियं उक्कोसेणं चत्तारि सागरोवमाइं चउहिं पुव्वकोडीहिं अब्भहियाइं'' તે જઘન્યથી એક અંતમુંહૂર્ત અધિક એક સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર ૪ પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમ કાળ સુધી તે ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે ગમનાગમન-અવર જવર કરતા રહે છે. કહેવાનું તાત્પર્ય એજ છે કે-તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ પંચેન્દ્રિય તિર્યંચ ગતિનું અને રત્નપ્રભા વિગેરે નારક ગતિનું જઘન્યથી એક અંતર્મુહૂર્ત અધિક એક સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમ કાળ સુધી સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી ગમનાગમન-અવર જવર કરતા રહે છે.

આ પ્રમાણે આ ત્રીજો ગમ છે.

હવે સૂત્રકાર 'जहन्न कालट्ठिइय०' ઈત્યાદિ સૂત્ર દ્વારા ચોથા ગમનું નિરૂપણ કરે છે-તેમાં ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'जहन्नकालट्ठिइय

पज्जत्तसंखेज्जवासाउयसण्णिपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળા પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ 'जे भविए रयणप्पभापुढवीनेरइएसु' રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' તે કેટલા વર્ષની આયુવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'ગોયમા ! હે ગૌતમ ! 'जहण्णेणं दसवाससहस्सट्ठिइएसु' જઘન્યથી તે દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'ગોયમા ! હે ગૌતમ ! તે જીવો એક સમયમાં નરકાવાસોમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે, 'अवसेसो सो चेव गमओ' બાકીનું તે પહેલું જ ગમક કહી લેવું. અર્થાત્ પહેલા ગમમાં અસંજ્ઞી ગમમાં ઉત્પાત વિગેરે કહેવામાં આવેલ છે, તેજ પ્રમાણે અહિયાં તે સઘળું કથન કહેવું જોઇએ. પહેલા ગમ કરતાં આ ચોથા ગમમાં જે ભિન્નપણું છે, તે સૂત્રકાર પોતેજ 'नवरं' ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરે છે.-'नवरं इमाइं अट्ठ णाणत्ताइं' જો કે ઉત્પાતદ્વારથી લઇને અનુબંધ દ્વાર સુધીનો તમામ વિષય આ ચોથા ગમમાં પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ છે. તો પણ અહિં પહેલા ગમ કરતાં આગળ કહેવામાં આવનારા વિષયોમાં આ આઠ બાબતોમાં ભિન્નપણું છે. તે આ પ્રમાણે છે-'सरीरोगाहणा' અહિયાં શરીરની અવગાહના 'जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागो' જઘન્યથી તો આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી તે 'धणुहपुहुत्तं' ધનુષ પૃથક્ત્વ છે. અર્થાત્ ૨ ધનુષથી લઇને ૯ નવ ધનુષ સુધીની છે, પહેલા ગમમાં તે જીવોના શરીરની અવગાહના અસંજ્ઞી જીવોના શરીરની અવગાહના પ્રમાણે જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજન પ્રમાણની કહી છે. અને અહિયાં તે જઘન્યથી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી ૨ બે ધનુષથી લઇને ૯ નવ ધનુષની કહી છે. આ રીતે અવગાહના સંબંધી ભિન્નપણું છે. ૧ તથા લેશ્યા સંબંધી ભિન્નપણું આ પ્રમાણે છે.-'लेस्साओ तिन्नि आदिल्लाओ' અહિયાં પહેલી ત્રણ લેશ્યાઓ હોય છે. ૨ દૃષ્ટિના સંબંધમાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો સમ્યગ્ દૃષ્ટિ, અને સમ્યગ્મિથ્યા દૃષ્ટિવાળા હોતા નથી પણ મિથ્યાદૃષ્ટિજ હોય

છે. ૩ 'णो णाणी' આ જીવો જ્ઞાની હોતા નથી. 'दो अन्नाणा नियमं' મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ પ્રમાણેના બે અજ્ઞાનવાળા હોય છે, 'समुग्घाया आदिल्ला तिन्नि' અહિયાં પહેલાના ૩ ત્રણ સમુદ્ઘાતો એટલે કે વેદના, કષાય, અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાતો હોય છે. 'आउं अज्झवसाणं अणुबंधो य जहेव असण्णीणं' અસંજ્ઞી જીવો પ્રમાણે અહિંયા આયુ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું છે, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિનું છે, અહિયાં અધ્યવસાન અસંખ્યાત છે. પરંતુ તે બધા અપ્રશસ્ત હોય છે. અનુબંધ જઘન્યથી એક અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિનું છે. 'अवसेसं जहा पढमगमए' આ શિવાયનું બાકીનું તમામ કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે અહિયાં સમજવું.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળો તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ પોતે ધારણ કરેલ પર્યાયથી મરીને નારક થાય અને ત્યાંથી નીકળીને તે ફરીથી જઘન્ય કાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થઈ જાય તો આ ક્રમથી તે કયાં સુધી એ તિર્યંચગતિ અને નારક ગતિનું સેવન કરે છે ? અને તે આ ગતિયોમા કયાં સુધી ગમનાગમન-અવર જવર કરતો રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! ભવાદેશથી તે ઓછામાં ઓછા બે ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવોને ગ્રહણ કરતા સુધી તે ગતિનું સેવન કરતા રહે છે. અને ગમનાગમન કરતા રહે છે. આ પ્રમાણેનું આ કથન આ પ્રશ્નના ઉત્તરમાં કાળાદેશ સૂત્ર સુધી ગ્રહણ કરીને કહેવું જોઈએ. અર્થાત્ કાળની અપેક્ષાએ તે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી અને ઉત્કૃષ્ટથી 'चत्तारि सागरोवमाइं' चउहिं अंतोमुहुत्तेहिं अब्भहियाइं' ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર સાગરોપમ સુધી 'एवइयं कालं सेवेज्जा' તે ગતિનું સેવન કરે છે. અને 'एवइयं कालं गइरागइं करेज्जा' એટલા કાલ સુધી તેમાં ગમનાગમન કરતો રહે છે.

આ પ્રમાણેનો આ ચોથો ગમ છે.

હવે પાંચમાં ગમનું કથન કરવામાં આવે છે. 'सो चेव जहन्नकालट्ठिइएसु उववण्णो' હે ભગવન્ જઘન્ય કાળની સ્થિતિવાળો તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો જઘન્યકાલની સ્થિતિવાળાઓમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તો તે જઘન્યથી પહેલી પૃથ્વીના દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થઈ જાય છે. અને ઉત્કૃષ્ટથી તે એજ પૃથ્વીના દસ હજાર વર્ષની સ્થિતિવાળા નારકીયોમાં ઉત્પન્ન થઈ જાય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન તે જીવો રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં

એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નનાં ઉત્તરમાં પ્રભુ કહે છે કે 'एवं सो चेव चउत्थो गमओ निरवसेसो भाणियव्वो' હે ગૌતમ ! અહિયાં એ રીતે તેમાં કહ્યા પ્રમાણે-રત્નપ્રભા વિગેરે પૃથ્વીમાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. એજ રીતે અહિયાં પણ શરીર અવગાહના વિગેરેના સંબંધમાં પણ તમામ કથન ચોથા ગમમાં કહ્યા પ્રમાણે સમજી લેવું. અને તે કથન કાલાદેશ સૂત્ર સુધી અહિયાં ગ્રહણ કરેલ છે. તેમ સમજવું. અર્થાત્ 'એક સમયમાં કેટલા નારક જીવો નરકાવાસમાં ઉત્પન્ન હોય છે ?' આ રીતના ગૌતમ સ્વામીના પ્રશ્નથી આરંભીને ભવાદેશથી જઘન્યરૂપમાં બે ભવો ગ્રહણ કરતાં સુધી તે એ ગતિનું સેવન કરે છે. અને એટલાજ સમય સુધી તે ગમનાગમન કરે છે. અને ઉત્કૃષ્ટ રૂપથી તે આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી તે ગતિનું સેવન કરે છે. અને એટલાજ સમય સુધી તે તેમાં ગમનાગમન કરતો રહે છે. આ કથન સુધીનો સઘળો પાઠ અહી કહી લેવો જોઈએ. તથા કાળની અપેક્ષાએ તે જઘન્ય રૂપથી અંતર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત અધિક ૪૦ ચાળીસ હજાર વર્ષ સુધી તે ગતિનું એટલે કે તિર્યંચ ગતિનું અને નારકગતિનું સેવન કરે છે, અને એટલા જ સમય સુધી તેમાં તે ગમનાગમન કરતા રહે છે. આપ્રમાણે આ પાંચમો ગમ છે.

હવે છટ્ઠા ગમનું કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે-આમાં ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે-જઘન્ય કાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થાય તો તે કેટલા વર્ષની સ્થિતિવાળા નારકીયોમાં ઉત્પન્ન થાય છે. ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! 'जहन्नेणं सागरोवमट्ठिइएसु०' તે નારકોમાં જેઓની જઘન્ય સ્થિતિ એક સાગરોપમની હોય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એક સાગરોપમની હોય તેઓમાં તે ઉત્પન્ન થાય છે. ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે-હે ભગવન્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવા વાળા તેઓ ત્યાં રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं सो चेव चउत्थो गमओ निरवसेसो भाणियव्वो' હે ગૌતમ ! અહિયાં તે ચોથો ગમ સંપૂર્ણ રીતે કહેવો જોઈએ જેથી ચોથા ગમમાં કહ્યા અનુસાર અહિયાં આ પ્રશ્નના ઉત્તરમાં એવું કહેવું જોઈએ કે-રત્નપ્રભા પૃથ્વીના નરકના નારકોમાં જઘન્ય સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળા તે જીવો એક સમયમાં ઓછામાં ઓછા એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી-સંખ્યાત અને અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે.

આ રીતે ચોથા ગમમાં કહેલ કથન અહિયાં કયાં સુધીનું ગ્રહણ કરવું જોઈએ. આ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે-'जाव कालादेसेणं' અર્થાત્ સંહનન દ્વારથી લઈને 'कालादेसेणं' આ સૂત્ર કથન સુધીનું કથન અહિયાં ગ્રહણ કરીને કહેવું જોઇએ તથાચ ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી તે જઘન્ય સ્થિતિ વાળો પંચેન્દ્રિય ચોનિવાળો જીવ એ તિર્યંચગતિનું અને નારકગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે તેમાં ગમના ગમન-અવર જવર કર્યા કરે છે. એજ રીતે તે કાળની અપેક્ષાએ 'जहन्नेणं सागरोवमं अंतोमुहुत्तमब्भहियं' ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત અધિક એક સાગરોપમ સુધી અને અધિકથી અધિક એટલે કે વધારેમાં વધારે 'उक्कोसेणं चत्तारि सागरोवमाइं चउहिं०' ચાર અંતર્મુહૂર્ત અધિક ચાર સાગરોપમ સુધી એ તિર્યંચગતિ અને નારકગતિનું સેવન કરે છે. અને તેમાં ગમનાગમન-અવર જવર કર્યા કરે છે.

આ રીતે આ છઠ્ઠો ગમ છે.

આ રીતે જઘન્ય આયુવાળા પંચેન્દ્રિયતિર્યંચની રત્નપ્રભા વિગેરેમાં ઉત્પત્તિનું કથન કરીને હવે સૂત્રકાર ઉત્કૃષ્ટ આયુવાળા તિર્યંચોની રત્નપ્રભા વિગેરે નરકોમાં ઉત્પત્તિનો પ્રકાર બતાવવા માટે 'उक्कोसकालट्ठिइए पज्जत्त-संखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते' આ સૂત્રપાઠ દ્વારા ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ચોનીવાળો જીવ કે જે પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુ-વાળો હોય છે, 'जे भविए रयणप्पभापुढवीनेरइएसु उववज्जित्तए' જે રત્ન-પ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને ચોગ્ય હોય છે, 'से णं भंते ! केवइय-कालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિ-કોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! जहन्नेणं दसवाससहस्साइं०' હે ગૌતમ તે જીવ જઘન્યથી જેમની સ્થિતિ દસ હજાર વર્ષની હોય એવા નારકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી જેઓની સ્થિતિ 'सागरो०' એક સાગરોપમની છે. એવા તે નારકોમાં ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી ફરીથી પ્રભુને એવું પૂછે છે કે-'से णं भंते ! जीवा ! एग समएणं' હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પર્યાપ્ત અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ચોનિવાળો જીવ રત્નપ્રભા વિગેરે નર-કોમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'अवसेसो परिमाणादीओ भवादेसपज्जवसाणो एएसिं चेव पढमगमओ णेयव्वो' હે ગૌતમ! ભવાદેશના કથન સુધી પરિમાણ વિગેરે સંબંધી સઘળું કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે અહિયાં કહી લેવું, જેમ કે-તે જીવો

જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અને અસંખ્યાત સુધી ત્યાં-રત્નપ્રભા નરક વિગેરેમાં ઉત્પન્ન થાય છે. પહેલા ગમ કરતાં આ ગમમાં જે ફેરફાર છે, તે આ પ્રમાણે છે.-'नवरं ठिई जहन्नेणं पुव्वकोडी' અહિં જઘન્ય સ્થિતિ પૂર્વકોટીની છે, 'उक्कोसेण वि' અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એક પૂર્વકોટીની છે 'एवं अणुबंधो वि' અનુબંધ પણ સ્થિતિરૂપ હોવાથી એજ પ્રમાણે છે, 'सेसं तं चेव' આ રીતે સ્થિતિ અને અનુબંધ શિવાય બાકીનું જે કાંઈ કથન છે, તે તમામ કથન અહિયાં પહેલા ગમમાં કહ્યા પ્રમાણેનું સમજવું. ગમનાગમન-અવર જવર ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ રૂપ છે. તથા કાળની અપેક્ષાએ તે દસ હજાર વર્ષથી વધારે એક કોટિ પૂર્વનું જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ કાળ સુધીની ગતિનું સેવન કરે છે. અર્થાત્ આ રીતે તે જીવ આટલા કાળ સુધી તિર્યંચ યોનિકોનું અને નારક ગતિનું સેવન કરે છે. તથા તિર્યંચ ગતિમાં અને નારક ગતિમાં તે એટલા જ કાળ સુધી ગમનાગમન કરતો રહે છે આ પ્રમાણે આ સાતમો ગમ છે.

હવે આઠમા ગમનું કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે.-'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो' ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ જો જઘન્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નરકમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે 'जहण्णेणं दसवाससहस्सट्ठिइएसु' જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી પણ દસ હજાર વર્ષની સ્થિતિ-વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને આ પ્રમાણે પૂછે છે કે-'ते णं भंते जीवा०' હે ભગવન્ તે જીવો કે જે દીર્ઘ આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો છે, અને જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તેઓ એક સમયમાં તે નરકમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सो चेव सत्तमो गमो निरवसेसो भाणियव्वो जाव भवादेसोत्ति' હે ગૌતમ ! સાતમાં ગમમાં ઉત્પાદ, પરિમાણ, વિગેરે કહેલ છે, તે સઘળુ કથન અહિયાં સમજવું જોઈએ. અર્થાત્ કહી લેવું. તેમાં ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી તે જીવ તિર્યંચ ગતિનું અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે જીવ તેમાં ગમનાગમન-અવર જવર કરતો રહે છે. તથા કાળની અપેક્ષાએ તે જઘન્યથી દસ હજાર વર્ષ અધિક એક પૂર્વકોટિ સુધી અને ઉત્કૃષ્ટથી ૪૦ ચાળીસ હજાર વર્ષથી અધિક ચાર પૂર્વ કોટિ સુધી દીર્ઘાયુષ્યવાળા પંચે-

ન્દ્રિય તિર્યંચ ગતિનું અને નારક ગતિનું સેવન કરે છે. તથા એટલાજ કાળ સુધી તિર્યંચ ગતિમાં અને જઘન્ય સ્થિતિવાળા નારકોની ગતિમાં તે ગમના ગમન-અવર જવર કરે છે.

આ રીતે આ આઠમો ગમ છે.

હવે નવમાં ગમનું કથન કરવામાં આવે છે-આ પ્રમાણે છે.-'उक्कोसकालट्ठिइय पज्जत्तसंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! હે ભગવન્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જે જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો છે, પર્યાપ્ત છે, સંખ્યાત વર્ષની આયુષ્યવાળો છે; તે જો ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો હે ભગવન તે 'केवइय-कालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાલની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-गोयमा ! હે ગૌતમ ! 'जहन्नेणं एगसागरोवमट्ठिइएसु' પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત એવો તિર્યંચ યોનિવાળો તે જીવ જઘન્યથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી પણ એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा०' હે ભગવન્ દીર્ઘ આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા તે જીવો, કે જેઓ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તેઓ એક સમયમાં રત્નપ્રભા વિગેરે નરકાવાસોમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सो चेव' હે ગૌતમ ! અહિયાં આ વિષયના સંબંધમાં સંપૂર્ણ રીતે સાતમો ગમ યાવત્ ભવાદેશ સુધી ગ્રહણ કરીને કહેવો જોઈએ, અર્થાત્ જે પ્રકારથી ઉત્પાદ સૂત્રથી લઈને ભવાદેશ સૂત્ર સુધી સાતમાં ગમમાં કહેવામાં આવ્યું છે, એજ પ્રમાણેનું સઘળું કથન ભવાદેશ સુધીનું અહિયાં પણ સમજી લેવું. કાળની અપેક્ષા સંબંધીનું કથન આ પ્રમાણે છે.-'कालादेसेणं जहन्नेणं सागरोवमं पुव्वकोडीए अब्भहियं' કાળની અપેક્ષાથી તે પૂર્વોક્ત વિશેષણોવાળો તિર્યંચ યોનિક જીવ જઘન્યથી એક પૂર્વકોટિ અધિક એક સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વ કોટિ અધિક ચાર સાગરોપમ સુધી તિર્યંચગતિનું અને નારકગતિનું સેવન કરે છે, અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન-આવજા કરતો રહે છે.

આ પ્રમાણે આ નવમો ગમ છે.

'एवमेए नव गमगा' આ પ્રમાણે આ નવ ગમ છે. આમાં સામાન્ય નારકોમાં જે ઉત્પાદ છે, તે પહેલો ગમ છે. ૧ 'पज्जत्त०' ઇત્યાદિ બીજો ગમ છે. ૨ 'सो चेव उक्कोसकाल०' ઇત્યાદિ ત્રીજો ગમ છે. 'जहन्नकालट्ठिइय०' ઇત્યાદિ ચોથો ગમ છે. ૪ 'सोचेव जहन्न काल०' ઇત્યાદિ સંજ્ઞીના વિષયમાં પાંચમો

ગમ છે. 'सोचेव उक्कोस०' ઈત્યાદિ છટ્ઠો ગમ છે. 'उक्कोसकाल०' ઈત્યાદિ ૭ સાતમો ગમ છે. सो चेव०' ઇત્યાદિ આઠમો ગમ છે. અને 'उक्कोस०' ઇત્યાદિ નવમો ગમ છે. આ રીતે આ નવ ગમ કહ્યા છે, 'उक्खेव निक्खेवो' પ્રારમ્ભ વાક્ય રૂપ ઉત્ક્ષેપ હોય છે. અને સમાપ્તિ વાક્ય રૂપ નિક્ષેપ હોય છે. નિક્ષેપનું બીજુ નામ ઉપસંહાર એ પ્રમાણે છે. આ નવ ગમોથી અસંજ્ઞી પ્રકરણની જેમ ઉત્ક્ષેપ અને નિક્ષેપ કરવો જોઇએ. ાસૂ. ૫ા

## પર્યાપ્તકસંખ્યાતવર્ષાયુષ્ક સંજ્ઞી પંચેનિદ્ર તિર્યંચો કે શર્કરાપ્રભા મેં ઉત્પતિ કા નિરૂપણ

પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવના સંબંધમાં પૂર્વોક્તરૂપથી રત્નપ્રભા પૃથ્વીના નારકોની વક્તવ્યતા કહેવામાં આવી. હવે એજ પર્યાપ્તક સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળા જીવને આશ્રિત કરીને શર્કરા પ્રભા નારકની વક્તવ્યતા સૂત્રકાર કહે છે.—'पज्जत्तसंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! ઇત્યાદિ.

ટીકાર્થ—હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જે સંજ્ઞી-પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો પર્યાપ્તક અને સંખ્યાત વર્ષની આયુષ્યવાળો જીવ છે. અને શર્કરાપ્રભા નામની બીજી નરક પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાનેયોગ્ય છે. 'से णं भंते ! केवइयकाल०' એવા તે નારક જીવની ઉત્પત્તિ કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં થાય છે ? એ રીતના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને-કહે છે કે-'गोयमा ! जहन्नेणं सागरोवमट्ठिइएसु' હે ગૌતમ ! તે જીવ જઘન્યથી સાગરોપમની સ્થિતિ વાળા નૈરયિકોમાં તથા ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમની સ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा० હે ભગવન્ પર્યાપ્તક સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળા તે જીવો એક સમયમાં ત્યાં-નરકમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'एवं जहा रयणप्पभाए उववज्जंतगमगस्स' હે ગૌતમ ! રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થવાવાળા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનું સઘળુ કથન અહિયાં ભવાદેશ સુધીનું કહેવું જોઈએ તથા કાળની અપેક્ષાએ તે અંતર્મુહૂર્ત અધિક એક સાગરોપમ કાળ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટિ અધિક બાર સાગરોપમ કાળ સુધી યાવત્ ગમના ગમન-અવર જવર કરે છે. આ રીતે રત્નપ્રભા પૃથ્વીના ગમક પ્રમાણે અહિયાં પણ નવ ગમકો કહી લેવા જોઇએ. કહેવાનું તાત્પર્ય એ છે કે-રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવાને યોગ્ય જીવોને પરિમાણ, સંહનન-વિગેરેની જે લબ્ધિ-પ્રાપ્તિ કહી છે, તે પુરે પુરી આ બીજી નારક પૃથ્વીમાં ઉત્પન્ન થવાને યોગ્ય જીવોના સંબંધમાં પણ ભવાદેશ સુધી કહી લેવી. એક સમયમાં કેટલા જીવો ત્યાં ઉત્પન્ન થવાને યોગ્ય જીવોને પરિણામ, સંહનન-વિગેરેની જે લબ્ધિ-પ્રાપ્તિ કહી છે, તે પુરે પુરી આ બીજી નારક પૃથ્વીમા ઉત્પન્ન થવાને યોગ્ય જીવોના સંબંધમાં પણ ભવાદેશ સુધી કહી લેવી. એ સમયમાં કેટલા જીવો ત્યા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ જીવ

સુધીના જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત સુધીના જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે કહી લેવું જોઇએ.' એજ રીતે શર્કરાપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવાને યોગ્ય જીવોના શરીરનું સંહનન કેટલા પ્રકારનું હોય છે ? તો એનો ઉત્તર એ પ્રમાણે છે કે-તેઓના શરીરનું સંહનન છએ પ્રકારનું હોય છે. તેમના શરીરની અવગાહના અસંજ્ઞી જીવોના શરીરની અવગાહના પ્રમાણે જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક હજાર યોજન પ્રમાણ વાળી હોય છે. એજ રીતે સંસ્થાન લેશ્યા દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઇન્દ્રિય, સમુદ્ઘાત, વેદના, વેદ આયુ, અધ્યવસાન અને અનુબંધ એ દ્વારોના સંબંધમાં પણ કથન સમજી લેવું.

કાયસંવેધ—તિર્યગ્ગતિથી નરકમાં ગમન અને નરકથી તિર્યંચ ગતિમાં આવવું એ રૂપથી હોય છે. જેથી એ તિર્યંચ ગતિનું અને નરકગતિનું સેવન અને તેમાં ગમનાગમન કેટલા કાળ સુધી રહે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં એવું કહેવામાં આવ્યું છે કે-ભવની અપેક્ષાએ બે ભવ સુધીનું હોય છે. આ રીતનું રત્નપ્રભા સંબંધી સઘળું પ્રકરણ આ કથન સુધીનું અહિયાં કહી લેવું. 'कालादेसेणं' કાળની અપેક્ષાએ 'जहण्णेणं सागरोवमं अंतोमुहुत्तमब्भहियं' તિર્યંચગતિનું અને નરક ગતિનું સેવન અને તેમાં ગમનાગમન જઘન્યથી અંતર્મુહૂર્ત અધિક એક સાગરોપમ સુધી અને 'उक्कोसेणं बारससागरोवमाइं चउहिं पुव्वकोडीहिं अब्भहियाइं' ઉત્કૃષ્ટથી ચાર પૂર્વ કોટિ અધિક બાર સાગરોપમ સુધી હોય છે. આ રીતે તે જીવ 'एवइयं कालं सेवेज्जा एवइयं कालं गइरागइं करेज्जा' આટલા કાળ સુધી તે ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી ગમના ગમન કરતો રહે છે. આ કથનનું તાત્પર્ય એવું છે કે-જે આ જીવ શર્કરાપ્રભામાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે જઘન્યથી અંતર્મુહૂર્ત અધિક એક સાગરોપમ કાળ સુધી તે પ્રમાણેની તિર્યંચ ગતિનું અને શર્કરાપ્રભા પૃથ્વીના નારકપણાનું સેવન કરે છે. 'एवं रयणप्पभापुढवीगमसरिसा णव गमगा भाणियव्वा' એજ રીતે રત્નપ્રભા પૃથ્વીના પ્રકરણમાં જે પ્રમાણે નવ ગમો કહ્યા છે તે જ પ્રમાણેના તે નવગમો અહિં શર્કરાપ્રભામાં પણ કહી લેવા જોઈએ.

હવે સૂત્રકાર રત્નપ્રભાની અપેક્ષાએ જે ભિન્નપણુ છે, તે અહિયાં પ્રગટ કરે છે.-'णवरं' ઇત્યાદિ 'णवरं सव्वगमएसु वि नेरइयट्ठिइय संवेहेसु सागरोपमा भाणियव्वा' આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકાર એ સમજાવે છે કે-સઘળા ગમકોમાં અહિયાં નૈરયિકની સ્થિતિ અને સંવેધમાં 'सागरोवम' આ શબ્દનો પ્રયોગ કરવો જોઇએ-અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીમાં નારકોની સ્થિતિદ્વારમાં અને સંવેધ દ્વારમાં જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમ એ પ્રમા-

શેના શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પરંતુ શર્કરાપ્રભા વિગેરે બીજી પૃથ્વીયોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારના કથનમાં સાગરોપમ શબ્દનોજ પ્રયોગ કરવો જોઇએ. રત્નપ્રભા સંબંધી નવ ૯ ગમોની સમાનતાવાળા ઇતર પૃથ્વીયોના નવ ગમો છઠ્ઠી પૃથ્વી સુધીજ જાણવા. એજ વાત 'एवं जाव छट्ठी पुढवीत्ति' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરેલ છે. અર્થાત્ શર્કરાપ્રભાથી લઈને છઠ્ઠી તમા પૃથ્વી સુધી ત્યાંના જીવોના બધાજ ગમો રત્નપ્રભા અને શર્કરાપ્રભાના જીવોના કથન પ્રમાણે છે. પરંતુ અહિયાં તે કથન કરતાં જે ભિન્નપણુ છે તેને સૂત્રકાર 'नवरं' ઈત્યાદિ પાઠ દ્વારા પ્રગટ કરે છે. તે આ પ્રમાણે છે —नवरं नेरइयठिई जा जत्थ पुढवीए जहन्नुक्कोसिया सा तेणं चेव कमेणं चउगुणा कायव्वा' તેઓ આ પાઠ દ્વારા એ સમજાવે છે કે-જ્યાં જેટલી નૈરયિકની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી કહી છે, તેને તેજ પ્રમાણે ચાર ગણી કરવી જોઈએ. કઈ પૃથ્વીમાં કેટલી સ્થિતિ છે ? એજ વાત હવે આ બે ગાથાથી સૂત્રકાર બતાવે છે.-'सागरमेगं तिय' ઈત્યાદિ પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમની સ્થિતિ છે. બીજી શર્કરાપ્રભા પૃથ્વીમાં ત્રણ સાગરોપમની સ્થિતિ છે. ત્રીજી પૃથ્વીમાં સાત સાગરોપમની સ્થિતિ છે ચોથી પૃથ્વીમાં દશ સાગરોપમની સ્થિતિ છે, પાંચમી પૃથ્વીમાં ૧૭ સત્તર સાગરોપમની સ્થિતિ છે. છઠ્ઠી પૃથ્વીમાં ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિ છે. અને સાતમી પૃથ્વીમાં ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે આ ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે. પહેલી પૃથ્વીમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે બીજીમાં જઘન્ય સ્થિતિ છે, બીજી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી પૃથ્વીમાં જઘન્ય છે. એજ રીતે યાવત્ સાતમી પૃથ્વી સુધી સમજવું પહેલી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. તેને ચાર ગણી કરવાની જે વાત પહેલાં કહી છે, તે કાયસંવેદમાં કહી છે તેમ સમજવું. જેમકે પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની કહી છે. એજ સ્થિતિ કાય સંવેધમાં ચાર સાગરોપમની થઈ જાય છે. એજ રીતે બીજી શર્કરાપ્રભામાં ત્રણ સાગરોપમની સ્થિતિ કહી છે. તો એજ સ્થિતિ કાય સંવેધમાં ૧૨ બાર સાગરોપમની થઈ જાય છે, તેથી આ શર્કરાપ્રભા સૂત્રમાં સૂત્રકારે 'उक्कोसेणं बारससागरोवमाइं' કાયસંવેધમાં બાર સાગરોપમની સ્થિતિ કહી છે. એજ રીતે ચાર સંજ્ઞી તિર્યંચભવોમાં પૂર્વકોટિયો ચાર જ છે, એજ ક્રમથી તે ચાર ગણી થાય છે. આજ ચાર ગુણા કરવાની વાત સૂત્રકાર પોતે જ પ્રગટ કરવાના અભિપ્રાયથી નીચે પ્રમાણે સૂત્રપાઠ કહે છે.-'वालुयप्पभाए पुढवीए अट्ठावीसं सागरोवमाइं चउगुणिया भवइ' આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકારે એજ કહ્યું છે કે-વાલુકાપ્રભા નામની નરક પૃથ્વીમાં સાત સાગરોપમની જે સ્થિતિ કહેવામાં આવી છે, તેને ચાર

ગણી કરવાથી કાય સંવેદમાં તે ૨૮ અઠયાવીસ સાગરોપમની સ્થિતિ થઈ જાય છે. પંકપ્રભામાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની કહી છે. તેને ચાર ગણી કરવાથી ચાલીસ સાગરોપમની જે ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ જાય છે તે કાયસંવેધમાં થાય છે. ધૂમપ્રભામાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સત્તર સાગરોપમની છે. તેને ચાર ગણી કરવાથી જે ૬૮, અડસઠ સાગરોપમ થાય છે, તે કાય સંવેધમાં થાય છે. તથા તમા નામની નરક પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૨૨ બાવીસ સાગરોપમની છે, તેને ચારગણી કરવાથી ૮૮ અઠયાસી સાગરોપમની સ્થિતિ કાયસંવેધમાં થાય છે. આ રીતે છ ૬ પૃથ્વીયોમાં કાયસંવેધ દ્વારમાં સ્થિતિ વિષેનું કથન સમજવું. 'संघयणाइं वालुयप्पभाए पंचविहसंघयणी' વાલુકાપ્રભામાં પાંચ પ્રકારના સંહનનવાળા નારકો હોય છે.-જેમ કે-વજ્ર-ઋષભનારાચવાળા, યાવત્ કીલિકા સંહનનવાળા અહિં યાવત્પદથી ઋષભ નારાચ, અર્ધનારાચ, આ ત્રણ સંહનનો ગ્રહણ કરાયા છે. આ રીતે વજ્ર ઋષભનારાચ સંહનનથી લઇને કીલિકા સંહનન સુધીના પાંચ પ્રકારના સંહનન વાલુકાપ્રભા નામની પૃથ્વીમાં હોય છે.

'पंकप्पभाए चउव्विहसंघयणी' પંકપ્રભા પૃથ્વીમાં ચાર પ્રકારના સંહનની-સંહનનવાળા 'धूमप्पभाए तिविहसंघयणी' ધૂમપ્રભામાં ત્રણ પ્રકારના સંહનનવાળા નારકો હોય છે. 'तमाए दुविहसंघयणी' તમા નામની પૃથ્વીમાં બે પ્રકારના સંહનનવાળા નારકો હોય છે. જે આ પ્રમાણે છે. વજ્રઋષભનારાચવાળા ૧ અને ઋષભનારાચવાળા પહેલી બે પૃથ્વીયોમાં સેવાર્ત સંહનનવાળા નારકો હોય છે. 'सेसं तं चेव' આ પ્રમાણે આ કહેલ ફેરફાર શિવાય ઉપપાત, પરિમાણ, વિગેરે જે દ્વારો છે તે તમામ પહેલા કહ્યા પ્રમાણે જ સમજવા આ રીતે રત્નપ્રભાથી લઇને તમા સુધીની છ પૃથ્વીયોનું કથન કર્યું. હવે સૂત્રકાર અધઃસપ્તમી નામની સાતમી પૃથ્વીનું કથન કરે છે.-'पज्जत्त संखेज्जवासाउय' ઇત્યાદિ. આમાં ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ પર્યાપ્ત, સંખ્યાત વર્ષની આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવ કે જે સાતમી પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! 'जहन्नेणं बावीसं सागरोवमट्ठिइएसु०' જઘન્યથી ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते जीवा' હેભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયેલા એવા તે જીવો એક સમયમાં તે સાતમી નરક ભૂમિમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી તેઓ એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અને અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે. 'एवं जहेव रयणप्पभाए णव गमगा लद्धी वि सच्चेव' આ રીતે-રત્નપ્રભા પૃથ્વીની જેમ અહિયાં પણ ૯ નવ ગમકો કહી લેવા જોઈએ. તથા પ્રાપ્તિ પણ નારકોની જેમ હોય છે. તે પ્રાપ્તિ પણ એજ પ્રમાણે અહિયાં કહેવી જોઈએ. રત્નપ્રભાની અપેક્ષાએ અહિંના કથનમાં જે ફેર ફાર છે તે 'नवरं' ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રભુ પ્રગટ કરે છે.-અહિયાં સાતમી અધઃ સપ્તમી પૃથ્વીમાં વજાઋષભનારાચ સંહનન વાળા જીવો જ નારક થાય છે. અર્થાત્ નારકમાં જાય છે. અર્થાત્ અહિયાં એ એકજ સંહનન હોય છે. તથા આ સાતમી પૃથ્વીમાં સ્ત્રીવેદક જીવો ઉત્પન્ન થતા નથી. કેમકે-સ્ત્રીવેદ વાળાઓની ઉત્પત્તિ ૬ છઠ્ઠી પૃથ્વી સુધી જ હોય છે. જો કદાચ સ્ત્રિયોની ઉત્પત્તિ સાતમી પૃથ્વીમાં થાય છે, એ વાત માનવામાં આવે તો સ્ત્રીવેદક સાતમા નરકમાં પણ ઉત્પન્ન થાય છે, તેમ કહી શકાય, પણ તેવી રીતે થતું નથી. કેમકે-ત્યાં સ્ત્રિયોની ઉત્પત્તિ માન્ય થઈ નથી. જેથી સ્ત્રીવેદકો ત્યાં ઉત્પન્ન થતા નથી. કોઇ એવો પ્રશ્ન કરે કે-સ્ત્રિયો ત્યાં સાતમી નરકમાં કેમ ઉત્પન્ન થતી નથી? તો આ પ્રશ્નનો ઉત્તર એક એજ છે કે-આ રીતની સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા છે, 'सेसं तं चेव जाव अणुबंधोत्ति' આ શિવાય બીજુ તમામ કથન પહેલાં જે પ્રમાણે કહ્યું છે, એજ પ્રમાણે સમજવું. તેમાં પહેલાં કરતાં કાંઈજ ફેરફાર નથી. 'संवेहो भवादेसेणं जहन्नेणं तिन्नि०' સંવેધ ભવની અપેક્ષાથી જઘન્યથી ત્રણભવ સુધીનો અને ઉત્કૃષ્ટથી સાતભવ સુધીનો છે. અને કાળની અપેક્ષાથી તે જઘન્યથી બે અંતર્મુહૂર્ત અધિક ૨૨ બાવીસ સાગરોપમનો છે. અને ઉત્કૃષ્ટથી તે ચાર પૂર્વ કોટિ અધિક ૬૬ છાસઠ સાગરોપમનો છે. આ કથનનનો સાર એવો છે કે-જઘન્યથી ત્રણ ભવોને ગ્રહણ કરવાનું કથન પહેલા કર્યું છે, તે એ રીતે સમજવું કે-અહિયાં બેભવ માછલાઓમાં થાય છે. અને એક ભવ નારક પણાનો હોય છે, તેનો પહેલો ભવ માછલાનો છે, બીજો ભવ નારકનો અને ત્રીજો ભવ માછલાનો આ ક્રમથી ત્રણ ભવો હોય છે, તથા સાત ભવ ઉત્કૃષ્ટથી કહ્યા છે, તે આ પ્રમાણે છે-પહેલો ભવ મત્સ્યનો બીજો ભવ સાતમી પૃથ્વીના નારકનો ત્રીજો ભવ

પાછો માછલાનો ચોથો ભવ પાછો સાતમી પૃથ્વીના નારકનો પાંચમો ભવ માછલાનો છઠ્ઠો ભવ સાતમી પૃથ્વીના નારકનો અને સાતમો ભવ પાછો માછલાનો. આ રીતે જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૩ ત્રણ અને ૭ સાત ભવોને ગ્રહણ કરવાનું કથન છે. તથા કાળની અપેક્ષાએ જઘન્ય બે અંતર્મુહૂર્ત અધિક ૨૨ બાવીસ સાગરોપમ સુધીનો કાળ છે, અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટી અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધીનો કાળ છે. આ રીતે તે પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ આટલા ભવો સુધી અને આટલા કાળ સુધી ભવ અને કાળની અપેક્ષાથી એ તિર્યંચ ગતિનું અને નરક ગતિનું સેવન કરે છે. અને એ બે ગતિમાં ગમનાગમન કર્યા કરે છે.

આ કથનનો સાર એ છે કે—સાતમી પૃથ્વીમાં ૫ પાંચ વારની ઉત્પત્તિથી ૬૬ છાસઠ સાગરોપમ થઇ જાય છે. તથા તેમાં ચાર પૂર્વ કોટિ અધિક પણ જે કહેલ છે, તે નારક ભવોથી અંતરિત મત્સ્ય ભવોની અપેક્ષાથી કહી છે. તેથી એ નિશ્ચય થાય છે કે-સાતમી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિને લઇને તેનો ઉત્કૃષ્ટથી ત્રણ વાર જ ઉત્પાદ થઇ શકે છે. જો એમ ન હોત તો પછી આ રીતે જે ભવ ગ્રહણ કાલ, પરિણામ કહેલ છે, તે કેવી રીતે બની શકત? અહિયાં ઉત્કૃષ્ટ કાળની વિવક્ષા કરેલ છે. તેથી જઘન્ય સ્થિતિ વાળા નૈરયિકોમાં તેનો ત્રણવાર ઉત્પાત કહેલ છે. જેથી અહિયાં ચાર પૂર્વકોટિ થઇ જાય છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકીયોમાં બે વારના ઉત્પાદથી ૬૬ છાસઠ સાગરોપમનું પ્રમાણ પ્રાપ્ત થાય છે. અને પૂર્વકોટી ત્રણજ પ્રાપ્ત થાય છે. આ રીતે આ પહેલો ગમ કહેલ છે.

હવે જઘન્ય વિગેરે સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નારકોના વિષયમાં ઉત્પાદ વિગેરે સૂત્રકાર પ્રગટ કરે છે-તેમાં તેઓ એ સમજાવે છે કે-તે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો જઘન્ય કાળની સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, તો 'सच्चेव वत्तव्वया जाव भवादेसोत्ति' તેજ વક્તવ્યતા યાવત્ ભવાદેશ સુધીની અહિયાં કહી લેવી. 'कालादेसेणं जहन्नेणं' તથા કાળની અપેક્ષાથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત અધિક ૨૨ બાવીસ સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વ કોટિ અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી તે જીવ તિર્યંચગતિ અને નારકગતિનુ સેવન કરે છે, અને એટલા જ કાળ સુધી તેમાં ગમનાગમન કરે છે. એ પ્રમાણે આ બીજો ગમ છે.

'सो चेव उक्कोसकालट्ठिईएसु उववन्नो०' આ સૂત્રથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જો તે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યેનિવાળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે ત્યાં કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-सच्चेव लद्धी जाव अणुबंधोत्ति' હે ગૌતમ ! અહિયાં પૂર્વ પરિણામથી લઇને અનુબંધ સુધીનું સઘળું કથન પહેલાં કહ્યા પ્રમાણેજ પ્રશ્નોત્તરો દ્વારા કહી લેવા જોઈએ. 'भवादेसे णं जहन्नेणं तिण्णि भवग्गहणाइं' ભવની અપેક્ષાએ જઘન્યથી ત્રણ ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી 'पंच भवग्गहणाइं' પાંચ ભવોને ગ્રહણ કરતાં સુધી એટલે કે ત્રણ ભવ માછલાના અને બે ભવ નારકના આ રીતના પાંચ ભવોને ગ્રહણ કરતાં સુધી તે એ ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી એ ગતિમાં ગમનાગમન કરે છે. બે ભવ ગ્રહણથી એજ સિદ્ધ થાય છે કે-તે સાતમી નરકમાં બે વારજ ઉત્પન્ન થાય છે. તથા 'कालादेसेणं' કાળની અપેક્ષાએ તે જઘન્યરૂપથી બે અંતર્મુહૂર્તથી અધિક ૩૩ તેત્રીસ સાગરોપમ કાળ સુધી અને ઉત્કૃષ્ટથી ત્રણ પૂર્વકોટિ અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી એ ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે એમાં ગમનાગમન કરે છે. એ પ્રમાણે આ ત્રીજો ગમ કહેલ છે. ૩

'सो चेव अप्पणा जहन्न कालट्ठिइओ जाओ, એજ સંજ્ઞી પંચેન્દ્રિય યોનિવાળો જીવ કે જે પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો છે, અને તે રત્નપ્રભા પૃથ્વીના જઘન્ય કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. તો અહિયાં તેજ ચોથા ગમનું કથન યાવત્ ભવાદેશ સુધીનું કહી લેવું. અર્થાત્ રત્નપ્રભા નારક પૃથ્વી સંબંધી ચોથા ગમનું કથન જેમ પરિમાણથી લઇને ભવાદેશ સુધીનું કહેલ છે. તે તમામ કથન અહિંયા પણ કહી લેવું. પહેલાના કથન કરતાં આ કથનમાં એવો ફેરફાર-અંતર છેકે-અહિંયાં આ સાતમા નરકમાં પહેલા સંહનન વાળો જીવજ ઉત્પન્ન થાય છે. અહિયાં સ્ત્રિવેદવાળા ઉત્પન્ન થતા નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે-રત્નપ્રભા પૃથ્વીના ચોથા ગમમાં ૬ છ સંહનન હોવાનું કહ્યું છે. અને ત્રણ વેદ હોવાનું કહેલ છે. પરંતુ અહિંયાં સાતમી પૃથ્વીના ચોથા ગમમાં પહેલા સંહનનવાળાને ઉત્પન્ન થવાનું કહેલ છે. અને સ્રીવેદનો નિષેધ કહેલ છે. 'भवादेसेणं जहन्नेणं तिन्नि भवग्गहणाइं' ભવાદેશ-ભવની અપેક્ષાથી જઘન્યથી ત્રણ ભવોને ગ્રહણ કરતાં સુધી તથા ઉત્કૃષ્ટથી સાત ભવોને ગ્રહણ કરતાં સુધી તથા કાળની અપેક્ષાથી જઘન્યથી બે અંતર્મુહૂર્ત અધિક ૨૨

બાવીસ સાગરોપમ સુધી તથા ઉત્કૃષ્ટથી ચાર અંતર્મુહૂર્ત અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી તે એ તિર્યંચગતિ અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી જ તે તેમાં ગમનાગમન કરે છે, જઘન્યથી અહિયાં જે ત્રણ ભવ ગ્રહણ કરવાનું કહ્યું છે, તે માછલાના બે ભવોને અને નારકના એક ભવને ઉદ્દેશીને કહેલ છે. તથા ઉત્કૃષ્ટથી જે સાત ભવ ગ્રહણ કરવાનું કહેલ છે, તે માછલાના ચાર ભવ અને નારકના ત્રણ ભવને ઉદ્દેશીને કહેલ છે. આ પ્રમાણેનો ચોથો ગમ કહેલ છે. 'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो' જો તે જઘન્ય કાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જઘન્ય કાળની સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નારકમાં નારકની પર્યાયથી ઉત્પન્ન થાય છે, તો અહિયાં પણ 'सो चेव चउत्थो गमओ निरवसेसो भाणियव्वो' તે ચોથો ગમ સંપૂર્ણ રીતે કાળાદેશ સુધી કહી લેવો. આ રીતે આ પાંચમો ગમ છે. 'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' જો તે જઘન્ય આયુવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળા સાતમી નરક પૃથ્વીના નારકની પર્યાયથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सच्चेव लद्धी जाव अणुबंधोत्ति' હે ગૌતમ! અહિયાં અનુબંધના કથન સુધીનું સઘળું કથન પહેલાં કહ્યા પ્રમાણે જ કહી લેવું. 'भवादेसेणं जहन्नेणं तिन्नि भवग्गहणाइं' ભવની અપેક્ષાથી અહિયાં જઘન્યથી ત્રણ ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી પાંચ ભવોને ગ્રહણ કરતા સુધી તથા કાળની અપેક્ષાએ જઘન્યથી બે અંતર્મુહૂર્તથી અધિક ૩૩ તેત્રીસ સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ત્રણ અંતર્મુહૂર્ત અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી તે એ ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે એ ગતિમાં ગમનાગમન કરે છે. આ પ્રમાણે આ છઠ્ઠો ગમ જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાથી છે. ૬ 'सो चेव अप्पणा उक्कोसकालट्ठिइओ जहन्नेणं बावीससागरोवमट्ठिइएसु' પોતેજ પોતાની મેળેજ ઉત્કૃષ્ટ સ્થિતિવાળો બનેલ તેજ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો જઘન્ય કાળની સ્થિતિવાળા સાતમી નરકના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો ત્યાં જઘન્યથી ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં અને ઉત્કૃષ્ટથી ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'तेणं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ તે જીવો

ત્યાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ! ઇત્યાદિ પ્રશ્ન અને ઉત્તર રૂપ કથન 'अवसेसा सच्चेव सत्तमपुढवीपढमगमवत्तव्वया भाणियव्वा' जाव भवादेसो त्ति' હે ગૌતમ ! ભવાદેશ સુધીનું તે સાતમી પૃથ્વીના પહેલા ગમનું સઘળું કથન અહિયાં પુરે પુરૂં કહેવું જોઇએ. અર્થાત એક સમયમાં તેઓ ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં એવું જોઈએ કે એક સમયમાં તેઓ ત્યાં એક અથવા બે અથવા ત્રણ સુધી ઉત્પન્ન થાય છે. આ કથન જઘન્યની અપેક્ષાએ કહ્યું છે. અને ઉત્કૃષ્ટની અપેક્ષાથી એવું કહ્યું છે કે-ત્યાં એક સમયમાં સંખ્યાત અથવા અસંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે. આ રીતે સાતમી પૃથ્વી સંબંધી પહેલા ગમની વક્તવ્યતા અહિંયાં પુરે પુરી કહી લેવી, અને આ વક્તવ્યતા યાવત્ ભવાદેશ સુધી અહિયાં કહેવી જોઇએ. પરંતુ સાતમી પૃથ્વી ના પહેલા ગમની વક્તવ્યતા અનુસાર આ વકતવ્યતામાં જે ફેરફાર છે. તે 'नवरं०' ના કથન પ્રમાણે આ પ્રમાણે છે-'ठिई अणुबंधोत्ति य जहण्णेणं पुव्वकोडी उक्कोसेणं वि पुव्व कोडी' સ્થિતિ અને અનુબંધ જઘન્યથી પૂર્વકોટિરૂપ અને ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોટિરૂપ જ છે. સ્થિતિ અને અનુબંધ શિવાય બાકીનું સઘળું કથન સાતમી પૃથ્વીના પહેલા ગમના કથન પ્રમાણે જ છે. 'कालादेसेणं जहन्नेणं बावीसं सागरोवमाइं दोहिं पुव्वकोडीहिं अब्भहियाइं' કાળની અપેક્ષાએ જઘન્યથી પૂર્વકોટિ અધિક ૨૨ બાવીસ સાગરોપમ સુધી અને 'उक्कोसेणं छासट्ठिं सागरोवमाइं' ઉત્કૃષ્ટ થી ચાર પૂર્વ કોટિ અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી તે તિર્યંચ ગતિ અને નરકગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે, આ રીતે આ સાતમો ગમ કહયો છે. सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो०' જો તે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ જઘન્યકાળની સ્થિતિવાળી સાતમી પૃથ્વીના નૈરયિકેમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો 'सच्चेव लद्धीं संवेहो वि तहेव सत्तमगमसरिसो' અહિયાં એજ લબ્ધિ અને સવેધ સાતમા ગમ પ્રમાણે કહેવા જોઈએ આ પ્રમાણે આ આઠમો ગમ છે. ૮ જો 'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो०' ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો એવો તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યેનિ વળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નૈરયિક રૂપે ઉત્પન્ન થાય છે. તો અહિયાં 'एस चेव लद्धीं जाव अणुबंधोत्ति' આ પુર્વોક્ત તમામ કથન યાવત્ અનુબંધ સુધી કહી લેવુ'. 'भवादेसेणं जहण्णेणं तिन्नि भवग्गहणाइं' ભવની અપેક્ષાથી અહિયાં જઘન્યથી ત્રણ ભવોને ગ્રહણ કરતા સુધી અને 'उक्कोसेणं पंचभवग्गहणाइं' ઉત્કૃષ્ટથી પાંચ

ભવોને ગ્રહણ કરતાં સુધી તથા 'कालादेसेणं' કાળની અપેક્ષાથી જઘન્યથી બે પૂર્વ કોટિ અધિક ૩૩ તેત્રીસ સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી ત્રણ પૂર્વકોટી અધિક ૬૬ છાસઠ સાગરોપમ સુધી તે જીવ તે તિર્યંચ ગતિનું અને નારક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરતો રહે છે, અહિં જઘન્યથી જે ત્રણ ભવ ગ્રહણ કહ્યું છે, તે માછલાના બે ભવ અને નારકના એક ભવને ઉદ્દેશીને કહેલ છે. તથા ઉત્કૃષ્ટથી જે પાંચ ભવ કહેલ છે, તે માછલાના ૩ ત્રણ ભવ અને નારકના બે ભવોને ઉદ્દેશીને કહેલ છે. ॥સૂ. ૬॥

## મનુષ્યોં સે નારકો મેં ઉત્પતિ આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર મનુષ્યાધિકાર વિષેના સૂત્રો કહે છે-'जइ मणुस्सेहिंतो उववज्जंति०' ઈત્યાદિ

ટીકાર્થ—હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ તે નારક જીવો જો મનુષ્ય ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો 'किं सन्निमणुस्सेहिंतो उववज्जंति असन्निमणुस्सेहिंतो०' શું તેઓ સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? અથવા અસંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-'गोयमा' હે ગૌતમ! 'सन्निमणुस्सेहिंतो! उववज्जंति णो असन्नि मणु०' નરકમાં જે નારકો ઉત્પન્ન થાય છે, તેઓ સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને જ ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે 'जइ सन्निमणुस्सेहिंतो! उववज्जंति किं संखेज्जवासाउय०' હે ભગવન્ જો નારક નરકમાં સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? તો શું તેઓ સંખ્યાત વર્ષની આયુષ્ય વાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને જ સંજ્ઞી, નારકોમાં ઉત્પન્ન થાય છે. અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને જીવ નારક થતો નથી. ફરીથી ગૌતમ સ્વામી પ્રભુને પૂછે છે કે-હે ભગવન્ જો સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને જ નારક પણાથી ઉત્પન્ન થાય છે. તો શું તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને નારક પણાથી ઉત્પન્ન થાય છે? કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને જીવ નારક પણાથી ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-गोयमा! पज्जत्तसंखेज्जवासाउय०' उव० नो अपज्जत्त संखेज्ज०' હે ગૌતમ! નરકમાં જે નારક સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને જ ઉત્પન્ન થાય છે. અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને

ઉત્પન્ન થતા નથી. હવે ગૌતમ સ્વામી પ્રભુને એવુ પૂછે છે કે–'पज्जत्तसंखेज्ज-वासाउयसन्निमणुस्से णं भंते ! जे भविए नेरयिएसु उववज्जित्तए' હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય જે નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલી નારક પૃથ્વીયોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે– गोयमा ! હે ગૌતમ! 'सत्तसु वि पुढवीसु उववज्जंति' તે સાતે નરક પૃથિવીયોમાં ઉત્પન્ન થઈ શકે છે. જેમ કે–તે રત્નપ્રભા પૃથિવીમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. યાવત્ અધઃસપ્તમી પૃથિવીમાં પણ તે ઉત્પન્ન થઇ શકે છે. અહિં યાવત્પદથી શર્કરાપ્રભા નામની બીજી પૃથિવીથી લઇને તમા સુધીની પાંચે પૃથિવિયો ગ્રહણ કરાઇ છે. હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'पज्जत्तसंखेज्जवासाउय सन्निमणुस्से णं भंते०' હે ભગવન્ જે પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્ય વાળો સંજ્ઞી મનુષ્ય રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, 'से णं भंते ! केवइयकालट्ठिइएसु०' તે ત્યાં કેટલા કળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે–'गोयमा !' હે ગૌતમ! તે મનુષ્ય 'जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु०' જઘન્યથી દસ હજાર વર્ષનું જેનું આયુષ્ય હોય છે, એવા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી જેનિ સ્થિતિ એક સાગરોપમની છે, એવા નારકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ નરકાવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય અને સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય રૂપ તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा ! जहन्नेणं एगो वा दो वा तिन्नि वा' તેઓ જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી 'संखेज्जा वा उववज्जंति' સંખ્યાતપણે ઉત્પન્ન થાય છે. કેમકે–લોકમાં ગર્ભજ મનુષ્યોનું સંખ્યાતપણાની સંખ્યામાં હમેશા અસ્તિત્વ રહે છે. 'संघयणा छ' આ જીવોને વજ્રઋષભનારાચ વિગેરે છ સંહનન હોય છે. 'सरीरोगाहणा' તેઓના શરીરની અવગાહના 'जहन्नेणं अंगुलपुहुत्तं' જઘન્યથી અંગુલ પૃથક્ત્વ પ્રમાણની હોય છે. અર્થાત્ ૨ બે આંગળથી લઇને ૯ નવ આંગળ સુધીની હોય છે. અને 'उक्कोसेण' ઉત્કૃષ્ટથી તે 'पंच धणुसयाइं' પાંચસો ધનુષ પ્રમાણ હોય છે. 'एवं सेसं जहा सन्नि पंचिंदियतिरिक्खजोणियाणं जाव भवादेसोत्ति'

આ વિષયનું બાકીનું તમામ કથન યાવત્ ભવાદેશ સુધીનું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોના કથન પ્રમાણે સમજવું આ રીતે નરકમાં ઉત્પન્ન થવાને યોગ્ય જે પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યો છે. તેઓને ૬ છ પ્રકારનું સંહનન હોય છે. જે આ પ્રમાણે છે-સમચતુરસ્ર સંસ્થાન ૧, ન્યગ્રોધ-સંસ્થાન યાવત્ હુંડક સંસ્થાન, તેઓને કૃષ્ણ લેશ્યાથી શુકલ લેશ્યા સુધીની છએ લેશ્યાઓ હોય છે. અને સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, અને સમ્યગ્મિથ્યાદષ્ટિ આ ત્રણે પ્રકારની દૃષ્ટિઓ તેઓને હોય છે. જ્ઞાનદ્વારમાં તેઓને ચાર જ્ઞાન અને ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે. તેઓને યોગ દ્વારમાં-મનોયોગ, વચનયોગ, અને કાયયોગ આ ત્રણ યોગ હોય છે. આ કથન શિવાયનું બાકીનું તમામ કથન અસંજ્ઞી પ્રક ણુમાં કહેવામાં આવેલ કથન પ્રમાણે જ છે. તેમ સમજવું.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય થયેલો એવો તે જીવ મરીને જ્યારે નારક થઇ જાય છે, અને પાછો ત્યાંથી નીકળીને તે જ્યારે મનુષ્ય બની જાય છે, તો આ ક્રમથી મનુષ્ય ગતિનું અને નરક ગતિનું તે સેવન કરે છે? અને કેટલા કાળ સુધી મનુષ્ય ગતિમાં અને નરક ગતિમાં ગમના ગમન-આવજા કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! ભવની અપેક્ષાથી તે જઘન્યથી બે ભવોને ગ્રહણ કરતાં સુધી અને ઉત્કૃષ્ટથી આઠ ભવોને ગ્રહણ કરતાં સુધી તે એ ગતિનું સેવન કરે છે. અને તેમાં ગમનાગમન-અવર જવર કરે છે. પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકની અપેક્ષાથી એ જે ફેરફાર છે, તે બતાવવા માટે સૂત્રકાર 'नवरं' ઈત્યાદિ સૂત્રપાઠ કહે છે. 'नवरं चत्तारि नाणा तिन्नि अन्नाणा भयणाए' આ સૂત્રપાઠથી એ સમજાવવામાં આવ્યું છે કે-અહિં ચાર જ્ઞાન, મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને મનઃપર્યવજ્ઞાન, અને મતિ અજ્ઞાન શ્રુતાજ્ઞાન અને વિભંગ જ્ઞાન આ ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે. કેમકે-અવધિ-વિગેરે જ્ઞ ન છૂટિ જાય ત્યારે કેટલાક મનુષ્યોનો નરકમાં ઉત્પાત થાય છે. તેજ કહે છે-'ओहिनाणमणपज्जव आहारय सरीराणि लद्धूणं पडिसाडित्ता उववज्जंति' અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને આહારક શરીરને પ્રાપ્ત કરીને તે છૂટિ જાય ત્યારે મનુષ્ય નરકમાં ઉત્પન્ન થાય છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોના પ્રકરણમાં ત્રણ જ્ઞાન કહ્યા છે. અને આ પ્રકરણમાં ચાર જ્ઞાન કહેવામાં આવેલ છે. તેથી આ અપેક્ષાએ તે પ્રકરણથી આ પ્રકરણમાં ફેરફાર છે. એટલે અહીં કહેવામાં આવ્યું છે કે ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાને ભજનાથી હોય છે. 'छ समुग्घाया केवलिवज्जा' કેવલિસમુદ્ઘાતને છોડીને વેદના, કષાય, વિગેરે છ સમુદ્ઘાતો હોય છે. 'ठिई अणुबंधो य जहण्णेणं मासपुहुत्तं' સ્થિતિ અને અનુબંધ જઘન્યથી માસપૃથક્ત્વ અને उक्कोसेणं

ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીનો છે. માસ પૃથક્ત્વ એ માટે કહેલ છે કે-બે માસની અંદરની આયુવાળો મનુષ્ય નરકગતિમાં જતો નથી જેથી નરકગતિમાં જવાવાળા મનુષ્યનું આયુષ્ય બે માસથી નવ માસ સુધીનું હોવું જોઇએ 'उक्कोसेणं पुव्व-कोडी' તથા ઉત્કૃષ્ટથી તે એક પૂર્વ કોટીનું છે બાકીનુ બીજુ તમામ કથન સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ છે કાળની અપેક્ષાએ-'जहन्नेणं दसवाससहस्साइं मासपुहुत्तमब्भहियाइं' જઘન્યથી તે માસ પૃથક્ત્વથી વધારે ૧૦ દસ હજાર વર્ષ કાળનો અને 'उक्कोसेणं चत्तारि सागरोवमाइं' ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમ કાળ સુધીનો છે. તથા એટલા કાળ સુધી તે જીવ મનુષ્ય ગતિ અને નરક ગતિનું સેવન કરે છે. અને તેમાં ગમના ગમન કરે છે. અહિયાં તેને જઘન્યથી માસ પૃથક્ત્વ અધિક દસ હજાર વર્ષ કહ્યા છે, તે પહેલી પૃથ્વીના નારકોની જઘન્ય આયુ દસ હજાર વર્ષની છે તે આધારે કહેલ છે. તથા તેને માસ પૃથક્ત્વ એ વિશેષણ કહ્યું છે, તે નરકમાં જવાવાળા મનુષ્યની આયુને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. તથા ઉત્કૃષ્ટથી જે ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમ કહેલ છે, તે રત્નપ્રભા નરકના ચાર ભવોની આયુને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. અને તેને જે ચાર પૂર્વકોટિથી અધિક કહેલ છે, તે નરકમાં જવાવાળા મનુષ્ય ભવના ચતુષ્ક-ચાર ભવની ઉત્કૃષ્ટ આયુને ઉદ્દેશીને કહેલ છે. તથા ઉત્કૃષ્ટથી આઠ ભવ ગ્રહણ કર્યા છે, તે આઠ ભવોનું ગ્રહણ-નારકના ચાર ભવો અને મનુષ્યના ચાર ભવોને ઉદ્દેશીને કહેલ છે. આઠ ભવોની એજ ઉત્કૃષ્ટ આયુ છે. તેથી એમ કહ્યાનું સમજવું જોઈએ કે-મનુષ્ય થયા પછી ચારજ વાર એક નારક પૃથ્વીમાં તે નારકપણાથી ઉત્પન્ન થાય છે. તે પછી તે તિર્યંચ યોની જ થાય છે, મનુષ્ય થતો નથી. 'एवइयं जाव करेज्जा' આ રીતે ઉપર બતાવેલ કાળ સુધી જ તે એ મનુષ્ય ગતિમાં અને નરક ગતિમા ગમના ગમન કરે છે.

આ પ્રમાણે આ પહેલો સામાન્ય ગમ છે.

'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो०' જો તે જ મનુષ્ય જઘન્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા સંબંધી નારકોમાં ઉત્પન્ન થાય છે, તો અહિયાં પણ તે ઉપર કરેલ કથન સમગ્રપણે કહી લેવું જે હમણા જ પ્રગટ કરેલ છે. આ કથન રૂપ પહેલા ગમથી આ કથનમા જે ફેરફાર છે, તે સૂત્રકાર સ્વયં 'नवरं' આ સૂત્રપાઠથી પ્રગટ કરે છે. 'नवरं कालादेसेणं दसवाससहस्साइं मासपुहुत्तमब्भहियाइं' અહિં કાળની અપેક્ષાએ તે જઘન્યથી માસ પૃથક્ત્વથી વધારે દસ હજાર વર્ષ સુધી અને ઉત્કૃષ્ટથી તે ચાલીસ હજાર વર્ષ અધિક

સુધી ચાર પૂર્વ કોટિ સુધી તે ગતિનું સેવન કરે છે અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરતો રહે છે. એ પ્રમાણે આ બીજો ગમ છે

'सोचेव उक्कोसकालट्ठिइएसु उववन्नो०' જો એજ મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વિના નારકોમાં ઉત્પન્ન થાય છે, તો એ વિષયમાં પણ 'एस चेव वत्तव्वया' આ પહેલા કહેલ કથન જ કહી લેવું. પરંતુ તે કથન કરતાં આ કથનમાં જે અંતર ફેરફાર છે, તે આ પ્રમાણે છે, કે-અહિયાં કાળની અપેક્ષાથી તે જઘન્યથી માસપૃથક્ત્વ અધિક એક સાગરોપમ કાળ સુધી અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વ કોટિ અધિક ચાર સાગરોપમ કાળ સુધી તે ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે. એ પ્રમાણે આ ત્રીજો ગમ છે.

'सो चेव अप्पणा जहन्नकालट्ठिइओ जाओ' જો તે મનુષ્ય જઘન્ય કાળની સ્થિતિવાળો થઈને રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થાય છે, તો અહિયાં પણ પહેલા ગમનું કથન પુરેપુરૂં કહેવું જોઈએ. પરંતુ તેની અપેક્ષાથી આ કથનમાં જે અંતર છે, તે 'सरीरोगाहणा' શરીર, અવગાહના વિગેરે આ પાંચ સ્થાનોને લઈને છે.-सरीरोगाहणा जहण्णेणं अंगुलपुहुत्तं उक्कोसेणं, वि अंगुल-पुहुत्तं' અહિયાં શરીરની અવગાહના જઘન્યથી આંગળ પૃથક્ત્વની છે,-એટલે કે બે આંગળથી લઈને ૯ નવ આંગળની છે. તથા ઉત્કૃષ્ટથી પણ એટલીજ છે. અર્થાત્ નરકમાં જવાવાળા જીવોના શરીરની અવગાહના ઉંચાઈ જઘન્યથી આંગળ પૃથક્ત્વની છે. અને ઉત્કૃષ્ટથી પણ આંગળ પૃથક્ત્વની કહી છે. પહેલા ગમમાં શરીરની અવગાહના જઘન્યથી આંગળ પૃથક્ત્વની કહેવામાં આવી છે. તથા ઉત્કૃષ્ટથી ૫૦૦ પાંચસો ધનુષ્યની કહી છે. જેથી ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટના કથનમાં એ ભેદ છે, પરંતુ અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટના કથનમાં ભેદ નથી. એ કારણે આ ચોથા ગમમાં પહેલા ગમની અપેક્ષાએ એક તો એ ભિન્નપણુ છે તથા 'तिन्नि नाणा तिन्नि अन्नणाइं भयणाए' શરીરની અવગાહનાની જેમ જ્ઞાન અને અજ્ઞાનમાં પણ ભિન્નપણું છે. પહેલા ગમમાં ચાર જ્ઞાન કહ્યા છે. અને અહિયાં ત્રણ જ્ઞાન કહેલા છે. અને ભજનાથી ત્રણ જ અજ્ઞાન પણ કહેલ છે, કેમકે-અજઘન્ય સ્થિતિવાળાઓને ત્રણ જ જ્ઞાન હોય છે. 'पंच समुग्घाया आदिल्ला' અહિયાં પહેલાંના પાંચ સમુદ્ઘાત હોય છે. અને

પહેલા ગમમાં ૬ છ સમુદ્ઘાતો કહેલા છે. કેમકે અજઘન્ય સ્થિતિ વાળાઓને આહાર સમુદ્ઘાત પણ હોઈ શકે છે પણ જઘન્ય સ્થિતિ વાળાને તેનો સંભવ હોઈ શકતો નથી, તેથી જ અહિયાં પહેલાના પાંચ જ સમુદ્ઘાતો કહેલા છે.

'ठिई अणुबंधो य जहन्नेणं मासपुहुत्तं उक्कोसेणं वि मासपुहुत्तं' અહિયાં સ્થિતિ અને અનુબંધ જઘન્યથી માસપૃથક્ત્વ છે, અને ઉત્કૃષ્ટથી પણ માસપૃથક્ત્વ છે. પહેલા ગમમાં જઘન્ય સ્થિતિ માસ પૃથક્ત્વની કહી છે, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ રૂપ કહી છે. તથા અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી માસપૃથક્ત્વ જ કહી છે. એજ રીતે અનુબંધ પણ પહેલા ગમમાં માસપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ-રૂપ કહેલ છે. અને અહિયાં ઉત્કૃષ્ટ અને જઘન્ય એ બન્ને પ્રકારે તે માસ પૃથક્ત્વ હોય છે. આ રીતે અવગાહના ૧ જ્ઞાન અજ્ઞાન ૨ સમુદ્ઘાત ૩ સ્થિતિ ૪ અને અનુબંધ આ પાંચે પહેલા કરતાં ભિન્નપણા વાળા હોય છે. 'सेसं तं चेव' બાકીનું તમામ કથન આ ઉપર કહેલ ભિન્ન પણા શિવાયનુ પહેલા ગમ પ્રમાણે જ છે. અને એ તમામ કથન અહિયાં ભવાદેશ સુધી જ પહેલા ગમથી લઈને કહી લેવું જોઈએ. 'कालादेसेणं' કાળની અપે-ક્ષાએ 'जहन्नेणं दसवाससहस्साइं मासपुहुत्तमब्भहियाइं' જઘન્યથી તે માસ પૃથક્ત્વ અધિક દસ હજાર વર્ષ સુધી એ ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે એમાં ગમનાગમન કરે છે તથા ઉત્કૃષ્ટથી 'चत्तारि सागरोवमाइं चउहिं मासपुहुत्तेहिं अब्भहियाइं' ચાર માસ પૃથક્ત્વ અધિક ચાર સાગરોપમ સુધી એ ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તેમાં ગમનાગમન કરે છે.

આ પ્રમાણે આ ચોથો ગમ છે.

'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो' જઘન્ય કાળની સ્થિતિવાળો અને પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય જો જઘન્ય કાળની સ્થિતિ-વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો 'एस एव वत्तव्वया चउत्थगमसरिसा णेयव्वा' અહિયાં પણ ચોથા ગમ પ્રમાણે જ કથન કહેવું જોઈએ જેમકે-જઘન્ય કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં જો ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અથવા ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ એવા જીવો ત્યાં નરકાવાસમાં રત્નપ્રભા પૃથ્વીમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? હે ગૌતમ! એક સમયમાં ત્યાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી

સંખ્યાત ઉત્પન્ન થાય છે. આ નરકમાં જવાવાળા જીવોને ૬ છએ સંહનન હોય છે. જઘન્યથી શરીરની અવગાહના આંગળ પૃથક્ત્વની હોય છે. અને ઉત્કૃષ્ટથી પણ આંગળ પૃથક્ત્વની હોય છે. એજ રીતે આ જીવોને ત્રણ જ્ઞાન અને ભજનાથી ત્રણ અજ્ઞાન હોય છે. અને પહેલાના પાંચ જ સમુદ્ઘાતો હોય છે. જઘન્ય સ્થિતિ વાળાઓને આહારક સમુદ્ઘાત હોતો નથી. પરંતુ તેઓને પહેલાના પાંચ જ સમુદ્ઘાતો હોય છે. એટલે કે વેદના, કષાય મારણાન્તિક વૈક્રિય અને તૈજસ. સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપથી માસ પૃથક્ત્વ પ્રમાણ જ હોય છે. આ પૂર્વોક્ત કથન શિવાય બાકીનું તમામ કથન પહેલા ગમ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોની જેમ જ ભવાદેશ સુધી સમજવું, ચોથા ગમ કરતાં કાલાદેશમાં જે જુદાપણું આવે છે, તેને સૂત્રકારે પોતે જ 'नवरं' ઈત્યાદિ સૂત્ર દ્વારા પ્રગટ કરેલ છે. જે આ પ્રમાણે છે.-'कालादेसेणं०' કાળની અપેક્ષાએ તે જઘન્યથી માસ પૃથક્ત્વ અધિક દસ હજાર વર્ષ સુધી અને ઉત્કૃષ્ટથી 'चउहिं मासपुहत्तेहिं अब्भहियाइं' ચાર માસ પૃથક્ત્વ અધિક 'चत्तालीसं वाससहस्साइं' ચાળીસ હજાર વર્ષ સુધી તે મનુષ્ય ગતિનું અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તેમાં ગમનાગમન કરે છે. 

એ પ્રમાણે આ પાંચમો ગમ છે.

'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' તે જઘન્ય સ્થિતિવાળો મનુષ્ય જ્યારે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારકની પર્યાયથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, તો તે 'एस चेव गमो' આ સૂત્રપાઠ અનુસાર જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણેનો તે પહેલા કહેલો ગમ અહિયાં કહી લેવો. એજ રીતે તે નારકાવાસમાં એક સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-હે ગૌતમ! ત્યાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ જીવ સુધી ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. આ ભિન્ન પણા શિવાય બીજુ તમામ કથન-પ્રશ્નોત્તર વિગેરે રૂપનું કથન-પહેલા ગમમાં કહ્યા પ્રમાણે છે. તેમ સમજવું. તથા અવગાહના, સમુદ્ઘાત, જ્ઞાન, અજ્ઞાન, સ્થિતિ અને અનુબંધ એ દ્વારોમાં પહેલા ગમ કરતાં જે ભિન્નપણું છે, તે તમામ ચોથા ગમમાં કહેલ શૈલી પ્રમાણે છે. અને બાકીનું સંહનન વિગેરેનું તમામ કથન ભવાદેશ સુધી પહેલા ગમના કથન પ્રમાણે જ સમજવું. તથા કાળની અપેક્ષાએ અહિયાં જે જુદાપણુ છે. તે સૂત્રકાર પોતેજ 'नवरं' ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરે છે. તેઓ આ વિષયમાં એમ કહે છે કે-તે જીવ કાળની અપેક્ષાથી 'जहण्णेणं

सागरोवमं मासपुहुत्तमब्भहियं' માસ પૃથક્ત્વથી અધિક એક સાગરોપમ સુધી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ચાર માસ પૃથક્ત્વ અધિક ચાર સાગરોપમ સુધી તે મનુષ્ય ગતિનું અને નરક ગતિનું સેવન કરે છે અને એટલા જ કાળ સુધી તેમાં ગમનાગમન કરે છે. એ આ પ્રમાણે આ છટ્ઠો ગમ છે.

सो चेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ' જે મનુષ્ય પોતે ઉત્કૃષ્ટ સ્થિતિથી ઉત્પન્ન થયો છે, અને રત્નપ્રભા નરક પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો અહિયાં પણ 'सो चेव पढमगमओ णेयव्वो' તે પહેલા ગમનું જ કથન કહેવું જોઇએ, અર્થાત્ ગૌતમસ્વામીએ જ્યારે પ્રભુને એવું પૂછયું કે-હે ભગવન્ જે મનુષ્ય પોતે ઉત્કૃષ્ટ આયુને લઇને ઉત્પન્ન થયો છે. અને તે જો રત્નપ્રભાના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ગૌતમ સ્વામીને કહ્યું કે-હે ગૌતમ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં તથા ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. એજ રીતે હે ભગવન્ તે જીવો એક સમયમાં ત્યાં નરકાવાસમાં કેટલા ઉત્પન્ન થાય છે?

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ જીવો ત્યાં નરકાવાસમાં એક સમયમાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો ત્યાં એક સમયમાં ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ તમામ કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ અહિયાં કહેવું જોઈએ. પહેલા ગમ કરતાં અહિના કથનમાં જુદાપણુ છે, તે સૂત્રકાર પોતે 'नवरं सरीरोगाहणा०' ઇત્યાદિ સૂત્રપાઠથી પ્રગટ કરે છે.-અહિયાં શરીરની અવગાહના જઘન્યથી પાંચસો ધનુષની હોય છે, અને ઉત્કૃષ્ટથી પણ તે પાંચસો ધનુષની હોય છે. પહેલા ગમમાં શરીરની અવગાહના જઘન્યથી આંગળ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષની કહી છે. પરંતુ અહિયાં તે જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારથી પાંચસો ધનુષની જ કહેલ છે આ રીતે બન્ને ગમોમાં જુદાપણું છે. 'ठिई जहण्णेणं पुव्वकोडी०' અહિયાં જઘન્ય સ્થિતિ એક પૂર્વકોટીની છે. અને ઉત્કૃષ્ટથી પણ એક પૂર્વકોટીની જ છે. 'एवं अणुबंधो वि.' એજ રીતે અનુબંધના સંબંધમાં પણ સમજવું અર્થાત્ જઘન્યથી તે એક પૂર્વકોટીનો છે. અને ઉત્કૃષ્ટથી પણ પૂર્વકોટી રૂપ કહેલ છે પહેલા ગમમાં સ્થિતિ અને અનુબંધ એ બેઉ જઘન્યથી માસપૃથક્ત્વ રૂપ અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ રૂપ કહેલ છે. અહિયાં તે બન્ને જઘન્ય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી રૂપે જ કહેલ છે, 'कालादेणं जहण्णेणं पुव्वकोडी दसहिं वाससहस्सेहिं अब्भहिया' કાળની અપેક્ષાએ તે જીવ જઘન્યથી દસ હજાર વર્ષ અધિક એક પૂર્વકોટિ સુધી અને ઉત્કૃષ્ટથી 'चत्तारि सागरोवमाइं०' ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમ સુધી તે મનુષ્ય ગતિનું

અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે.

આ રીતે આ સાતમો ગમ છે.

'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो०' અહિયાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ તે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નૈરયિકોમા ઉત્પન્ન થવાને માટે યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'सच्चेव सत्तमगमवत्तव्वया' હે ગૌતમ! અહિયાં સાતમા ગમનું તે તમામ કથન કહી લેવું જોઇએ. અર્થાત્ એવો મનુષ્ય જઘન્યથી જેઓની આયુષ્ય દસ હજાર વર્ષની છે. તેવા નારકોમાં અથવા ઉત્કૃષ્ટથી જેઓની એક સાગરોપમની સ્થિતિ છે, એવા નારકોમાં –રત્નપ્રભા પૃથ્વિના નૈરયિકોની જઘન્ય આયુ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ આયુ એક સાગરોપમની કહી છે. ઇત્યાદિ તમામ કથન પ્રશ્નોત્તર રૂપથી હમણાં જે પહેલાં સાતમાં ગમમાં કહ્યું છે તે અનુસાર અહિયાં ભવાદેશ સુધી કહી લેવું જોઇએ 'नवरं कालादेसेणं जहण्णेणं पुव्वकोडी' આ કથનમાં સાતમાં ગમ કરતાં જે જુદાઈ છે તે કેવળ એટલી જ છે કે–અહિયાં તે જીવ કાળની અપેક્ષાથી દસ હજાર વર્ષ અધિક એક પૂર્વ કોટી સુધી અને ઉત્કૃષ્ટથી ચાલીસ હજાર વર્ષ અધિક ચાર પૂર્વકોટિ સુધી મનુષ્ય ગતિનું અને નરકગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમના ગમન–અવરજવર કરે છે.

આ રીતે આ આઠમો ગમ છે.

'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो०' તે મનુષ્ય કે જે ઉત્કૃષ્ટ સ્થિતિથી ઉત્પન્ન થયો છે. જો ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા સંબંધી નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તો હે ભગવન્ તે ત્યાં કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? ગૌતમસ્વામીના આ પ્રશ્નનો ઉત્તર આપતા પ્રભુ કહે છે કે–હે ગૌતમ! એવો તે મનુષ્ય જઘન્યથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં અને ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિવ.ળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. એજ રીતે ફરી ગૌતમસ્વામી પૂછે છે કે–હે ભગવન્ એવા જીવો ત્યાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ એવું કહ્યું કે–હે ગૌતમ! એવા તે જીવો ત્યાં એક સમયમાં ઓછામાં ઓછા એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાતપણે ઉત્પન્ન થ ય છે. ઇત્યાદિ તમામ કથન સાતમા ગમના કથન પ્રમાણે સમજવું. 'नवरं' તો પણ તે કથન કરતાં આ કથનમાં જે ફેરફાર છે, તે આ પ્રમાણે છે कालादेसेणं' जहण्णेणं सागरोवमं पुव्वकोडीए अब्भहियं' કાળની અપેક્ષાથી તે જીવ જઘન્યથી પૂર્વકોટિ અધિક એક સાગરોપમની છે 'उक्कोसेणं

चत्तारि सागरोवमाइं चउहिं पुव्वकोडीहिं अब्भहियाइं' અને ઉત્કૃષ્ઠથી ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમની છે. एवतियं कालं जाव करेज्जा' એટલા કાળ સુધી તે મનુષ્ય ગતિનું અને નારક ગતિનું સેવન કરે છે, અને એટલા કાળ સુધી જ તે એ ગતિમાં ગમનાગમન કરે છે. આ પ્રમાણેનો આ નવમો ગમ છે. ાસૂ ૭ા

## શર્કરા પ્રમાદિ સે છઠી પૃથ્વી પર્યન્ત કે નારકાદિકોં કા ઉત્પતિ આદિ કા નિરૂપણ

આ પ્રમાણે મનુષ્યને ઉદ્દેશીને રત્નપ્રભા સંબંધી વિચાર સંપૂર્ણ કરીને હવે સૂત્રકાર શર્કરાપ્રભાથી લઈને ૬ છઠ્ઠી તમઃપ્રભા સુધીનો વિચાર કરવા માટે નીચે પ્રમાણે સૂત્રપાઠ કહે છે.—'पज्जत्तसंखेज्जवासाउयसन्निमणुस्से णं' ઈત્યાદિ

ટીકાર્થ—હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્ય વાળા જે સંજ્ઞી મનુષ્ય 'जे भविए सक्करप्पभाए पुढवीए' શર્કરા પ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવો તે જીવ 'भंते' હે ભગવન્ 'केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'गोयमा ! હે ગૌતમ ! जहन्नेणं सागरोवमट्ठिइएसु उववज्जेज्जा उक्कोसेणं तिसागरोवमट्ठिइएसु उववज्जेज्जा' તે જઘન્યથી તેવા નારકોમાં ઉત્પન્ન થાય છે કે જેઓની જઘન્ય સ્થિતિ એક સાગરોપમની હોય છે. અને અધિકથી અધિક તે એ નારકોમાં ઉત્પન્ન થાય છે કે જેમની સ્થિતિ ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમની હોય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે—'से णं भंते जीवा०' હે ભગવન્ એવા તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'सो चेव रयणप्पभा पुढवी गमओ णेयव्वो' હે ગૌતમ રત્નપ્રભા પૃથ્વીમાં જે ક્રમથી ઉત્પાત વ્યવસ્થા કહેવામાં આવી છે, એજ ક્રમથી, અહિયાં બીજા નરકમાં તે પ્રમાણેની વ્યવસ્થા કહી લેવી જોઈએ જેમકે—અહિનાં બીજા નરકમાં એક સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એજ છે કે-ત્યાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત મનુષ્ય શર્કરાપ્રભામાં ઉત્પન્ન થાય છે. તથા આ શર્કરાપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવાવાળા મનુષ્યોને ૬ છ સંહનન હોય છે. રત્નપ્રભા પૃથ્વીના કથનની અપેક્ષાથી અહિયાં આ કથનમાં જે જુદાપણું છે, તે સૂત્રકાર 'नवरं' ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરે છે. તેમાં એ કહેવામાં આવ્યું છે કે—અહિયાં શરીરની અવગાહના જઘન્યથી રત્નિ પૃથક્ત્વની કહી છે. અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ સુધીની છે બંધ કરેલ મુઠ્ઠીવાળા હથતુ નામ રત્નિ છે. બે રત્નિથી લઇને ૯ રત્નિનું નામ રત્નિ પૃથક્ત્વ છે. રત્નપ્રભામાં જવાવાળા મનુષ્યોના શરીરની અવગાહના જઘન્યથી આંગળ પૃથક્ત્વની છે. અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષની

છે. આ રીતે આ જુદાઈ રત્નપ્રભામાં જવાવાળા અને શર્કરા પ્રભામાં જવાવાળા મનુષ્યોના શરીરની અવગાહના સંબંધમાં કહેલ છે. તથા 'ठिई जहन्नेणं वासपुहुत्तं उक्कोसेणं पुव्वकोडी' શર્કરા પ્રભામાં જવાવાળા મનુષ્યોની સ્થિતિ જઘન્યથી વર્ષ પૃથક્ત્વની હોય છે. અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીની છે. રત્નપ્રભામાં જવાવાળા મનુષ્યોની સ્થિતિ જઘન્યથી માસ પૃથક્ત્વની હોય છે. અને ઉત્કૃષ્ટથી તે પૂર્વકોટિની છે. આ રીતે આ સ્થિતિ સંબંધી જુદાપણું છે, 'एवं अणुबंधो वि०' સ્થિતિની જેમ અનુબંધમાં પણ અંતર છે, તે જઘન્યથી વર્ષ પૃથક્ત્વનું છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી સુધીનું છે. રત્નપ્રભામાં તે જઘન્યથી માસ પૃથક્ત્વનું અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટીનું છે. એજ રીતે આ અનુબંધ સંબંધી જુદા પણું છે. 'सेसं तं चेव' આ કથન શિવાય બીજુ તમામ કથન સંહનન વિગેરે સંબંધી ભવાદેશ સુધીનું રત્નપ્રભાના ગમમાં કહ્યા પ્રમાણેનું છે. તેમ સમજવું. 'कालादेसेणं जहन्नेणं सागरोवमं वासपुहुत्तमब्भहियं' કાળની અપેક્ષાથી તે મનુષ્ય જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અધિક એક સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી 'बारससागरोवमाइं चउहिं पुव्वकोडीहिं अब्भहियाइं' ચાર પૂર્વકોટિ અધિક બાર સાગરોપમ સુધી તે મનુષ્ય ગતિનું અને નરક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે. 'एवं एसा ओहिएसु तिसु गमएसु मणुसस्स लद्धी' એ રીતે ઔધિક ઔધિકમાં, ઔધિક જઘન્ય સ્થિતિ વાળાઓમાં અને ઔધિક ઉત્કૃષ્ટ સ્થિતિ વાળાઓમાં આ ત્રણે ગમોમાં મનુષ્યની તે અનન્તરોક્તલબ્ધી, પરિમાણ સંહનન વિગેરેની પ્રાપ્તિ રૂપ કથન કરી લેવું જોઈએ. 'णाणत्तं नेरइयठिइं कालादेसेणं संवेहं च जाणेज्जा' પરંતુ વિશેષ પણુ એવું છે કે-નૈરયિકની સ્થિતિને અને કાલાદેશથી કાયસંવેધને સમજવા જોઈએ, આમાં ઔધિક એ પહેલો ગમ છે. સ્થિતિ વિગેરેના સંબંધમાં કથન કહેવાઈ ગયું છે. બીજા ગમમાં નારકની સ્થિતિ જઘન્યથી સાગરોપમ માત્ર જ છે, તથા કાલાદેશથી કાયસવેધ જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અધિક એક સાગરોપમનો અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટિ અધિક ચાર સાગરોપમનું છે. ત્રીજા ઔધિક ગમમાં પણ એજ રીતનું કથન છે. પરંતુ જુદા પણું એટલુ જ છે કે—સાગરોપમના સ્થાને જઘન્યથી ત્રણ સાગરોપમ અને ચાર સાગરોપમના સ્થાને ઉત્કૃષ્ટથી ૧૨ બાર સાગરોપમ કહેવા જોઈએ. 'सो चेव अप्पणा जहन्नकालट्ठिइओ जाओ०' તેજ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય જો જઘન્ય કાળની સ્થિતિવાળો હોય અને શર્કરા પ્રભામાં ઉત્પન્ન થાય તો આ સંબંધના ત્રણે ગમોમાં આ પૂર્વોક્ત

કથન જ કહી લેવું જોઈએ. અર્થાત્ સ્વયં તે જઘન્ય કાળની સ્થિતિવાળો છે. અને શર્કરા પ્રભામાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણેના આ પહેલો ગમ કહ્યો છે ૧

પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો છે. અને તે જઘન્ય કાળની સ્થિતિવાળા શર્કરાપ્રભા પૃથ્વીના નારકોમાં ઉત્પન્ન થાય છે. ૨ પોતે જઘન્ય કાળની સ્થિતિ વાળો હોય અને તે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા શર્કરા પ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. ૩ એ રીતે ત્રણે ગમોમાં ઔધિકના ત્રણ ગમો પ્રમાણે જ પરિમાણ, સંહનન વિગેરેની પ્રાપ્તિ રૂપ લબ્ધિ પ્રમાણેજ સમજવું. અર્થાત્ અહિયાં પરિમાણ, સંહનન વિગેરે તમામ ઔધિક ગમમાં કહ્યા અનુસાર કહેવા જોઈએ. પરંતુ ઔધિકગમ કરતાં આ કથનમાં જે જુદાપણુ છે. તે બતાવતાં સૂત્રકાર "नवरं" ઈત્યાદિ સૂત્ર પાઠ કહે છે તેમાં સૂત્રકાર કહે છે કે-અહિયાં શરીરની અવગાહના જઘન્યથી રત્નિ પૃથક્ત્વની છે. એટલે કે બે હાથથી લઈને નવ હાથ સુધીની છે. આનાથી એ નિશ્ચય થાય છે કે-બીજી નારક પૃથ્વીમાં બે હસ્ત પ્રમાણની અવગાહનાથી હીનતર અવગાહના વાળા ઉત્પન્ન થતા નથી. તથા ઉત્કૃષ્ટથી પણ શરીરની અવગાહના અહિયાં રત્નિપૃથક્ત્વની છે એ રીતે અહિયાં બીજા નરકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને રૂપે શરીરની અવગાહના રત્નિ પૃથક્ત્વની કહી છે. તથા 'ठिई जहन्नेणं वासपुहुत्तं' સ્થિતિ જઘન્યથી વર્ષ પૃથક્ત્વની છે. 'उक्कोसेण वि वासपुहुत्तं' ઉત્કૃષ્ટથી પણ વર્ષ પૃથક્ત્વની છે. એવીજ રીતે બીજા નરકમાં ઉત્પન્ન થનારા મનુષ્યનો 'एवं अणुबंधोवि' અનુબંધ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વનો છે 'सेसं जहा ओहियाणं' અવગાહના, સ્થિતિ અને અનુબંધ શિવાય બાકીનું બીજુ તમામ લેશ્યા વિગેરે સંબંધીનું કથન ઔધિક પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે અહિયાં પણ સમજવું. 'संवेहो जहा उवजुंजिऊण भाणियव्वो' સંવેધ અહિયાં વિચારીને કહેવો જોઈએ કેમ કે-જઘન્ય સ્થિતિવાળો મનુષ્ય શર્કરા પ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થઈ જાય છે, તો આ ગમમાં કાય સંવેધ કાયની અપેક્ષાથી જઘન્યથી વર્ષપૃથક્ત્વથી વધારે એક સાગરોપમનો છે અને ઉત્કૃષ્ટથી તે ચાર વર્ષ પૃથક્ત્વ અધિક ૧૨ બાર સાગરોપમનો છે. જો જઘન્ય સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો આ રીતના આ બીજા ગમમાં કાળની અપેક્ષા એ જઘન્યથી કાયસંવેધ વર્ષપૃથક્ત્વ અધિક એક સાગરોપમનો છે. અને ઉત્કૃષ્ટથી તે વર્ષપૃથક્ત્વ અધિક ચાર સાગરોપમનો છે

આ પ્રકારથી છઠ્ઠો ગમ પણ સમજવો. ૪-૫-૬ 'सोचेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ' જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ઉત્કૃષ્ટ સ્થિતિને લઈને ઉત્પન્ન થયો હોય અને પાછો તે શર્કરા પ્રભા નામના બીજા નરકના નારકીય પર્યાયથી ઉત્પન્ન થવાનો યોગ્ય હોય 'तस्स तिसु वि गमएसु' તો તેના સાત આઠ અને નવ આ ત્રણ ગમો પૈકી પહેલો ગમ અર્થાત્ સાતમો ગમ સૂત્રમાં જ કહ્યો છે, બીજા બે ૮-૯ મો ગમ આ પ્રમાણે છે.-'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो ८, सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो ९' આ ત્રણ ગમોમાં નાનાત્વ ભેદ છે. તે આ પ્રમાણે છે.-'सरीरोगाहणा' ઈત્યાદિ તેના શરીરની અવગાહના જઘન્યથી પાંચસો ધનુષની કહી છે. અને ઉત્કૃષ્ટથી પણ તે પાંચસો ધનુષની છે. પહેલા ગમમાં જઘન્ય અવગાહના રત્નિ પૃથક્ત્વની કહી છે. અને અહિયાં તે પાંચસો ધનુષની કહી છે. સ્થિતિ જઘન્યથી પૂર્વકોટિ પ્રમાણની છે. અને ઉત્કૃષ્ટથી પણ તે પૂર્વકોટિ પ્રમાણ છે. પહેલા ગમમાં જઘન્યથી સ્થિતિ વર્ષ પૃથક્ત્વની છે અને અહિયાં તે પૂર્વકોટિ રૂપ છે. ઉત્કૃષ્ટથી બન્ને ગમોમાં તે પૂર્વ કોટી પણાથી બતાવેલ છે. જેથી ઉત્કૃષ્ટ પણામાં બન્નેમાં સરખાપણુ છે. તેમ સમજવું એજ રીતે અનુબંધ પણ અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક પૂર્વ-કોટી જ છે. આ રીતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળો જે મનુષ્ય હોય અને શર્કરા પ્રભા પૃથ્વીમાં નારક પણાથી ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવા તે મનુ-ષ્યને આ પહેલા કહેલ ગમો પૈકી પહેલા ગમની અપેક્ષાએ નનાત્વ અર્થાત્ જુદા પણુ છે. 'सेसं जहा पढमगमए' બાકીનું બીજું જે પરિમાણ, સંહનન વિગેરે સંબંધી કથન છે તે સઘળું પહેલા ગમ પ્રમાણે જ સમજવું. જેથી પહેલા ગમમાં જેવું કુથન કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણેનું કથન અહિયાં પણ સમજી લેવું. અર્થાત્ ત્યાંનું તે સઘળુ કથન અહિયાં કહેવું જોઇએ. 'नवरं नेरइयठिइ य कायसंवेहं च जाणेज्जा' પરન્તુ નૈરયિકની સ્થિતિ અને કાયસંવે-ધનો વિચાર કરીને અહિયાં કહેવા જોઈએ. एवं जाव छट्ठ पुढवी' શર્કરાપ્રભાની જેમ જ યાવત્ છઠ્ઠી પૃથ્વીમાં જવાવાળા મનુષ્યોના સંબંધમાં પણ એ પ્રમાણેનું જ કથન સમજવું અર્થાત્ વાલુકા પ્રભાથી લઈને તમા સુધીની પૃથ્વીયોમાં જવાને યોગ્ય એવા જીવોની ગતિનો વિચાર કરી લેવો જોઇએ, જોકે ત્રીજી પૃથ્વીથી લઇને છઠ્ઠી પૃથ્વી સુધી બીજી પૃથ્વી પ્રમાણે જ કથન છે. તો પણ ત્રીજી વિગેરે પૃથ્વીયોમાં પંચેન્દ્રિય તિર્યંચના પ્રકરણ પ્રમાણે એક એક સંહનન એછું કરવું જોઇએ

એજ વાત 'नवरं तइयाए आढवेत्ता एक्केक्कं संघयणं हायइ०' ઇત્યાદિ સૂત્ર-પાઠ દ્વારા અહિયાં સૂત્રકારે બતાવેલ છે. જેનો સારાંશ એવો છે કે–રત્નપ્રભા અને શર્કરા પ્રભાએ બન્ને પૃથિવીયોમાં છએ સંહનન હોય છે. અર્થાત્ છએ સંહનન ધારણ કરનારાઓ આ બે પૃથ્વીયોમાં જાય છે ત્રીજી ધૂમપ્રભા પૃથ્વીમાં પાંચ સંહનન હોય છે. તે આ પ્રમાણે છે.–વજ્ર ઋષભ નારાચ સંહનન ૧ ઋષભનારાચ સંહનન ૨, નારાચ ૩ અર્ધ નારાચ ૪ અને કીલિકા૫, અહિયાં સેવાર્ત સંહનન હોતું નથી ચોથી પંકપ્રભા નામની પૃથ્વીમાં જનારાઓને ચાર સંહનન હોય છે, તે આ પ્રમાણે છે.–વજ્ર ઋષભ નારાચ સંહનન ૧ ઋષભ નારાચ સંહનન ૨ નારાચ સંહનન ૩ અને અર્ધ નારાચ સંહનન ૪ આમાં સેવાર્ત સંહનન અને કીલિકા સંહનન આ બે સંહનનોને છોડી દીધા છે. પાંચમી ધૂમ પ્રભા પૃથ્વીમાં અર્ધનારાચ વિગેરે ત્રણ સંહનનોને છોડીને વજ્ર ઋષભ નારાચ સંહનન ૧ ઋષભનારાચ સંહનન ૨, અને નારાચ સંહનન ૩ આ ત્રણ સંહનનો હોય છે. છઠ્ઠી તમા નામની પૃથ્વીમાં નારાચ વિગેરે પહેલાનાં ચાર સંહનનો છોડીને વજ્રઋષભનારાચ સંહનન ૧ અને ઋષભ નારાચ સંહનન આ બે સંહનો હોય છે. આ રીતે એક એક સંહનન ઘટાડેલ છે, 'कालादेसो वि तहेव' કાલાદેશ પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની જેમ જ સમજવો જોઈએ. 'नवरं मणुस्स ठिई भाणियव्वा' અહિયાં મનુષ્ય સ્થિતિ કહેવી જોઈએ, તિર્યંચ સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની કહેવામાં આવી છે. પરંતુ મનુષ્ય ગમમાં મનુષ્ય સ્થિતિ કહેવી જોઈએ. તેથી તે જઘન્યથી બીજી વિગેરે પૃથ્વીમાં જવાવાળા મનુષ્યોની વર્ષ પૃથક્ત્વરૂપ અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ રૂપ છે. આ રીતે મનુષ્યને ઉદ્દેશીને છઠ્ઠી પૃથ્વી સુધીની વક્તવ્યતા કહી.

હવે સાતમી પૃથ્વી સંબંધી વક્તવ્યતા કહેવામાં આવે છે. 'पज्जत्त' ઈત્યાદિ

'पज्जत्तसंखेज्जवासाउयसन्निमणुस्से णं भंते !' હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્ય વાળા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય 'जे भविए अहे सत्तमाए पुढवीए०' જે અધઃસપ્તમી અર્થાત્ સાતમા નારકમાં પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' હે ભગવન્ તે ત્યાં કેટલા કાળની સ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે–'गोयमा ! जहण्णेणं बावीससागरोवमट्ठिइएसु' હે ગૌતમ ! એવો તે મનુષ્ય જઘન્યથી ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિ વાળા નૈરયિકોમાં અને उक्कोसेणं तेत्तीससागरोवमट्ठिइएसु उववज्जेज्जा' ઉત્કૃષ્ટથી ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एग-समएणं केवइया उववज्जंति' હે ભગવન્ સાતમા નરકમાં ઉત્પન્ન થવાને યોગ્ય બનેલા તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'अवसेसो सो चेव सक्करप्पभापुढवीगमओ णेयव्वो' હે ગૌતમ ! આ વિષયમાં સઘળું કથન શર્કરા પ્રભા પૃથ્વીના ગમકના કથન પ્રમાણે કહેવું જોઈએ. જેથી તે અનુસાર આ પ્રશ્નનો ઉત્તર જઘન્યથી એક અથવા બે અથવા ૩ ત્રણ જીવો તે સાતમી પૃથ્વીના નરકાવાસમાં ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે આ રીતે શર્કરા પ્રભામાં કહેલ પ્રશ્નોત્તર વિગેરે રૂપનું કથન અહિયાં કહેવું જોઈએ. શર્કરા પ્રભા પૃથ્વીના ગમ કરતાં જે ભિન્નપણું છે, તે બતાવવાના ઉદ્દેશથી સૂત્રકાર કહે છે કે-'णवरं पढमं संघयणं' અહિયાં વિશેષપણું એ છે કે આ ગમમાં પહેલું વજ્રઋષભનારાચ સંહનન જ હોય છે. તે શિવાયનું બીજું કોઈ પણ સંહનન હોતું નથી 'इत्थिवेयगा न उववज्जंति' એજ રીતે અહિયાં સ્ત્રીવેદવાળા જીવો ઉત્પન્ન થતા નથી. કેમ કે-સ્ત્રીવેદવાળા જીવોના ગમક છઠ્ઠા નરક સુધી જ નિશ્ચિત છે. 'सेसं तं चेव जाव अणुबंधोत्ति' આ રીતે સંહનન અને વેદ શિવાય બાકીનું બીજું જે કથન હોય તે સઘળું અનુબંધ દ્વાર સુધીનું શર્કરાપ્રભા પૃથ્વીના ગમ પ્રમાણેજ છે 'भवादेसे णं०' ભવની અપેક્ષાથી બે ભવોને ગ્રહણ કરતાં સુધી અને 'कालादेसेणं०' કાળની અપેક્ષાએ જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અધિક ૨૨ બાવીસ સાગરોપમ સુધી અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક ૩૩ તેત્રીસ સાગરોપમ સુધી તે જીવ એ મનુષ્ય ગતિનું અને સાતમી નરક ગતિનું સેવન કરે છે. અને તેમાં ગમનાગમન-અવર જવર કરતો રહે છે. અહિયાં ઉત્કૃષ્ટથી કાયસંવેધ જે એટલા કાળનો કહ્યો છે, સાતમી નરક પૃથ્વીથી નીકળેલા નારકનો મનુષ્યોમાં ઉત્પાત થતો નથી. પરંતુ તિર્યંચોમાં જ ઉત્પાદ થાય છે. જેથી બે ભવોના સદ્ભાવથી એટલો જ કાળ હોય છે. 'एवइयं जाव करेज्जा' જેથી એટલાજ કાળ સુધી તે જીવ મનુષ્ય ગતિમાં અને નરક ગતિમાં ગમનાગમન કરે છે. એ પ્રમાણે કહેવામાં આવ્યુ છે. એ રીતે આ પહેલો ગમ કહ્યો છે. ૧

'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो०' જો એજ મનુષ્ય જઘન્ય કાળની સ્થિતિવાળા સાતમી નરક પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો 'एस चेव वत्तव्वया' અહિયાં પણ એજ કથન કહેવું જોઈએ. અર્થાત્ તે જઘન્યથી ત્યાં ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવન્ તે નારકો સાતમા નરકાવાસમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્ત-

રમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તે નારકો જઘન્યની એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી એક સમયમાં સંખ્યાત પણ ઉત્પન્ન થાય છે. વિગેરે તમામ કથન અહિયાં પહેલા ગમમાં કહ્યા પ્રમાણે સમજવું. 'नवरं नेरइयट्ठिइं संवेधं च जाणेज्जा' પરંતુ અહિયાં વિશેષપણું એવું છે કે-અહિયાં નૈરયિક સ્થિતિ અને સંવેધનો વિચાર કરીને કહેવા જોઈએ અર્થાત્ અહિયાં જઘન્ય સ્થિતિ વર્ષપૃથક્ત્વ અધિક ૨૨ બાવીસ સાગરોપમની છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક ૩૩ તેત્રીસ સાગરોપમની છે 'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो०' જો એજ મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સાતમા નરકના નારકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો હે ભગવન્ ! તે કેટલા કાળની સ્થિતિવાળા નારકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે-હે ગૌતમ ! તે જઘન્યથી ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી પણ ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પૂછે છે કે હે ભગવન્ એવા નારકો ત્યાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ ! જઘન્યથી તો ત્યાં એક અથવા બે અથવા ૩ ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત નારકો ઉત્પન્ન થાય છે. આના પછીનું બાકીનું તમામ કથન પણ પહેલા પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ સમજવું એજ અભિપ્રાયથી સૂત્રકારે 'एस चेव वत्तव्वया' આ પ્રમાણેનો સૂત્રપાઠ કહ્યો છે. 'नवरं संवेहं च जाणेज्जा' અહિયાં પહેલા ગમના કથન પ્રમાણે જ કાયસંવેધ સમજવો. 'सो चेव अप्पणा जहन्नकालट्ठिइओ जाओ तस्स वि तिसु वि गमएसु एस चेव वत्तव्वया' હે ભગવન્ જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્ય કે જે જઘન્ય કાળની સ્થિતિથી ઉત્પન્ન થયો હોય એવો તે સાતમી પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં તથા એક સમયમાં ત્યાં કેટલા નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે ? આ બન્ને પ્રશ્નના ઉત્તરમાં પહેલા ગમમાં કહેલ કથન પુરેપૂરી રીતે અહિયાં કહી લેવું જોઈએ. પરંતુ તે કથન કરતાં આ કથનમાં જે ફેરફાર છે, તે 'नवरं सरीरोगाहणा जहण्णेणं' વિગેરે સૂત્રપાઠ દ્વારા સૂત્રકારે આ રીતે બતાવેલ છે કે-અહિયાં પહેલા ગમમાં કહેલ શરીરની અવગાહનાની અપેક્ષાએ જે અવગાહના છે, તે જઘન્યથી રત્નિ પૃથક્ત્વની છે. એટલે કે બે હાથથી લઈને ૯ નવ હાથ સુધીની છે. અને ઉત્કૃષ્ટથી પણ તે રત્નિ પૃથક્ત્વ જ છે. તથા સ્થિતિ અહિયાં જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પણ વર્ષ પૃથક્ત્વ છે. એટલે કે બે વર્ષથી લઈને નવ વર્ષ સુધીની છે. 'एवं अणुबंधो वि' એજ રીતે અનુબંધ પણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી વર્ષ પૃથક્ત્વનોજ છે.

'संवेहो उवजुंजिऊण भाणियव्वो' કાયસંવેધ ભવની અપેક્ષાએ બે ભવના ગ્રહણ રૂપ છે. અને કાળની અપેક્ષાથી તે જઘન્યથી વર્ષ પૃથક્ત્વ અધિક ૨૨ બાવીસ સાગરોપમનો છે. અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ અધિક ૩૩ તેત્રીસ સાગરોપમનો છે. ૪-૫-૬ 'सोचेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ,' तस्स वि तिसु गमएसु एसचेव वत्तव्वया' જો એજ મનુષ્ય કે જે ઉત્કૃષ્ટ સ્થિતિથી ઉત્પન્ન થાય છે. અને સાતમી નરકમાં જવાને યોગ્ય છે. તે તેના ત્રણે ગમોમાં આ પહેલા કહેલ કથન જ કહેવાનું છે. અર્થાત્ તે જઘન્યથી ૨૨ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી ૩૩ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, તથા એક સમયમાં ત્યાં કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ? તો આ પ્રશ્નના ઉત્તરમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત નૈરયિકો ત્યાં ઉત્પન્ન થાય છે.-વિગેરે તમામ પ્રશ્નોત્તર રૂપ કથન અહિયાં પહેલાના કથન પ્રમાણે સમજવું, પરંતુ આ કથનમાં અને પહેલાના કથનમાં જે ફેરફાર હોય છે, તે શરીરની અવગાહના સ્થિતિ અને અનુબંધને લઈને છે. આ રીતે અહિયાં શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષની સ્થિતિ પણ અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક પૂર્વકોટિ રૂપ છે. એજ રીતે અનુબંધ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ રૂપ જ છે. 'णवसु वि एएसु गमएसु णेरइयट्ठिइं संवेहं च जाणेज्जा' આ નવ ગમોમાં નૈરયિકોની સ્થિતિ અને સંવેધનો વિચાર કરીને કહેવા જોઈએ 'सव्वत्थ भवग्गहणाइं 'दोन्नि' બધાજ ગમોમાં બે ભવોનું ગ્રહણ સમજવું 'कालादेसेणं जहण्णेणं ते तीसं सागरोवमाइं' કાળની અપેક્ષાએ જઘન્યથી પૂર્વકોટિ અધિક ૩૩ તેત્રીસ સાગરોપમ સુધી તે મનુષ્ય ગતિનું અને સાતમી નરક ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમના ગમન કરે છે. 'सेवं भंते ! सेवं भंते' त्ति जाव विहरइ' હે ભગવન્ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંન્ચોના વિષયમાં તથા સંજ્ઞી મનુષ્યના નરકગતિમાં ગમના ગમન-આવજાના સંબંધમાં આપ દેવાનુપ્રિયે જે કહ્યું છે તે આપનું કથન સર્વથા સત્ય જ છે. કેમકે-કેવલી હોવાને કારણે આપ અતીન્દ્રિયાર્થને જોવાવાળા હોવાથી સર્વ પ્રકારથી સત્યતાજ હોય છે. આ પ્રમાણે કહીને ભગવાનને ગૌતમસ્વામીએ વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થઈ ગયા ॥સૂ ૮॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ચોવીસમા શતકનો પહેલો ઉદ્દેશો સમાપ્ત ॥૨૪-૧॥

બીજા ઉદ્દેશાનો પ્રારંભ—

આ પ્રમાણે ચોવીસમા શતકના પહેલા ઉદ્દેશાનું કથન કરીને હવે સૂત્રકાર ક્રમથી આવેલ આ બીજા ઉદ્દેશાનું કથન પ્રારંભ કરે છે,- આ બીજા ઉદ્દેશામાં અસુરકુમાર દેવના ઉત્પાદ વિગેરેનું કથન કરવામાં આવશે. આ ઉદ્દેશાનું સૌથી પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'रायगिहे जाव एवं वयासी' ઇત્યાદિ

ટીકાર્થ—'रायगिहे जाव एवं वयासी' રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણ થયું પરિષદ પોતપોતાના સ્થાનેથી ભગવાનને વંદના કરવા નીકળી ભગવાને ધર્મદેશના આપી ધર્મદેશના સાંભળીને પરિષદ્ ભગવાનને વંદના કરીને પોતપોતાને સ્થાને પાછી ગઇ તે પછી ગૌતમસ્વામીએ પ્રભુને વંદના કરી અને નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તેઓએ બન્ને હાથ જોડીને પ્રભુને ઘણા જ વિનયપૂર્વક આ પ્રમાણે કહ્યું—'असुरकुमाराणं भंते ! कओहिंतो उववज्जंति' હે ભગવન્ અસુરકુમાર–અસુરકુમાર દેવરૂપે કયાંથી આવીને ઉત્પન્ન થાય છે? नेरइएहिंतो उववज्जंति तिरिक्खजोणिएहिंतो उववज्जंति' નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? 'मणुस्सेहिंतो उववज्जंति' અથવા મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા 'देवेहिंतो उववज्जंति' અથવા દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે—'गोयमा !' હે ગૌતમ ! 'नो नेरइएहिंतो उववज्जंति' અસુરકુમારદેવ નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. પરંતુ 'तिरिक्खजोणिएहिंतो उव०' તેઓ તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. 'मणुस्सेहिंतो उव०' તેઓ મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરંતુ 'देवेहिंतो नो उव०' દેવોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. કહેવાનું તાત્પર્ય એજ છે કે અસુરકુમારદેવ નારકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી તેમજ દેવોમાંથી પણ આવીને ઉત્પન્ન થતા નથી. પરંતુ તિર્યંચોમાંથી અને મનુષ્યોમાંથી આવીને જીવ અસુરકુમાર દેવપણાથી ઉત્પન્ન થાય છે. 'एवं जहेव नेरइयउद्देसए जाव' જે રીતે આ ચોવીસમાં શતકના પહેલા ઉદ્દેશામાં નારકોના ઉત્પાત, પરિણામ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન અજ્ઞાન, યોગ, ઉપયોગ, વિગેરેના વિષયમાં કહેવામાં આવેલ છે. એજ પ્રકારથી અહિયાં અસુરકુમારોના વિષયમાં પણ સમજવું જોઇએ. આ રીતે સંક્ષેપથી અસુરકુમારોની ઉત્પત્તિના વિષયમાં નારકના સરખાપણાનો વિચાર બતાવીને હવે સૂત્રકાર વિશેષરૂપે વિચાર કરવા માટે આગળ કહેવામાં

આવનાર પ્રકરણનું કથન કરે છે–'पज्जत्तअसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते !' આ સૂત્રથી ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે 'भविए असुर-कुमारेसु उववo' અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, હે ભગવન્ તે 'केवइयकालo' કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा !' હે ગૌતમ! 'जहन्नेणं दस-वाससहस्सट्ठिइएसु उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागंo' તે જઘન્યથી દસ-હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસં-ખ્યાતમા ભાગની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. અહિયાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના ગ્રહણથી પૂર્વકોટિ ગ્રહણ કરાઈ છે. કેમકે સંમૂર્ચ્છિમ જીવોનું ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ પ્રમાણ આયુ હોય છે. આ સંમૂર્ચ્છિમ જીવ ઉત્કૃષ્ટથી પોતાની આયુષ્યના બરોબર જ દેવઆયુનો બંધ કરે છે. તેથી અધિક આયુનો બંધ કરતા નથી. કહ્યું પણ છે—'उक्कोसेणं स तुल्ल-पुव्वकोडी' ઇત્યાદિ

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–'ते णं भंते ! जीवाo' હે ભગવન્ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે અસુર-કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય એવો તે દેવ એક સમયમાં ત્યાં–અસુર-કુમારાવાસમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'एवं रयणप्पभा गमसरिसा णव वि गमा भाणियव्वा' હે ગૌતમ અહિયાં રત્નપ્રભા પૃથ્વીના ગમ પ્રમાણે નવ ગમો કહેવા જોઇએ જેમકે–અસુરકુમારા-વાસમાં તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નનો ઉત્તર એવો સમજવો જોઈએ કે–તે જીવો એક સમયમાં ત્યાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે. એજ પ્રકારે બીજા પણ પ્રશ્નો અને તેના ઉત્તરો સમજવા જોઇએ. આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીના ગમ પ્રમાણે અહિયાં પણ નવ ગમો સમજવા.

હવે સૂત્રકાર રત્નપ્રભા પ્રકરણ કરતાં આ પ્રકરણમાં જે જૂદાપણું છે. તે 'नवरं' ઈત્યાદિ સૂત્રપાઠથી બતાવે છે. તેમાં એ સમજાવવામાં આવ્યું છે કે જયારે તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય અને જઘન્ય કાળની સ્થિતિવાળો હોય છે, ત્યારે તેનું 'अज्झवसाणा' અધ્યવસાન–માનસિક પરિણામ પ્રશસ્ત શુભ જ હોય છે, 'णो अप्पसत्था' અપ્રશસ્ત–અશુભ હોતું નથી. અર્થાત્

જીવનું પરિણામ શુભ જ હોય છે. અશુભ હોતું નથી. કેમકે-તેઓ દેવ-યોનિમાં જવાના છે. તેથી 'तिसु वि गमएसु' તેજ પ્રમાણે જ્યારે તે પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય છે, ત્યારે તેને મધ્યના ત્રણ ગમોમાં અધ્ય-વસાન પ્રશસ્તજ હોય છે. અપ્રશસ્ત હોતા નથી. બાકીનું બીજું તમામ કથન રત્નપ્રભા પૃથ્વીના પ્રકરણમાં કહ્યા અનુસાર જ સમજવું જોઈએ. તે ત્રણ ગમ આ પ્રમાણે છે.-પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો એજ અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે-અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, એ પ્રમાણેનો આ ઔઘિક ગમ રૂપ આ ચોથો ગમ છે. તથા તેજ જઘન્યકાળની સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિ-વાળો જીવ કે જે જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, એ પ્રમાણેનો આ પાંચમો ગમ છે. તથા એજ જઘન્ય કાળની સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, એ પ્રમાણેનો આ છઠ્ઠો ગમ છે. આ ત્રણે ગમો મધ્યના ત્રણ ગમ તરીકે અસુરકુમારના ભવમાં ઉત્પન્ન થવાને યોગ્ય તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય અહિયાં ગ્રહણ કરાયા છે. આ ત્રણે ગમોમાં તેઓના અધ્યવસાન પ્રશસ્તજ હોય છે. વિશેષ જીજ્ઞાસુઓએ પહેલા ઉદ્દેશાના રત્નપ્રભા પ્રકરણમાં જોઈ લેવું. 'अवसेसं तं चेव' આ સૂત્રપાઠથી એ સમજાવવામાં આવ્યું છે કે-અધ્યવસાન બાબતમાં આ કથન શિવાય બાકીનું અવગાહના, સમુદ્ઘાત, વિગેરે તમામ કથન રત્નપ્રભા પ્રકરણમાં જેવી રીતે તે કહેવામાં આવેલ છે, તેજ પ્રમાણેનું છે.

'जइ सन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' આ સૂત્રપાઠ દ્વારા ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે, કે-હે ભગવન્ જો અસુર કુમાર સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો શું તેઓ-'संखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' असंखेज्जवासा-उयसन्नि पंचिंदियति. उववज्जंति' સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा!' હે ગૌતમ! 'संखेज्जवासा-उय० जाव उववज्जंति असंखेज्ज वासाउय जाव उववज्जंति' સંખ્યાત વર્ષની આયુષ્ય વાળા તથા અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી આવીને તેઓ ઉત્પન્ન થાય છે. આ રીતે સંખ્યાત અને અસં-ખ્યાત બન્ને પ્રકારના સ્થાનોમાંથી આવીને અસુરકુમારો ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'असंखेज्जवासाउय० णं भंते!' હે ભગવન્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા જે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિ-વાળો જીવ 'जे भविए असुरकुमारेसु० उव०' અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને

યોગ્ય હોય 'से णं भंते ! केवइयकालट्ठिइएसु०' હે ભગવન્ એવો તે જીવ કેટલા કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा !' હે ગૌતમ ! 'जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु, उक्कोसेणं तिपलिओवम०' એવો તે જીવ જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુર કુમારોમાં અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે. 'त्रिपल्योपम' એવું જે કથન કર્યું છે, તે દેવ કુમાર વિગેરે ભોગ ભૂમિયોના તિર્યંચોને લઈને કહ્યું છે.–કેમકે–તેઓ ત્રણ પલ્યોપમની આયુષ્ય વાળા હોવાથી અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા કહેલ છે. આ દેવકુરૂ વિગેરેના તિર્યંચો પોતાની આયુની જેમજ દેવાયુનો બંધ કરે છે. (૧)

'ते णं भंते जीवा एगसमएणं पुच्छा' હવે ગૌતમસ્વામી આ સૂત્રપાઠથી પ્રભુને એવું પૂછે છે કે હે ભગવન અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એવા તે જીવો એક સમયમાં ત્યાં અસુરકુમારાવાસોમાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે–'गोयमा !' હે ગૌતમ ! 'जहण्णेणं एक्को वा दो वा तिन्नि वा' જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અને 'उक्कोसेणं संखेज्जा उववज्जंति' ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા તિર્યંચો અસંખ્યાત કહેલા નથી.–પરંતુ સંખ્યાત જ કહેલ છે.–તેથી અહિયાં પણ સંખ્યાત ઉત્પન્ન થાય છે, તેમ કહેવામાં આવેલ છે. (૨) તેઓને વજ્ર ઋષભ નારાચ સંહનન હોય છે. અર્થાત્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવને એજ સંહનન હોય છે (૩) 'ओगाहणा जहन्नेणं धणुहपुहुत्तं उक्कोसेणं छ गाउयाइं' તેઓના શરીરની ઉંચાઈ રૂપ અવગાહના જઘન્યથી ધનુષ પૃથક્ત્વ રૂપ અને ઉત્કૃષ્ટથી છ ૬ ગાઉ પ્રમાણની હોય છે. બે ધનુષથી લઈને નવ ધનુષ સુધીની અવગાહનાનું નામ ધનુઃપૃથક્ત્વ છે. (૪) સંસ્થાન દ્વારમાં તેઓને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. (૫) લેશ્યા દ્વારમાં તેઓને પહેલી ચાર લેશ્યાઓ એટલે કે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ લેશ્યાઓ હોય છે. (૬) દૃષ્ટિ દ્વારમાં 'णो सम्मद्दिट्ठी' તેઓ સમ્યગ્દષ્ટિ હોતા નથી પરંતુ 'मिच्छादिट्ठी' મિથ્યા દૃષ્ટિવાળા હોય છે. 'णो सम्मामिच्छादिट्ठी' તેઓ સમ્યગ્મિથ્યાદષ્ટિવાળા પણ હોતા નથી. અર્થાત્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિયતિર્યગ્યોનિક જીવ સમ્યક્દૃષ્ટિ અથવા મિશ્રદૃષ્ટિવાળા હોતા નથી. પરંતુ તેઓ મિથ્યાદષ્ટિવાળા જ હોય છે. જ્ઞાનદ્વારમાં–'णो णाणी' તેઓ જ્ઞાની હોતા નથી 'अण्णाणी' અજ્ઞાની હોય છે. 'नियमं दु अण्णाणी' તેઓ નિયમથી બે અજ્ઞાનવાળા હોય છે. જેમકે–'मइअन्नाणी सुयअन्नाणी य' મતિઅજ્ઞાનવાળા અને શ્રુત અજ્ઞાનવાળા હોય છે. યોગદ્વારમાં–'जोगो तिविहो वि' તેઓ ત્રણ પ્રકારના

યોગવાળા હોય છે. મનો યોગવાળા, વચન યોગવાળા, અને કાયયોગવાળા હોય છે. ઉપયોગદ્વારમાં 'उवओगो दुविहो वि' સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ આ બન્ને પ્રકારને। ઉપયોગ તેઓને હોય છે. 'સંજ્ઞીદ્વારમાં' 'चत्तारि सन्नाओ' તેઓને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ હોય છે. 'કષાયદ્વારમાં' 'चत्तारि कसाया' ચાર કષાય એટલે કે-ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાયો હોય છે. 'ઇન્દ્રિય દ્વારમાં 'पंचिंदिया' તેઓ શ્રોત્ર-કાન, ચક્ષુ-નેત્ર, ઘ્રાણ-નાસિકા, રસના,-જીભ અને સ્પર્શ એ પાંચે ઇંદ્રિયો વાળા હોય છે. સમુદ્ઘાતા દ્વારમાં 'तिन्नि समुग्घाया आदिल्ला' તેઓને પહેલા એટલે કે-વેદના, કષાય, અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાતો હોય છે. 'समोहया वि मरंति' તેઓ સમુદ્ઘાત કરીને પણ મરે છે. અને સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે. 'વેદના દ્વારમાં' 'वेयणा दुविहा वि.' તેઓને શાતારૂપ અને અશાતારૂપ બન્ને પ્રકારની વેદના હોય છે. 'વેદદ્વારમાં' 'वेयो दुविहो वि' તેઓને સ્ત્રીવેદ અને પુરૂષવેદ એ બેજ વેદ હોય છે. અહિયાં નપુંસકવેદ હોતો નથી. કેમકે-અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા જીવો નપુંસક વેદવાળા હોતા નથી. 'ठिई जहण्णेणं साइरेगा पुव्वकोडी' સ્થિતિ જઘન્યથી કંઇક વધારે એક પૂર્વકોટિની હોય છે. તથા उक्कोसेणं तिन्नि पलिओवमाइं' ઉત્કૃષ્ટથી તેઓની સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે 'अज्झवसाणा पसत्था वि अपसत्था वि' તેઓને અધ્યવસાન પ્રશસ્ત પણ હોય છે અને અપ્રશસ્ત પણ હોય છે. 'अणुबंधो जहेव ठिई' સ્થિતિના પ્રમાણે અનુબંધ પણ સાતિરેક પૂર્વકોટિ રૂપ હોય છે. અને ઉત્કૃષ્ટથી તે ત્રણ પલ્યોપમનો હોય છે. 'कायसंवेहो भवादेसेणं दो भवग्गहणाइं' અહિયાં કાયસંવેધ ભવાદેશથી બે ભવોને એટલે કે એક ભવ તીર્યંચોનો અને બીજો ભવ અસુરકુમારોનો એ રીતે બે ભવોને ગ્રહણ કરવા રૂપ હોય છે. કાળની અપેક્ષાએ 'जहन्नेणं साइरेगा पुव्वकोडी दसहिं वाससहस्सेहिं अब्भहिया' જઘન્યથી દસ હજાર વર્ષ અધિક એક પૂર્વ કોટી સુધી અને 'उक्कोसेणं छ पलिओवमाइं' ઉત્કૃષ્ટથી છ પલ્યોપમ સુધી તિર્યંચ ગતિનું અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે.'एवइयं जाव करेज्जा' તથા એટલા જ કાળ સુધી તે એ ગતિમાં ગમનાગમન કરે છે. અહિંયા ઉત્કૃષ્ટથી જે પલ્યોપમનો કાળ કહ્યો છે. તે અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા તીર્યંચ ભવના ત્રણ પલ્યોપમને અને અસુરકુમારના ભવમાં ત્રણ પલ્યોપમને લઇને કહેવામાં આવ્યો છે. એ પ્રમાણે આ પહેલો ગમ છે.

હવે બીજા ગમનું કથન કરવામાં આવે છે.-'सो चेव' इत्यादि 'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो' एस चेव वत्तव्वया' જો એ અસંખ્યાત વર્ષની

આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થઇ જાય છે, તો તે સંબંધમાં પણ આ પહેલા કહેલ જ કથન કહી લેવું. જોઈએ. જેમકે-જ્યારે ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું કે-હે ભગવન્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તે કેટલા કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ તેઓને આ પ્રમાણે કહ્યું-હે ગૌતમ! એવો તિર્યંચ યોનિવાળો તે જીવ જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુર કુમારોમાં તથા ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પૂછે છે કે-હે ભગવન્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળ જીવો એક સમયમાં ત્યાં-અસુર કુમારોમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નનના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાત સુધી ઉત્પન્ન થાય છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો તિર્યંચ યોનિક એવો તે જીવ વજ્ર ઋષભ નારાચ સંહનન વાળો હોય છે. તેના શરીરની અવગાહના જઘન્યથી ધનુઃપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી છ ગાઉ જેટલી હોય છે તેનું સંસ્થાન સમચતુરસ્ત્ર (ચોરસ) હોય છે. તેને પહેલી ચાર લેશ્યાઓ હોય છે તે સમ્યગ્ દૃષ્ટિ અને મિશ્ર દૃષ્ટિ હોતો નથી. પરંતુ મિથ્યા દૃષ્ટિજ હોય છે. આ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચ યોનિક જીવો મતિજ્ઞાન. શ્રુતજ્ઞાન, અને અવધિ જ્ઞાનવાળા હોતા નથી. પરંતુ નિયમથી મતિઅજ્ઞાન, અને શ્રુત અજ્ઞાન, એ બે અજ્ઞાન વાળા હોય છે મનોયોગ, વચન યોગ અને કાયયોગ એ ત્રણે યોગવાળા તેઓ હોય છે. સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ આ બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચારે સંજ્ઞાઓ તેઓને હોય છે, તેઓને ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે કાયો હોય છે. શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જીહવા. અને સ્પર્શ આ પાંચ ઇન્દ્રિયો તેમને હોય છે. વેદના-સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, અને મારણાન્તિક સમુદ્ઘાત એ રીતે એ ત્રણ સમુદ્ઘાતો તેઓને હોય છે. તેઓ સમુદ્ઘાત કરીને પણ મરે છે અને સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે. તેઓ શાતા અને અશાતા એ બન્ને પ્રકારની વેદના વાળા હોય છે. તેઓને સ્ત્રીવેદ અને પુરુષવેદ એ બે વેદ હોય છે. અહિંયાં નપુંસકવેદ હોતો નથી. અહિયાં સ્થિતિ જઘન્યથી કંઇક વધારે પૂર્વકોટિની હોય છે અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની હોય છે. તેઓને પ્રશસ્ત અને અપ્રશસ્ત એ બન્ને પ્રકારના અધ્યવસાન હોય છે. અનુબંધ પણ અહિયાં જઘન્યથી સાતિરેક પૂર્વકોટિરૂપ હોય છે. અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમાત્મક હોય છે. કાયસંવેધ અહિં ભવની અપેક્ષાથી બે ભવ ગ્રહણ કરવા રૂપ હોય છે. અને કાળની અપેક્ષાથી તે જઘન્યથી દસ હજાર વર્ષ વધારે સાતિરેક પૂર્વકોટિ રૂપ અને ઉત્કૃષ્ટથી દસ હજાર વર્ષ અધિક ત્રણ પલ્યોપમ રૂપ હોય છે. અર્થાત્ એટલા કાળ સુધી તે

અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ તિર્યંચ ગતિનું અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે. આ રીતે પહેલા ગમ પ્રમાણે અહિયાં પણ તમામ વિચાર કરવાનો છે. અને અહિયાં અસુરકુમારની સ્થિતિ અને સંવેધ કહેવા જોઈએ આ રીતે આ બીજો ગમ કહ્યો છે.

હવે ત્રીજો ગમ પ્રગટ કરવા માટે સૂત્રકાર કહે છે કે-'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' આમાં ગૌતમ સ્વામીએ પ્રભુને એવું પૂછ્યું છે કે- હે ભગવન્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળો એવો તે જીવ જો ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિ વાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! 'जहन्नेणं ति पलिओवमट्ठिइएसु उववज्जेज्जा' તે જઘન્યથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. 'एस चेव वत्तव्वया' આ પ્રમાણેનુ આ તમામ પહેલા કહેલ કથન અહીંયાં કહેવું જોઈએ. પરંતુ પહેલા ગમ કરતાં આ ગમમાં જે અંતર-ભેદ છે. તે સ્થિતિ અને અનુબંધને લઈને છે, એજ વાત 'ठिई से जहन्नेणं तिन्नि पलिओवमाइं उक्कोसेणं वि तिन्नि पलिओवमाइं' આ સૂત્રપાઠ દ્વારા અહિયાં પ્રગટ કરેલ છે. અહિયાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારથી સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે,-જ્યારે પહેલા ગમમાં જઘન્ય સ્થિતિ કંઇક વધારે પૂર્વકોટિ રૂપ અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ રૂપ કહેલ છે 'एवं अणुबंधो वि' એજ રીતે અનુબંધ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ રૂપ કહેલ છે. તથા કાયસંવેધ ભવની અપેક્ષાએ બે ભવ ગ્રહણ રૂપ છે. અને કાળની અપેક્ષાથી તે જઘન્યથી ૬ છ પલ્યોપમ રૂપ અને ઉત્કૃષ્ટથી પણ ૬ છ પલ્યોપમ રૂપ છે. પહેલાના ગમમાં કાયસંવેધ કાળની અપેક્ષાએ જઘન્યથી સાતિરેક ૧૦ દસ હજાર વર્ષ અધિક પૂર્વકોટિ રૂપ કહેલ છે. આ રીતે તે જીવ આટલા કાળ સુધી તિર્યંચગતિ અને અસુરકુમાર ગતિનુ સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે. 'सेसं तं चेव' આ રીતે સ્થિતિ અનુબંધ અને કાયસંવેધ શિવાયનું બાકીનું તમામ કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ સમજવું આ પ્રમાણે આ ત્રીજો ગમ છે.

હવે ચોથા ગમનું કથન કરવામાં આવે છે.-'सो चेव अप्पणा जहन्नकालट्ठिइओ जाओ' જો તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ

યોનિવાળો જીવ જઘન્યકાળની સ્થિતિથી ઉત્પન્ન થયો હોય અને અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે જઘન્ય ૧૦ દસ હજારવર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં તથા ઉત્કૃષ્ટથી સાતિરેક-પૂર્વકોટિ આયુષ્યવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. જે જઘન્ય કાળની સ્થિતિવાળો છે અને સાતિરેક પૂર્વકોટિ આયુષ્યવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે, એવો તે તિર્યંચ જીવ પક્ષી વિગેરેના રૂપથી ત્યાં કહેલામાં આવેલ છે, કેમકે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા પક્ષી વિગેરેનું આયુષ્ય સાતિરેક પૂર્વકોટીનું હોય છે. અને તેઓ પોતાના આયુષ્યની બરોબર જ દેવાયુનો બંધ કરે છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा अवसेसं तं चेव जाव भवादेसो त्ति' હે ભગવન્ એવા તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી તેઓ એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે એજ પ્રમાણે સંહનન, અવગાહના; સંસ્થાન, લેશ્યા, દષ્ટિ; જ્ઞાન અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા; કષાય, ઇન્દ્રિય, સમુદ્દઘાત, વેદના, વેદ, વિગેરે તમામ વિષય સંબંધી કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ અહિયાં પણ સમજવું. આ કથનમાં પહેલા ગમ કરતાં જે અંશમાં જુદાપણું છે તે સૂત્રકાર 'नवरं ओगाहणा जहण्णेणं धणुपुहुत्तं' उक्कोसेणं सातिरेगं धणुस्सहस्सं' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરે છે.-અહિયાં અવગાહના જઘન્યથી ધનુ: પૃથકૃત્વની છે અને ઉત્કૃષ્ટથી કંઇક વધારે એક હજાર ધનુષ રૂપ છે, પહેલા ગમમાં શરીરની અવગાહના જઘન્યથી ધનુષ પૃથક્ત્વ રૂપ અને ૬ છ ગવ્યૂત (બાર ગાઉ) રૂપ પ્રગટ કરેલ છે. પરંતુ અહિયાં જઘન્યથી ધનુષ પૃથક્ત્વ રૂપ અને ઉત્કૃષ્ટથી કંઇક વધારે એક હજાર ધનુષ રૂપ પ્રગટ કરેલ છે. આ રીતનું આ કથન સાતમા કુલકરની પહેલા થયેલ હાથી વિગેરે તિર્યંચ જીવોની અપેક્ષાથી કહેવામાં આવેલ છે. તેમ સંભાવના કરવામાં આવે છે. કેમકે-અહિયાં અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવોનું પ્રકરણ ચાલે છે, તો આ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવો કંઇક વધારે પૂર્વકોટિની આયુવાળા હોય છે. તેમ શાસ્ત્રમાં બતાવેલ છે. તો આવા તે તિર્યંચ જીવ હાથી વિગેરે રૂપ સાતમા કુલકરના પહેલાના કાળમાં થયેલા હોય છે. તથા જ્યારે સાતમા કુલકરના શરીરની અવગાહના ૫૨૫ પાંચસો પચીસ ધનુષની હતી તો તેઓના પહેલાના જીવોની અવગાહના આ અવગાહનાથી પણ અધિકતર હશે તેવી એ વાત માનવી જોઇએ કે-અહિયાં શરીરની અવગાહના જે કંઇક વધારે એક હજાર ધનુષની પ્રગટ કરેલ છે. તે સાતમા કુલકરની અવગાહના કરતાં બમણી કહેલ છે. અને તે સાતમા કુલકરની પહેલાના હાથી વિગેરે તિર્યંચ જીવો-કે જેઓ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા હોય છે.

તેમની હોય છે. તેમ માનવામાં આવે છે. 'ठिई जहण्णेणं सातिरेगा पुव्व-कोडी' અહિયાં સ્થિતિ જઘન્યથી પણ કંઇક વધારે એક પૂર્વકોટિ રૂપ છે. પહેલા ગમમાં પણ જઘન્ય સ્થિતિ એજ પ્રમાણે કહી છે. 'एवं अणुबंधो वि' સ્થિતિ રૂપ હોવાથી અનુબંધ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિ રૂપ છે. કાયસંવેધ ભવની અપેક્ષાએ પહેલા ગમ પ્રમાણે બે ભવ ગ્રહણ રૂપ છે. અને કાળની અપેક્ષાએ તે જઘન્યથી દસ હજાર વર્ષ અધિક સાતિરેક પૂર્વકોટિ રૂપ જ છે. આ રીતે આટલા કાળ સુધી તે તિર્યંચ ગતિ અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન આવજા કરે છે, આ પ્રમાણે આ ચોથો ગમ કહ્યો છે.

હવે પાંચમો ગમ કહેવામાં આવે છે—'सो चेव जहण्णकालट्ठिइएसु उववज्जेज्जा' અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક એવો તે જીવ જો જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો ત્યાં પણ પહેલા ગમમાં કહ્યા પ્રમાણેનું કથન કહેવું જોઇએ. અર્થાત્ ગૌતમસ્વામીએ જ્યારે પ્રભુને એવું પૂછયું છે કે–હે ભગવન્ જો તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–હે ગૌતમ! એવો તે જીવ જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિ વાળા અસુર કુમારોમાં તથા ઉત્કૃષ્ટથી પણ દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? એ પ્રશ્નનો ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ જઘન્યથી ત્યાં અસુર કુમારોમાં એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. એજ રીતે સંહનન દ્વારમાં–તેઓ વજ્રઋષભનારાચસંહનનવાળા હોય છે. ૩ અવગાહના દ્વારમાં તેમની અવગાહના જઘન્યથી ધનુઃ પૃથક્ત્વ રૂપ હોય અને ઉત્કૃષ્ટથી સાતિરેક એક હજાર ધનુષ પ્રમાણુ હોય છે. ૪ સંસ્થાન દ્વારમાં તેઓનું સંસ્થાન સમચતુરસ્ર હોય છે. લેશ્યાદ્વારમાં ચાર લેશ્યાઓ હોય છે. તેઓ દૃષ્ટિદ્વારમાં–સમ્યગ્દૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિવાળા હોતા નથી પણ મિથ્યાદૃષ્ટિવાળા જ હોય છે. જ્ઞાન દ્વારમાં તેઓ જ્ઞાની હોતા નથી પરંતુ નિયમથી અજ્ઞાની હોય છે. તેઓને મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાનો હોય છે. યોગદ્વારમાં–તેઓ મનોયોગ, વચન યોગ અને કાયયોગ વાળા હોય છે. ઉપયોગ દ્વારમાં

-તેઓ સાકાર ઉપયોગવાળા અને અનાકાર ઉપયોગવાળા એમ બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. સંજ્ઞાદ્વારમાં-તેઓ આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ, આ ચાર સંજ્ઞાઓવાળા હોય છે. કષાયદ્વારમાં-તેઓ ચારે કષાયોવાળા હોય છે. ઇન્દ્રિય દ્વારમાં તેઓ પાંચે ઇન્દ્રિયોવાળા હોય છે. સમુદ્ઘાત દ્વારમાં-તેઓ વેદના, કષાય, અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાતવાળા હોય છે. વેદના દ્વારમાં-તેઓ શાતારૂપ અને અશાતા રૂપ એમ બન્ને પ્રકારની વેદનાવાળા હોય છે. વેદ દ્વારમાં-તેઓ સ્ત્રીવેદ અને પુરૂષ વેદ એ બે વેદ વાળા હોય છે. તેઓને નપુંસકવેદ હોતો નથી અધ્યવસાય દ્વારમાં તેઓને પ્રશસ્ત અધ્યવસાય અને અપ્રશસ્ત અધ્યવસાય આ બન્ને પ્રકારના અધ્યવસાયો હોય છે. અહિયાં અનુબંધ સ્થિતિ પ્રમાણે જ હોય છે. 'नवरं असुरकुमारठिइं संवेहं च जाणेज्जा' અહિયા સ્થિતિ દ્વાર કે જે ૧૭ સત્તરમું દ્વાર છે અને ૨૦ વીસમું જે કાયસંવેધ દ્વાર છે તે વિચારીને કહી લેવું જોઈએ.

આ રીતે આ પાંચમો ગમ કહ્યો છે.

હવે છઠ્ઠો ગમ કહેવામાં આવે છે—'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' જો તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય તો 'जहन्नेणं सातिरेकपुव्वकोडीआउएसु' જઘન્યથી સાતિરેક-પૂર્વકોટિની આયુષ્યવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. અથવા 'उक्कोसेण वि साइरेगपुव्वकोडिएसु उवव०' ઉત્કૃષ્ટથી પણ સાતિરેક-પૂર્વકોટિની આયુષ્યવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે. 'सेसं तं चेव' આ કથન શિવાયનું બાકીનું પ્રશ્નોત્તર રૂપ તમામ કથન અહિયાં પહેલા કહ્યા પ્રમાણે જ સમજવું. જેમકે-એવા તે જીવો ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? તો તે પ્રશ્નનો ઉત્તર એવો છે કે-એવા તે જીવો એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો ઉત્પન્ન થાય છે. એજ રીતે અવગાહના વિગેરે દ્વારોના સંબંધમાં પણ કથન સમજવું. પરંતુ કાળની અપેક્ષાથી તે જીવ જઘન્યથી સાતિરેક-કંઇક વધારે-બે પૂર્વકોટિ સુધી અને ઉત્કૃષ્ટથી પણ સાતિરેક-બે પૂર્વકોટિ સુધી એ તિર્યંચ ગતિનું અને અસુરકુમારગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે ગતિમાં ગમનાગમન કરે છે.

આ પ્રમાણે આ છઠ્ઠો ગમ છે.

હવે સાતમા ગમનું કથન કરવામાં આવે છે—'सो चेव अप्पणा उक्कोसट्ठिइओ जाओ' અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિથી ઉત્પન્ન થયો હોય તે જો અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તો તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? તથા તેઓ ત્યાં એક સમયમાં કેટલા

ઉત્પન્ન થાય છે ? આ તમામ પ્રશ્નોત્તરો રૂપ કથન તથા સંહનન, સંસ્થાન, વિગેરે દ્વારો સંબંધી કથન પહેલા ગમ પ્રમાણે જ છે, પરંતુ અહિયાં સ્થિતિ, અનુબંધ અને કાયસંવેધમાં જુદાપણુ છે. તે આ પ્રમાણે છે—અહિયાં સ્થિતિ જઘન્યથી ત્રણ પલ્નોપમની છે અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. પહેલા ગમમાં જઘન્ય સ્થિતિ સાતિરેક પૂર્વકોટિ પ્રમાણ કહેવામાં આવી છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે. આજ રીતનું કથન—અનુબંધના સંબંધમાં પણ છે. અર્થાત્ તે અનુબંધ પણ આ સાતમાં ગમમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ રૂપ જ છે. કાય સંવેધ-ભવની અપેક્ષાથી બે ભવોને ગ્રહણ કરવા રૂપ છે. તથા કાળની અપેક્ષાએ જઘન્યથી દસ હજાર વર્ષ અધિક ત્રણ પલ્યોપમનો અને ઉત્કૃષ્ટથી ૬ છ પલ્યોપમનો છે આ રીતે તે જીવ આટલા કાળ સુધી તે તિર્યંચ ગતિનુ અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે એ ગતિમાં ગમનાગમન કરે છે. આ પ્રકારે સ્થિતિ અનુબંધ અને કાયસંવેધમાં ભિન્નપણું છે. અને બાકીનું તમામ કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ છે તેમ સમજવું.

આ રીતે સાતમો ગમ છે.

હવે આઠમા ગમનું કથન કરવામાં આવે છે.—'सो चेव जहन्नकालट्ठिइएसु उववन्नो' જો તે અસંખ્યાત વર્ષની આયુષ્કવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તો તે સંબંધમાં પણ એજ કથન કહેવું જોઇએ. અર્થાત્ જ્યારે તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ જઘન્ય કાળની સ્થિતિ વાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં તથા ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે. એજ રીતે તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતપણે ઉત્પન્ન થાય છે. વિગેરે તમામ પ્રશ્નોત્તર રૂપ કથન સંહનન સંસ્થાન વિગેરે દ્વારો સંબંધી કથન પહેલા ગમ પ્રમાણે જ અહિયાં પણ કહેવું જોઈએ. 'नवरं असुरकुमारट्ठिइं संवेहं च जाणिज्जा' અહિયાં અસુરકુમારોની સ્થિતિ અને સંવેધ વિચારીને કહેવો જોઈએ.

આ રીતે આ આઠમો ગમ કહ્યો છે.

હવે નવમા ગમનું કથન કરવામાં આવે છે—'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' હે ભગવન્ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જ્યારે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિ વાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! 'जहन्नेणं पलिओवमट्ठिइएसु उक्कोसेणं वि ति पलिओवमट्ठिइएसु उववज्जेज्जा' જઘન્યથી તે એક પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. વિગેરે તમામ પ્રશ્નોત્તર રૂપ કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણે જ અહિયાં પણ કહેવું. એજ વાત 'एस चेव वत्तव्वया' આ સૂત્રપાઠ દ્વારા કહેલ છે. પહેલાના પ્રકરણ કરતાં અહિનાં આ પ્રકરણમાં જે વિશેષ પણું છે, તે આ પ્રમાણે છે.-'नवरं कालादेसेणं जहन्नेणं छ पलिओवमाइं०' અહિયાં જઘન્યથી તે જીવ કાળની અપેક્ષાએ છ પલ્યોપમ સુધી એ તિર્યંચગતિનું અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તેમાં ગમના ગમન કરે છે. એ રીતે આ નવમો ગમ છે. ॥સૂ૦ ૧॥

## સંખ્યાતવર્ષાયુષ્ક સંજ્ઞી પશ્ચેન્દ્રિતિર્યયો કા અસુરકુમારોં મેં ઉત્પતિ કા નિરૂપણ

આ ક્રમથી અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનું અસુરકુમારોમાં ઉત્પાદ વિગેરે બતાવીને સૂત્રકાર નીચે પ્રમાણે-સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનું અસુરકુમારોમાં ઉત્પત્તિ વિગેરે બતાવવા નીચે પ્રમાણેનો સૂત્રપાઠ કહે છે-'जइ संखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो' ઈત્યાદિ

ટીકાર્થ—હે ભગવન્ જો સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવોમાંથી આવીને જીવ અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. તો શું તેઓ જલચરોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે સ્થળચરોમાથી

આવીને ઉત્પન્ન થાય છે? કે ખેચરોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! તેઓ જલચરોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે. સ્થલચરોમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે, અને ખેચરોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે—હે ભગવન્ જો જલચરો વિગેરેમાંથી આવીને જીવ અસુર કુમારોની પર્યાયથી ઉત્પન્ન થાય છે. તો શું તેઓ પર્યાપ્ત જલચરો વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે-અપર્યાપ્ત જલચરાદિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! પર્યાપ્ત જલચરાદિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. ફરી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે-'पज्जत्तसंखेज्जवासाउय सन्नि पंचिंदिय०' હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તો તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! હે ગૌતમ! जहन्नेणं दसवाससहस्स०' તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી 'साइरेग सागरो०' સાતિરેક સાગરોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. અહિયાં જે 'સાતિરેક સાગરોપમની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે.' એવું કહ્યું છે, તે બલીન્દ્રનિકાયનો આશ્રય કરીને કહ્યું છે.

હવે ગૌતમસ્વામી પુનઃ પ્રભુને એવું પૂછે છે કે-'तेणं भंते जीवा एगसमएणं केवइया उव०' હે ભગવન્ એવા તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે? તો આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું 'एवं एएसिं रयणप्पभा पुढवीगमसरिसा णव गमगा णेयव्वा' હે ગૌતમ! આ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવોને આ સંબંધમાં રત્નપ્રભા પૃથ્વીના પ્રકરણમાં કહેલા નવ ગમ પ્રમાણે નવ ગમો કહેવા જોઇએ, અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીને ઉદ્દેશીને જેમ નવ ગમો કહેવામાં આવ્યા છે-જેમકે-ત્રણ ગમો ઔધિક તથા જઘન્ય કાળની સ્થિતિવાળા ને જઘન્ય કાળની સ્થિતિવાળાઓમાં ઉત્પત્તિ રૂપ ૩ ત્રણ ગમ તથા જઘન્ય કાળની સ્થિતિ વાળાને ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળાઓમાં ઉત્પત્તિ રૂપ ૩ ત્રણ ગમ એ પ્રમાણે આ નવ ગમો કહેવામાં આવ્યા છે. એજ રીતે અહિયાં પણ ઔધિક વિગેરે ત્રણ ગમો કહેવા જોઇએ. પરંતુ રત્નપ્રભાની અપેક્ષાએ જે ભિન્નપણું છે. તે 'नवरं जाहे अप्पणा जहन्नकालट्ठिइओ भवइ ताहे तिसु वि गमएसु इमं णाणत्तं' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરતાં સૂત્રકાર કહે છે કે-

'चत्तारि लेस्साओ' જ્યારે તે જઘન્યકાળની સ્થિતિવાળો હોય છે. ત્યારે વચ્ચેના ત્રણ ગમોમાં આ રીતે જુદાઈ થાય છે. કે તેઓને ચાર લેશ્યાઓ હોય છે. તેમને અધ્યવસાન પ્રશસ્ત હોય છે. અપ્રશસ્ત હોતુ નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે-જ્યારે તે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોની વાળો જઘન્ય કાળની સ્થિતિવાળો હોય અને ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય તો તે આ ૪-૫-૬ ત્રણે ગમોમાં રત્નપ્રભા પૃથ્વીના ગમ કરતા આ પહેલાં કહેલ ભેદ હોય છે. એજ વાત 'चत्तारि लोस्साओ अज्झवसाणा पसत्था नो अप्पसत्था' આ સૂત્રપાઠથી પ્રગટ કરેલ છે. અહિયાં જે ચાર લેશ્યાઓ હોવાનું કહ્યું છે. તે દેવોને તૈજસ લેશ્યાના સદ્ભાવથી કહેલ છે રત્નપ્રભામાં જવાવાળા જઘન્ય સ્થિતિવાળાને પહેલી એટલે કે કૃષ્ણ, નીલ, અને કાપોત એ ત્રણ જ લેશ્યાઓ કહી છે. જ્યારે અહિયાં ચાર લેશ્યાઓ કહી છે કેમ કે-અસુરકુમારોમાં તેજોલેશ્યા વાળાઓની ઉત્પત્તિ હોય છે, તથા રત્નપ્રભા નરકમાં જવાવાળા જઘન્ય સ્થિતિ વાળાઓને અધ્યવસાન સ્થાન અપ્રશસ્તજ હોય છે. પરંતુ અહિયાં પ્રશસ્ત જ કહ્યો છે, ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળાને તો પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને પ્રકારના અધ્યવસાન સ્થાન હોય છે, પણ અલ્પ સ્થિતિવાળાઓમાં બન્ને પ્રકારના અધ્યવસાન આત્મપરિણામ સ્થાન હોતા નથી. કેમકે-ત્યાં કાળનું અલ્પપણુ રહે છે. તથા કાયસંવેધમાં રત્નપ્રભાના ગમોમાં સંવેધ સાગરોપમનો કહ્યો છે. પરંતુ અહિયાં અસુરકુમારોમાં તે કાંઈક વધારે સાગરોપમનો કહ્યો છે. કેમકે-બલીન્દ્ર પક્ષની અપેક્ષાએ એનો જ સંભવ છે. 'अज्झवसाणा पसत्था' એ પ્રમાણે જે કહ્યું છે તે પ્રશસ્ત ભાવોથી અધ્યવસાન પ્રશસ્ત જ હોવાને કારણે કહેલ છે. 'सेसं तं चेव' આ કથન શિવાયનું બાકીનું પરિમાણ, ઉત્પાત, અવગાહના, સંહનન, સંસ્થાન વિગેરે દ્વારા સંબંધનું કથન રત્નપ્રભાના ગમ પ્રમાણે જ સમજી લેવું. સ્થિતિ અને અનુબંધ પણ પૂર્વોક્ત રીતે જ અહિયાં સમજવા. કાયસંવેધમાં એટલોજ ભેદ છે કે-અહિયાં તે સાતિરેક સાગરોપમ કહેલ છે. આ ભવની અપેક્ષાથી બે ભવ ગ્રહણ રૂપ છે. તથા કાળની અપેક્ષાએ આ જઘન્યથી પહેલા કહ્યા પ્રમાણે જ છે. અને ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ રૂપ છે. એટલા કાળ સુધી તે તિર્યંચ ગતિનું અને અસુરકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે એ ગતિમાં ગમનાગમન કરે છે. આ પ્રમાણે આ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોનો નવમો ગમ કહ્યો છે ાાસૂ. ૨ાા

આ રીતે સંખ્યાત વર્ષની આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળા તિર્યંચોમાંથી અસુરકુમારોની ઉત્પત્તિનું કથન કરીને હવે સૂત્રકાર મનુષ્યોમાંથી અસુરકુમારોની ઉત્પત્તિ બતાવવા માટે નીચે પ્રમાણે સૂત્ર કહે છે–'जइ मणुस्सेहिंतो उववज्जंति किं सन्निमणुस्सेहिंतो' ઇત્યાદિ

ટીકાર્થ—હે ભગવન્ જો અસુરકુમારો મનુષ્યોમાંથી જ ઉત્પન્ન થાય છે, તો શું તેઓ સંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે? કે અસંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! તેઓ સંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી હવે ગૌતમ સ્વામી પ્રભુને એવું કહે છે કે–જો તે સંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું તેઓ સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! તેઓ સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી પણ ઉત્પન્ન થાય છે અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે—હે ભગવન્ સંખ્યાત વર્ષની આયુષ્યવાળો જે સંજ્ઞી મનુષ્ય અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તે મનુષ્ય કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં તે ઉત્પન્ન થાય છે. કેમકે દેવકુરૂ આદિના મનુષ્ય પોતાની આયુષ્ય સરખી જ દેવઆયુનો બંધક હોય છે. આ રીતે અહિં અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચ યોનિવાળા જીવના પ્રકરણમાં કહેલા પહેલાના ત્રણ ગમો અહિયાં કહી લેવા જોઇએ. અર્થાત્ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળાનું તમામ પ્રકરણ અહિયાં સમજી લેવું જોઈએ. પરંતુ તિર્યંચ ગમ કરતાં અહિયાં જે જુદાપણુ છે. તે સૂત્રકાર પોતે જ અહિયાં 'नवरं सरीरोगाहणा पढमबिइएसु गमएसु' આ સૂત્રપાઠ દ્વારા બતાવે

છે. આ સૂત્ર પાઠથી એ સમજાય્યું છે. કે-પહેલા અને બીજા ગમમાં શરીરની અવગાહના જઘન્યથી સાતિરેક પાંચસો ધનુષ અને ઉત્કૃષ્ટથી ત્રણ ૩ ગવ્યૂતિ (છ ગાઉ) પ્રમાણ હોય છે. આમાં પહેલો ગમ ઔઘિક ઔઘિકમાં અને બીજો ગમ ઔઘિક જઘન્ય સ્થિતિ વાળાઓમાં છે, જેમ કે-અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો મનુષ્ય જઘન્યથી સાતિરેક ૧૦૦ સો ધનુષ પ્રમાણ શરીરવાળો હોય છે. જેમકે-તે સાતમાં કુલકર પહેલાના કાળમાં મૈથુનિક મનુષ્ય હોય છે. અને ઉત્કૃષ્ટથી તે ત્રણ ૩ ગવ્યૂતિ (છ ગાઉ) પ્રમાણના શરીરવાળો હોય છે. જેમકે-દેવકુરુ વિગેરેના મૈથુનિક મનુષ્ય હોય છે. આ રીતે તે પહેલા ગમમાં અને બીજા ગમમાં બન્ને પ્રકારવાળો પણ સંભવિ શકે છે. કેમકે-એજ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ત્રણ પલ્યોપમની આયુષ્યવાળાઓમાં ઉત્પન્ન થાય છે. અને એજ ઉત્કૃષ્ટથી પોતાની આયુની બરોબરની આયુષ્યનો બંધ કરનાર હોય છે. 'सेसं तं चेव' આ કથન શિવાયનું બીજુ જે ઉત્પાદ, સંહનન, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ સમુદ્ઘાત, જ્ઞાન અજ્ઞાન, યોગ, ઉપયોગ, સ્થિતિ, અનુબંધ, અને કાયસંવેધ સંબંધનું કથન છે, તે તમામ તિર્યંચના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સમજી લેવું. 'तईयगमे ओगाहणा जहण्णेणं तिन्नि गाउयाइं' ત્રીજા ગમમાં અવગાહના જઘન્યથી ત્રણ ગવ્યૂતિ પ્રમાણ જ છે, અને 'उक्कोसेणं वि०' ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ પ્રમાણ જ છે. અને 'सेसं जहेव तिरिक्खजोणियाणं' ત્રીજા ગમમાં બાકીનું કથન તિર્યંચ યોનિકોની જેમ જ છે. અર્થાત્ શરીરની અવગાહના શિવાય બીજુ તમામ લેશ્યા, દૃષ્ટિ, સંજ્ઞા, સમુદ્ઘાત, જ્ઞાન અજ્ઞાન; યોગ અને ઉપયોગ વિગેરે તમામ ત્રણે ગમોમાં પણ તિર્યંચ યોનિકના ત્રણ ગમ પ્રમાણે જ સમજવું જોઇએ.

આ રીતે આ ત્રીજો ગમ છે.

ત્રણ ગમમાં અંતર્ગત બીજો ગમ આ રીતે છે—'सोचेव अप्पणा जहण्णकालट्ठिइओ जाओ' અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો એજ સંજ્ઞી મનુષ્ય જીવ કે જે જઘન્ય કાળની સ્થિતિથી ઉત્પન્ન થયો હોય છે. એવો જીવ જો જઘન્ય કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'तस्स वि जहन्नकालट्ठिइय तिरिक्खजोणियसरिसा तिन्नि गमगा भाणियव्वा' હે ગૌતમ ! આ જઘન્ય કાળની સ્થિતિવાળા જીવને કે જે જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે સંબંધમાં જઘન્ય કાળની સ્થિતિવાળા તિર્યંચયોનિક પ્રમાણેના ત્રણ ગમો કહી લેવા. અર્થાત્ જે રીતે જઘન્ય કાળની સ્થિતિવાળા તિર્યંચ યોનિવાળા જીવને ઉત્પાત, પરિમાણ, સંહનન, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, વિગેરે દ્વારોના

સંબંધમાં કહેવામાં આવ્યું છે, એજ રીતનુ કથન આના સંબંધમાં અહિયાં પણ કહી લેવું જોઈએ. પરંતુ તિર્યંચ યોનિક જીવોના ગમ કરતાં અહિંના ગમોમાં જે જુદાઇ છે, તે બતાવવા સૂત્રકારે 'नवरं सरीरोगाहणा तिसु वि गमएसु' આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરેલ છે.

આ સૂત્રપાઠથી એ સમજાવવામાં આવ્યું છે કે-અહિયાં ત્રણે ગમોમાં શરીરની ઉંચાઈ જઘન્ય અને ઉત્કૃષ્ટથી કંઈક વધારે પાંચસો ધનુષની છે. 'सेसं तं चेव' શરીરની અવગાહના શિવાયનું બાકી તમામ કથન તિર્યંચ યોનિવાળાના પ્રકરણ પ્રમાણે જ છે, એજ રીતે ચોથો, પાંચમો અને છટ્ઠો એ ત્રણ ગમો પણ સમજી લેવા.

હવે સાતમા, આઠમા અને નવમા ગમને બતાવવા માટે સૂત્રકાર કહે છે કે-'सो चेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ' જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિ વાળો છે, અને અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો આ સંબંધમાં પણ 'तस्स वि ते चेव पच्छिल्लगा तिन्नि गमगा भाणियव्वा' તે વિષયમાં છેલ્લા ત્રણ ગમો કહેવા જોઈએ. જેમકે-ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો તે મનુષ્ય જો અસુર કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો હે ભગવન્ તે કેટલા કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે? તથા એવા તે મનુષ્યો ત્યાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? વિગેરે તમામ પ્રશ્નોત્તર સંબંધમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા તિર્યંચ યોનિવાળા જીવોના સંબંધમા કહેલ છેલ્લા ત્રણ ગમો પ્રમાણે અહિયાં છેલ્લા ત્રણ ગમો સમજવા. પરંતુ આ ગમોમાં તે ગમો કરતાં જે જુદાઈ છે તે સૂત્રકાર બતાવતાં કહે છે. 'नवरं' ઇત્યાદિ અહીં શરીરની અવગાહના ત્રણે ગમોમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ (બાર ગાઉ) પ્રમાણની છે. 'अवसेसं तं चेव' બાકીનું બીજુ તમામ કથન તિર્યગ્યોનિકોના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ છે. આ રીતે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યને ઉદ્દેશીને ઉત્પાદ વિગેરે કહેવામાં આવ્યા છે.

હવે સૂત્રકાર સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યને ઉદ્દેશીને તેઓનું કથન કરે છે. આ વિષયમાં ગૌતમસ્વામીએ પ્રભુને એવું પૂછયું છે કે 'जइ संखेज्जवासाउयसन्निमणुस्सेहिंतो उववज्जइ' જો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને અસુરકુમારોમાં ઉત્પન્ન થાય તો તે किं पज्जत्तसंखेज्जवासाउय० अपज्जत्त०' શું પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાથી આવીને અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે-'गोयमा!' હે ગૌતમ' 'पज्जत्तसंखेज्जवासाउय० नो अपज्जत्तसंखेज्जवासाउय०' પર્યાપ્ત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ અપર્યાપ્ત અસખ્યાત વર્ષની આયુષ્યવાળા મનુષ્યોમાંથી આવીને

અસુરકુમારોમાં ઉત્પન્ન થતા નથી. ફરીથી ગૌતમસ્વામી પૂછે છે કે— 'पज्जत्तसंखेज्जवासाउयसन्निमणुस्सेणं भंते !' હે ભગવન્ જે મનુષ્ય પર્યાપ્ત છે, સંખ્યાત વર્ષની આયુષ્યવાળા છે, અને સંજ્ઞી છે, તે જો અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તો તે 'केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' કેટલા કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે-'गोयमा !' હે ગૌતમ ! 'जहण्णेणं दसवाससहस्सट्ठिएसु उक्कोसेण सातिरेगसागरोवमट्ठिइएसु उववज्जेज्जा' જઘન્યથી તે દસ હજાર વર્ષની સ્થિતિ-વાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી કંઇક વધારે સાગરો-પમની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભદન્ત એવા તે મનુષ્યો અસુરકુમારાવાસમાં અસુરકુમારની પર્યાયથી કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! એવા તે જીવો ત્યાં અસુરકુમારોની પર્યાયથી જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. આ રીતે પહેલાં કહેલ પ્રકારથી તમામ કથન અહિયાં કહી લેવું. એ વાત બતાવવા માટે 'एवं जहेव एएसिं रयणप्पभाए पुढवीए उववज्जमाणाणं णव गमगा' સૂત્રકારે આ સૂત્રપાઠ કહ્યો છે. આમાં એ બતાવવામાં આવ્યું છે કે-જે રીતે રત્ન-પ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થવાવાળા મનુષ્યોને નવ ગમો કહ્યા છે, એજ રીતે અહિયાં પણ નવ ગમો કહેવા જોઇએ. તે કથન કરતાં અહિં જે જુદાપણુ છે. તે કાયસંવેધના સંબધમાં છે. કેમકે તે અહિયાં કાળની અપેક્ષાએ કંઈક વધારે સાગરોપમનો છે. 'सेसं तं चेव' બાકીનું બીજુ તમામ આ કથન શિવા-યનું કથન રત્નપ્રભાના ગમ પ્રમાણેનું જ છે. આ વિષય જો વિસ્તાર પૂર્વક સમજવો હોય તો રત્નપ્રભા ગમ જોઇને સમજી લેવો. 'सेवं भंते ! सेवं भंते ! त्ति' હે ભગવન્ તિર્યગ્યોનિવાળાઓના અને મનુષ્યોના અસુરકુમા રોના વીસ દ્વાર રૂપ જે ઉત્પાદ પરિમાણ, વિગેરે આપ દેવાનુપ્રિયે કહ્યા છે, તે સર્વથા સત્ય છે. આપ દેવાનુપ્રિયનું કથન સર્વથા સત્યજ છે. આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાન પર બિરાજમાન થયા ॥સૂ. ૩॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ચોવીસમા શતકનો બીજો ઉદ્દેશો સમાપ્ત ॥૨૪-૨॥

ત્રીજા ઉદ્દેશાનો પ્રારંભ—

આ રીતે બીજા ઉદ્દેશાનું નિરૂપણુ કરીને હવે સૂત્રકાર ક્રમથી આવેલ નાગકુમાર વિગેરેનો આશ્રય કરીના આ ત્રીજા ઉદ્દેશાની પ્રરૂપણા કરે છે.

'रायगिहे जाव एवं वयासी' ઇત્યાદિ

ટીકાર્થ—રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણુ થયું, પરિષદ્ પોત પોતાના સ્થાનેથી ભગવાનને વંદના કરવા નીકળી, ભગવાને ત્યાં ધર્મદેશના આપી. ધર્મદેશના સાંભળીને પરિષદ્ ભગવાનને વંદના નમસ્કાર કરીને પાછી ગઈ તે પછી ગૌતમ સ્વામીએ ભગવાનને વંદના કરી અને નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરીને તે પછી ગૌતમસ્વામીએ બન્ને હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પૂછયું-'णागकुमारा णं भंते ! कओहिंतो ! उववज्जंति' હે ભગવન્ ભવનપતિદેવ વિશેષ જે નાગકુમારો છે. તેઓ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? 'किं नेरइएहिंतो उववज्जंति' શું નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા 'तिरिक्खजोणिएहिंतो उववज्जंति' તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા 'मणुस्सेहिंतो उववज्जंति' મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા 'देवेहिंतो उववज्जंति' દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'णो णेरइएहिंतो उववज्जंति' તેઓ નૈરઇકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. પરંતુ 'तिरिक्ख-जोणिएहिंतो उववज्जंति' તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. 'मणुस्सेहिंतो उववज्जंति' મનુષ્યોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે. તેઓ 'णो देवेहिंतो उववज्जंति' દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થતા નથી. હે ગૌતમ ! જે જીવ નાગકુમારોની પર્યાયથી નાગકુમારાવાસમાં ઉત્પન્ન થાય છે. તેઓ નૈરઇકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. અને દેવોમાંથી આવીને પણ ઉત્પન્ન થતા નથી. પરંતુ તિર્યંચો અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

ફરીથી ગૌતમસ્વામી આ સંબંધમાં પ્રભુને પૂછે છે કે—'जइ तिरिक्ख-जोणिएहिंतो उववज्जंति' હે ભગવન્ જો તેઓ તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો તે સંબંધમાં અસુરકુમારોનું જે પ્રમાણે કથન કર્યું છે. એજ રીતનું કથન યાવત્ અસંજ્ઞી સુધીનું અહિયાં આ નાગકુમારોમાં પણ કહી લેવું અર્થાત્ આ નાગકુમારોનું કથન અસુરકુમારોના કથન પ્રમાણે સમજવું અસુરકુમારોના કથનમાં નાગકુમારોનો અતિદેશ કર્યો છે જેથી નારકના પ્રકરણુ અનુસાર નાગકુમારોનું પ્રકરણ આ નીચે કહ્યા પ્રમાણે અહિયાં સમજવું -હે ભગવન જો તિર્યંચ યોનિકોમાંથી આવીને નાગકુમાર ઉત્પન્ન

થાય છે,-તો શું તેઓ એકેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અગર બે ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા ત્રણ ઇંદ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા ચાર ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? અથવા પાંચ ઇન્દ્રિયવાળા તિર્યંચો માથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! તેઓ એકેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. તેમ બે ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને પણ ઉત્પન્ન થતા નથી તેમજ ત્રણ ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને પણ ઉત્પન્ન થતા નથી અને ચાર ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી પણ આવીને ઉત્પન્ન થતા નથી પરંતુ તેઓ પાંચ ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી આ બાબતમાં પ્રભુને પૂછે છે કે-હે ભગવન્ જો પાંચ ઇન્દ્રિયવાળા તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ સંજ્ઞી તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! તેઓ સંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચો માંથી આવીને પણ ઉત્પન્ન થાય છે અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે, આ વિષયમાં ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જો તેઓ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ જલચર-પ્રાણીમાં રહેવાવાળા અથવા સ્થલચર-ભૂમિ પર રહેવાવાળા અથવા ખેચર-આકાશમાં રહેવાવાળાઓમાંથી આવીને ઉત્પન્ન થાય છે? જો તેઓ જલચરો વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ પર્યાપ્ત જલચર વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે, કે અપર્યાપ્ત જલચર વિગેરેમાંથી આવીને ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! તેઓ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયં તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયતિર્યંચોમાથી આવીને ઉત્પન્ન થતા નથી.

ગૌતમસ્વામી ફરીથી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ જો તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ કે જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને

યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ-પ્રમાણ સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. આ રીતે હે ભગવન્ તે જીવો એક સમયમાં ત્યાં કેટલા ઉત્પન્ન થાય છે ? વિગેરે તમામ પ્રશ્નો અને તેના ઉત્તરો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ સમજવું. એ માટે 'जाव असन्निति' એ પ્રમાણે સૂત્રકારે કહ્યું છે. વિશેષપણું કેવળ એટલું જ છે કે-તે પ્રકરણમાં જ્યાં જ્યાં નારક એ પ્રમાણેનું પદ આપવામાં આવ્યું હોય ત્યાં ત્યાં આ પ્રકરણમાં નાગકુમાર પદ મૂકીને સમગ્ર પ્રકરણ અહિં સમજી લેવું.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે—'जइ सन्निपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' હે ભગવન્ જો નાગકુમારો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તેઓ 'संखेज्जवासाउय०' असंखेज्जवासाउय०' સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે-અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય-તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–'गोयमा !' હે ગૌતમ ! 'संखेज्जवासाउय० असंखेज्ज वासाउय० उव०' તેઓ સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તથા અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે. હવે ગૌતમસ્વામી પ્રભુને ફરીથી એવું પૂછે છે કે–'असंखेज्जवासाउय सन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते !' હે ભગવન્ અસંખ્યાત વર્ષની આયુષ્ય વાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ 'जे भविए नागकुमारेसु उववज्जित्तए' જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, 'से णं भंते ! केवइयकालट्ठिइएसु उववज्जेज्जा' તેઓ કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा ! હે ગૌતમ ! 'जहन्नेणं दसवाससहस्स०' જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી કંઇક ઓછા બે પલ્યોપમની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. અહિયાં જે કંઈક ઓછા બે પલ્યોપમ એવું કહેલ છે તે ઉત્તરના નાગકુમારનિકાયોને ઉદ્દેશીને કહ્યું છે. કેમકે-ઉત્તર દિશાના નાગકુમાર નિકાયોમાં ઉત્કૃષ્ટથી કંઈક ઓછી બે પલ્યોપમની સ્થિતિ હોય છે. કહ્યું પણ છે કે 'दाहिणदिवड्ढपलियं दो देसूणुत्तरिल्लाणं' દક્ષિણ દિશાના નાગ-કુમારોની સ્થિતિ દોઢ પલ્યોપમની છે. અને ઉત્તર દિશાના નિકાયોની સ્થિતિ

કંઈક કમ બે પલ્યોપમની છે. હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'તે णं भंते ! जीवा एगसमएणं.' હે ભગવન્ તે જીવો એક સમયમાં ત્યાં નાગકુમારાવાસમાં કેટલા ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! જઘન્યથી ત્યાં એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. આ રીતે-'अवसेसो सोचेव असुरकुमारेसु उववज्जमाणस्स गमगो भाणियव्वो जाव भवादेसोत्ति' આ અસુરકુમારોમાં ઉત્પન્ન થવાવાળા અસંખ્યાત વર્ષની આયુવાળા તિર્યંચોનો પાઠ યાવત્ ભવાદેશ સુધીનો અહિયાં પૂરે પૂરો કહી લેવો. ૨,

હવે ગૌતમસ્વામી ફરીથી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ તે જીવોના શરીરો કયા સંહનનવાળા હોય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ! તેઓના શરીરો વજ્રઋષભનારાચ સંહનનવાળા હોય છે. ૩ અવગાહના જઘન્યથી ધનુષ પૃથક્ત્વ પ્રમાણવાળી હોય છે. અને ઉત્કૃષ્ટથી તે છ ગવ્યૂતિ (બાર ગાઉ) પ્રમાણની હોય છે. ૪ આ જીવોના શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે. ૫ તેને પહેલી એટલે કે-કૃષ્ણ, નીલ, કાપોત, અને તૈજસ એ ચાર લેશ્યાઓ હોય છે. ૬ આ જીવો સમ્યગ્ દૃષ્ટિવાળા કે મિશ્ર દૃષ્ટિવાળા હોતા નથી. પરંતુ તેઓ મિથ્યા દષ્ટિવાળા જ હોય છે. ૭ તેઓ જ્ઞાની હોતા નથી પરંતુ નિયમથી મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાનવાળા હોય છે. ૮ યોગદ્વારમાં તેઓને મનોયોગ, વચનયોગ, અને કાયયોગ, એ ત્રણે યોગ હોય છે, ૯ ઉપયોગ દ્વારમાં તેઓ સાકાર અને અનાકાર બન્ને પ્રકારના ઉપયોગવાળા હોય છે. ૧૦ સંજ્ઞાદ્વારમાં-તેઓ આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ આ ચારે પ્રકારની સંજ્ઞાવાળા હોય છે. ૧૧, કષાય દ્વારમાં તેઓને ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે કષાયો હોય છે. ૧૨, ઇન્દ્રિય દ્વારમાં તેઓ પાંચે ઇન્દ્રિયોવાળા હોય છે. ૧૩, સમુદ્ઘાત દ્વારમાં તેઓને પહેલાના વેદના, કષાય, અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાતો હોય છે. તથા તેઓ સમુદ્ઘાત કરીને પણ મરે છે, અને સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે. ૧૪, વેદ દ્વારમાં તેઓ સ્ત્રી વેદ અને પુરૂષ વેદ એમ બન્ને પ્રકારના વેદવાળા હોય છે. તેઓ નપુંસક વેદવાળા હોતા નથી. ૧૫, તેઓની સ્થિતિ જઘન્યથી કંઈ વધારે એક પૂર્વકોટિની છે. તથા ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની હોય છે ૧૭ તેમના અધ્યવસાય પ્રશસ્ત પણ હોય છે અને અપ્રશસ્ત પણ હોય છે ૧૮ અનુબંધ અહિં સ્થિતિ પ્રમાણે સમજવો. ૧૯ કાયસંવેધ-ભવાદેશથી બે ભવોને ગ્રહણ કરવા રૂપ અને અને કાળથી તે જઘન્ય રૂપમાં દસ હજાર વર્ષ અધિક સાતિરેક પૂર્વકોટિ રૂપ અને ઉત્કૃષ્ટથી 'देसूणाइं पंचपलिओवमाइं.' કંઇક ઓછા

પાંચ પલ્યોપમ પ્રમાણુ છે. આ રીતે તે જીવ એટલા કાળ સુધી તિર્યંચ ગતિનું અને નાગકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તિર્યંચ ગતિમાં અને નાગકુમાર ગતિમાં ગમનાગમન કરે છે. અહિયાં સંવેધ પદમાં કાલાદેશથી જે દેશોન પાંચ પલ્યોપમ કહેલ છે, તેમાં ત્રણુ પલ્યોપમ તો અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચ ભવ સંબંધી છે. અને બે દેશોન પલ્યોપમ નાગકુમાર ભવ સંબંધી છે. ૨૦ આ રીતે આ પહેલો ગમ કહ્યો છે. ૧

હવે સૂત્રકાર બીજો ગમ કહેવા માટે 'सो चेव' ઇત્યાદિ સૂત્રપાઠ કહે છે. -તેમાં તેઓ એ સમજાવે છે કે-તે જઘન્યકાળની સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીવાળો જીવ કે જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે જો નાગકુમારોમાં ઉત્પન્ન થઇ જાય તો તે સંબંધમાં એજ કથન કહેવું જોઇએ. અર્થાત્ પરિમાણુથી લઈને ભવાદેશ સુધીનું કથન પહેલા ગમમાં કહ્યા પ્રમાણેનું અહિં કહેવું જોઇએ. અહિયાં આ રીતના કથનથી એવી શંકા થાય છે કે-જો પહેલા ગમમાં અને બીજા ગમમાં એકદમ સરખાપણું હોય તો પછી બે ગમોનું કથન સ્વતંત્ર પણુ નિરર્થક થઈ જાય છે. કેમકે-પહેલા ગમના કથનથી બીજો ગમ ચરિતાર્થ થઈ જાય છે.

આ શંકાના નિવારણુ માટે સૂત્રકારે એવું કહ્યું છે કે—'नवरं णागकुमारट्ठितिं संवेधं च जाणेज्जा' પહેલા ગમમાં અને બીજા ગમમાં સ્થિતિ અને સંવેધના વિષયમાં જુદા પણું છે. જેથી તમામ દ્વારોમાં સરખા પણું નથી. અહિં બીજા ગમમાં નાગકુમારની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની કહી છે. તથા કાયસંવેધ કાળની અપેક્ષાએ જઘન્યથી દસ હજાર વર્ષ અધિક અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિ રૂપ છે. અને ઉત્કૃષ્ટથી દસ હજાર વર્ષ અધિક ત્રણુ પલ્યોપમનો કહ્યો છે.

આ રીતે આ બીજો ગમ સમજવો ૨

હવે ત્રીજા ગમનું કથન કરવામાં આવે છે—'सो चेव उक्कोसकालट्ठिइएसु उववन्नो' અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો તે સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જો ઉત્કૃષ્ટથી કંઈક કમ બે પલ્યોપમની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, અને તે આ રીતે ત્યાં ઉત્પન્ન થઈ જાય છે, તો તે સંબંધમાં પણ 'एस चेव वत्तव्वया' આ પહેલા ગમનું સમગ્ર કથન અહિયાં કહેવું પરંતુ આ કથનમાં અને પહેલા ગમના કથનમાં-જે જુદા પણું છે, તે 'ठिई जहन्नेणं' ઈત્યાદિ કથન અનુસાર છે. અર્થાત્-અહિયાં આ ત્રીજા ગમમાં સ્થિતિ દ્વારમાં જઘન્યથી સ્થિતિ દેશોન બે પલ્યોપમની છે, આ પ્રકારે અહિયાં જે જઘન્ય આયુનું કથન કરેલ છે, તે અવસર્પિણી કાળના બીજા સુષમા નામના આરાનો કેટલોક ભાગ વીતિ ગયા પછી અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચોને

ઉદ્દેશીને કહેલ છે. કેમકે એવા તિર્યંચોજ આ પ્રકારની આયુષ્યવાળા હોય છે. અને એજ પોતાની આયુના સમાન દેવાયુનો બંધ કરનાર હોય છે. તેથી તેઓનો ઉત્પાદ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં જ થાય છે. તથા 'उक्कोसेणं तिन्नि पलिओवमाइं' ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની તેમની આયુ કહી છે. અહીં જે આ ઉત્કૃષ્ટ આયુ ત્રણ પલ્યોપમની કહી છે, તે દેવકુરૂ વિગેરેના અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચોને ઉદ્દેશીને કહે છે. આ ત્રણ પલ્યોપમની આયુષ્યવાળા પણ દેશોન બે પલ્યોપમની આયુષ્યનો બંધ કરે છે.– કેમકે તેઓ પોતાની આયુષ્યની સરખી આયુષ્યનો બંધ કરે છે. વધારે આયુષ્યનો બંધ કરતા નથી. 'सेसं तं चेव जाव भवादेसोत्ति' બાકીનું ભવાદેશ સુધીનું તમામ કથન આ સ્થિતિ કથનના વિષય શિવાયનું પહેલા ગમના કથન પ્રમાણે જેમનું તેમ સમજવું. 'कायसंवेधं' કાય સંવેધમાં કાળની અપેક્ષાએ તે જઘન્યથી દેશોન ચાર પલ્યોપમનું છે, અને ઉત્કૃષ્ટથી તે કાયસંવેધ 'देसूणाइं पंच पलिओवमाइं' કંઇક કમ પાંચ પલ્યોપમનું છે. એ રીતે એટલા કાળ સુધી તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તે એ તિર્યંચ ગતિનું અને નાગકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગતિ અને આગતિ–અવર જવર કરતો રહે છે. આ રીતે આ પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવનો કે જે નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે સંબંધી ઔધિક ત્રીજો ગમ કહ્યો છે. ૩

આ રીતે પહેલા ત્રણ ગમોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર બીજા ત્રણ ગમોનુ નિરૂપણ કરતાં બીજા ત્રણ ગમ પૈકી તેનો પહેલો ગમ પ્રગટ કરે છે. 'सो चेव अप्पणा जहन्नकालट्ठिइओ०' હે ભગવન્ અસંખ્યાત કાળની સ્થિતિ વાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ કે જે જઘન્ય વર્ષની સ્થિતિથી ઉત્પન્ન થયો છે, અને તે નાગકુમારના આવાસમાં નિવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તો તે સંબંધમાં પણ 'तिसु वि. गमएसु' તેના ત્રણે ગમોમાં 'जहेव असुरकुमारेसु उववज्जमाणस्स जहन्नकालट्ठिइयस्स तहेव निरवसेसं' અસુરકુમારોમાં ઉત્પન્ન થવાવાળા જઘન્યકાળની સ્થિતિવાળા અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવના કથન પ્રમાણેનું તમામ કથન પુરેપુરૂં સમજવું. આ કથન અસુરકુમારના પ્રકરણમાં કહેલ છે તે અસુરકુમારોનું પ્રકરણ આ પ્રમાણે છે– તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ

કે જે જઘન્ય કાળની સ્થિતિવાળામાં ઉત્પન્ન થવાને ચોગ્ય છે, જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા અસુરકુમારોમાં અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિની આયુષ્યવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે અહિયાં પણ એમજ સમજવું કે-તે જઘન્ય કાળની સ્થિતિવાળો અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ જે નાગકુમારવાસમાં ઉત્પન્ન થાય છે, તો તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિની આયુષ્યવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. ફરીથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ તે જીવો નાગકુમારોમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે? તો પ્રભુ આ પ્રશ્નના ઉત્તરમાં તેમને કહે છે કે-હે ગૌતમ એવા તે જીવો ત્યાં નાગકુમારાવાસમાં એક સમયમાં એક અથવા બે અથવા ૩ ત્રણ ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે, આ કથન શિવાયનું બાકીનું તમામ કથન ભવાદેશ સુધીનું અસુરકુમાર પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ સમજવું. પરંતુ શરીરની અવગાહના વિગેરે સંબંધી જે વિશેષ પણું છે, તે આ પ્રમાણે છે-નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે જીવ છે, તેના શરીરની અવગાહના જઘન્યથી ધનુઃપૃથક્ત્વ રૂપ અને ઉત્કૃષ્ટથી સાતિરેક કંઈક વધારે પૂર્વકોટિ રૂપ હોય છે. તથા અનુબંધ પણ સ્થિતિના કથન પ્રમાણેજ જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિ રૂપજ હોય છે. તથા કાયસંવેધ કાળની અપેક્ષાએ જઘન્ય રૂપથી દસ હજાર વર્ષ અધિક સાતિરેક પૂર્વકોટિ રૂપ અને ઉત્કૃષ્ટથી તે સાતિરેક બે પૂર્વકોટિ રૂપ હોય છે. આટલા કાળ સુધી તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ તિર્યંચ ગતિનું અને નાગકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલાજ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે. આ રીતે આ અસુરકુમાર પ્રકરણની સમાનતાવાળા આ નાગકુમારપ્રકરણનો ચોથો ગમ કહ્યો છે, ૪

પાંચમો ગમ આ પ્રમાણે છે—જો તે જઘન્ય કાળની સ્થિતિવાળો અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ જઘન્ય

કાળની સ્થિતિવાળા નાગકુમારોના આવાસમાં ઉત્પન્ન થાય છે તો તે સબ ધમાં પણ પહેલા કહેલ રીત પ્રમાણે જ સઘળું કથન અહિં કહેવું જોઇએ એ રીતે આ પાંચમો ગમ કહ્યો છે. ૫

તે હવે છઠ્ઠો ગમ કહેવામાં આવે છે—જઘન્ય કાળની સ્થિતિવાળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નાગકુમારોના આવાસોમાં ઉત્પન્ન થાય છે. તો તે સંબંધી પણ પહેલા કહ્યા પ્રમાણેની રીતથી જ તમામ કથન સમજી લેવું પરંતુ જ્યાં એ કથન કરતાં બન્નેમાં જુદા પણુ આવે છે, તે આ પ્રમાણે છે,-કાળની અપેક્ષાથી તે જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક બે પૂર્વકોટિ સુધી તિર્યંચ ગતિનું અને નાગકુમાર ગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે એ ગતિમાં ગમનાગમન કરે છે, આ રીતે આ છઠ્ઠો ગમ છે. ૬

હવે સૂત્રકાર ત્રીજા ત્રિકને બતાવવા માટે નીચે પ્રમાણે સૂત્રપાઠ કહે છે—'सो चेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ०' જો તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળો જીવ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિથી ઉત્પન્ન થયો છે, અને તે નાગકુમારાવાસોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો 'तस्स वि तहेव तिन्नि गमगा जहा असुरकुमारस्स उववज्जमाणस्स' એ સંબંધમાં પણ અસુરકુમારોમાં ઉત્પન્ન થવાવાળા અસંખ્યાત વર્ષની આયુ-ષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવના ત્રણ ગમો પ્રમાણેના ત્રણ ગમકો સમજવા જોઈએ. અર્થાત્ જે રીતે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવના સંબંધમાં ત્રણ ગમકો પહેલા કહેલા છે. એજ રીતે અહિયાં પણ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા તે સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવને નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવા રૂપ પહેલો ગમ સમજવો તથા ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા તે સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવની જઘન્ય કાળની સ્થિતિ વાળા નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવા રૂપ બીજો ગમ સમજવો તથા ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા તે તિર્યંચ યોનિવાળા જીવની ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નાગકુમારાવાસમાં ઉત્પત્તિ થવા રૂપ ત્રીજો ગમ છે.- આ રીતના આ ત્રણ ગમો તેના નાગકુમારાવાસમાં અસુરકુમારોના પ્રકરણમાં કહેલ ત્રણ ગમો પ્રમાણે સમજવા. 'नवरं नागकुमारट्ठिइं संवेहं च जाणेज्जा।' પરંતુ અહિંના આ પ્રકરણમાં તે પ્રકરણ કરતાં જે ભિન્નપણું છે. તે આ રીતે છે. કે-અસુરકુમારની સ્થિતિ અને કાયસંવેધથી નાગકુમારની સ્થિતિ અને કાયસંવેધ ભિન્ન છે. सेसं तं चेव' બાકીનું બીજુ તમામ અહિનું કથન જેવી રીતે અસુરકુમારના પ્રકરણમાં કહેવામાં આવેલ છે, તેજ પ્રમાણેનું છે. આ રીતે આ સાતમો, આઠમો અને નવમો એ ત્રણે ગમો સમજવા. ૭-૮-૯

હવે ગૌતમસ્વામી સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યં-ચના સંબંધમાં પ્રભુને આ રીતે પૂછે છે કે-'जइ संखेज्जवासाउयसन्नि पंचिं-

दियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' હે ભગવન્ સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એવા તે જીવો સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિયપણામાંથી આવીને ઉત્પન્ન થાય છે તો 'किं पज्जत्तसंखेज्जवासाउय सन्नि पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति' શું તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે, કે-અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-'गोयमा!' હે ગૌતમ! पज्जत्तसंखेज्जवासा० सन्नि पं०' તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. 'णो अपज्जत्त संखेज्जवासा०' અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવોમાંથી આવીને ઉત્પન્ન થાય થતા નથી. હવે ગૌતમસ્વામી ફરીથી પૂછે છે કે-'पज्जत्त संखेज्ज वासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते! હે ભગવન્ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવ 'जे भविए नागकुमारेसु०' કે જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. 'से णं भंते! केवइयकालट्ठिइएसु०' કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં અને ઉત્કૃષ્ટથી સાતિરેક કંઈક વધારે સાગરોપમની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. એજ વાત અતિદેશથી 'एवं जहेव असुरकुमारेसु उववज्जमाणास्स वत्तव्वया तहेव इह वि णवसु वि गमएसु भाणियव्वा' આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકારે પ્રગટ કરી છે. આ સૂત્રપાઠથી એ સમજાવ્યું છે કે-જે રીતે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાવાળા જીવનું કથન કરવામાં આવ્યું છે, એજ રીતનું કથન અહિયાં પણ નાગકુમારોના સંબંધમાં પણ સમજી લેવું. 'नवरं नागकुमारट्ठिइं संवेहं च जाणेज्जा' પરંતુ નાગકુમારોની સ્થિતિ અને સંવેધમાં પહેલાના કથન કરતાં અંતર જુદાપણું છે.-सेसं तं चेव' આ કથન શિવાયનું બાકીનું તમામ કથન ઉત્પાદ પરિમાણ વિગેરે દ્વારોમાં અસુરકુમારના કથન પ્રમાણે જ નાગકુમારોનું કથન સમજવું હવે સૂત્રકાર મનુષ્યોના સંબંધમાં પ્રભુને એવું પૂછે છે કે-'जइ मणुस्सेहिंतो उववज्जंति. હે ભગવન્! મનુષ્યોમાંથી આવીને જો જીવ નાગકુમારોના આવાસમાં ઉત્પન્ન થાય છે, તે શું તેઓ 'सन्नि मणुस्सेहिंतो उववज्जंति' असन्निमणुस्सेहिंतो उववज्जंति' સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે કે-અસંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ત્યાં-નાગકુમારાવાસમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! सन्निमणुस्सेहिंतो उववज्जंति' હે ગૌતમ!

તેઓ સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ત્યાં નાગકુમારાવાસમાં ઉત્પન્ન થાય છે. 'णो असन्नि०' અસંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. 'जहा असुरकुमारेसु उववज्जमाणस्स जाव' આ પ્રકારથી જેવી રીતે આ પ્રકરણમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય મનુષ્યોના સંબંધમાં કથન કરવામાં આવ્યું છે, એજ રીતેનું કથન અહિયાં પણ કહેવું જોઈએ.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે—'असंखेज्जवासाउयसन्निमणुस्से णं भंते ! હે ભગવન્ જે સંજ્ઞી મનુષ્ય અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો છે, અને તે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તો તે-'से णं भंते ! केवइयकाल०' કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'जहन्नेणं दसवाससहस्सट्ठिइएसु' હે ગૌતમ ! એવો તે જીવ જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં અને 'उक्कोसेणं देसूण दो पलिओवमट्ठिइएसु' ઉત્કૃષ્ટથી કંઈક ઓછા બે પલ્યોપમની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. 'एवं जहेव असंखेज्जवासाउयाणं तिरिक्खजोणियाणं नागकुमारेसु आदिल्ला तिन्नि गमगा तहेव इमस्स वि' આ રીતે જેમ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા તિર્યંચ યોનિવાળા જીવોના નાગકુમારોમાં ઉત્પન્ન થવાના સંબંધમાં પહેલાના ત્રણ ઔધિક ગમો કહ્યા છે. એજ રીતે તે ગમો અહિં પણ કહેવા જોઈએ. અર્થાત્ તિર્યંચ યોનિવાળા જીવો જે પ્રમાણે નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે૧ તથા જેવી રીતે તેઓ જઘન્ય કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે, અને જેવી રીતે તેઓ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. એજ રીતે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યો પણ નાગકુમારાવાસોમાં ઉત્પન્ન થાય છે. ૧ તથા જઘન્ય કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં પણ તેઓ ઉત્પન્ન થાય છે. ૨ અને ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં પણ ઉત્પન્ન થાય છે૩, આ પ્રમાણેના આ આદિના-પહેલો-બીજો અને ત્રીજો એ ત્રણ ગમ છે. અને તે અહિયાં અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોની નાગકુમારાવાસામાં ઉત્પત્તિના સંબંધમાં અહિયાં બતાવ્યા છે. 'नवरं पढमविइएसु गमएसु' પરંતુ પહેલા ગમમાં અને બીજા ગમમાં આ અવગાહના સંબંધમાં એવી રીતનું જુદા પણું છે કે-'सरीरोगाहणा जहण्णेणं साइरेगाइं पंच धणुसयाइं' અહિયાં શરીરની અવગાહના જઘન્યથી સાતિરેક પાંચસો ધનુષની અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂત (ત્રણ ગાઉ) ની કહી છે. અવગાહના તે પહેલા કહેલ અવગાહના કરતાં એટલે કે-જે અવગાહના તિર્યંચ યોનિવાળાઓની નાગકુમારોની ઉત્પત્તિમાં પહેલા અને બીજા ગમમાં કહી છે. જઘન્યથી સાતિરેક પાંચસો ધનુષની

અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉની હોવાથી અંતર વાળી થાય છે. તથા 'तईयगमे ओगाहणा जहन्नेणं देसूणाइं दो गाउयाइं' ત્રીજા ગમમાં શરીરની અવગાહના જઘન્યથી કંઇક ઓછી ગવ્યૂત પ્રમાણ અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂત પ્રમાણવાળી છે. 'सेसं तं चेव' આ રીતે શરીરની અવગાહના કરતાં બાકીનું તમામ કથન જે પ્રમાણે તિર્યંચ યોનિવાળા જીવોના નાગકુમારોમાં ઉત્પત્તન થવા સંબંધી પ્રકરણના ત્રણ ગમોમાં કહ્યું છે. તેજ પ્રમાણે છે. આ રીતે ઔઘિક વિગેરેના ત્રણ ગમો પ્રગટ કરીને હવે સૂત્રકાર પાંચમો, અને છઠ્ઠો ગમ પ્રગટ કરવા 'सो चेव अप्पणा' ઇત્યાદિ સૂત્રનું કથન કરે છે –આ સૂત્રપાઠથી તેઓએ એ સમજાવ્યું છે કે–અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો તે સંજ્ઞી મનુષ્ય કે જે જઘન્ય સ્થિતિથી ઉત્પન્ન થયો છે, તે જો નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તેના પણ ત્રણ ગમોમાં 'जहा तस्स चेव असुरकुमारेसु उववज्जमाणस्स तहेव निरवसेसं' અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોના પ્રમાણે કથન કહેવું જોઇએ. અર્થાત્ જઘન્ય કાળની સ્થિતિવાળા સંજ્ઞી મનુષ્યોને કે જે અસંખ્યાત કાળની સ્થિતિ-વાળા છે, અને અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે સંબંધમાં જે પ્રમાણે ત્રણ ગમો કહ્યા છે. એજ રીતે ત્રણ ગમો અહિંયાં પણ કહી લેવા જોઈએ. જઘન્ય કાળની સ્થિતિવાળા અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યની સાથે અસુરકુમારોના ઉત્પન્ન થવા વિષેના પ્રકરણમાં અસુરકુમાર પ્રકરણમાં કહેલ તિર્યંચ યોનિવાળાનો કે જે જઘન્ય કાળની સ્થિતિવાળો છે. એવો અતિદેશ કર્યો છે. તે અનુસાર એ ત્રણ ગમો આ પ્રમાણે છે. હે ભગવન્ જે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય નાગ કુમારોમાં ઉત્પન્ન થવાને

યોગ્ય છે તો તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં હે ગૌતમ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિ-વાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ તે જીવો એક સમ-યમાં નાગકુમારાવાસમાં કેટલા ઉત્પન્ન થાય છે? ગૌતમસ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે–હે ગૌતમ! એવા જીવો નાગકુમારાવાસમાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃ-ષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પાત, પરિમાણ દ્વાર પ્રગટ કરીને સંહનન દ્વારમાં એ બતાવવામાં આવ્યું છે કે–તેઓને વજ્ર ઋષભના-રાચ સંહનન હોય છે. શરીરની અવગાહના અહિંયાં ત્રણે ગમોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પાંચસો ધનુષ પ્રમાણવાળી હોય છે. તેઓનું શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત, અને તેજોલેશ્યા એ

યોગ્ય છે તો તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં હે ગૌતમ! તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. હે ભગવન્ તે જીવો એક સમયમાં નાગકુમારાવાસમાં કેટલા ઉત્પન્ન થાય છે? ગૌતમસ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-હે ગૌતમ! એવા જીવો નાગકુમારાવાસમાં એક સમયમાં જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પાત, પરિમાણ દ્વાર પ્રગટ કરીને સંહનન દ્વારમાં એ બતાવવામાં આવ્યું છે કે-તેઓને વજ્રઋષભનારાચ સંહનન હોય છે. શરીરની અવગાહના અહિંયાં ત્રણે ગમોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પાંચસો ધનુષ પ્રમાણવાળી હોય છે. તેઓનું શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત, અને તેજોલેશ્યા એ પહેલી ચાર લેશ્યાઓ અહીં હોય છે. તે જીવો સમ્યગ્દૃષ્ટિ અથવા મિશ્રદૃષ્ટિ વાળા હોતા નથી. પરંતુ મિથ્યા દૃષ્ટિવાળા જ હોય છે. તેઓ જ્ઞાની હોતા નથી પરંતુ મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન વાળા હોય છે. તેઓ મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ પ્રકારના યોગવાળા હોય છે. ઉપયોગ દ્વારમાં તેઓ સાકાર અને અનાકાર એ બન્ને પ્રકારના ઉપયોગ વાળા હોય છે. સંજ્ઞા દ્વારમાં તેઓ આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ એ ચાર પ્રકારની સંજ્ઞાવાળા હોય છે. કષાય દ્વારમાં તેઓના ક્રોધ વિગેરે ચારે પ્રકારના કષાયો હોય છે. સમુદ્ઘાત દ્વારમાં તેઓનો વેદના, કષાય અને મારણાન્તિક એ ત્રણ સમુદ્ઘાત હોય છે. તેઓ સમુદ્ઘાત કરીને પણ મરે છે. અને સમુદ્ઘાત કર્યા વિના પણ મરે છે. તેઓને સાતા અને અશાતા એમ બન્ને પ્રકારની વેદના હોય છે. તેઓ સ્ત્રીવેદ અને પુરુષ વેદવાળા હોય છે. નપુંસક વેદવાળા હોતા નથી. અહિં સ્થિતિ જઘન્યથી સાતિરેક પૂર્વકોટિની અને ઉત્કૃષ્ટથી પણ સાતિરેક પૂર્વકોટિ પ્રમાણ હોય છે. તેઓનું અધ્યવસાય સ્થાન-આત્મ પરિમાણ પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને પ્રકારનું હોય છે. અનુબંધ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિ પ્રમાણ છે. કાયસંવેધ -ભવની અપેક્ષાથી બે ભવગ્રહણ રૂપ છે. અને કાળની અપેક્ષાથી તે જઘન્યથી દસ હજાર વર્ષ અધિક સાતિરેક પૂર્વકોટિ રૂપ છે. અને ઉત્કૃષ્ટ તેથી સાતિરેક બે પૂર્વકોટિ રૂપ છે. આ રીતે તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય જીવ આ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય જીવરૂપ ગતિનું અને નાગકુમારગતિનું સેવન કરે છે. તથા એટલા જ કાળ સુધી તે મનુષ્યગતિમાં અને નાગકુમારગતિમાં ગમનાગમન કરે છે. એ પ્રમાણેનો આ પહેલો મધ્યમત્રિકનો આદિથી ચોથો ગમ કહ્યો છે.

એ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય જો જઘન્ય કાળની

સ્થિતિવાળા નાગકુમારાવાસમાં ઉત્પન્ન થાય છે, તો તેના સંબંધમાં પણ આ સઘળું કથન કહેવું અહિં શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પાંચસો ધનુષની હોય છે. એ રીતે આ બીજો ગમ કહ્યો છે.

એ અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય જઘન્ય કાળની સ્થિતિવાળા નાગકુમારોના આવાસમાં જો ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિની આયુષ્યવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. અહિયાં પણ અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી સાતિરેક પાંચસો ધનુષ પ્રમાણની જ છે. વિશેષપણુ કેવળ એટલું જ છે કે-કાળની અપેક્ષાથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સાતિરેક પૂર્વકોટિ સુધી મનુષ્ય ગતિનું અને નાગકુમારગતિનું સેવન કરે છે. અને એટલા જ કાળ સુધી તે તેમાં ગમનાગમન કરે છે,

આ રીતે આ મધ્યમત્રિકનો ત્રીજો ગમ છે.

આ રીતે પહેલેથી લઈને અહીં સુધીના છ ગમો થાય છે.

અહિયાં સ્વયં સંજાત જઘન્ય કાળની સ્થિતિવાળા નાગકુમાર ગતિમાં ઉત્પત્તિના ઉત્પાદ વિગેરે કહ્યા. ૬

હવે સૂત્રકાર સ્વયં સંજાત ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યના નાગકુમારગતિમાં નીચે પ્રમાણેના ત્રણ ગમો થાય છે. તે બતાવે છે. 'सो चेव अप्पणा उक्कोसकालट्ठिइओ जाओ' આ પ્રમાણે સૂત્રપાઠ સૂત્રકારે કહ્યો છે આ સૂત્રપાઠથી એ સમજાવ્યું છે કે-તે અસંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય કે જે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિથી ઉત્પન્ન થયો છે, અને તે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તે સંબંધમાં પણ 'तिसु वि गमएसु जहा तस्स चेव उक्कोसकालट्ठिइयस्स' ત્રણે ગમોમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય સંબંધમાં જે પ્રમાણે કથન કર્યું છે, તે પ્રમાણેનું કથન અહિયાં કહેવા જોઇએ. કહેવાનું તાત્પર્ય એ છે કે-અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યના સંબંધના છેલ્લા ત્રણ ગમો જે પ્રમાણે પ્રગટ કર્યા છે તે પ્રમાણે તે ત્રણે ગમો અહિયાં પણ કહેવું જોઇએ. 'णवरं णागकुमारट्ठिइं संवेहं च जाणेज्जा' પરંતુ નાગકુમારની સ્થિતિ અને સંવેધ અહિયાં કહેવા જોઈએ. 'सेसं तं चेव' સ્થિતિ અને કાયસંવેધ શિવાય બીજુ તમામ કથન ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યના નાગકુમારોમાં ઉત્પાદ વિગેરેના કથન પ્રમાણેજ સમજવું. અહિયાં ત્રણે ગમોમાં શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ (ગાઉ) પ્રમાણ છે. એ રીતનો આ છેલ્લા ત્રિકનો પહેલો અને આદિથી સાતમો ગમ છે. ૭

જે મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો છે. અને તે જઘન્ય કાળની સ્થિતિવાળા નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તો તે સંબંધનુ ઉત્પાદ વિગેરે કથન અસુરકુમાર પ્રકરણમાં કહેલ ઉત્પાદ વિગેરેની જેમજ સમજવું અહિયાં શરીરની અવગાહના જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ (ત્રણ ગાઉ) પ્રમાણ છે. અહિં સ્થિતિ અને સંવેધ નાગકુમારમાં કહ્યા પ્રમાણે કહેવા જોઈએ. એ પ્રમાણે આ છેલ્લા ત્રિકનો બીજો આદિથી આ આઠમો ગમ છે. ૮

જેની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યના ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નાગકુમારમાં ઉત્પાદ વિગેરે પણ અસુર-કુમારના પ્રકરણમાં કહેલ ઉત્પાદ વિગેરેની જેમ કહી લેવા. અહિયાં પણ અવ-ગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ (ત્રણ ગાઉ) પ્રમાણ સમજવી. પરંતુ સ્થિતિ અને સંવેધ નાગકુમારના જે પ્રમાણે કહ્યા છે તે રીતે અહિયાં કહેવા જોઇએ, એ રીતે આ છેલ્લા ત્રિકનો ત્રીજો પહેલેથી નવમો ગમ કહ્યો છે. ૩–૯ આ રીતે આ ત્રણ ગમો ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા મનુષ્યના સંબંધમાં કે જે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. તેના સંબંધમાં કહ્યા છે. ૯

આ રીતે આ પૂર્વોક્ત કથનથી અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોથી આવીને જે રીતે નાગકુમારાવાસમાં જીવોનો ઉત્પાદ વિગેરે થાય છે. તે તમામ કથન પ્રગટ કરીને હવે સંખ્યાત વર્ષની આયુષ્ય વાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને જીવોના નાગકુમારાવાસમાં ઉત્પાત વિગેરે બતાવવા માટે સૂત્રકાર સૂત્ર કહે છે.–'जइ संखेज्जवासाउयसन्निमणुस्सेहिंतो उववज्जंति' આ સૂત્રપાઠથી ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે–જો સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞીમનુષ્યોમાંથી આવીને તે નાગકુમારમાં ઉત્પન્ન થાય છે તો શું તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? ગૌતમસ્વામીના આ પ્રશ્નનું સમાધાન કરવા માટે પ્રભુ તેઓને એવું કહે છે કે–'गोयमा ! पज्जत्तसंखेज्जवासाउयसन्नि मणुस्सेहिंतो उववज्जंति' હે ગૌતમ ! તેઓ પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યાવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને જ ઉત્પન્ન થાય છે. 'नो अपज्जत्तसंखेज्जवासाउय सन्निमणु०' અપર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને તેઓ ઉત્પન્ન થતા નથી. ફરીથી આ સંબંધમાં ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે–'पज्जत्तसंखेज्जवासाउय सन्नि०' હે ભગવન્ જો પર્યાપ્ત સંખ્યાત વર્ષની આયુષ્યવાળો સંજ્ઞી મનુષ્ય 'जे भविए नागकुमारेसु उवव०' નાગકુમ-રોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે. 'से णं भंते ! केवइय कालट्ठिइएसु. उवव०' તો તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે–'गोयमा !' હે ગૌતમ ! 'जहन्ने णं

दनवाससहस्सट्ठिइएसु०' તે જઘન્યથી દસ હજાર વર્ષની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. અને 'उक्कोसेणं' ઉત્કૃષ્ટથી 'देसूण दो पलिओवम०' તે કંઈક ઓછા બે પલ્યોપમની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય છે. 'एवं जहेव असुरकुमारेसु उववज्जमाणस्स सच्चेव लद्धी निरवसेसा नवसु गमएसु' આ રીતે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય મનુષ્યના સંબંધમાં જે રીતે કથન કર્યું છે, એજ રીતનું કથન અહિયાં નવે ગમોમાં કહેવું જોઈએ. અસુરકુમાર પ્રકરણમાં રત્નપ્રભા પ્રકરણનો અતિદેશ (ભલામણ) કહ્યો છે. જેથી આ કથન માટે રત્નપ્રભા પ્રકરણ જોઈ લેવું જોઈએ અર્થાત્ રત્નપ્રભાના તે પ્રકરણ અનુસારનું કથન અહિં સમજવું. અહિં અવગાહના જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ત્રણ ગવ્યૂતિ (ત્રણ ગાઉ) પ્રમાણ છે. 'नवरं णागकुमारट्ठिइं संवेहं च जाणेज्जा०' આ પ્રકરણમાં નાગકુમારની સ્થિતિ અને તેનો કાયસંવેધ કહેવો જોઈએ. 'सेवं भंते ! सेवं भंते ! त्ति' હે ભગવન્ આપ દેવાનુપ્રિયે જે આ નાગકુમારાવાસમાં પર્યાપ્ત વિગેરે સંજ્ઞી મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થવાને યોગ્ય જીવોના સંબંધમાં કહ્યું છે, તે તમામ કથન સર્વથા સત્યજ છે. કેમકે જે આપ્ત વચનો હોય છે તે દરેક પ્રકારે સત્યતાથી ઓતપ્રોત જ હોય છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી અને નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થયા. ાાસૂ. ૧ાા

જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ચોવીસમા શતકનો ત્રીજો ઉદ્દેશો સમાપ્ત ાા૨૪-૩ાા

## સુવર્ણકુમારાદિ કે ઉત્પાત આદિ કા કથન

ચોથા ઉદ્દેશાથી ૧૧ અગીયારમાં ઉદ્દેશાનો પ્રારંભ—

ત્રીજા ઉદ્દેશામાં નાગકુમારાવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય જીવોના ઉત્પાદ વિગેરેનો વિચાર કરીને હવે સૂત્રકાર આ ચોથા ઉદ્દેશાથી લઈને ૧૧ અગીયારમા ઉદ્દેશા સુધી સુવર્ણકુમાર વિગેરેના ઉત્પાદ વિગેરેનો વિચાર કરવા માટે ચોથા વિગેરે ઉદ્દેશાઓનો પ્રારંભ કરે છે.—આ સંબંધથી આવેલ ચોથા વિગેરે ઉદ્દેશાઓને પ્રારંભ કરવા માટે તેઓ નીચે પ્રમાણે સૂત્રપાઠ કહે છે— 'अवसेसा सुवन्नकुमाराई जाव थणियकुमारा' ઈત્યાદિ

સુવર્ણકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીના બાકીના આઠ ઉદ્દેશાઓ નાગકુમારના કથન પ્રમાણે કથન કહી લેવું 'સેવં મંતે ! સેવં મંતે ! ત્તિ' હે ભગવન્ આપદેવાનુ પ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે આપ્ત વાકય હોવાથી સર્વથા સત્ય જ છે. હે ભગવન્ આપનું કથન સર્વથા સત્ય છે. આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ ભગવાનને વંદના કરી અને નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાના સ્થાના પર બિરાજમાન થયા ાસૂ. ૧ા

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના ચોવીસમા શતકના ચોથા ઉદ્દેશાથી ૧૧ અગીયારમાં સુધીના આઠે ઉદ્દેશાઓ સમાપ્ત ાર૪-થી૧૧ા